हिंदुस्ताननो पुरावानो आक्ट.

સને ૧૮૭૨ નો આક્ટ ૧ લો.

સને ૧૮૭૨ ના આક્ટ ૧૮ માથી સુધારવામાં આવેલો


તે સુધાંત ટીકા સાથે

મંગળદાસ પ્રભુદાસ

રાજકોટના વકીલે તૈયાર કર્યો તે.

છપાવી પ્રસિદ્ધ કરનાર

સાંકળચંદ માહાસુખરામ.



અમદાવાદમાં.

માણેકચોક આગળ માગદીઓળની સામે શા૦ હીરાભાઈ પુંજાશાના

મકાનમાં "અમદાવાદ ટાઇમ્સ પ્રેસ"માં.

કાળીદાસ સાંકળચંદે છાપ્યો.

સંવત ૧૯૪૦. સને ૧૮૮૪.

કીંમત રૂ૨—૦—૦

अनुक्रमणिका.

કલમ.

કલમ.

હિંદુસ્તાનનો પુરાવાનો આકટ.

સન ૧૮૭૨ નો આકટ ૧ લો.

સન ૧૮૭૨ ના ૧૮ માના સુધારા સાથે

પુરાવાના કાયદા એકત્ર કરવા, તથા તેના લક્ષણો બાંધવાં, તથા તે દુરસ્ત કરવા યોગ્ય છે; માટે આ ઉપરથી નીચે લખ્યા પ્રમાણે ઠરાવવામાં આવે છે:—

ભાગ ૧ લો.—હકીકતનું લાગુપણું.

ભાગ ૧ લો—પ્રથમના વિષય.

૧ આ આકટને "સન ૧૮૭૨ નો હિંદુસ્તાનના પુરાવાનો કાયદો" એવું નામ આપ્યું છે.

આકટ ક્યાં લાગુ છે. એ આકટ સઘળા બ્રિટીસ ઇંડીયાને લાગુ છે, તથા કોરટ માર્સલ દરખાસ્ત સિવાની દરેકાઈ કોરટમાં અથવા કોરટની રૂબરૂ જે ઇનસાફી [illegible] ચાલે તે સરવ કામોને લાગુ છે, પરંતુ દરેકોઈ કોરટને [illegible] હલને એફીડેવીટ લખી આપવામાં આવે તેને અથવા લવાદની રૂબરૂ જે કામ ચાલે તેને તે લાગુ છે.

તે ક્યારે અમલમાં આવશે. એ આકટ તારીખ પેહેલી સપટેમ્બર સન ૧૮૭૨ ને રોજ અમલમાં આવશે.

ટીકા.—બ્રીટીશ ઇંડિયા,—એટલે માહારાણી વિક્ટોરીયાના ૨૧ મા તથા ૨૨ મા વરસમાં થએલા સ્ટેટયુટ (કાયદા) ના પ્રકરણ ૧૦૬ પ્રમાણે ગણેલા મુલક સમજવા. માહારાણીના રાજ્યના ૨૯ તથા ૩૦ મા વરસમા થયેલા સ્ટેટયુટ (કાયદા) ના ૧૫ મા પ્રકરણથી સ્ટેરટસ સેટલમેંટ એટલે પ્રિન્સઓફવેલ્સના બેટ, સીંગાપુર તથા મલાકા, એ ત્રણેને બાતલ કરેલા છે; તે બ્રિટીસ ઇંડીયા કહેવાય નહી.

એફીડેવીટ તથા લવાદની રૂબરૂ કામ ચલાવવા વિશે, દીવાની કામ ચલાવવાની રીતનો કાયદો (સન ૧૮૮૨ ના આકટ ૧૪ મા.) જુઓ.

પુરાવાનો કાયદો એ એક સ્થાનીક કાયદા છે, અને તેને આધારે કોરટ ચાલે છે.

કોઈપણ પક્ષકારના વકીલે કોઈપણ બીનાની કબુલત આપી હોય તે તે પક્ષકારને બંધનકારક છે, રાજેંદ્ર નારાયણરાય વીરૂધ બીજયા ગોવીંદસીંગ, ૨ મુરની ઇંડીયન અ. પા. ૨૫૩. (ફીરડ)

કોઈપણ પક્ષકારે પોતાના તરફથી કોઈ એટરનીને હાજર થવાની પરવાનગી આપી હોય તો તે એટરની લવાદને કામ સોંપી શકે. આમ કરવાને તે પક્ષકાર તરફથી તે

ને નવી પરવાનગી લેવની જરૂર નથી. પ્રથમથી ગામ ચલાવવાની પરવાનગી આપી હોય, તેજ કામ લવાદને તે કોરટની સોંપી શકે. (ક'૯૬)

આ કલમમાં "કોરટ આરબીટ્રેશન" શબ્દો છે; પણ તે ઈંગલીશ ન્યુટીની આકટ ની કલમ ૧૭૪ થી રદ કરયા છે. ને આકટમાં એમ છે કે તે આકટ પ્રમાણે હિંદુસ્તાનના પુરાવાના આકટના પ્રોવીઝન તેને લાગુ પડશે નહી.

કયા કાયદા રદ કરયા.

૨ સદરહુ તારીખે તથા તે તારીખથી નીચે લખેલા કાયદા રદ કરયા છે.

(૧) બ્રિટીશ ઈંડીયાના કોઈપણ ભાગમાં અમલમાં હોય તેવા કોઈ પણ સ્ટાટીયુટ આકટ, કીંવા કાયદામાં લખ્યા ન હોય, એવા જે પુરાવાના નિયમો હોય તે તમામ.

(૨) "સન ૧૮૬૧ ના હિંદુસ્તાનની કાંઉસીલના આકટની" કલમ પચીસ મુજબ જે નીયમોને, તથા કાયદા, તથા કાનુનોને, કાયદા જેટલી ચાલતા મળી હોય તેવા સરવ નીયમો તથા કાયદા તથા કાનુનો, આ આકટમાં જે બાબતો સંબધી ઠરાવ કરયા છે તે બાબતો વિશે જેટલા હોય તેટલા; તથા

(૩) આ આકટના પરીશીષ્ટમાં જે આકટો બતાવ્યા છે, તે સદરહુ પરિશીષ્ટના ત્રીજા કોઠામાં બતાવ્યા છે તેટલા.

પરંતુ બ્રિટીશ ઈંડીયાના કોઈ પણ ભાગમાં કોઈ પણ સ્ટાટયુટ, આકટ અથવા કાયદો ચાલુ હોય તે આ આકટથી સ્પષ્ટ રીતે રદ કરવામાં આવ્યો નહી હોય તો તેમાંના કોઈમાં આ આકટમાં લખેલી કોઈપણ વાતથી કમતિસ થયેલું સમજવું નહી.

[illegible]—ટીપ્પણી.—આ રકમથી ઈંગ્રેજી પુરાવાના નીયમો પ્રમાણે ચાલવાને કોરટ [illegible].

હિંદુશાસ્ત્ર તથા મુસલમાની શરે પ્રમાણે અમુક કામમાં કેટલા શાક્ષીઓ જોઈએ, કેટલા સાક્ષીઓને બાતલ કરવા જોઈએ, તથા કેવી રીતનો અનુમાન કરવો જોઈએ, એવા નીયમો છે, પણ આ કાયદા પ્રમાણે તેમ નથી.

૩ આ આકટમાં નીચે લખેલા શબ્દો તથા શબ્દ પ્રયોગો વાપરવામાં આવ્યા છે.

અર્થ.

તેનો અરથ નીચે લખ્યા મુજબ ઠરાવ્યો છે, પરંતુ વાકયના તથા વિષયના સંબંધ ઉપરથી તે વિરૂદ્ધ ઈરાદો માલુમ પડતો સદરહુ પ્રમાણે અરથ કરવો નહી.

કોરટ.

"કોરટ" એ શબ્દમાં સરવ જડજોનો, તથા માજીસ્ટરેટનો, તથા લવાદ શિવાય બીજા જે સખસોને પુરાવો લેવાનો કાયદા મુજબ અખતીઆર હોય તે સરવ શખસનો સમાવેસ થાય છે.

હકીકત.

"હકીકત" એ શબ્દોનો અરથ નીચે મુજબ ઠરાવ્યો છે. અને તેમાં નીચે લખ્યા પ્રમાણેની બાબતોનો સમાવેશ થાય છે.

(૧) હરકોઈ વસ્તુ વસ્તુની સ્થીતિ, અથવા એક વસ્તુનો બીજી વસ્તુ સાથેનો સંબંધ જેનું જ્ઞાન ઈંદ્રીઓ વડે થઈ શકે એવું હોય તે.

(૨) મનની જે સ્થિતિનું ભાન કોઈ શખસને હોય તેવી હરકોઈ સ્થીતિ.

દ્રષ્ટાંતો.

(અ) અમુક વસ્તુઓ અમુક રીતે અમુક ઠેકાણે ગોઠવેલી છે એ એક હકીકત છે.

(બ) અમુક વાત કોઈ એક માણસે સાંભળી અથવા જોઈ, એ એક હકીકત છે.

(ક) એક માણસ અમુક શબ્દો બોલ્યો એ એક હકીકત છે.

(ડ) કોઈ માણસનો અભિપ્રાય અમુક છે, અથવા તેનો ઈરાદો અમુક છે, અથવા તે શુદ્ધ બુદ્ધિથી કામ કરે છે, કીંવા કપટથી કરે છે અથવા તેણે અમુક શબ્દનો અમુક અરથ સમજીને તેનો ઉપયોગ કરયો છે, અથવા ઈંદ્રીઓ વડે મનમાં અમુક પદારથનો અમુક બોધ અમુક વખતે થયાનું તેને ભાન હતુ અથવા છે, એ હકીકત છે.

(ઈ) કોઈ માણસની આબરૂ પ્રતિષ્ટા અમુક રીતની છે. એ એક હકીકત છે.

"લગતી." હકીકતના લાગુપણા વિશે આ આકટમાં જે નિયમો કહ્યા છે તે નિયમોમાં કહેલી કોઈ પણ રીતે એક હકીકત બીજી હકીકત સાથે સંબંધ રાખતી હોય ત્યારે હકીકત મજકુર સદરહુ બીજી હકીકતને લગતી છે એમ સમજવુ.

"મુદ્દાની હકીકત." "મુદ્દાની હકીકત" એ શબ્દ પ્રયોગનો અરથ નીચે મુજબ થાયછે. તથા તેમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે:—

કાંઈ હક અથવા જવાબદારી, અથવા અશકતતા છે કીંવા નથી, એવી કોઈ મુકદ્દમામાં અથવા કામમાં તકરાર હોય તે હક અથવા જવાબદારી અથવા અશકતતા છે કીંવા નથી કિંવા કેવા પ્રકારની છે, કીંવા કેટલે દરજે છે. એવુ જે હકીકત ઉપરથી આપ તેજ હકીકત વડે, અથવા બીજી હકીકતોને સંબંધે, અવશ્ય નીકળે યાને આવે તે ને મુદ્દાની હકીકત કહેવી.

ખુલાસો—દિવાની કામ ચલાવવાની રીત બાબતના જેના તે વખતના ચાલુ કાયદા પ્રમાણે કોઈ દીવાની કોરટ કોઈ હકીકત બાબત મુદ્દા દફતરમાં નોંધે તેવા મુદ્દાના જવાબમાં જે હકીકત સ્થાપન કરવાની હોય કીંવા જે હકીકતનો ઈનકાર કરવાનો હોય તે હકીકતને પણ મુદ્દાની હકીકત સમજવી.

દષ્ટાંતો.

અ ના ઉપર **બ** નું ખુન કરયાનું તોહોમત છે.

અ ઉપરની તજવીજમાં નીચે લખેલી હકીકત મુદ્દાની હકીકત હોઈ શકે.

અ એ **બ** નું મોત આણ્યું.

અ નો ઈરાદો **બ** નું મોત આણવાનો હતો.

બ એ **અ** ને ભારે તથા અકસ્માત ક્રોધ ઉત્પન્ન કરયો હતો.

જે કૃત્યથી **બ** નું મોત થયું તે કૃત્ય કરતી વખતે દીવાનગીરીના સબબથી પોતે કેવુ કામ કરે છે તે **બ** જાણી શકતો નોહોતો.

"દસ્તાવેજ." "દસ્તાવેજ" એ શબ્દ વડે કોઈ પણ બાબત સમજવી, જે બાબત કોઈ પણ વસ્તુ ઉપર અક્ષર, આંકડે, ચીન્હ વડે, અથવા એ માંહેના એકથી વધારે સાધનો વડે, સમજાવી અથવા બ્યાન કરેલી હોય અને જે સાધનો તે બાબતના દસ્તાવેજી દાખલા રાખવા સારૂ વાપરવાનો ઈરાદો કરયો હોય, અથવા વપરાય.

દ્રષ્ટાંતો.

કોઈ લખાણ એ દસ્તાવેજ છે.

જે શબ્દો હરફોના છાપથી અથવા શીલા છાપથી છાપ્યા હોય અથવા ફોટોગ્રાફ ઉપરથી લીધા હોય તે શબ્દો દસ્તાવેજ છે, એમ સમજવું.

દેશનો નકશો કીંવા પ્લાન એ દસ્તાવેજ છે.

ધાતુનાં પતરાં ઉપર અથવા પથરા ઉપર કોતરેલો લેખ દસ્તાવેજ છે.

ચીતરાનું હાસ્યકારક ચીત્ર એ દસ્તાવેજ છે.

આ વ્યાખ્યા પીનલકોડની ૨૯ મી કલમ દસ્તાવેજની વ્યાખ્યા આપીછે તેના જેવીજ છે "તે બાબતના પુરાવા તરીકે" એ શબ્દોને બદલે છેલા સાત શબ્દો મુકવામાં આવ્યાછે.

"પુરાવો" "પુરાવો" એ શબ્દોનો અરથ નીચે લખ્યા મુજબ ઠરાવ્યો છે. તથા તેમાં નીચે લખ્યા મુજબની બાબતોનો સમાવેશ થાય છે.—

(૧) જે હકીકત વિશે ચોકશી ચાલતી હોય તે હકીકતને સંબંધે કોરટ પોતાની રૂબરૂ શાહેદને જે મજકુર કહેવાની પરવાનગી આપે અથવા જે મજકુર કહેવાની તેને ફરજ પાડે તેવો સઘળો મજકુર.

આ મુજબ કહેલા મજકુરને મુખ જુબાની પુરાવો કહેવો;

(૨) જે દસ્તાવેજ કોરટને તપાસવા સારૂ હાજર કરવામાં આવે તે સરવે એવા દસ્તાવેજને દસ્તાવેજી પુરાવો કહેવો.

[illegible] શિવાય બીજી [illegible] કોરટને જોવા સારૂ રજુ કરવા [illegible] તે [illegible] પુરાવાના આક્ટના અસલ બીલમાં હતા. આને મહોરીઅલ પુરાવો કહે છે. આવા પુરાવાનું એક દ્રષ્ટાંત હથીઆર અથવા બીજી મિલકતો જણસ જે ફોજદારી કાયદાની કલમ ૧૯૮ પ્રમાણે કોરટમાં રજુ કરવામાં આવેછે તે છે. સાલક્ટ કમીટીએ આ વિભાગ કાયદામાંથી કમી કરવાની ભલામણ કરી છે પણ તેમ કરવાનું શું કારણ તે દરસાવ્યું નથી.

બીજી જાતનો મહોરીઅલ પુરાવો જગાની તપાસ છે. દિવાની કાયદાની કલમ ૩૯૨ પ્રમાણે ન્યાયાધીશે પોતે સ્થાનીક તપાસ કરવાની છે, અને ફોજદારી કાયદાની કલમ ૨૫૩ પ્રમાણે જે કોઈ ગુનો થયો હોય તે અગર તજવીજમાં મુદાની વાત હોય તે જ્યાં બની હોય તે જગા જ્યુરી અગર આસેસરો જોઈ શકે છે.

"શાબીત થયું." જ્યારે કોરટની રૂબરૂ જે બાબતો રજુ હોય તે ઉપર વિચાર કરતાં અમુક હકીકત બનેલી છે એવું કોરટના માન્યામાં આવે અથવા કોરટની નજરમાં એમ આવે કે તે હકીકત બની નથી એ વાત એવી તો સંભવીત છે કે અમુક તે કામની કેફીયત જોઈને કોઈ સમજદાર માણસે હકીકત મજકુર બની છે એવી ધારણા ઉપર અમલ કરવો જોઈએ ત્યારે તે હકીકત શાબીત થઈ એમ સમજવું.

ગેરશાબીત થઈ. જ્યારે કોરટની રૂબરૂ જે બાબતો રજુ હોય તે ઉપર વિચાર કરતાં અમુક હકીકત બનેલી નથી એવું કોરટના માનમાં આવે અથવા કોરટની નજરમાં એમ આવે કે તે હકીકત બની નથી એ વાત એવી તો સંભવીત છે કે અમુક તેજ કામની કેફીયત જોઈને કોઈ સમજદાર માણસે હકીકત મજકુર બની નથી

એવી ધારણા ઉપર અમલ કરવો જોઈએ ત્યારે તે હકીકત ગેરશાબીત થઈ એમ સમજવું.

"ના શાબીત થઈ." જ્યારે કોઈ હકીકત શાબીત થઈ ન હોય અથવા ગેરશાબીત થઈ ન હોય ત્યારે તે નાશાબીત થઈ એમ કહેવું.

ટીકા.—"કોરટ" આ કલમના અરથ પ્રમાણે સ્ત્રી જ્યુરર પણ કોરટ કહેવાય. શા રઘાગોલાલની અરજીની બાબતમાં (જુઓ) ૧૩ બે. લૉ. રી. અપેંડીક્સ પા. ૪૦ ત મજ દિવાની કાયદા પ્રમાણે પુરાવો લેવાને કમીશન કાઢ્યું હોય તેને પણ આ આક્ટ લાગુ પડે છે. વળી ફોજદારી કાયદા (૧૮૮૨નો ૧૦ મા આક્ટ)ની કલમ ૫૩ પ્રમાણે જે કમી શન કાઢ્યું હોય તેને પણ આ પુરાવનો આક્ટ લાગુ પડે છે. પણ પોલીસની રૂબરૂ સાક્ષીની તપાસ કરવાને આ આક્ટ લાગુ પડતો નથી.

માજીસ્ટ્રેટે પુછેલા પ્રશ્નના જવાબ કેદીએ આપ્યા હોય તેનો તેની વિરૂધ ઉપયોગ થઈ શકે છે, પરંતુ વ્યાખ્યા પ્રમાણે પુરાવો કહી શકાય નહી, કેમકે તે કહેવું કોઈ શાક્ષીનું નથી. પરંતુ જ્યારે બીજી તપાસની વખતે તે જવાબો તેની વરૂધ વાપરવામાં આવે તો તેની નોંધ ખરેખરા "પુરાવો" છે એમ સમજવું. કેમકે તે જાણે કોરટને જોવા સારૂ રજુ કરેલો દસ્તાવેજ હોય તેના જેવું છે. તેમજ કેદીની ગેરહાજરીમાં તપાસ થતી હોય તે વખતે કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ થએલી તપાસ રજુ કરવામાં આવે તો તે પણ પુરાવો કહી શકાય. વળી શાહેદોના વરતણુક તથા દેખાવ વિષે જડજે જે અવલોકન કર્યું હોય તે પણ, પુરાવાની વ્યાખ્યામાં આવી શકે છે. શાહેદ તારીખે જણાવેલી હકીકત પુરાવાની વ્યાખ્યામાં આવી શકે નહીં.

હરોપ્રસાદ વારૂધ શિવદયાળ, (૧૧ મુંબઇની ઈંડીયન અપીલ. પા. ૨૨૩), માં એવું ઠરાવેલું છે કે સાબીત થએલી હકીકતો પ્રમાણે જડજે કામ ચલાવવું; પણ કોઈ ખાસ હકીકતો જો પોતે જાણતો હોય તોપણ તે પ્રમાણે ચાલી શકે નહીં. આ બાબત જો તેણે દાખલ કરવા હોય તો શાહેદ તરીકે તેણે પુરાવો આપવો જોઈએ; પણ પોતે જાણે છે તે ઉપરથીજ કોઈ તે દાખલ કરી શકે નહીં.

અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે. (૪) અમુક હકીકત બની છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે એમ આ આક્ટમાં જ્યારે ફરમાવ્યું હોય ત્યારે તે હકીકત ગેરશાબીત કરવામાં ન આવે તો તથા જ્યાં સુધી ગેરશાબીત ન થાય ત્યાં સુધી તે હકીકત શાબીત થઈ છે એવું માનવાને અથવા તેની શાબીતી માગવાને કોરટ મુખત્યાર છે.

"અનુમાન કરવું." અમુક હકીકત બની છે એવું કોરટે અનુમાન કરવું એવું જ્યારે આ આક્ટમાં ફરમાવવામાં આવ્યું હોય ત્યારે કોરટે તે હકીકત ગેરશાબીત કરવામાં ન આવે તો તથા જ્યાં સુધી ગેરશાબીત ન થાય ત્યાં સુધી તે શાબીત થઈ છે એમ માનવું.

"નીરાધારક શાબીતી." એક હકીકત બીજી હકીકતની નીરાધારક શાબીતી છે એવું આ આક્ટમાં જ્યારે ફરમાવ્યું હોય ત્યારે સદરહુ એક હકીકત શાબીત થાય તો સદરહુ બીજી હકીકત શાબીત થઈ એવું કોરટે ગણવું અને તે બીજી

હકીકત ગેરશાબીત કરવા સારૂ પુરાવો આપવાની પરવાનગી કોરટે આપ વી નહીં.

ટીકા.—ઈંગ્રેજી કાયદા પ્રમાણે અનુમાન બે જાતનાં છે. હકીકતનાં અનુમાન, અને કાયદાનાં અનુમાન, પણ પુરાવાના આકટની આ કલમથી એ બેનો તફાવત રદ થયો છે.

અનુમાન વિશે કલમ ૭૯–૯૦ જુઓ. દસ્તાવેજની બાબતમાં અનુમાન વિશે આ આકટની કલમો ૮૬, ૮૭, ૮૮ અને ૯૦ જુઓ.

અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે, તેને વાસ્તે કલમો, ૮૬, ૮૭, ૮૮, ૯૦ અને ૧૧૪ જુઓ.

"અનુમાન કરવું" એ વાસ્તે આ કાયદાની ૭૯ થી ૮૫ સુધીની કલમો જુઓ,

"નિરણોપકારક સાબીતી" ને માટે આ કાયદાની કલમો ૪૧, ૧૧૨ અને ૧૧૩ જુઓ.

બાબ ૨ જો—હકીકતના લાગુપણા વિશે.

આ મુદ્દાની તથા લગતી હરેક તેનો પુરાવો આપી શકાય છે.

(૫) પ્રત્યેક મુદ્દાની હકીકત બની છે કીંવા બની નથી તેનો તથા જે હકીકતો લગતી છે એવું આકટમાં નીચે ઠરાવવામાં આવ્યું છે કે તેવી બીજી હકીકતોનો પુરાવો હરકોઈ મુકદ્દમામાં કીંવા કામમાં આપી શકાય છે એ શિવાય બીજી કોઈ હકીકતોનો પુરાવો આપી શકતો નથી.

ખુલાસો—દિવાની કામ ચલાવવાની રીત બાબતના જેના તે વખતના ચાલુ કાયદાના હરકોઈ કાયદા ઉપરથી કોઈ એક શખસનો એકાદી હકીકતનો પુરાવો આપવાનો હક ન હોય [illegible] મજકુર આ કલમ ઉપરથી આપી શકે એમ સમજવું નહીં.

દ્રષ્ટાંતો.

(અ) મોત આણવાના ઈરાદાથી બ ને ડંગોરે વતી મારીને તેનું ખુન કરવાબાબત અ ના ઉપર તજવીજ ચાલે છે.

સદરહુ તજવીજના વખતે નીચે લખેલી હકીકત મુદ્દાની હકીકત છે.

અ એ બ ને ડંગોરે વતી માર્યો.

અ એ બ નું મોત સદરહુ પ્રમાણે માર મારીને આણ્યું.

અ નો ઈરાદો બ નું મોત આણવાનો હતો.

(ખ) એક વાદી જે ખત ઉપર પોતે આધાર રાખે છે તે ખત તે પોતાની સાથે લાવીને મુકદ્દમાની પહેલી રજુઆતની વખત હાજર કરવાને સારૂ પોતાની પાસે તઈયાર રાખતો નથી. કામ ચાલ્યા પછી બીજે વખતે પછાડીથી દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં જે નિયમો ઠરાવ્યા છે તે નિયમની વિરૂદ્ધ બીજી રીતે વાદીથી ખત મજકુર આ કલમ ઉપરથી હાજર કરી શકાય છે અથવા તેનો મજકુર શાબીત કરી શકાય છે, એમ સમજવું નહીં.

ટીકા.—આ કલમ પ્રમાણે ફકત "મુદ્દાની હકીકતો તથા જે હકીકતો લગતી હોય" તે વાંશેજ પુરાવો આપી શકાય. બીજી કોઈ હકીકતોનો પુરાવો આપી શકાય નહીં.

આ કલમમાં બતાવેલી હકીકતો શીવાય બીજી હકીકતોનો પણ પુરાવો આપી શકાય છે. તેને વાસ્તે આ કાયદાની કલમો, ૧૪૫, ૧૪૬, ૧૪૮, ૧૫૩, ૧૫૫, ૧૫૬, ૧૫૭, અને ૧૫૮ જુઓ,

દસ્તાવેજ રજુ કરવા બાબત દિવાની કામ ચલાવવાનો કાયદો (૧૮૮૨ નો ૧૪ મો આક્ટ)નો કલમ ૫૯ થી ૬૩ તથા ૧૩૮ અને ૧૩૬ જુઓ.

જે હકીકતએકજ પ્રકરણનું અંગ હોય તે હકીકત લગતી છે.

(૬) જે હકીકતો મુદ્દાની ન હોય પણ તેનો કોઈ મુદ્દાની હકીકત સાથે એવો સંબંધ હોય કે તે એકજ પ્રકારનું અંગ યાને એકજ કામનો ભાગ છે તો તે હકીકતો લગતી છે એમ સમજવું પછી તે એકજ ઠેકાણે તથા એકજ વખતે બની હોય કીંવા જુદે જુદે વખતે તથા જુદે જુદે ઠેકાણે બની હોય તેની ચીંતા નહી.

દ્રષ્ટાંતો.

(અ) બ ને માર મારીને તેનું ખુન કરયું એવું તોહોમત અ ઉપર છે. અ કીંવા બ કીંવા પાસે ઉભેના લોકોએ મારતી વખતે અથવા માર પડેલાં કીવા પછી થોડી વાર ઉપર એવુ ગમે તે કાંઈ કહ્યુ અથવા કરયું કે તે કહેવુ અથવા કરવુ એ સદરહુ ખુનના પ્રકરણ કીંવા કારયનું અંગ યાને ભાગ હોય તો તે કહેવુ અથવા કરવુ લગતુ છે એમ સમજવું.

(બ) હથીઆરબંધ લોકોએ બંડ ઉભુ કરયું તેમાં સામીલ થવાથી રાણીની સામે લડાઈ કરયાનું તોહોમત અ ઉપર છે તે બડમાં બંડખોરોએ માલ મિલકતનો નાશ કરયો. તથા લશ્કર ઉપર હલ્લાં કરયા તથા કેદખાનાં ફોડયાં, સદરહુ હકીકતો બની તે સરવે જગોએ અ હાજર ન હોય તોપણ તે હકીકતો બન્યાની વાત લગતી છે કારણ કે એકંદરે જે પ્રકરણ યાને કારય થયુ તેના તે અંગ યાને ભાગ છે.

(ક) કાંઈ કાગળ પત્ર લખવામાં આવ્યા હતા તે પઈકી એક પત્રમાં આબરૂ લેવાનું લખાણ કરવા બદલ અ એ બ ઉપર દાવો કરયો છે. જે બાબત ઉપરથી આ આબરૂ લેવાનું લખાણ ઉત્પન્ન થયું તે બાબતમાં પક્ષકારો મજકુર એક બીજાને જે પત્રો લખ્યા હોય, તે પત્રો જો સદરહુ લખવામાં આવેલા જે કાગળ પત્રમાં આબરૂ લેવાનાં લખાણ છે તે કાગળમાંના યાને તેના ભાગ હોય તો તેમાં ખુદ સદરહુ આબરૂ લેવાનું લખાણ ન હોય તો પણ તે સરવે લગતી છે.

(ડ) અમુક માલ બ ની પાસેથી મંગાવ્યો હતો તે અ ને સ્વાધીન કરવામાં આવ્યો હતો કે નહીં એવી તકરાર છે માલ વચમાં દરમિયાન કેટલાએક શખસોને એક પછી એક અનુક્રમે સ્વાધીન કરવામાં આવ્યો હતો સદરહુ દરએક માણસને માલ સ્વાધીન કરયો એ દરએક હકીકત લગતી છે.

ટીકા—જે કામની તપાસ સેશન અથવા હાઈકોરટ કરી શકે, તેવા કામની જે મા જીસ્ટ્રેટ ચોકસી કરતા હોય તેમને ફરીયાદીની તથા જે બાબતનું તોહોમત હોય, તે બાબતની હકીકત તથા તેની સાથેના બીના જે શખસોના જાણવામાં છે એમ કહેવામાં આવે તે શખસોની સાહેદી લેવા ફરમાવેલું છે.

જો કેટલાક જુદા જુદા ગુન્હા એક બીજા સાથે ગુંથેલા હોય તો પક્ષકારોની તમામ વરતણુક વિશે વીગતવાર તજવીજ કરવી.

જે હકીકતો મુદ્દાની હકીકતનું પ્રયોજન કીંવા

(૭) જે હકીકતો લગની કીંવા મુદ્દાની હકીકતનું પ્રત્યક્ષ કીંવા બીજી રીતનું પ્રયોજન અથવા કારણ અથવા ફળ યાને પરીણામ હોય અથવા જે વસ્તુઓની જે સ્થીતીને લીધે હકીકત મજકુર બની તે સ્થીતી હોય અ

કારણ કીંવા ફળ થવા જે ઉપરથી હકીકત મજકુર બનવાને કીંવા કરવાને પ્રસંગ મળી આ છે તે હકીકતો જ્યો હોય, તે હકીકતો લગતી છે એમ સમજવું.
અ બત.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે, કે અ એ બ ની પાસેથી અપહરણ કર્યું કે નહી.

અપહરણ થયું તે પેહેલા થોડા વાર ઉપર બ મેળામાં ગયો હતો, તે વખત તેની પાસે પઈસા હતા, તથા તે પઈસા તેણે બ જણ સખશોને બતાવ્યા હતા, અથવા મારી પાસે પઈસા છે એવું ત્રીજા સખસોને કહ્યું હતું, એ હકીકતો લગતી છે.

(બ) તકરાર એવી છે કે અ એ બ નું ખુન કર્યું કે નહી.

ખુન થયું તે ઠેકાણે અથવા તે નજદીક જમીનની ઉપર વળગ્યા જુતીના નીશાન પડ્યા છે એ હકીકત લગતી છે.

(ક) તકરાર એવી છે કે અ એ બ ને ઝેહેર દીધું કે નહી?

ઝેહેર આપવાથી જે ચીન્હો થાય છે તે અગાઉ બ ની તબીયતની સ્થીતી કેવી હતી તથા બ ની ટેવ શી હતી એ અ ને માલમ હતું, તથી ઝેહેર આપવાની સવડ મળી, એ હકીકતો લગતી છે.

ટીકા.—આ કલમ પ્રમાણે ચાર જાતની હકીકતો ઉપર ધ્યાન આપવું જોઈએ.
(૧) હકીકતનું કારણ અથવા પ્રસંગ હોવો જોઈએ; (૨) તેના પરીણામ શાં થયાં તે જોવું [illegible] (૩) હકીકત બનવાને તક મળી હતી કે નહીં તે જોવું જોઈએ; (૪) કયા સ્થીતીમાં [illegible] હકીકત બની છે તે જોવું જોઈએ.

[illegible] અસ બાઉટને કપ્ટન ડોનેલને "લોરેલ" જાતનાં ફુલ નાંખી ને ભાગેલું પાણી પાઈ ઝેર દીધું તે વિશે તેના ઉપર તપાસ થઈ તેમાં નીચેના હકીકતોનો પુરાવો લેવામાં આવ્યો હતો;

(૧) તેની પાસેના બગીચામાં લોરેલ જાતનાં ઝાડ હતાં; (૨) તે હમેશાં ગાળવાનું કામ કરતો હતો (૩) તે શીશીઓમાં તે ઓઈલ ભરતો તેમાં તેણુ મારતો હતો વીગેરે.

હેતુ, તઈયારી, (૮) જે હકીકત ઉપરથી મુદ્દાની કિંવા લગતી હકીકતો કરવાનો તથા પ્રથમનાં કીં હેતુ કાંતા તઈયારી માલમ પડે, અથવા જે હકીકત સદરહુ મુજબનો વા પાછળનો પર હેતુ કીંવા તઈયારી હોય, તેવી હર કોઈ હકીકત લગતી છે એમ સમજવું.
વરતણુક.

હરકોઈ મુકદમાને અથવા કામને સબંધે અથવા તે માંહેની મુદ્દાની કીંવા લગતી હકીકતને સબંધે, એવા મુકદમાના અથવા કામના હરકોઈ પક્ષકારની અથવા તે પક્ષકારના હરકોઈ મુખ્તીયારની વરતણુક તથા કોઈ ગુન્હા બદલ કાંઈ પણ કામ ચાલતું હોય તેનુ જે શખસના ઉપર તે વિરૂધ બન્યા હોય તે શખસની વરતણુક લગતી છે. પરંતુ એવી વરતણુક ઉપરથી કોઈ મુદ્દાની અથવા લગની હકીકત થએલી હોવી જોઈએ, અથવા તે હકીકત ઉપરથી તેવી વરતણુક થએલી હોવી જોઈએ; પછી તે વરતણુક તે હકીકતના પ્રથમની હોય કીંવા પાછળની હોય તેની ચીંતા નહી.

ખુલાસો ૧ લો.—કોઈ જાહેર કરેલા મજકુરનો સમાવેશ આ કલમમાં "વરતણુક"

શબ્દ વાપરેલો છે તેમાં થતો નથી. પણ સદરહુ મજકુર જાહેર કરીને તેની સાથે કોઈ જાહેર કરેલા મજકુર શિવાય બીજાં કૃત્યો કીધાં હોય તથા તે કૃત્યોનો તે મજકુર ઉપરથી ખુલાસો થતો હોય, તો તેવા મજકુરનો સમાવેશ “વરતણુક” એ શબ્દમાં થાય છે, પરંતુ આ આક્ટની બીજી કોઈ પણ કલમ મુજબ કોઈ જાહેર કરેલો મજકુર લગતો હોય તો તેને આ ખુલાશા ઉપરથી બાધ થતો નથી.

ખુલાસો ૨ જો.—જ્યારે કોઈ શખસની વરતણુક લગતી હોય ત્યારે જે મજકુર તેને અથવા તેના રૂબરૂ તથા તે સાંભળી શકે એવી રીતે કહેવામાં આવે અને તે મુજબ કહેવાથી સદરહુ વરતણુકમાં કાંઈ ફેર પડે એવું હોય તો તે મજકુર લગતો છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(અ) ब નું ખુન કરવા બાબત अ ના ઉપર તજવીજ ચાલે છે.

अ એ क નું ખુન કર્યું હતું તથા अ એ क નું ખુન કર્યું છે એ વાત ब ને માલમ હતી તથા પોતાને જે વાત માલમ હતી તે વાત પ્રગટ કરવાની ધાસ્તી આપીને अ ની પાસે પઈસા કઢાવવાનું ब એ પ્રયત્ન કર્યું હતું, એ હકીકતો લગતી છે.

(બ) પઈશા વસુલ કરવા સારૂ अ એ ब ઉપર એક ખત ઉપરથી દાવો માંડ્યો છે. ખત લખી આપ્યાનો ब ઇનકાર કરે છે.

જે વખતે તકરારી ખત થયાનું કહે છે તે વખતે ब ને અમુક કારણ સારૂ પઈશાની જરૂર હતી એ હકીકત લગતી છે.

(ક) ब ને ઝેર ખવડાવીને તેનું ખુન કરવા બદલ अ ના ઉપર તજવીજ ચાલે છે.

ब ને ઝેર ખવડાવવામાં આવ્યું છે તેજ જાતનું ઝેર अ એ ब ના મરવા પહેલાં મેળવ્યું હતું એ હકીકત લગતી છે.

(ડ) તકરાર એવી છે કે અમુક દસ્તાવેજ अ નું મૃત્યુપત્ર છે કે નહી.

તકરારી મૃત્યુપત્રમાં જે બાબતના ઠરાવ કરેલા છે તે વિષે જે તારીખે સદરહુ તકરારી મૃત્યુપત્ર થયું તે તારીખની પહેલાં થોડા દિવસ ઉપર अ એ કાંઈ તપાસ કરી હતી, તથા મૃત્યુપત્ર મજકુર કરવાની બાબતમાં તેણે વકીલની સલાહ લીધી હતી, તથા તેણે બીજાં મૃત્યુપત્રના ખરડા કરાવ્યા હતા પરંતુ તે તેણે પસંદ કર્યા નહી એ હકીકતો લગતી છે.

(ઈ) अ ના ઉપર એક ગુનોહ કર્યાનું તોહોમત છે.

ગુનોહ કર્યાનું કહેવામાં આવે છે તેની પહેલાં કીંવા તે વખતે કિંવા તે પછી अ એ એવો પુરાવો આણ્યો કે તે ઉપરથી મુકદમાની હકિકતનું સ્વરૂપ अ ને પોતાને ફાયદો થાય એવું બને, કીંવા તેણે પુરાવાનો નાશ કર્યો, કીંવા છુપાવ્યા કીંવા જે શખસો શાહેદ હોત તે શખસોને હાજર થવાનો અટકાવ કર્યો કિંવા તે ગેર હાજર રહે એવી તજવીજ કરી, કિંવા ગુન્હા મજકુર બાબત ખોટી શાહેદી આપવાનું કોઈ શખશોને સીખવ્યું, એ હકિકતો લગતી છે.

(ફ) તકરાર એવી છે કે अ એ ब ની પાસેથી અપહરણ કર્યું કે નહી.

ब ના પાસેથી અપહરણ થયા પછી क એ अ ના રૂબરૂ એમ કહ્યું કે “જે માણસે ब ની પાસેથી અપહરણ કર્યું છે તે માણસને સોધી કાઢવા સારૂ પોલિસના માણસ આવે છે” તથા એમ કહ્યા પછી લાગલાજ अ નાસી ગયો, એ હકિકતો લગતી છે.

(ગ) તકરાર એવી છે કે अ ને ब ના રૂપીયા દશ હજાર દેવા છે કે નહી.

અ એ क પાસેથી કરજાઉ રૂપીયા માગ્યા તથા म એ क ને अ ના રૂબરૂ તથા તે સાંભળે એવી રીતે કહ્યું જે "હું તમને એવી સલાહ આપુછુ કે अ ઉપર ભરોસો રાખવો નહી, કારણ તેને ब નું દેવુ રૂપીયા દશ હજારનું છે," અને अ કાંઈ જવાબ ન આપતાં ચાલતો થયો, એ હકીકતો લગતી છે.

(ઘ) તકરાર એવી છે કે अ એ ગુનોહ કરયો છે કે નહી.

ગુન્હેગારને સોધી કાહાડવા બાબતની ચોકશી ચાલી છે એવી સુચનાનું પત્ર પહોંચ્યા પછી अ છુપાઈ બેઠો એ હકીકત, તથા પત્રમાં લખેલો મજકુર એ હકીકત, લગતી છે.

(આઈ) अ ઉપર કોઈ એક ગુન્હો કરયાનું તોહોમત છે.

જે ગુન્હાનું તોહોમત છે તે ગુન્હો બન્યા પછી अ છુપાઈ બેઠો, અથવા ગુન્હો મજકુર કરીને મેળવેલી મિલકત કીંવા તે મિલકતથી ઉપજેલા પઈસા अ ના કબજામાં હતા, કીંવા જે વસ્તુ તે ગુન્હો કરવાના કામમાં વાપરવા સરખી હોય કીંવા જે વાપરેલી હોય તે છુપાવવાની કોશિશ કરી, એ હકીકતો લગતી છે

(જ) તકરાર એવી છે કે अ ની સાથે બળાત્કાર સંભોગ અમુક શખસે કર્યો છે કે નહી.

સદરહુ કહ્યા મુજબનો સંભોગ થયા પછી થોડુંએક વખતે તે બાઈએ તે ગુન્હા વિશે ફરિયાદ કરી એ હકીકત, તથા જે બીના ઉપરથી તથા જે લખાણ લખીને ફરિયાદ મજકુર કરી એ હકીકત, લગતી છે

ફરિયાદ કરયા વગર ઓરત મજકુરે એવુ કહ્યુ કે કોઈ શખસે મારી સાથે બળાત્કાર સંભોગ કરયો એ હકીકત આ કલમ પ્રમાણે વરતણુક તરીકે લગતી નથી; પરંતુ તે નિચે મુજબ હોય તો લગતી થઈ શકે છે.

કલમ ૩૨ ની રકમ (૧) મુજબ મરતી વખતના ઈકરાર તરીકે હોય તો, અથવા,

કલમ ૧૫૭ મુજબ પુસ્ટીકારક પુરાવા દાખલ હોય તો.

(ક) તકરાર એવી છે કે अ ના ઉપર અપહરણ થયું છે કે નહી.

સદરહુ કહ્યા મુજબનું અપહરણ થયા પછી થોડી વારે તેણે ગુન્હા વિશેની ફરિયાદ કરી એ હકીકત, તથા જે બીના ઉપરથી તથા જે લખાણ કરીને ફરિયાદ મજકુર કરી તે હકીકત, લગતી છે.

ફરિયાદ કરયા શિવાય તેણે એવુ કહ્યુ કે મારી પાસેથી અપહરણ થયુ એ હકીકત આ કલમ મુજબ વરતણુક તરીકે લગતી નથી; પરંતુ તે નીચે મુજબ હોય તો તે લગતી થઈ શકે છે,

કલમ ૩૨ ની રકમ ૧ મુજબ મરતી વખતનો ઈકરાર તરીકે હોય તો, કીંવા, કલમ ૧૫૭ મુજબ પુસ્ટીકારક પુરાવા તરીકે તે હોય તો,

ટીકા.—આ કલમમાં બતાવેલી વરતણુક સમકાલીક હોવી જોઈએ એમ એક વખતે ઈંગલંડમાં જરૂરનું ગણાતુ હતુ અને હાલ અમેરીકામાં જરૂરનું ગણાય છે.

કોઈપણ દસ્તાવેજના પક્ષકારોના ખરેખરા ઈરાદાની ખાતરી કરવા સારૂ તે દસ્તાવેજ થયા પછા તેની રૂએ તેઓ વરત્યા છે કે નહો, તેનો પુરાવો જરૂરનો છે. રોબર્ટ ચોટસન

વિરૂધ મોરેશ નારાયણરાવ, મુ. રી. વા. ૨૪ પા. ૧૭૭ તથા ગીરધર નાગજી શેઠ વીરૂધ ભણ્ણ પત ગોરોબા અને ભાગીરથી બાઈ. મુ. હા. કો. વા. ૧૧. પા. ૧૨૯.

દ્રષ્ટાંત (ક) માં બનાવેલાં કામમાં જે વખતે ફરીયાદ કરવામાં આવી હોય તે વખતે જોને ગેરહાજર હોય તો તેથી આવી ફરીયાદને લગના પ્રમાણે કાંઈ અસર થઈ શકતી નથી. અને તેથી તે પુરાવામાં દાખલ થઈ શકતી નથી. રાણી વીરૂધ મકડોનેલ્ડ. ૧૦ બૉ. મો. રી. પા. ૨, તેમજ કોઈ સ્ત્રી પોતાના માબાપને એવી ફરીયાદ કરે કે અમુક માણસ મારા ઉપર બળાત્કાર કરશે. તો તેની કરેલી ફરીયાદ પુરાવામાં આપી શકાય. પણ તેણે સદરહુ બળાત્કારની બાબત વિશે કાંઈ બતાવ્યું હોય તો તે દાખલ થઈ શકે નહી. તેની કરેલી ફરીયાદ પુરાવામાં લેઈ શકાય છે.

લગતી હકીકતના ખુલાશાને સારૂ અથવા તેને કામમાં પ્રવેશ કરવા સારૂ જે હકિકતની જરૂર હોય તે બાબત.

(૯.) કોઈ મુદ્દાની કીંવા લગતી હકિકતનો ખુલાસો કરવા સારૂ કીંવા તેના કામમાં પ્રવેશ કરાવવા સારૂ જે હકીકતની જરૂર હોય તે હકીકત અથવા કોઈ મુદ્દાની કીંવા લગતી હકીકત ઉપરથી જે ધારણાની ઢળતી હોય તેને જે હકીકત ઉપરથી મજબુતી મળતી હોય કિંવા તે રદ થતી હોય તે હકીકત, અથવા હરકોઈ વસ્તુ કિંવા શખ્સને ઓળખવુ એ વાત લગતી હોય તો તે એક રૂપના જે હકિકત ઉપરથી સ્થાપન થતો હોય તે હકિકત, અથવા હરકોઈ તકરારી કીંવા લગતી હકીકત જે વખતે કીંવા જે ઠેકાણે બની તે વખત કિંવા ઠેકાણુ જે હકીકત ઉપરથી મુકરર થતુ હોય તે હકીકત, અથવા સદરહુ પ્રમાણેની હરકોઈ હકીકત જે પક્ષકારોથી બની તે પક્ષકારોનો સમ્બંધ જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત, એ સરવે હકીકતો સદરહુ કામ સારૂ તેની જરૂર હોય તેટલે દરજ્જે લગતી છે એમ સમજવુ.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે અમુક દસ્તાવેજ **અ** નું મૃત્યુપત્ર છે કે નહી?

તકરારી મૃત્યુપત્રની તારિખે **અ** ની મીલકતની તથા તેના કુટુંબની સ્થીતી કેવી હતી એ હકિકત લગતી છે.

(બ) ફજેતી થાય એવી વરતણુક **અ** ચાલ્યો એવો આરોપ મુકીને આબરૂ લીધા બાબત **અ** એ **બ** ઉપર દાવો કરયો છે. **બ** એવું કહે છે જે, જે વાત આબરૂ લેવા જેવી કહેવામાં આવે છે તે વાત સાચી છે.

તકરારી આબરૂ લેવા જેવી વાત પ્રગટ કરી તે વખતે સદરહુ પક્ષકારોની સ્થીતી તથા સમ્બંધ કેવી રીતનાં હતાં એ હકીકત મુદ્દાની હકીકતનો કામમાં પ્રવેશ કરવા સારૂ લગતી છે.

તકરારી આબરૂ લેવાની વાત જોડે સમ્બંધ ન હોય એવી બાબતમાં કાંઈ ટંટો **અ** તથા **બ** ની દરમીયાન હોય તે ટંટાની તપસીલવાર હકીકત લગતી નથી; પરંતુ કાંઈ ટંટો હતો એ હકિકત ઉપરથી **અ** તથા **બ** વચેના સમ્બંધમાં કાંઈ ફેર પડતો હોય તો તે ટંટો હતો એ હકિકત લગતી છે.

(ક) **અ** ઉપર એક ગુન્હો કરયાનું તોહોમત છે.

ગુનોહ ગજકુર થયા પછી થોડી વારે **અ** પોતાના ઘરમાંથી છુપી રીતે નાહાસી ગયો એ હકિકત કલમ આઠ મુજબ મુદ્દાની હકીકતો ઉપરથી પછવાડેથી વરતણુક થઈ, એના સમ્બંધથી લગતી છે.

જ્યારે તે ઘર છોડીને ગયો ત્યારે જે ઠેકાણે તે ગયો તે ઠેકાણે તેને એકાએક જરૂરી કામ આવી પડ્યું હતું એ હકીકત, તે એકાએક ઘર મુકીને ગયો એ હકીકતના ખુલાશાને સારૂ લગતી છે.

જે કામને સારૂ તે ગયો તે કામની તપસીલવાર હકીકત લગતી નથી પરંતુ કામ એકાએક જરૂરીનું નીકળ્યું હતું એ બતાવવાને સારૂ સદરહુ જેટલી તપસીલની જરૂર હોય તેટલી તપસીલ લગતી સમજવી.

(ડ) क એ अ જોડે નોકરી બાબત કરેલો કરાર તોડવાને ब એ क ને ફોસલાવ્યો એટલા માટે अ એ ब ના ઉપર દાવો કર્યો છે, क એ अ ની નોકરી છોડી તે વખતે अ ને એવું કહેલું હતું કે "હું તમને છોડીને જાઉં છું તે એ કારણથી કે ब એ મને વધારે સારી નોકરી આપવાનું કહ્યું છે" क ની વરતણુક મુદ્દાની હકીકત તરીકે લગતી છે તે વરતણુકનો ખુલાસો કરવા સારૂ ઉપલું બોલવું લગતી હકીકત છે.

(ઇ) अ ઉપર ચોરી કરવાનું તોહોમત છે. તેણે ચોરીનો માલ ब ને આપ્યો એવું જોવામાં આવ્યું; ब એ તે अ ની સ્ત્રીને આપ્યો એવું પણ જોવામાં આવ્યું; ब માલ આપતી વખતે એમ કહે છે કે "अ કહે છે કે આ તમો છુપાવી રાખો" સદરહુ ब નું બોલવું લગતું છે. કારણ કે જે હકીકત પ્રકરણ યાને કારચ મજકુરનું અંગ યાને ભાગ છે તે હકીકતનો તે ઉપરથી ખુલાશો થાય છે.

(ઈ) હુલ્લડ કરવા બાબત अ ઉપર તજવીજ ચાલે છે અને એવું સાબીત થયું છે કે લોકોના એક ટોળાની આગાડી આગેવાન તરીકે તે ચાલતો હતો સદરહુ લોકોના ટોળાએ કરેલા પોકારો જે પ્રકારનું એ કૃત્ય બન્યું તેના ખુલાશાને સારૂ લગતા છે.

ટીકા.—કોઈ કોઈ વખત એવી હકીકતો બને છે કે જેથી કરીને કોઈ શખસ ઉપર પાકો શક આવે છે; અને જે હકીકતથી આવો શક દુર થાય છે તેવી હકીકત પુરાવામાં અપાય છે. જેમકે अ એ ब નાં છાલાંની ચોરી કરી છે કે નહીં એવો જ્યારે સવાલ હોય ત્યારે ब એવો પુરાવો આપી શકે કે अ ના ઘરમાં જે છાલાં છે તે મારાં છાલાંના જેવાં છે. રાઈટ વિરૂદ્ધ વીલકોક્સ, ૧૯ લ. જ. સી. પી. ૪૩૩.

ગુનો કરવાને સંપ કીધો હોય તેવા કોઈ શખ્સે લોકોના સામાન્ય હેતુ સંબંધી કોઈ કહ્યું અથવા કરયું હોય તે બાબત.

(૧૦.) કોઈ ગુન્હો કીંવા દાવો ચાલવા લાયક અપકારનું કૃત્ય કરવા સારૂ બે અથવા વધારે શખસોએ સંપ કરયો છે એવું માનવાને યોગ્ય કારણ હોય ત્યારે સદરહુ શખસો પઈકી કોઈએક શખસે તે લોકોના સામાન્ય ઈરાદાને સંબંધી ઈરાદો મજકુર પ્રથમ તેમાંના હરકોઈ એક શખસે કિધા પછી કાંઈ કહ્યું કિંવા કરયું કિંવા લખ્યું હોય તો, એવો સંપ કરનાર હરકોઈ શખસ સંપ મજકુરમાં સામીલ હતો તે જણાવવા સારૂ તેમજ સદરહુ મુજબ સંપ થયો છે એવું સાબીત કરવાને સારૂ સદરહુ કહેલી, કરેલી, અથવા લખેલી વાત જે સખસોએ સંપ કર્યાનું માન્યામાં હોય તેવા પ્રત્યેક શખસ વિરૂદ્ધ લગતી છે.

દ્રષ્ટાંત.

(અ) રાજ્યના વિરૂદ્ધ લડાઈ કરવા સારૂ સંપ કરવામાં આવ્યો છે તેમાં अ સામીલ થયો છે એવું માનવાને યોગ્ય કારણ છે.

જે કારણને સારૂ સદરહુ સંપ થયો છે તે કારણને વાસ્તે ब એ યુરોપથી હથીઆરો મગાવ્યાં, તથા તેજ કારણને સારૂ क એ કલકત્તા મધ્યે પઈસા એકઠા કરયા, તથા સંપ મજકુરમાં સામીલ થવા ग એ મુંબાઈમાં લોકોને સમજાવ્યા, તથા જે કામ કરવાનો વિચાર છે, તે કરવુ યોગ્ય છે. એવા વાદીના લખેલા કાગળો ड એ આગરામાં પ્રસીદ્ધ કરયા, તથા જે પઈશા क એ કલકત્તા મધ્યે એકઠા કરયા હતા તે फ એ દીલ્લીથી ग ઉપ- કાબુલ મોકલાવ્યા, તથા સંપ મજકુરના હેવાલનો પત્ર ह એ લખ્યો તેમાંનો મજકુર એ પ્રત્યેક હકીકત સંપ થયો છે. એ વાત સાબીત કરવાને સારૂ તથા તેમાં अ સામીલ છે, એ સાબીત કરવાને સારૂ લગતી છે. પછી તે સરવે હકિકતોથી अ અજાણ્યો હોય, તથા જે શખસોએ હકીકત મજકુર મુજબ કરયું તે શખસોને अ ઓળખતો ન હોય, તથા अ સંપ મજકુરમાં સામીલ થયો તેની અગાડી અથવા તે સંપમાંથી નીકળી ગયો ત્યાર પછી સદરહુ હકીકતો બની હોય તો ચીંતા નહી.

ટીકા.—આ કલમ પ્રમાણે નીચેની હકીકતો ધ્યાનમાં રાખવી જરૂરની છે.

કાંઈ ગુન્હો અથવા દાવો ચાલવા લાયક અપકારનું કૃત કરવાનું હોવું જોઈએ; વળી તેમાં બે અથવા વધારે શખસોએ સંપ કરેલો જોઈએ. તેમજ કાવતરૂ કરનારમાંના કોઈપણ શખસે કાવતરૂ કરવાને ઈરાદો કરયો હોય ત્યાર પછી કાંઈ કૃત્ય કરયું હતુ, અથવા લખાણ થયું હતુ અથવા કહેવામાં આવ્યું હતુ, એવો પુરાવો આપવો જોઈએ; અને વળી તે કાવતરૂ કરવામાં સરવે અંગભુતનો સામાન્ય ઈરાદો પાર પાડવાનો હોવો જોઈએ.

જેમકે, કાવતરૂ કરનાર શખસોમાંના એક શખસે એક પોતાના મીત્રને કાગળ લખ્યો હતો, તેમાં પોતે કેવી રીતે સામેલ થયો છે તેનો હેવાલ આપ્યો હતો; પણ તેમાં કાંઈ સામાન્ય ધારણા પરીપુરણ કરવાને બતાવેલું નહોતુ. તેટલા માટે તે કાગળ પુરાવામાં લેવાયો નહોતો. રાણી વીરૂધ બ્લારડી.

મદ્રાસની હાઈકોરટની ઈસ્ટર સેશનમાં એક રાણી વિરૂધ વેધરસ્પુનના કેશમાં, પાંચ સોલજરો ઉપર હંગામા કરવાનું તોહોમત મુકવામાં આવ્યું હતુ. આ કામ થઈ રહ્યા કેડે કોઈ સોલજરની કબુલાત કરેલી પુરાવામાં આપવામાં આવી હતી પણ તે નામંજુર કરી હતી.

હકીકત બીજી હોય તો તે કયા રે લગતી સમજવી. (૧૧) જે હકીકત બીજી કોઈ રીતે લગતી ન હોય તે જો નિચે રીતે લગતી ન મુજબની હોય તો લગતી છે એમ સમજવુ.

(૧) હરકોઈ મુદ્દાની કીંવા લગતી હકીકતથી તે નિરૂદ્ધ હોય તો.

(૨) હરકોઈ મુદ્દાની કીંવા લગતી હકીકત બન્યાનો ઘણો સંભવ છે કીંવા સંભવ નથી એવુ, તથા નહી બન્યાનો ઘણો સંભવ છે કીંવા સંભવ નથી એવુ, સ્વતંત્ર રીતે તે ઉપરથી, અથવા બીજી હકીકત સાથેના તેના સંબંધ ઉપરથી, માલમ પડે એવી હોય તો;

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે अ એ કલકત્તા મધ્યે અમુક દિવશે ગુન્હો કરયો કે નહી. સદરહુ તારીખે अ લાહોર મધ્યે હતો એ હકીકત લગતી છે.

જે વખતે ગુન્હો થયો તે અરસામાં ગુન્હો થયો તે ઠેકાણેથી **અ** દુર હતો તેથી કરીને તેણે ગુન્હો કરવાની વાત અશક્ય નથી પણ ઘણી અસંભવીત છે. એ હકીકત લગતી છે.

(ખ) તકરાર એવી છે કે **અ** એ ગુન્હો કરયો છે કે નહી.

હકિકત એવી છે કે ગુન્હો મજકુર **અ**, **બ**, **ક**, અથવા **ડ**, એ પઈકી કોઈ એકે કરેલો હોવો જોઈએ. ગુન્હો મજકુર બીજો કોઈ શખશ કરી શકે એમ નહોતુ એવુ તથા તે **બ**, **ક** અથવા **ડ** એ કરેલો નહોતો એવુ, જે હકીકત ઉપરથી માલમ પડે તે પ્રત્યેક હકીકત લગતી છે.

ટીકા.—આ કલમની રકમ ૨ પ્રમાણે, કોઈ એક તુરંગમાં એક પેહેરેગીર સીપાઈને પાંચ કેદી સાથે રાખ્યો હોય અને તેમાના ૪ કેદીને ઓરડીમાં પુરી તાળુ વાસ્યું હોય અને એક બાકી કેદી ગાંડ હોય, તેવામાં જો તે પેહેરેગીરનું ખુન થયું હોય તો તે પાંચમા કેદીએ કરયું હશે એમ માનવાનો સંભવ છે એવો પુરાવો આપી શકાય.

રાણી વિરૂધ પરભુદાસ અંબારામ (૧૧. મુ. હા. કો. રી પા. ૯૦) ના કેશમાં આ ૨ ગુન્હેગારના ઘરમાથી જથાબંધ ખોટા દસ્તાવેજ નીકળ્યા હતા. જે ખોટા દસ્તાવેજ બનાવવાનું તેમના ઉપર તોહોમત મુકવામાં આવ્યું હતુ તેની સાબીતી તરીકે મજકુર દસ્તાવેજ પુરાવામાં લેવાયા હતા. પણ અપીલમા હાઈ કોરટે એવુ ઠરાવ્યું કે તે દસ્તાવેજ પુરાવામાં લેઈ શકાય નહી.

નુકશાનના દા- (૧૨) જે મુકદમામાં નુકશાનનો દાવો કરેલો હોય તે મુકદમામાં વામાં જે ... કેટલું નુકશાન આપવુ જોઈએ એ જે હકીકત ઉપરથી ઠરાવ મુકરર કરી શકાય તે હકીકત લગતી છે.

નુકશાનની રકમ મુકરર કરી શકે તે હકીકત લગતી છે.

ટીકા.—કોઈ શખસની સાધારણ આબરૂને નુકશાન કરવામાં આવ્યું હોય અને તેને વાસ્તે તે નુકશાની માગે તો, તેણે પોતાની આબરૂ છે એવુ સાબીત કરવુ જોઈએ. અને પોતાની ખરાબ આબરૂને રદ કરવાનો પુરાવો આપવો જોઈએ.

હક કીંવા રીવાજ વિશે તકરાર હોય તો કઈ હકીકત લગતી છે. (૧૩) હરકોઈ હક કીંવા રીવાજ છે કે નથી એ બાબત જ્યારે તકરાર હોય, ત્યારે નીચે લખેલી હકીકત લગતી છે એમ સમજવુ.

(અ) જે કાર્ય ઉપરથી તકરારી હક કીંવા રીવાજ ઉત્પન્ન થયો હોય, અથવા તે ઉપર દાવો બતાવવામાં આવ્યો હોય, અથવા તેમાં કાંઈ ફેરફાર થયો હોય અથવા તે કબુલ રાખવામાં આવ્યો હોય, અથવા તે છે એમ કહેવામા આવ્યું હોય, અથવા તેનો ઈનકાર કરવામા આવ્યો હોય, તે કાર્ય અથવા જે કાર્ય એવુ હોય કે હક કીંવા રીવાજ મજકુર હોય તો કારય મજકુર થયું ન હોય તો તે કારય.

(બ) હક કીંવા રીવાજ મજકુર ઉપર દાવો બતાવવામાં આવ્યો હોય અથવા તે કબુલ

રાખવામાં આવ્યો હોય, અથવા તેને અમલમાં આણ્યો હોય, અથવા તેને અમલમાં આણતાં તકરાર ઉઠી હોય, અથવા અમલમાં આણ્યો એમ કહેવામાં આવ્યું હોય, અથવા તેના અમલથી વિરૂદ્ધ કાંઈ કીધું હોય, એવા અમુક દાખલાઓ બન્યા હોય તે દાખલા;

દ્રષ્ટાંતો.

તકરાર એવી છે કે અ નો હક એક માછલી પકડવાની જગો ઉપર છે કે કેમ? આ માછલી પકડવાની જગા અ ના વડિલોને આપવા બાબતના લેખ તથા તે જગા અ ના બાપે ગીરો મુક્યાની વાત તથા ગીરો મજકુર વિરૂદ્ધ એ જગા અ ના બાપે બીજાને પછવા દેધી આપ્યાની વાત, તથા અ ના બાપે હક મુજબ અમલ કરવાના અથવા તે પ્રમાણે અમલ કરતા અ ના પડોશીએ અટકાવ કરવાના અમુક દાખલા બન્યા હોય તે દાખલા, આ સરવે લગતી હકીકતો છે.

ટીકા.—ઈંગ્રેજી કાયદા પ્રમાણે એવો સવાલ હોય કે અમુક જમીન કોઈ શખસની છે કે નહીં, તો તે જમીન તે શખસના વડીલોએ ભાડે આપી હતી એવો પુરાવો આપી શકાય. આ કાયદા પ્રમાણે પણ તેમજ છે. [illegible] વિરૂદ્ધ પાલમાન. ૬ વી. બેં. પા. ૬૨૨–૨૬.

પક્ષકારો સીવાયના બીજા શખસો વચ્ચે કાંઈ જજમેંટ થયું હોય તો તે જજમેંટ પક્ષકારોના કામમાં પુરાવામાં અપાય કે નહીં, તે બાબત ગજુલાલ વીરૂદ્ધ ફતેહલાલના (૬ કલકતા લૉ. રી. ૧૭૧) કામમાં કલકતાની હાઈકોરટના જડજોએ ઠરાવ્યું છે કે તે પુરાવામાં આપી શકાય.

નીઆમતઅલી વિરૂદ્ધ ગુરૂદાસના (૨૨ બી. રી ૩૧૫) કામમાં એવું ઠરાવ્યું છે કે [illegible] અમનું જજમેંટ, (જે પક્ષકારોની વચ્ચેનું હોય નહીં તો પણ) વાદીની ઈનામી જમીન છે, એવું સાબીત કરવાને, કામમાં લેવાયું હતું.

વકંટ સ્વામી નાયકન વિરૂદ્ધ સંકર સુબાઅન (૧ મુંબઈની ઈંડીયન અપીલ) ના કામમાં જડજોએ એવું ઠરાવ્યું છે કે કોઈ પણ રીવાજ સાબીત કરવાને પક્ષકારો સીવાયના બીજા શખસોના કામમાં જજમેંટ થયું હોય, તે પણ પુરાવામાં આપી શકાય.

તેવીજ મતલબનો નારાણજી ભોપાભાઈ વિરૂદ્ધ દીપા ઉમેદ, ઈંડીયન લૉ રીપોરટ ૩ મુંબાઈ પા. ૩. નો ફેંસલો છે.

સ્ટાનલી વિરૂદ્ધ વ્હાઈટ ૧૪ ઈસ્ટ. ૩૩૨, આ કેશમાં વાદી અમુક ઝાડનો માલીક છે કે નહીં એવો સવાલ હતો. ઘણાં ઝાડ હારબંધ હતાં, અને વાદી એક ભાગનો માલીક હતો એવો ઠરાવ થયો હતો તે ઉપરથી એવો અનુમાન થયો કે બીજા ભાગનો પણ તેજ માલીક છે અને તેવી મતલબનો પુરાવો અપાયો હતો

આ કલમ પ્રમાણે "રિવાજ" ઘણા જુના વખતનો તથા સ્પષ્ટ રીતે સ્થપાએલો હોવો જોઈએ. કેમકે હિંદુશાસ્ત્ર પ્રમાણે લખેલા ગ્રંથ કરતાં સ્પષ્ટ રીતે સાબીત થયેલો રીવાજ બહોળો ગણાય છે. તેને વાસ્તે મદુરાનો કલેકટર વિરૂદ્ધ મુતુરામલિંગા સાથુપથી ૧૨ મુંબઈની ઈંડીયન અપીલનું પા. ૩૯૬, ૪૩૫ તથા ૪૩૬ જુઓ.

અમુક કુટુંબમાં તથા અમુક જીલામાં રીવાજ એજ કાયદો છે; અને તે અસલનો વાજબી હોવો જોઈએ. હીરાપ્રસાદ વિરૂદ્ધ સીવદયાલ ઈંડીયન લૉ રિપોરટ ૩ અલાહાબાદ પા. ૨૫૯.

જે ઠેકાણે રિવાજ ખરોખર રિતે માલમ પડી શકતો ના હોય તો તેવે ઠેકાણે હિંદુશા સ્ત્રના નિયમો લાગુ પડે છે. જેમકે કોઈ રાજ્ય હોય તો તેનો વારસો કેવી રિતે જાય, તે ની બાબતમાં જો રિવાજ ખરોખર સ્પષ્ટ જણાતો ના હોય તો હિંદુશાસ્ત્ર પ્રમાણે થાય. ખ ત્રીરતેહિંગ્યુ બરમાનો વિરૂધ બીરચંદર ઠાકોર અને બિજા. ૧૨ મુરની ઈ. અ. ૫૨૩.

કુલાચારના રિવાજને કાયદાએ કબુલ રાખેલો છે તેને વાસ્તે નિચેના ફેંસલા જોવા. રાણી પદમાવતી વિરૂધ બા પુદુલારસીંગ અને બીજા. ૪ મુરની ઈંડીયન અપીલ ૨૫૯ ગા ણી શ્રીમતી દિબ્બીયા વિરૂધ રાણી કુંદલતા ૪ મુરની ઈંડીયન અપીલ પા. ૧૯૨ સુરેંદ્રોના થરાય વિરૂધ મુસામન હીરામાણી બરમાનયા ૧૨ મુરની ઈંડીયન અપીલ. પા. ૮૧

જ્યારે એક કુટુંબ એક જગાએથી બીજી જગાએ ગમન કરે છે ત્યારે તે કુટુંબ પોતા ના અસલના રિવાજથી બંધાએલું રેહે છે. અને તેવો રીવાજ પુરાવામાં આપી શકાય છે તેને વાસ્તે અભરામ વિરૂધ અભરાગનો કેસ જુએેા. ૯ મુરની ઈંડીયન અપીલ. પા. ૨૪૨

રીવાજ એ લાંબી મુદતની રૂઢીથી તથા વડીલોની સંમતીથી સ્થાપીત થએલો એક કા યદો છે. તેને વાસ્તે જગોમોહનધોસ વીરૂધ માણેકચંદ, ૭ મુ. અ. ૨૬૭; અને જગોમોહન ધોસી વિરૂધ કેશરચંદ ૯ મુરની ઈંડીયન અપીલ ૨૫૧ જુએેા.

હરોનાથ મલીક વીરૂધ નીત્યાનંદ મલીક. ૧૦ બં લો. રી. પા. ૨૬૩ આ કેસમાં નીચે પ્રમાણે બીના હતી. અમુક મુરતીની પુજા કરવાનો વાદી તથા પ્રતીવાદીઓનો વારા પ્રમાણે હક હતો. વાદીઓએ એવી તકરાર લીધી કે આ મુરતી બ જે ઠેકાણે લેઈ જવાય નહીં અને પ્રતીવાદીને તેમ કરતાં અટકાવ્યા. તે બાબતમાં વાદીઓએ એક લેખ પુરાવા માં રજુ કર્યો. તે લેખમાં એમ હતુ કે તે મુરતી એક ઠેકાણેથી બીજે ઠેકાણે લેઈ જવા ની નહી. આ લેખ કરવામાં પ્રતીવાદી સામેલ નહોતા તોપણ એવુ ઠરાવવામાં આવ્યું કે આ લેખ પુરાવામાં લેઈ શકાય તેવો છે.

કુલાચારના રીવાજ સારૂ નીચેના ફેંસલા અગત્યના છે. તારાચંદ વીરૂધ રીબરામ ૩ મદ્રાસ. હા. કો. રી. ૫૦. સીતામણસીંગ વીરૂધ નવલખો કુંવારી ૧ કલકત્તા. લો. રી. ૧૫૬ ગોપા લાયન વીરૂધ રઘુપાત્યાયન. ૭. મદ્રાસ. હા. કો. રી. પા. ૨૫૦.

રૂઢી તથા રીવાજની બાબતમાં બીજો કાંઈ પુરાવો હોય નહી અને જો તેવી રૂઢી અ થવા રીવાજ ૨૦ વરસથી ચાલુ રહેલો હોય તો તે બસ છે. જગમોહનરાય વીરૂધ સ્રીમની ને મુદ્રાસી મા-દ્રીઅન. ૫૯૬.

જે હકીકત ઉપરથી મનની અથવા શરીરની કીંવા શરીરના સુખ દુઃખની સ્થીતીમાં માલમ પડે તે હકીકતો બાબત.

(૧૪.) ઈરાદો, કીંવા જ્ઞાન, કીંવા શુધ બુધી, કીંવા ગફલત, કીંવા બેફીકરાઈ, કીંવા કોઈ અમુક શખસના ઉપરનો દુષ્ભાવ, કીંવા સદ્ભાવ એના જેવી મનની હરકોઈ સ્થીતી છે એવુ જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત, અથવા શરીરની કીંવા શરીરના સુખ દુખની હરકોઈ પ્ર કારની સ્થીતિ છે એવુ જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત લગ તી છે. તે એવે પ્રસંગે કે જ્યારે એવી મનની અથવા શરીરની કીંવા શરીરના સુખ દુખની સ્થીતી છે કે નહી એ વાત મુદ્દાની અથવા લગ તી હોય ત્યારે.

ખુલાસો—કોઈ હકીકત ઉપરથી મનની કાંઈ લગતી સ્થીતિ છે એવુ માલમ પડે છે એ

કારણને લીધે હકીકત મજકુર લગતી હોય, ત્યારે તે હકીકત ઉપરથી જે અમુક બાબત ની તકરાર ચાલતી હોય તે બાબતને સંબંધિ સદરહુ સ્થીતિ છે એમ માલમ પડવુ જોઈએ, સામાન્ય રીતે એવી સ્થીતિ હોય છે એમ માલમ પડવુ જોઈએ નહી.

દ્રષ્ટાંતો.

(અ) अ ઉપર એવુ તોહોમત છે કે તેણે ચોરાએલો માલ જાણીને ચોરીનો માલ લીધો, ચોરીની અમુક જીનસ તેના કબજામાં હતી એવુ શાબીત થાય છે

સદરહુ વખતે તેના કબજામાં ચોરીની બીજી ઘણી જણશો હતી એ હકીકત લગતી છે કારણ એ ઉપરથી એવુ દેખાય છે કે જે જણશો તેના કબજામાં હતી તે દરએક તથા સરવે ચોરીની હતી એવુ તેને માલમ હતુ.

(બ) અમુક શિકા ખોટા છે એવુ શિકા મજકુર આપતી વખતે માલમ છતાં તે શિકા બીજાને દગલબાજીથી આપ્યો એવુ તોહોમત अ ઉપર છે.

જ્યારે સદરહુ શિકો अ એ આપ્યો ત્યારે તેની પાસે બીજા ખોટા શિકા ઘણા હતા એ હકીકત લગતી છે.

(ક) પોતાનો કુતરો ઘણો કરડકણો છે એમ ब ને માલમ છે તે ब ના કુતરાએ કરેલા નુકશાન બાબત अ એ ब ના ઉપર દાવો કરયો છે.

અગાઉ क्ष, य તથા ज्ञ ને કુતરો મજકુર કરડયો હતો અને તેઓએ તે બાબત ब આગળ ફરિયાદ કરી હતી, એ હકીકત લગતી છે.

(ડ) તકરાર એવી છે કે જે માણસને એક હુંડીનું નાણું આપવાનું હતુ તેનું નામ ખોટુ લખ્યું હતુ તે વાત હુંડી સીકારનાર अ ને માલમ હતી કે નહી.

એ પ્રમાણે લખેલી બીજી હુંડીઓમાં જેને રૂપીઆ આપવનું લખ્યુ હતુ તે શખ્સ જો ખરો હોત તો તેણે હુંડીઓ મજકુર ब ને જે વખતે મોકલી હોત તે વખતની આગાઉ સદરહુ હુંડીઓ अ એ સીકારેલી છે એ હકીકત, જે શખ્સને તકરારી હુંડીના રૂપીઆ આપવાનું લખ્યુ છે તે શખ્સ ખોટો છે એવી માહીતી अ ને હતી, એવુ બતાવવાને સારૂ લગતી છે.

(ઈ) ब ની આબરૂને હાની થાય એવા ઈરાદાથી કોઈ આરોપની વાત પ્રગટ કરીને ब ની આબરૂ લીધાનું अ ઉપર તોહોમત છે.

अ નો ब ઉપર દુશ્મનાવ છે એવું બતાવનારી કોઈ વાતો પેસ્તર પ્રગટ કરયાની હકીકત લગતી છે. કારણ કે હાલની તકરારી વાત પ્રગટ કરવામાં अ નો ઈરાદો ब ની આબરૂને હાની કરવાનો હતો, એવુ તે ઉપરથી માલમ પડે છે.

अ તથા ब વચ્ચે આગળ કાંઈ ટંટો નહોતો, તથા જે બાબત વિશે ફરિયાદ કરવામાં આવી છે, તે બાબત अ એ સાંભળી તે મુજબ પાછી કહી છે એ હકીકતો अ નો ઈરાદો ब ની આબરૂને હાની કરવાનો નહોતો એવુ બતાવવાને સારૂ લગતી છે.

(ફ) अ એ દગલબાજીથી ब ને એવુ બતાવ્યુ કે क દાર છે તે ઉપરથી क જે નાદાર છે તે ઉપર ब એ લલચાઈને ભરૂસો રાખ્યો, તેથી નુકશાન થયું, તે બાબત ब એ ब ઉપર દાવો કરયો છે.

क દાર છે. એવુ જ્યારે अ એ કહ્યુ ત્યારે क ના પાડોશીઓ તથા જે લોક તેની સાથે

વેપાર રોજગારનું કામ પાડના તેઓ ધારતા હતા કે क દર છે, એ હકીકત अ એ જે બ તાવ્યું તે શુદ્ધ બુદ્ધિથી બતાવ્યું એવું બતાવવા સારૂ લગતી છે.

(ગ) એક ઘરનો માલીક अ છે તે ઘર ઉપર કાંઈ કામ ब એ क નામના કારીગરના હુકમથી કર્યું તે કામની કીમત લેવાને સારૂ अ ઉપર ब એ દાવો કર્યો છે.

अ નો જવાબ એવો છે કે ब એ જે કરાર કર્યો તે क જોડે કર્યો છે.

તકરારી કામને સારૂ अ એ ब ને પઈસા આપ્યા છે એ હકીકત લગતી છે, કારણ કે તે ઉપરથી એવું શાબીત થાય છે કે अ એ શુદ્ધ બુદ્ધિથી તકરારી કામ કરવાનો બંદોબસ્ત કરવાનું क ના સ્વાધીનમાં આપ્યું હતું સબબ क પોતાની તરફથી ब જોડે કરાર કરી શકતો હતો, अ ના મુખત્યાર તરીકે કરાર કરવાનું નહોતું.

(ઘ) જંગમ મિલકતનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવા બાબત अ ઉપર તોહોમત છે, અને તકરાર એવી છે કે જ્યારે તેણે તેનો સદરહુ મુજબ ઉપયોગ કર્યો ત્યારે ખરો માલીક મળી શકતો નથી એવું તે શુદ્ધ બુદ્ધિથી માનતા હતા કે નહીં.

મિલકત મજકુર ખોવાઈ ગયાની ખબર સરવે લોકોને अ જે ઠેકાણે રહે છે તે ઠેકાણે આપવામાં આવી હતી એ હકીકત તેનો ખરો માલીક મળી શકતો નથી એવું શુદ્ધ બુદ્ધિથી अ માનતો નહોતો એમ બતાવવાને સારૂ લગતી છે.

क એ મિલકત મજકુર ખોવાયાની વાત સાંભળીને તે ઉપર ખોટો દાવો કરવાની ઈચ્છાથી તેણે કપટથી સદરહુ ખબર આપી છે એવું अ જાણતો હતો, અથવા એવું માનવાને તેને કારણ હતું, એ હકીકત લગતી છે, કારણ કે તે ઉપરથી એમ માલમ પડે છે કે સદરહુ ખબર આપ્યાની વાત अ ને માલમ હતી એટલા ઉપરથી તેની શુદ્ધ બુદ્ધિ ગેરશાબીત થઈ શકતી નથી.

(આઈ) अ ના ઉપર એવું તોહોમત છે કે ब ને મારી નાખવાના ઈરાદાથી તેના ઉપર ગોળી મારી. अ એ અગાઉ ब ઉપર ગોળી મારી હતી, એ હકીકત अ નો ઈરાદો બતાવવાને સારૂ શાબીત કરી શકાય છે.

(જે) अ ના ઉપર એવું તોહોમત છે કે તેણે ધમકીના પતરો ब ને મોકલ્યા. अ એ ब ને ધમકીના પતરો પેસ્તર મોકલ્યા હોય તે પતરો સદરહુ પતરોનો ઈરાદો બતાવવાને સારૂ સાબીત કરી શકાય છે.

(કે) તકરાર એવી છે કે પોતાની સ્ત્રી ब ઉપર નિરદયપણું કરવાનો अ તકસીરવાર છે કે નહીં.

જે નિરદયપણું કર્યાની તકરાર છે તે પહેલાં અથવા પછી થોડે વખતે બેઉના દિલનો વિચાર એક એક તરફ કેવો હતો, તેનું જે કાંઈ બારાણ થયું હોય તે લગતી હકીકત છે.

(એલ) તકરાર એવી છે કે अ નું મોત ઝેહેરથી થયું છે કે કેમ.

अ બીમારી હતો તે દરમીયાન તેણે પોતાના રોગના ચીન્હ બાબત જે મજકુર કહ્યો હોય તે લગતી હકીકત છે.

(એમ) अ ના આયુષનો વિમો ઉતાર્યો ત્યારે તેની તબીયતની સ્થીતિ કેવી હતી, એ વિષે તકરાર છે.

સદરહુ વખતે અથવા તે અરસામાં अ એ પોતાની તબીયત બાબત જે મજકુર ક

હ્યો હોય તે લગતી હકિકત છે.

(ન) જે ગાડી વપરાય એવી યોગ્ય રિતે લાયક નોહોતી તેવી ગાડી ગફલતથી **બ** એ ભાડે આપી તેથી **અ** ને વાગ્યું તે બાબત **અ** એ **બ** ના ઉપર દાવો કરયો છે.

તે ગાડીમાં જે કસર હતી તે બીજે પ્રસંગે **બ** ના ધ્યાન ઉપર આણી હતી, એ હકીકત લગતી છે.

જે ગાડીઓ **બ** ભાડે આપતો હતો તેમાં ગફલત કરવાની તેની રિત હતી, એ હકીકત લગતી નથી.

(ઓ) ઇરાદા પુરવક **બ** ને ગોળી મારીને તેને મારી નાખ્યાથી **બ** નું ખુન કરયા બદલ **અ** ના ઉપર તજવીજ ચાલે છે.

અ એ બીજે પ્રસંગ **બ** ના ઉપર ગોળીઓ મારી હતી, એ હકીકત **બ** ને ગોળી મારવાનો **અ** નો ઇરાદો બતાવવાને સારૂ લગતી છે.

લોકોને મારી નાખવાના ઇરાદાથી તેઓના ઉપર ગોળી મારવાની **અ** ની રીત હતી, એ હકીકત લગતી નથી.

(પ) એક ગુન્હો કરયા બાબત **અ** ના ઉપર તજવીજ ચાલે છે.

સદરહુ ગુન્હો કરવાનો કાંઇ ઇરાદો દેખાઇ આવે એવુ તે કાંઇ બોલ્યો હતો, એ હકીકત લગતી છે.

સદરહુ જાતના ગુન્હા કરવાની સામાન્ય રીતે તેના મનની વ્રતી છે, એમ દેખાઇ આવે એવુ તે કાંઇ બોલ્યો હતો, એ હકીકત લગતી નથી.

ટીકા.—રાણી વિરૂધ પ્રભુદાસ અંબારામ ૧૧ મું. હા. કો ૯૦, આ કેસમાં એક ખોટી પાદી, ચીઠી બનાવ્યાનું તોહોમત હતુ અને બીજા ચાર શખસ ઉપર તેને મદદ કરવાનું તોહોમત હતું. એવા ખોટા ૧૫૦ કાગળ નીકળ્યા એ હકીકત પુરાવામાં લેવામાં આવી નહોતી.

રાણી વિરૂધ ફ્રેન્કવાસ, એલ. આર. ૨. સી. ૧૧૮, આ કામમાં એક શખસે એક ખોટી વીંટીને હીરાની છે એવુ કહીને તેના ઉપર પઇશા લીધા. એવીજ રીતે તે શખસે આગલા દીવસે બ ત્રણ ખોટી સાંકળીને સોનાની છે એમ કહી પઇશા લીધા હતા. એવો પુરાવો અપાયો હતો.

કોઇ કૃત્ય થયું તે અકસ્માત થયું કીંવા ઇરાદા પુરવક થયું એવી તકરાર વિશેની હકીકત બાબત.

૧૫. કોઇ કૃત્ય આકસ્મીક થયું છે, કીંવા ઇરાદા પુરવક થયું છે એવી જ્યારે તકરાર હોય ત્યારે તે કૃત્યના જેવા બ જાત ઘણા બનાવો બન્યા છે, તેમાંના કૃત્ય મજકુર એક ભાગ છે, અને તે પ્રત્યેક બનાવમાં સદરહુ કૃત્ય કરનાર શખસ શામીલ હતો, એ હકીકત લગતી છે.

દ્રષ્ટાંતો.

(અ) જે રકમને સારૂ પોતાના ઘરનો વિમો ઉતરાવ્યો છે તે રકમ મળવવાના હેતુથી **અ** એ ઘર મજકુર બાળી મુક્યું. એવુ તોહોમત તેના ઉપર છે.

અ ઘણા ઘરોમાં અનુક્રમે રહ્યો હતો તથા તે દરેક ઘરનો તેણે વિમો ઉતરાવ્યો હતો.

તથા તે દરેક ઘરમાં આગ લાગી હતી, તથા સદરહુ દરએક આગ લાગ્યા પછી अ ને જુદા જુદા વિમાવાળાની દુકાનમાંથી રૂપીયા મળ્યા હતા એ હકીકતો જે આગો લાગી તે આકસ્મીક નહોતી, એ બતાવવાને સારૂ લગતી છે.

(બ) ब ના દેણદાર પાસેથી પઈસા લેવાના કામ ઉપર अ ને રાખ્યો છે, જે રકમો તેને પોંહોચે તેની નોંધ એક ચોપડીમાં કરી રાખવાનું अ નું કામ છે, અમુક પ્રસંગે જે ખરી રકમ તેને ખરેખરી પોંહોચેલી તે કરતાં કમી રકમ તેણે નોંધી છે.

તકરાર એવી છે કે એ ખોટી નોંધ આકસ્મીક થઈ છે કે ઈરાદા પુરવક થઈ છે.

બીજી રકમો अ એ તેજ ચોપડીમાં નોંધી છે તે ખોટી છે તથા તે ખોટી નોંધ દરએક કામમાં अ ના ફાયદાની છે, એ હકીકત લગતી છે.

(ક) अ ના ઉપર એવું તોહોમત છે કે તેણે દગલબાજીથી એક ખોટો રૂપીઓ ब ને આપ્યો.

તકરાર એવી છે કે જે રૂપીઓ આપ્યો તે આકસ્મીક આપ્યો કે કેમ.

ब ને રૂપીઓ આપવાની થોડી વાર પહેલાં અથવા થોડી વાર પછી अ એ ખોટા રૂપીઆ क, ग તથા ड ને આપ્યા છે એ હકીકત ब ને જે રૂપીઓ આપ્યો તે આકસ્મીક આપ્યો નથી એ બતાવવાને લગતી છે.

કામની પધ્ધતી ક્યારે સમજવી. ૧૬. અમુક કૃત્ય બન્યું છે કે નહી એવી તકરાર હોય ત્યારે જો કામની એવી કોઈ સાધારણ પધ્ધતી હોય કે તે પ્રમાણે સદરહુ કૃત્ય સ્વાભાવિક રીતે થવું જોઈએ તો તે પધ્ધતી છે એ હકીકત લગતી છે.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે અમુક પત્ર રવાને થયું હતું કે કેમ.

સરવે પત્રો અમુક ઠેકાણે મુકયા હોય તો તેને ટપાલમાં લઈ જાય એવી કામની સાધારણ પધ્ધતી હતી તથા અમુક પત્ર તે ઠેકાણે મુકયું હતું એ હકીકતો લગતી છે.

(બ) તકરાર એવી છે કે અમુક પત્ર अ ને પોંહોચ્યો છે કે નહી તે પત્ર હમેશની પધ્ધતી મુજબ ટપાલમાં નાખ્યું હતું તથા ડેડ લેટર આફીસમાંથી તે પાછું આવ્યું નથી એ હકીકતો લગતી છે.

કાગળ ઉપર ટપાલ આફીસની છાપ હોય તો તેમાં લખેલે વખતે તથા જગાએ તે ટપાલમાં હતો તેનો એ પ્રથમ દરશનીક પુરાવ છે.

ઈંગ્રેજી કાયદા પ્રમાણે આ કલમમાં આવેલી વાત અનુમાન (પ્રીઝમપશન) ગણાય છે.

અંગીકાર બાબત.

અંગીકાર એટલે શું. ૧૭. જે મુખ જુબાની કહેલા કીંવા દસ્તાવેજમાં લખેલા મજકુર ઉપરથી હરકોઈ મુદાની કીંવા લગતી હકીકત સંબંધી હરકોઈ ધારણા બાંધ તથા જે નિચે લખેલા શખસોમાંથી હરકોઈ શખસે નિચે લખેલી કેફીયતને સંબંધે કહ્યો હોય કીંવા લખ્યો હોય તે મજકુરને અંગીકાર સમજવો.

ટીકા.—અંગીકારની કલમમાં આપેલી વાખ્યા પ્રમાણે કોઈ પુરૂશે કાંઈ વસ્તુ વીશે કેફીઅત કરી હોય તે સમજવી, માટે ગમે તો તેમાં કબુલાત હોય અગર ના હોય તો

પણ તે અંગીકાર કહેવાય; પણ નીચેની કલમો પ્રમાણે સઘળાં કારણો મળતાં હોવા જોઈએ.

કોઈ દાવાના પ્રતીવાદીઓમાંના કોઈ પ્રતિવાદીએ જજમેંટ કબુલ કર્યું હોય અગર અંગીકાર કર્યું હોય તોપણ તે બીજા પ્રતિવાદીની સામે પુરાવો નથી. અમ્રતલાલ બાસ વીરૂધ રાજેનીકંટ મીતર. ૧૫. બં. લો. રી. (પ્રી. કા.) પા. ૧૦

કામના પક્ષકાર અથવા તેના મુખત્યારે કરેલો અંગીકાર.

(૧૮). કામના કોઈ પક્ષકારે કહેલો કીંવા લખેલો મજકુર અથવા એવા કોઈ પક્ષકારે પોતાની તરફથી સદરહુ મજકુર કહેવાનો સ્પષ્ટ રીતે કીંવા ગરભીત રિતે કોઈ મુખત્યારને અખત્યાર આપ્યો છે એવુ કામ મજકુરની હકીકત ઉપરથી કોરટ ગણતી હોય તેવા મુખત્યારે કહેલો કીંવા લખેલો મજકુર અંગીકાર છે એમ સમજવુ.

પ્રતીનીધીના સંબંધે દાવો કરનાર શખસે કરેલો અંગીકાર.

જે પક્ષકારોએ પ્રતીનીધીના સબંધથી દાવો કરયો હોય અથવા જે પક્ષકારોના ઉપર સદરહુ સબંધે દાવો થયો હોય તે પક્ષકારોએ કહેલો કીંવા લખેલો મજકુર અંગીકાર નથી, પરંતુ સદરહુ પ્રતિનીધીનો સબંધ ચાલતો હોય તે દરમ્યાનમા એવા પક્ષકારોએ કહેલો કીંવા લખેલો મજકુર અંગીકાર છે એમ સમજવુ.

દાવાના વિશયમાં જે શખસનો હક હોય તેણે કહેલો અંગીકાર.

(૧) જે વિષય બાબત કામ ચાલે છે તે વિષય ઉપર જે શખસનો માલકીનો હક હોય અથવા તેમાં તેનો કાંઈ પઈશા સંબંધીનો હક હોય તે સખસોએ સદરહુ મુજબના હકવાળા શખસો તરીકે કહેલો કીંવા લખેલો મજકુર અથવા,

જે શખસથી હક પોહોચ્યો હોય તે શખસે કીધેલો અંગીકાર.

૨ જે વિષય બાબત દાવો ચાલ્યો છે તે વિશય ઉપરનો હક તે દાવાના પક્ષકારોને જે શખસોથી મળ્યો હશે તે શખસોએ કહેલો કીંવા લખેલો મજકુર.

જો સદરહુ મજકુર કહેનારા કિંવા લખનારા શખસોનો હક ચાલુ હોય તે દરમ્યાનમાં તેઓએ કહ્યો હોય કિંવા લખ્યો હોય તો તે અંગીકાર છે.

ટીકા.—એજંટની કરેલી કબુલાત તેના પ્રીન્સીપાલને એટલે (શેઠને) બંધનકારક થાય છે. પણ તે શેઠે જે કામ કરવા એજંટને અધીકાર આપ્યો હોય તેમાં જો એજંટે કબુલાત આપી હોય તો.

રાજેંદ્રનારાયણરાય વિરૂધ બીજીયા ગોવીંદસીંગ. ૨ મુરની. ઈંડીયન અપીલ ૨૫૩. તેમાં નીચે પ્રમાણે હકીકતો હતી.

કોઈ જાગીરના નફાની અડધા ભાગની રકમ આપવાનો હુકમ થયો હતો. અને તેની કબુલાત વકીલે કોરટમાં આપી હતી. તેમાં એવુ ઠરાવ્યું કે તે કબુલાત તે વકીલના અસીલને બંધનકારક છે અને અસીલ તે વીશે ફરાને કાંઈ વાંધો ઉઠાવી શકે નહી.

કોઈ સ્ત્રીનો કરેલો અંગીકાર તેના ધણીને બંધનકારક છે કે નહી, તે વિશે નીચે ખુલાસો બતાવ્યો છે. જો તેના ધણીએ જે કામ સોંપ્યું હોય તેમાં 'કબુલાત આપે તો તેના ધણીને બંધનકારક થાય નહી તો નહી. જેમકે કોઈ ધણીએ પોતાની સ્ત્રીને દુકાન

ચલાવવાનો વહીવટ સોંપ્યો હતો.

તેમાં જે જે પરચુરણ ખરચો આપવા પડતા હતા તે આપવાની અને જે જે લેવાના હતા તે લેતી હતી, પણ ભાડે રાખેલી દુકાનના માલેકને ભાડાની રકમ વાસ્તે જે તાણીએ કાંઈ કબુલાત આપી હોય તે તેના ધણીને બંધનકારક થાય નહી. કેમકે તેમ કરવામાં તેના ધણીનો તેને બીલકુલ અખત્યાર હતો નહી. ફક્ત દુકાનના સોંપવાં હતો.

તેમજ કોઈ બાળક પોતાના નાની ઉમરમાં જે કબુલાત આપી હોય તે તેની ઉમરે આવ્યા કેડે બંધનકારક નથી. કુંવર નારાયણરાય વીરૂધ શ્રીનાથ મીતર. ૯. વી. રી ૪૮૫.

કોઈ માણસ સરકારને મેહેસુલ ભરી શકે નહીં અને ઘણા દીવસ સુધી આપ્યા વીના રેહે અને સરકાર તે જમીન વેચે તે હરાજીમાંથી જે માણસ ખરીદ કરે તેને, આ કલમના અરથ પ્રમાણે, પ્રથમના માલેક પાસેથી હક મળ્યો છે એમ સમજવું નહી. કલ્ટીપનારાયણસીંગ વીરૂધ હિંદુસ્તાનની સરકાર ૧૧ બ. લા. રી. પા. ૭૧.

જે શખ્સોની સ્થીતી મુકદ્દમાના પક્ષકારની વિરૂધ સાબિત કરવાની જરૂર છે તેવા શખ્સોએ કહેલો કીંવા લખેલો મજકુર.

૧૯. જે શખ્સોની સ્થીતી કિંવા જવાબદારી કોઈ મુકદ્દમામાંના કોઈ પક્ષકાર વિરૂધ છે કે નહી એવા સબબથી સાબીત કરવાની જરૂર છે તેવા શખ્સો પોતે જો કોઈ દાવો માંડે અથવા તે શખ્સોના ઉપર જો બીજો કોઈ દાવો માંડે તો તે મુકદ્દમામાં સદરહુ સ્થીતી કિંવા જવાબદારીને સબંધે શખ્સો મજકુરે કહેલો કીંવા લખેલો કોઈ મજકુર તે એઓને પોતાને વિરૂધ હોવાથી લગતો હોય તો તે મજકુર સદરહુ શખ્સોએ સદરહુ મુકદ્દમામાં કહ્યો હોય કિંવા લખ્યો હોય ત્યારે તે મજકુર અંગીકાર છે એમ સમજવું પણ શખ્સો મજકુર સદરહુ સ્થીતીમાં કાયમ હોય કિંવા તેની સદરહુ જવાબદારી ચાલુ હોય તે દરમીઆનમાં સદરહુ મજકુર તેઓએ કહ્યો હોય અથવા લખ્યો હોય તો.

દ્રષ્ટાંતો.

(અ) ના તરફથી ભાડું વસુલ કરનારનું अ પોતાને માથે લે છે.

ब ને જે ભાડું क ના તરફથી આવવાનું હતુ તે अ એ વસુલ કરયું નહી. સબબ ब એ अ ઉપર દાવો કરયો છે.

ब નું क પાસેથી કાંઈ ભાડું લેહેણું હતું એ વાતનો अ ઈનકાર છે.

ब નું પોતાની પાસે ભાડું લેહેણું હતુ એનો क નો કહેલો કીંવા લખેલો મજકુર અંગીકાર છે. અને क ની પાસેથી ब નું ભાડું લેહેણું હતુ એ વાતનો જો अ ઈનકાર કરતો હોય તો સદરહુ મજકુર अ ના વિરૂધ લગતો છે.

ટીકા.—વેપાર કરવાને વાસ્તે क ને જેટલો જેટલો માલ વાહાણો આપસે તેની જવાબદારી अ એ રાખી. હવે પોતાને માલ મળ્યો છે એવી કોઈ કેફીયત क કરે તો તે તેના જામીન अ ની સામા અંગીકાર થઈ શકે. તેમજ क ના ઉપર જો દાવો કરવામાં આવે તો ત્યાં પણ તે લગતી (કેફીયત) થઈ શકે.

જે શખ્સનો પક્ષકારે હવાલો

૨૦. તકરારી બાબત સબંધી કાંઈ માહીતી જે શખ્સો પાસેથી મેળવ્યાનું મુકદ્દમાના હરકોઈ પક્ષકારે સ્પષ્ટ રીતે જણાવ્યું હોય તે શખ્સ આપ્યો હોય તે શખ્સોએ કહેલા કિંવા લખેલા મજકુર અંગીકાર છે એમ સમજવું.

શખસનો કરેલો અંગીકાર.

દ્રષ્ટાંત.

તકરાર એવી છે કે **अ** એ **ब** ને વેચેલો ઘોડો મજબુત છે કે નહી.

अ **ब** ને કહે છે કે "જાઓને **क** ને પુછો **क** ને તે બાબત સઘળું માલમ છે" **क** એ જે મજકુર કહ્યો હોય તે અંગીકાર છે.

ટીકા.—આ કલમ પ્રમાણે માહીતી મેળવવાનું છે તે સ્પષ્ટ રીતે બતાવેલું હોવું જોઈએ. જે માણસને પુછવામાં આવ્યું હોય તે માણસને તે વીશે ખાસ જ્ઞાન હોય અગર ના હોય અને કરારના દાવામાં અગર અપરાધના દાવામાં તે કેફીયત પુરાવામાં અપાઈ હોય અગર ના હોય તોપણ ટેલરનું પા. ૬૯૯ જુઓ.

જે શખસે અંગીકાર કરેલો હોય તેની વિરૂધ અથવા તેના તરફેન આ અંગીકાર લગતો કે શાબીત.

૨૧. જે શખસે કાંઈ અંગીકાર કીધેલો હોય તે શખસ વિરૂદ્ધ અથવા હક સંબંધીના તેના પ્રતિનીધીની વિરૂદ્ધ તે અંગીકાર લગતો છે તથા તે શાબીત કરી શકાય છે; પરંતુ જે શખસે તે અંગીકાર કીધો હોય તેનાથી અથવા તેના તરફથી અથવા તેના હક સંબંધી પ્રતિનીધી થી નિચે બતાવેલા બાબત શિવાય બીજી બાબતમાં અંગીકાર મજકુર શાબીત કરી શકાતા નથી.

(૧) જ્યારે અંગીકાર એવા પ્રકારનો હોય કે તે કરનાર શખસ મરણ પામ્યો હોય તો તે કલમ ૩૨ મુજબ ત્રાહીત શખસોની વચ્ચે ચાલતા કામમાં લગતો થાય ત્યારે તે અંગીકાર જે શખસે કરયો હોય તેનાથી અથવા તેના તરફથી તે શાબીત કરી શકાય છે.

(૨) મનની અથવા શરીરની કોઇ સ્થીતી હતી એ હકીકત લગતી કીંવા મુદ્દાની હોય ત્યારે, તે સ્થીતિ હતી, એનો જે મજકુર સદરહુ મનની અથવા શરીરની સ્થીતિ ચાલતી હોય તે વખતે અથવા તે અરસામાં કહેવામાં અથવા લખવામાં આવ્યો તે મજકુરને રૂપે જ્યારે કોઈ અંગીકાર હોય તથા જ્યારે તે મજકુર કહેવાની અથવા લખવાની સાથે એવી વરતણુક થઈ હોય કે સદરહુ કહેલું કીંવા લખ્યુ ખોટુ છે એ તે ઉપરથી અસંભવીત માલમ પડે ત્યારે સદરહુ અંગીકારની શાબીતી તે અંગીકાર કરનાર શખસથી અથવા તેની તરફથી કરી શકાય છે.

(૩) કાંઈ અંગીકાર અંગીકાર તરીકે નહી, પણ બીજી રીતે લગતો હોય તો, તે અંગીકાર જે શખસે કીધે હોય તેનાથી અથવા તેના તરફથી શાબીત કરી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ) **अ** તથા **ब** વચ્ચે તકરાર એવી છે કે અમુક ખત બનાવટનું છે કે નહી, **अ** નું કહેવુ એવુ છે કે તે ખરૂ છે, તથા **ब** નું કહેવુ એમ છે કે તે બનાવટનું છે.

સદરહુ ખત ખરૂ છે એવો મજકુર **अ** એ કહયો અથવા લખ્યો હોય, તેની શાબીતી **ब** થી કરી શકાય છે, તથા ખત મજકુર બનાવટનું છે એવો મજકુર **अ** એ કહયો અથવા લખ્યો હોય તેની શાબીતી **ब** થી કરી શકાય છે; પરંતુ તકરારી ખત ખરૂ છે એવો મજકુર **अ** એ પોતે કહયો અથવા લખ્યો હોય તેની શાબીતી **अ** થી કરી શકાતી નથી, તેમજ તે બનાવટનું છે એવો મજકુર **ब** એ કહયો અથવા લખ્યો હોય તેની શાબીતી

બ થી કરી શકાતી નથી.

(ખ) અ એક વહાણનો ટંડેલ છે તેના ઉપર એવા તોહોમત બદલ તજવીજ ચાલે છે કે તેણે એક વહાણ ભાગી નાખ્યું.

વાહાણને તેના યોગ્ય મારગની બાહાર લઈ જવામાં આવ્યું હતુ એ બતાવવાને સારૂ પુરાવો આપવામાં આવ્યો છે.

પોતાના હમેશના કામને પ્રસંગ અ એ રાખેલી એક ચોપડી તે હાજર કરે છે, તે ઉપરથી એવુ દેખાય છે કે દરરોજ બનાવો વિગેરે જે જાહેર કરયા પ્રમાણે તેના અવલોકન કરવામાં આવતુ તે સરવે તેમાં લખી રાખ્યુ છે, તથા તે ઉપરથી એવુ માલમ પડે છે કે વાહાણ મજકુરને તેના યોગ્ય મારગની બાહાર લેઈ જવામાં આવ્યુ નહોતુ, અ સદરહુ મજકુર સાબીત કરી શકે છે કારણ કે તે મરણ પામ્યો હોત તો સદરહુ મજકુર ચોપડીને પુકારો માહે ચાલતા કામમાં કલમ ૩૨ ની રકમ (૨) મુજબ પુરાવામાં લેવાઈ શકાત.

(ડ) કલકત્તામાં અ એ એક ગુન્હો કરયો છે એવું તેના ઉપર તોહોમત છે.

તેણે પોતે લખેલું એક પત્ર તે હાજર કરે છે, તે પત્રમાં લાહોર મુકામ તે દિવસે તારીખ નાખેલી છે તથા જે તારીખ નાખેલી છે તે તારીખની લાહોરની પોસ્ટ આફીસની છાપ તે પત્ર ઉપર છે.

પત્રમાં તારીખ લખી છે એ મજકુર પુરાવામાં લેવા યોગ્ય છે કારણ કે અ જો મરણ પામ્યો હોત તો તે મજકુર કલમ ૩૨ ની રકમ ૨ મુજબ પુરાવામાં લેવા યોગ્ય હોત.

(ઢ) અમુક માલ ચોરાયેલો છે એવુ જાણ્યા છતાં તે લીધા બાબત અ ના ઉપર તોહોમત છે.

અમુક માલની જે કીમત છે તે કીમતના અંદર તે વેચવાની તેણે ના કહી હતી એવુ સાબીત કરવા તે માગે છે.

સદરહુ મજકુર અંગીકાર છે તોપણ તેની શાબીતી અ કરી શકે છે, કારણ કે મુદ્દાની હકીકત ઉપરથી જે વરતણુક થઈ તેનો ખુલાસો તે ઉપરથી થાય છે.

(ઈ) ખોટો શિક્કો છે એવુ માલમ છતાં ખોટો શિક્કો પોતાના કબજામાં દગલબાજીથી રાખ્યાનું તોહોમત અ ઉપર છે.

અ એવી હકીકત શાબીત કરવા કહે છે કે શિક્કો મજકુર ખોટો છે કે નહી એ વિષેનો મને સંશય પડવાથી તે શિક્કાની પરીક્ષા નાણાં પારખનાર એક શખસ પાસે મેં કરાવી અને તેણે પરીક્ષા કરીને મને એવુ કહ્યુ કે સીક્કો મજકુર ખરો છે.

સદરહુ છેવટના ઉપલા દ્રષ્ટાંતમાં કહેલા કારણોને લીધે અ એ હકીકતો શાબીત કરી શકે છે.

ટીકા.—કોઈ દાવામાં કોઈ શખસ પક્ષકાર હોય નહી પણ તેમાં તેણે જુબાની આપી હોય તો જ્યારે તેના ઉપર દાવો કરવામાં આવ્યો ત્યારે તે જુબાની તેની સામે પુરાવો છે, તેમજ તેની પાસેથી જે શખસોએ ખરીદ કરયું હોય તેમની સામે પણ પુરાવો છે. તે શખસ જીવતો હોય અને સાહેદ તરીકે તેને બોલાવ્યો ના હોય તોપણ તેની પ્રથમની જુબાની તેની સામે તેમજ તેની રૂએ હક બતાવનારાની સામે, પુરાવો છે. સુજન બીબી વીરૂધ અચમનઅલી. ૧૪ બં. લો. રી. એપેંડીકસ. ૩.

દસ્તાવેજના મજકુર બાબતનો મુખ જુબાની અંગીકાર મજકુર બનજોગુ ગતો નથી

૨૨. દસ્તાવેજના મજકુર બાબતનો મુખ જુબાની અંગીકાર મજકુર બાબત જોગ ગતો નથી પરંતુ એવા દસ્તાવેજના મજકુરનો દાયમ પુરાવો આ આકટ

આ અંગીકાર ક્યારે લગતો સમજવો.

માં હવે પછી કહેલા નિયમો પ્રમાણે આપવાનો પોતાનો હક છે એવું જે પક્ષકાર સદરહુ મુજબ શાબીત કરવા માગતો હોય તે બતાવે તો તથા બતાવે ત્યારે અથવા જે દસ્તાવેજ હાજર કરવો છે તેના ખરાપણા વિષે જો તકરાર હોય તો સદરહુ મુજબનો દસ્તાવેજના મજકુર બાબતનો અંગીકાર લગતો છે.

ટીકા.—કોઈ દસ્તાવેજના મજકુર વિષે કોઈ પક્ષકારે કાંઈ અંગીકાર કરયો હોય, અને તે તકરારમાં કરયો ના હોય પણ જુબાનીમાં કરયો હોય, તો તે અંગીકાર હોયમ પુરાવો છે અને તેથી કરીને દસ્તાવેજની જરૂર પુરી પાડી શકે નહી. શેખઈબ્રાહીમ વીરૂધ પરવના હરી. ૮ મુંબાઈ. હા. કો. રી. પા. ૧૬૩.

દીવાની કામમાં અંગીકાર કેવે પ્રસંગે લગતા હોય છે.

૨૩. કોઈ એક અંગીકારનો પુરાવો આપવો નહી એવી સ્પષ્ટ શરત કરીને અંગીકાર મજકુર કરવામાં આવ્યો હોય તો અથવા સદરહુ અંગીકાર એવી કેફીયત ઉપરથી કરવામાં આવ્યો હોય કે તે કેફીયત ઉપરથી કોરટને એવી ધારણા થાય કે અંગીકાર મજકુરનો પુરાવો આપવો નહી એ પ્રમાણે તે કામના પક્ષકારોએ એક મત થઈ કરાર કરયો છે તો દિવાની કામોમાં તે અંગીકાર લગતો નથી.

ખુલાશો—કોઈપણ બારીશટર કીવા પલીડર કીંવા અટરની કીંવા વકીલને કલમ ૧૨૬ મુજબ જે બાબતની સાહેદી આપવાની ફરજ પાડી શકાય છે, તે બાબતની શાહેદી આપવાની તેને આ કલમ ઉપરથી કોઈ પણ રીતે માફી થાય છે એમ સમજવું નહી.

ટીકા.—જ્યારે કોઈ માણસ કાંઈ દાવો માંડીવાળવાનું કહેતો તે ઉપરથી એમ નહી સમજવું કે તે કબુલ કરેછે. પણ ફક્ત એનો તેમાંથી મુક્ત થવાને કાંઈ આપવાને કરાર કરેછે.

કોઈ લવાદની રૂબરૂમાં કાંઈ અંગીકાર કરયા હોય તો તે આ કલમમાં બતાવેલા બચાવમાં આવી શકતા નથી પણ પછીથી થયેલી તપાસમાં કામમાં લેવાય છે.

ફોજદારી કામમાં લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી કરેલી કબુલાત ગેર લગતી છે.

૨૪. કોઈ ફોજદારી કામમાં કોઈ તોહોમતવાળા શખશે કરેલી કબુલાત કોઈ અધીકારવાળા શખ્સ તરફથી તે તોહોમતવાળા ઉપરના તોહોમતને સબંધે મળેલી લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી કરવામાં આવી છે. એવું કોરટની નજરમાં આવે તથા તે લાલચ કીંવા ધમકી કીંવા વચન કોરટના અભીપ્રાયમાં એવા હોય કે પોતાના ઉપર જે કામ ચાલે છે. તે કામને સબંધે પોતાને સદરહુ મુજબ કબુલાત કરવાથી સંસાર વિષયનો હરકાંઈ ફાયદો થશે અથવા એવી હરકાંઈ આફત દુર થશે એમ સમજવાને સદરહુ તોહોમતવાળા શખસને યોગ્ય જણાય એવા સબબ તેને સદરહુ મુજબની લાલચ કીવા ધમકી કીંવા વચન ઉપરથી મળ્યા છે તો કબુલાત મજકુર સદરહુ ફોજદારી કામમાં લગતી નથી.

ટીકા.—આ કલમના અરથ પ્રમાણે કબુલાત અધીકારવાળા શખસ તરફથી કાંઈ ઉશ્કેરણી, ધમકી અગર વચનથી થએલી જોઈએ, તેથી તોહોમતદાર એમ માની શકે કે કબુલાત કરવાથી મને કાંઈ સંસાર વીષયનો ફાયદો થશે અગર કાંઈ નુકસાન દુર થશે. જેમ કે

રાણી વિરૂધ નગીનદાસ ૭ હાઇકોર્ટ મુંબાઈ. હા. કો. રી. પા. ૩૫૮. આ કામમાંતો તોહોમતવાળો ગ્રેટ ઇંડીઅન પેનીનશુલા રેલવેમાં બુકીંગ કલારક હતો. અને જે શખસે તેને નોકરી આપી હતી તે શખસના રેલવેના સર્વે સ્ટેશનમાં ફરીને હીસાબ તપાસનાર હતો (ઓડીટર) તેવામાં તોહોમતવાળાના હીસાબમાં કાંઇ ઘટતુ માલમ પડવાનું તે ઓડીટરે તોહોમતવાળાને કહ્યુ કે "તુ પઇસા ભરીને આપ, નહીતો કેદમાં જવુ પડશે" અને વળી કહ્યુ કે તરે સાચે સાચુ કહેવુ એ બેહેતર છે. તે ઉપરથી તોહોમતવાળાએ રૂ૯૨૬-૯-૦ ઉચાપત કરવાનું તેના ઉપરી ટ્રાફીક મેનેજરની રૂબરૂ કબુલ કર્યું અને તેની ચીઠી લખી આપી. તેના ઉપર કામ ચલાવવામાં આવ્યું ત્યારે તેની આપેલી કબુલાત તથા ચીઠી પુરાવામાં દાખલ થઇ શકી નહી કેમકે કોરટે એવુ ઠરાવ્યું કે આ કલમના અરથ પ્રમાણે અધીકારવાળો શખસ તે ઓડીટર કહી શકાય,

જે ફાયદો મળવાનો છે અગર જે અડચણ દુર થવની છે તે સંસારીક વિષયની હોવી જોઇએ અગર ધરમ સંબંધી હોવી જોઇએ જેમકે કોઇ એક જેલના પાદરીએ એક કેદીને કહ્યુ કે ઈશ્વરના પ્રધાન તરીકે મારે તને જણાવવુ જોઇએ કે તારે જુઠુ બોલી તારા પાપમાં વધારો કરવો નહી અને તારે જાણવુ કે પરમેશ્વરની રૂબરૂ સરવે પાપ કબુલ કરવુ. તે ઉપરથી કેદીએ કબુલ કર્યું તે પુરાવામાં દાખલ કરવામાં આવી હતી. રાણી વિરૂધ ગીલહામ ૧ મદ્રાસ. સી. સીવું ૧૯૬. ફોજદારી પ્રશ્ન ૧૨૦.

પોલીસના પહેરામાં કેદીએ પોલીસને કાંઇ કકીકત કહી હોય તો તે જો કે પોતે મુકત થવાને માટે કહી હોય અને કબુલાત તરીકે નહી, તો પણ તે સાપરાધ હકીકતનો આગી અને તેમ હોય તો તે કેદીની સામે આ કલમા પ્રમાણે સાબીત કરી શકાય નહી. રાણી વિરૂધ પંડારાનાથ. ઇંડીયન લૉ રીપોરટ. ૬ મુંબાઈ.

રાણી વિરૂધ કાસીનાથ દિનકર ૮ મુ. હા. કો. રી. ૧૨૬ ના કામમાં એવુ ઠરાવવામાં આવ્યું હતુ કે, કેદીએ કબુલાત આપી તે પ્રથમ તને ચેતવણી આપી હતી કે તારી ખુશી હોય તો સવાલનો જવાબ આપજે, તે છતા પણ પ્રથમની તની ગેરકાયદેસર ધરદાસ કરેલી તેની રૂઇએ જે કબુલાત કરેલી તે ધમકીથી કરી હતી એમ ગણવામાં આવ્યું હતુ.

પોલીસ અમલદારની રૂબરૂ કીધેલી કબુલાત પુરાવામાં લેવી નહી. ૨૫ હરકોઇ પોલીસ અમલદારની આગળ કરેલી કબુલાત હરકોઇ ગુન્હાના તોહોમતવાળા શખસ વિરૂદ્ધ સાબીત કરવી નહીં.

ટીકા—કોઇ પોલીસના કોન્સટેબલે કોઇ કેદીને પકડયો, અને તેની પાસે ચોરેલી મિલકત શા રીતે આવી તેનો હીસાબ માગતાં કેદીએ જે કેફીયત કરી હતી તે પુરાવામાં દાખલ થઇ હતી. રાણી વિરૂધ મેકડોનલડ. ૧૦ બં. લો. રી. એપેંડીક્ષ. ૨.

કલકત્તામા પોલીસના ડેપ્યુટી કમિશનર પોલીસ અમલદાર છે એમ ઠરાવવામાં આવ્યું હતુ અને તેની રૂબરૂ કરેલી કબુલાત પુરાવામાં લેવાઇ નહોતી. આને બારતે રાણી વિરૂધ હરીબોલ ચંદ્રઘોસ. ઇ. લો. રી. કલકત્તા ૧૦૭.

પોલીસના હવાલામાં તોહોમતદારે ૨૬. હરકોઇ શખસ કોઇ પોલીસ અમલદારના હવાલામાં હોય તે દરમ્યાનમાં તેણે કરેલી કબુલાત કોઇ પણ માજીસ્ટ્રેટની પ્રત્યક્ષ રૂબરૂ

હ્યું કે જો તેં કાંઈ નાશકારક ફટકો મારયો નહી હોય અને સાચે સાચું કહીશ તો હું મારાથી બનતી રીતે તારો બચાવ કરાવીશ. પણ પછીથી તેને (માજીસ્ટરેટને) તેના ઉપરી તરફથી હુકમ મળ્યો કે તમારે એમ કરવું નહી. પણ તેના પ્રથમના વચનની રૂએ કેદી એ જે કબુલાત આપી હતી, તે તેણે પોતાની ખુશીથી આપી હતી, એમ ગણી તેને પુરાવામાં દાખલ કરવામાં આવી હતી.

બીજી રીતે કબુલત લગતી હોય તો કબુલત ગુપ્ત રાખવાનું વચન હતું એ વીગેરે કારણથી તે કબુલત ગેરલગની નગાજ થતી.

૨૯. એવી કબુલત જો બીજી રીતે લગતી હોય તો માત્ર તે ગુપત રાખવાના વચન ઉપરથી કીધાના સબબથી અથવા તે મેળવવાને સારૂ તોહોમતવાળા શખસ સાથે ફરેબ કરવાથી તે કીધાના સબબથી અથવા તોહોમતવાળો છાકટો હતો તે વખતે કીધાના સબબથી અથવા જે સવાલોના જવાબ દેવાની તેની ફરજ નહોતી તે સવાલો ગમે તે રૂપે હોય તોપણ તેના જવાબમાં તે કીધાના સબબથી અથવા એવી કબુલત કરવાની તેની ફરજ નહોતી અને તેની વિરૂધ એવી કબુલતનો પુરાવો આપી શકાશે એમ તેને સુચના નહી આપ્યાના સબબથી, તે કબુલત ગેરલગતી છે એમ સમજવું નહી.

ટીકા.—ગુપ્ત રાખવાના વચનની રૂએ આપેલી કબુલાતનો નીચે પ્રમાણે દાખલો છે તે ધ્યાનમાં રાખવો જોઈએ. અ એક સહકેદી હતો, તેણે બ કેદી કે જે ખુન વાસ્તે કેદમાં હતો તેને કહ્યું કે હું તને અરજ કરીને કહુંછું કે તે છોકરાનું ખુન તેં કેવી રીતે કરયું તે તું મને કહે. બ એ જવાબ આપ્યો કે તું કસમ ખાઈને કહેછે કે હું જે તને કહું તે તું બીજાને કહીશ નહી? તે ઉપરથી અ એ કસમ ઉપર તેમ નહી કરવા વચન આપ્યું અને તે ઉપરથી બ એ અંગીકાર કરયો, તે પુરાવામાં દાખલ કરવામાં આવ્યો હતો. રાણી વિરૂધ શો. ૧ સી. અને પી ૭૩૨ ફોલનું પૃષ્ટ ૧૨૯ જુઓ.

કેટલાક શખસોને પોતાની નીદ્રામાં કાંઈ બોલવાની ટેવ હોય છે. અને તેમાં કેટલી કબુલાત, ગમે તેટલી વજનની હોય, તોપણ તે પુરાવામાં કેહેવાય નહી, તેમજ પુરાવામાં લેવાય નહી. બેસ્ટ. પા. ૫૩૨ જુઓ.

જે શખસ કબુલાત કરે તેને વિશેની તથા તેજ ગુન્હા સારૂ બીજા શખસોની એકઠી તજવીજ ચાલતી હોય તેવા બીજા શખસો વિશેની કબુલત શાબીત થાય તો તે કબુલત વિચારમાં લેવા બાબત.

૩૦. જ્યારે એકજ ગુન્હાને સારૂ એકથી વધારે શખસો ઉપર એકઠી તજવીજ ચાલતી હોય, અને જ્યારે તે શખસો પઈકી એક જણાએ પોતાને વિશે તથા તે શખસોમાંના બીજા કોઈ શખસને વિશે કરેલી કબુલત શાબીત થાય, ત્યારે જે શખસે તે કબુલત કીધી હોય તેની વિરૂધ તેમજ સદરહુ બીજા શખસની વિરૂધ તે કબુલત વિચારમાં લેવાને કોરટ મુખત્યાર છે.

લખાણો હોય તે વ- કીધા ન હોય તો તેને સદરહુ શખ્સની વિરૂદ્ધ શાબીતી કરવી નહી.
ખતે તેણે કીધેલી
કબુલત પુરાવામાં
લેવી નહી.

ટીકા—પાછલી કલમના ઠરાવ મુજબ કોઈ પોલીસ અમલદારની આગળ કરેલી કબુલાત પુરાવામાં લેઈ શકાય નહી. માજીસ્ટ્રેટના રૂબરૂ કરી હોય તોજ લેઈ શકાય. આ બાબત સને ૧૮૮૨ ના ૧૦ મા એક્ટ (ફોજદારી કાયદો) ની કલમ ૧૬૪, ૩૬૪ અને ૫૩૩ જુઓ.

તોહોમતવાળા શખ્સે બતાવેલા મજકુરનો અથવા તેની કીધેલી કબુલતનો જેટલો ભાગ તે મજકુર અથવા કબુલત ઉપરથી શોધી કાઢેલી હકીકત સાથે સંબંધ રાખતો હોય તો તેટલો શાબેત કરી શકાય છે.

૨૭. પરંતુ એવું ઠરાવ્યું છે કે કોઈ શખ્સની ઉપર કોઈ ગુન્હાનું તોહોમત મુકયું છે અને તે શખ્સ પોલીસ અમલદારના હવાલામાં છે તે શખ્સ પાસેથી કાંઈ ખબર મળી તે ઉપરથી કોઈ હકીકતનો શોધ લાગ્યો છે એવા જુબાની પડે ત્યારે એવી ખબરમાંના જેટલો ભાગ ખબર મજકુર ઉપરથી શોધી કાઢેલી હકીકત સાથે સ્પષ્ટ રીતે સંબંધ રાખતો હોય તેટલો ભાગ શાબીત કરી શકાય છે પછી તે ખબર કબુલાત ગણાય એવી હોય કીંવા ન હોય તોપણ.

ટીકા.—"પોલીસ અમલદારના હવાલામાં" જે કેફીયતથી કાંઈ તરતજ હકીકતનો શોધ માલમ પડે અને તેથી હકીકત જડી શકે તોજ પુરાવામાં દાખલ થાય છે. જે હકીકત માલમ પડી હોય તે ગમે તેવી હોય પણ તે કેસને લગતી હોવી જોઈએ. અને તેની તથા કેફીયતની વચ્ચેનો સંબંધ એવો હોવો જોઈએ કે તે કેફીયતથી માહીતી મળી હતી અને તેથી શોધ થઈ હતી એમ જણાઈ આવે ત્યારેજ પુરાવામાં આવી શકે. રાણી વીરૂધ જોરા હાસજી અને બીજા. ૧૧, મુ. હા. કો. રી. પા. ૨૪૨. તેમજ રાણી વીરૂધ રામા બીરાપાનો કેસ જુઓ. ઈ. લૉ. રી. મુ.

લાલચ કીંવા ધમકી કીંવા વચનથી મન ઉપર થએલી અસર ખશી ગયા પછી કરેલી કબુલત લગતી છે.

૨૮. કલમ ૨૪ મીમાં બોધ કરેલા મુજબની લાલચ કીંવા ધમકી કીંવા વચનથી મન ઉપર થએલી અસર કોરટના અભિપ્રાયમાં જે વખતે પુરી દુર થઈ હોય, તે વખત પછી સદરહુ કલમમાં બોધ કરેલા મુજબની કબુલત કરવામાં આવી હોય તો તે કબુલત લગતી છે એમ સમજવું.

ટીકા.—આ કલમના અરથ પ્રમાણે જ્યારે આવી ધમકીની અસર દુર થયા કેડે કાંઈ કબુલાત આપી હોય તો તે પુરાવામાં લેવાય છે જેગકે કોઈ [illegible]ગાજીસ્ટરેટે કેદીને [illegible]

દ્રષ્ટાંતો.

(અ) **क** નું ખુન કરવા બાબત **अ ब** ના ઉપર એકઠી તજવીજ ચાલે છે. "**ब** એ તથા મેં મળીને **क** નું ખુન કરવું છે" એવુ **अ** એ કહ્યાનું શાબીત થાય છે. એનું પરીણામ **ब** વિરૂધ શું થાય છે એનો વિચાર કરવાને કોરટ મુખતાર છે.

(બ) **क** નું ખુન કરય બદલ **अ** ઉપર તજવીજ ચાલે છે. **क** નું ખુન **अ** તથા **ब** એ કરવું એવુ બતાવવાનો તથા "**अ** તથા મેં મળીને **क** નું ખુન કરવું છે" એવુ **ब** એ કહ્યુ હતુ એ બતાવવાનો પુરાવો હાજર છે.

સદરહુ કહેલા મજકુર બાબતનો વિચાર **अ** વિરૂધ કોરટથી કરી શકાય નહી કારણ **ब** ના ઉપર **अ** ની સાથે એકઠી તજવીજ ચાલતી નથી.

ટીકા.—જ્યારે કોઇ તોહોમતવાળાની તપાસ તેના સહકેદીની ગેરહાજરીમાં કરી તેની પરીક્ષા લીધી અને આવી તપાસમાં તે બીજાને ફસાવે છે, પણ તેની સામે સાબીત કરાઈ નથી તો તે ફકત તેનીજ સામે પુરાવામાં લેઈ શકાય, પેલા બીજાના સામે લેઈ શકાય નહી. કેસરેહીંદ વિરૂધ લદમણ અને બાલા, ઈં. લૉ. રી. ૬ મુંબાઈ.

આ કલમ પ્રમાણે એક કરતાં વધારે શખસો ઉપર એકજ ગુન્હાનું તોહોમત આવ્યું હોય અને તેમની તપાસ એકઠી થવી જોઈએ. જેમકે એક **अ** ની ડાકાઈટાના ગુન્હા સારૂ તપાસ થઈ હતી અને **ब** ની ચોરેલી મિલકત રાખવાના ગુન્હા સારૂ તપાસ થઈ હતી, તો તેવે ઠેકાણે **अ** ના પુરાવો **ब** ની સામે વાપરી શકાય નહી. રાણી વી. બાલા પટેલનો કેસ જુઓ.

એક કેદીની કબુલાત તેના સાથીના પુરાવાને પુષ્ટી આપવા સારૂ બીજાઓની સામે વાપરી શકાય નહી રાણી વિરૂધ મનાપા બાન કપાના. ૧૧. મુ. હા. કો. રી. ૧૯–૯૮. રાણી વીરૂધ બુદ્દાનકુ ૧. મુ ૪૧.

રાણી વીરૂધ મિજાનઅલી ૧૦ બ. લો. રી. ૪૫૩, ના કેસમાં એવુ ઠરાવ્યું છે કે એક કેદીની બીજા કેદી સાથે તપાસ થઈ હોય તેમાં પ્રથમની કબુલાત બીજાની સામે પુરાવામાં દાખલ થવાને વાસ્તે એ હોવુ જોઈએ કે જે માણસની સામે તે વાપરવામાં આવનાર છે તે માણસને પોતાનીજ માફકજ તે ગુન્હો કરવામાં તે કબુલાતથી ફસાવે છે. તથા કેસરેહીંદ વીરૂધ નુરમહમદ ઈં. લો. રી. ૯ મુંબાઈ પા. ૨૦૩.

રાણી વિરૂધ અમ્રીતા ગોવીંદ ૧૦ મુ. હા. કો. રી. ૪૯૭ માં એવુ ઠરાવ્યું છે કે કોઈ શખસ એવી કબુલાત આપે કે મેં ખુન કરવાને મદદગારી કરી હતી, પણ મારા સાથીઓએ જે વખતે ખુન કરવું તે વખતે હું ત્યાંથી દુર ખસી ગયો હતો, તે તેવી તે શખસની કબુલાત, ખમ તો ખુનના ગુન્હા સારૂ બીજાઓની સાથે તેની તપાસ થઈ હોય તે છતાં પણ બીજાઓની સાથે પુરાવામાં લેઈ શકાય નહી.

રાણી વીરૂધ કાલુ પટેલ. ૧૧ મુ. હા. કો. રી. ૧૪૬ ના કેસમાં એવુ ઠરાવ્યું છે કે જે કેદી પોતાની તપાસ વખતે ગુન્હો કરવાનું કબુલ કરે, અને તેજ ઉપરથી તેને ગુન્હેગાર ઠરાવી શીક્ષા થાય તે છતાં પણ બીજા કેદીઓ જેમના ઉપર તે ગુન્હાનું તોહોમત મુકયું હોય અને જેઓ ગુન્હો કબુલ કરતા ના હોય તો, પ્રથમના સખસની તેમની સાથે એકઠી તપાસ થઈ હતી, એમ સમજવુ નહી.

એકજ ગુન્હાને માટે એકત્ર તપાસ થઈ હોય પણ કોઈપણ કેદીને તેના સહકેદીની કબુલાત ઉપરથીજ ફક્ત ગુન્હેગાર ઠરાવી શકાશે નહી. રાણી વિરૂધ અંબીગરા ફુલાગુ ૧ મદ્રાસ. હૈ. રી. પા. ૧૬૩. અને વાર્ટન ફીલ્ડનું પ્રશ્ન. ૧૩૫ તથા ૧૩૬ જુઓ।.

કેસરેહીંદ વિરૂધ અસુંટોશ ચકર ૪ કલકત્તા. લૅા. રી. પા. ૪૮૩ મા એવુ ઠરાવ્યું છે કે એક સહકેદીની કબુલાતથીજ ફક્ત બીજાને ગુન્હેગાર ઠરાવા શકાય નહી.

કેસરેહીંદ વીરૂધ પીતાંબર જીણાના કેસમા (ઇં. લૅા. રી. ૨ મુંબાઈ. પા. ૬૧) વે સ્ટ્રોપ ચીફ જસ્ટીસે એવુ ઠરાવ્યું છે કે એક કેદીનો બેરાસ્ટર બીજા કેદીએ કરેલી કબુલાત સાબીત કરવાને સવાલ પુછે. આવે ઠેકાણે જડજે જુરીને એવા સમજુતી આપવી જોઈએ કે જે માણસે એ કબુલાત આપી છે તે માણસની સામે ત પુરાવા તરીકે વાપરવાની નથી પણ ફક્ત તેના બીજા કેદીના તરફેણમાં વાપરવાની છે.

કેસરેહિંદ વિરૂધ હનમંતા. ઈં. લૅા. રી. ૧ મુ. ૬૧૦ માં મુંબાઈની હાઈકોરટે એવુ ઠરાવ્યુ છે કે કોઈ માજીસ્ટરેટે કોઈ કેદીને માફી આપી હોય ને પછાથી ગેરકાયદેસર જણાય તો આવી માફીની રૂએ તે કેદીએ જે કબુલાત આપી હોય તે પુરાવામાં દાખલ થઈ શકે નહી.

અંગીકાર નિરણયકારક પુરાવો નથી પણ તે નો અમલ અટકે એવો બાધ થ.

૩૧. જે બાબતોનો અંગીકાર કરવામા આવ્યો હોય તે બાબતો નો અંગીકાર નિરણયકારક પુરાવો નથ; પરંતુ આ આક્ટમાં હવે પછીજે ઠરાવો બનાવ્યા છે તે મુજબ તે અંગીકારના અમલ પ્રતિબંધના જેવો થઈ શકે છે.

(૧) પ્રતિબંધ વિસે પુરાવાના આક્ટની ૧૧૫ મી કલમ જુઓ.

ટીકા.—આ કલમની વધાર ટીકા આ આક્ટના ૮ મા પ્રકરણમાં કલમો ૧૧૫-૧૭ માં ખુલાસાથી જણાવવામાં આવશે.

જે શખસોને સાહેદ તરીકે બોલાવી સકાતા નથી તેવા શખસોએ કહેલા કીંવા લખેલા મજકુર બાબત.

જે શખસ મરણ પામ્યો હોય કીંવા મળી શકતો ન હોય તેણે તથા તેવા બીજા શખસે લગતી હકીકતનો કહેલો કીંવા લખેલો મજકુર કેવે પ્રસંગે લગતી હકિકત છે.

૩૨. જે શખસ મરણ પામ્યો હોય તેણે, કીંવા જે શખસ મળી શકતો ન હોય તેણે, કીંવા ઘણો વખત લાગ્યા સીવાય અથવા ઘણો ખરચ કર્યા સીવાય જે શખસને હાજર કરતો ન હોય અને મુકદમાની હકીકત ઉપરથી તેમ કરવુ કોરટને ગેરવાજબી દેખાતુ ન હોય તેણે લગતા હકિકતનો જાતે કહેલો કીંવા લખેલો મજકુર તેજ જાતે નીચે લખેલા કામમાં લગતી હકીકત છે એમ સમજવુ.

તે મજકુર મોતના કારણ વિશે હોય ત્યારે.

(૧) પોતાના મોતનાં કારણ બાબત કીંવા જે કારણના પરીણામ માં પોતાનું મરણ થયું તે કારણની કોઈ પણ બીના બાબત કોઈ શખસે જ્યારે કંઈ મજકુર કહ્યો હોય અથવા લખ્યો હોય ત્યારે જે કામમાં તેના મરણની તકરાર નીકળી હોય તે કામમાં સદરહુ મજકુર લગતા છે.

જે વખતે સદરહુ મજકુર કહેવામાં કીંવા લખવામાં આવ્યો હોય તે વખતે પોતાનું મરણ આવ્યું છે એવો તે કહેનાર કીંવા લખનાર શખસના મનમાં ભાસ હોય કીંવા ના હોય તોપણ તથા જે કામમાં તેના મરણ વિશેની તકરાર હોય તે કામ ગમે તે પ્રકારનું હોય તોપણ સદરહુ પરમાણેના મજકુર લગતા છે.

અથવા કામ ને પ્રસંગે કહેલો કીંવા લખેલો હોય ત્યારે,

(૨) સદરહુ મજકુર જ્યારે એવા શખસે હમેશા મુજબને પોતાના કામને પ્રસંગે કહ્યો કીંવા લખ્યો હોય ત્યારે તથા વિશેષ કરીને પોતાના કામને હમેશા મુજબ ને પરસંગે કીંવા પોતાના ધંધા રોજગારનું કામ ગમે તેમાં રાખેલી ચોપડીમાં કાંઈ નોંધ કીંવા ટીપણુ તેણે કરી રાખ્યું હોય તે રૂપે અથવા પૈસા, કીંવા માલ કીંવા દસ્તાવેજ, કીંવા કોઈ પણ જાતની ચીજ પોંહચ્યાની પોંચ લખી હોય કીંવા તે ઉપર સહી કરી હોય તે રૂપે, અથવા જે દસ્તાવેજનો ઉપયોગ વેપારમાં કરવામાં આવતો હોય ને તે તેણે લખ્યો હોય કીંવા તેના ઉપર સહી કરી હોય તે રૂપે, અથવા જે પત્ર કીંવા બીજા કાંઈ દસ્તાવેજ ઉપર તે હમેશ તારીખ નાંખતો હોય અથવા લખતો હોય અથવા તે ઉપર સહી કરતો હોય તે પત્ર કીંવા દસ્તાવેજની તારીખને રૂપે; સદરહુ મજકુર હોય, ત્યારે તે લગતો છે.

અથવા કહેનારના હીત વિરૂધ હોય ત્યારે.

(૩) જે શખસે સદરહુ મજકુર કહ્યો કીંવા લખ્યો હોય તે શખસના પઈસા બાબતના કીંવા માલકી બાબતનાં હીત વિરૂધ તે મજકુર હોય ત્યારે તથા જ્યારે કહેલો કીંવા લખેલો મજકુર ખરો હોય તો તેના ઉપર તે ઉપરથી ફોજદારીમાં ફરયાદ કીંવા નુકશાન બદલનો દાવો ચાલે કીંવા ચાલત એવું હોય ત્યારે સદરહુ મજકુર લગતો છે.

અથવા તેમાં સારવજનીક હક કીંવા રીવાજ કીંવા સામાન્ય ફાયદા ગેરફાયદા સબંધી અભીપ્રાય આપ્યો હોય ત્યારે.

(૪) કાંઈ સારવજનીક હક અથવા રીવાજ અથવા કાંઈ સારવજનીક કીંવા સામાન્ય ફાયદા ગેર ફાયદા સંબંધીની બાબત હોય તો તે સદરહુ મજકુર કેહેનાર કીંવા લખનાર સખસને માલમ હોય એવો હક અથવા રીવાજ અથવા બાબત છે કે નહી તે વિશેનો તે શખસનો અભીપ્રાય જ્યારે સદરહુ મજકુરમાં આપ્યો હોય ત્યારે તથા સદરહુ હક અથવા રીવાજ અથવા બાબત વિશે તકરાર ઉત્પન થઈ તેના પેહેલાં જ્યારે તે મજકુર કેહેવામાં કીંવા લખવામાં આવ્યો હોય ત્યારે તે મજકુર લગતા છે.

અથવા સગપણ વિશે હોય ત્યારે.

(૫) જ્યારે સદરહુ મજકુર કોઈ શખસો વચ્ચે એક લોહીના સબંધનું અથવા લગનના સંબંધનું અથવા દતકપણાના સબંધનું શું સગપણ છે એ વિશે હોય અને તે શખસોના સગપણ વિશેની માહીતી હોવાને વિશેષ સાધનો તે મજકુર કેહેનારા કીંવા લખનાર શખસને હતાં એ

મ હોય ત્યારે તથા તકરારી બાબતની તકરાર ઉત્પન્ન થઈ તેની પહેલાં તે મજકુર કહેવામાં કીંવા લખ્યામાં આવ્યો હોય ત્યારે તે મજકુર લગતો છે.

અથવા મરણ પામેલા શખ્સના અત્યુપત્રમાં કીંવા ખતમાં તે બતાવ્યો હોય ત્યારે.

(૬) જ્યારે સદરહુ મજકુર કોઇ મરણ પામેલા શખ્સોની એક લોહીના સંબંધનું અથવા લગનના સંબંધનું અથવા દત્તકપણાના સંબંધનું કાંઈ સગપણ વિશે હોય અને તે મજકુર જે કુટંબનો તે મરનાર શખ્સ હતો તે કુટંબના કોઈ કાર્ય સંબંધી કાંઈ અત્યુપત્ર અથવા લેખ થયો હોય તેમાં અથવા તે કુટંબની કોઈ વંશાવળીમાં અથવા કોઈ કબરમાં પથરા ઉપર અથવા તે કુટંબના લોકોની તસબીર ઉપર અથવા જે વસ્તુ ઉપર એવો મજકુર બહુ કરીને બતાવવામાં આવતો હોય તેવી બીજી કોઈ વસ્તુ ઉપર બતાવ્યો હોય ત્યારે અથવા તકરારી બાબતની તકરાર ઉત્પન્ન થઈ તેની પહેલાં તે મજકુર બતાવ્યો હોય ત્યારે તે મજકુર લગતો છે.

અથવા કલમ ૧૩ ની રકમ અમાં કહેલા કારજ બાબત હોય તો.

(૭) જ્યારે સદરહુ મજકુર કલમ ૧૩ ની રકમ (અ) મા કહેલાં કામ સંબધી કાંઈ લેખ કીંવા અત્યુપત્ર કીંવા બીજો દસ્તાવેજ થયો હોય તેમાં લખેલો હોય ત્યારે તે લગતો છે

અથવા તે ઘણા શખ્સોએ કહ્યો કીંવા લખ્યો હોય અને તે ઉપરથી તકરારી બાબતને લગતા તેઓના વિચાર માલમ પડતા હોય ત્યારે.

(૮) જ્યારે સદરહુ મજકુર ઘણા શખ્સોએ કહ્યો કીંવા લખ્યો હોય અને તકરારી બાબતને લાગુ હોય એવા તે શખ્સોના હાલના કીંવા અગાઉના વિચાર તે ઉપરથી માલમ પડતા હોય ત્યારે તે લગતો છે.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે **બ** એ **અ** નું ખુન કર્યું છે કે કેમ કીંવા.

જે કારજના દરમિયાનમાં **અ** સાથે બળાતકારે સંભોગ કરવામાં આવ્યો હતો તે કારજમાં જે ઇજા થઈ તેથી **અ** નું મરણ થયું ત્યારે તકરાર એવી છે કે **અ** ના ઉપર **બ** એ બળાતકાર કર્યો હતો કે કેમ; કીંવા.

તકરાર એવી છે કે **અ** ની વિધવાનો દાવો **બ** ના ઉપર ચાલે એવી રીતે **અ** ને **બ** એ મારી નાખ્યો કે કેમ,

તકરારી ખુન તથા બળાત્કાર સંભોગ તથા દાવો ચાલવા લાયક અપકારનું કૃત્ય એ વિશે જે મજકુર **અ** એ પોતાના મોતનાં કારણ સંબંધી કહયા કીંવા લખ્યા હોય તે મજકુર લગતી હકીકત છે એમ સમજવુ.

(બ) **અ** નો જન્મ કઈ તારીખે થયો એ વિશે તકરાર છે.

એક મરણ પામેલા શસ્ત્ર વઈદે પોતાના કામને પ્રસંગે નીયમ પુરવક રાખેલી રોજનીશીમાં એવી નોંધ કરી રાખી છે કે અમુક તારીખે તે પોતે **અ** ની માને કાંઈ ઉપચાર

કરવા ગયો હતો અને ત્યાંહાં તેને છોકરાનો પ્રસવ કરાવ્યો હતો એ હકીકત લગતી છે.

(ક) તકરાર એવી છે કે અ અમુક તારીખે કલકતે હતો કે કેમ,

એક મરણ પામેલા સોલીસીટરે પોતાના કામને પ્રસંગે નિયમ પુરવક રાખેલી રોજ નીસીમાં એવુ લખી મુકયું છે કે અમુક કામ બાબત અ ની જોડે વિચાર કરવાને સારૂ તે પોતે કલકતા મધે અમુક દિવસે અમુક ઠેકાણે અ ને ત્યાં ગયો હતો એ હકીકત લગતીછે.

(ડ) તકરાર એવી છે કે અમુક વાહાણ મુબાઈના બંદરમાંથી અમુક તારીખે હંકારવામાં આવ્યું હતુ કે કેમ.

જે વેપારીની પેઢીએ તે વાહાણ ગાંઠ્યું હતુ તે પેઢીના એક મરણ પામેલા ભાગીઆએ પોતાના લંડનના આડતીઆના ઉપર માલ મોકલ્યો હતો તેને પત્ર લખ્યું હતુ તેમાં એવું લખ્યું હતુ જે વાહાણ મજકુર અમુક તારીખે મુંબાઈબંદરથી હંકારવામાં આવ્યું હતું એ પત્ર હકીકત છે.

(ઇ) તકરાર એવી છે કે અમુક જમીનનું ભાડુ અ ને આપ્યું છે કે કેમ.

પોતે સદરહુ ભાડુ અ ના તરફથી લીધુ છે તથા તે અ નો હુકમ આવતા સુધી પોતાની પાસે રાખ્યું છે એવુ અ ના એક મરણ પામેલા ગુમાસ્તાએ લખેલું પત્ર મુકરદમાને લગતી હકીકત છે.

(ફ) તકરાર એવી છે કે અ નું લગન બ સાથે કાયદેસર રીતે થયું છે કે કેમ.

તેઓનું લગન પોતે એવા બોનાઓમાં કરાવ્યું હતુ કે તે લગનનો સંમારંભ કરવો એ ગુનો થતો હતો એ પ્રમાણેનો એક મરણ પામેલા પાદરીએ કહેલો કીંવા લખેલો મજકુર લગતો છે.

(ગ) અ નામનો એક માણસ મળી શકતો નથી તેણે અમુક તારીખે એક પત્ર લખ્યો છે કે કેમ એ વીશેની તકરાર છે. તેણે એક પત્ર લખ્યો હતો તે ઉપર તેજ તારીખ નાખેલી છે એ હકીકત લગતી છે.

(હ) એક વાહાણ ભાગ્યું તેનું કારણ શું એ તકરાર છે.

ટંડેલને હાજર કરી શકતા નથી તેણે એક પ્રોટેસ્ટ કરયો છે તે લગતી હકીકત છે.

(આઈ) તકરાર એવી છે કે અમુક રસ્તો સારવજનિક મારગ છે કે કેમ. રસ્તો સારવજનિક છે એવુ ગામના એક મરણ પામેલા મુખીએ કહેલો કીંવા લખેલો મજકુર એ લગતી હકીકત છે.

(જ) અમુક બજારમાં અમુક તારીખે દાણાનો ભાવ શો હતો તેની તકરાર છે પોતાના હમેશાના કામને પ્રસંગે એક મરણ પામેલા વાણીઆએ સદરહુ ભાવ બાબત મજકુર કહેલો અથવા લખેલો હોય તે લગતી હકીકત છે.

(ક) અ મરણ પામ્યો છે તે બ નો બાપ હતો કે કેમ એવી તકરાર છે.

(ખ) મારો છોકરો છે એવો અ એ કહેલો કીંવા લખેલો મજકુર લગતી હકીકતછે.

(લ) તકરાર એવી છે કે અ ના જન્મની તારીખ કઈ છે.

અ ના મરણ પામેલા બાપે પોતાના સ્નેહીને અ નો જન્મ અમુક તારીખે થયાની ખબરનો પત્ર લખ્યો હોય તે લગતી હકીકત છે.

(મ) તકરાર એવીછે કે અ તથા બ એઓનું લગન થયું છે કેમ તથા તે કયારે થયુછે.

એક ટીપણા કે ચોપડીમાં બ ના મરણ પામેલા બાપ ક એ એવું લખી મુકેલું છે કે અ સાથે પોતાની છોકરીનું લગન અમુક તારીખે થયું એ લગતી હકીકત છે

(ગ) [illegible] એક ચીતર દુકાનની એક બારીમાં પ્રસીધ મુકયું છે, તે ચીતરમાં આબરૂ લેવા જેવી વાત બનાવી બહેન અ એ બ ના ઉપર દાવો કરયો છે. તકરાર એવી છે કે ચીતર મજકુર ગણાય આવે છે કે કેમ, તથા તે ચીતરનો પ્રકાર આબરૂ લેવા જેવો છે કે કેમ, તમાશાગીર લોકો ઠઠ જામી હતી તેઓએ સદરહુ બાબત જે કાંઈ ટીકા કરી હોય તેની સાબીતી કરી શકાય છે.

ટીકા.—આ આકટની કલમ ૬૦ પ્રમાણે મુખ જુબાનીનો પુરાવો પ્રત્યક્ષ હોવો જોઈએ તેના આ કલમમાં બતાવેલા એક અપવાદ છે, એ જોવું જરૂરનું છે. ફક્ત આ આકડ બાબતમાં મુખ જુબાનીનો પુરાવો બસતો નથી એમ લાગવાનું જણાય [illegible] ૧૪૬

કાળીદાસ [illegible] વરૂધ [illegible] ૮ બ. રી. ધા. ૨૨, તથા નારાયણ આંદો પટેલ વીરૂધ મોતીલાલ રામદાસ ૮ બ. હાં. ર. ૧ મુ. પા. ૫, ના કેસમાં એવું ઠરાવ્યું છે કે હિંદુસ્તાનમાં ઘણા વખત એમ બને છે કે દસ્તાવેજ એવો ઠરાવ કરે છે કે જે જે પઈસા વસુલ આપવામાં આવે તે ખત ઉપર શેરો કરી લખવા, નહી તો તે રકમ વસુલ કરવામાં આવશે નહી. આવો ઠરાવ હોય તે છતાં પણ વસુલ આપેલાની બાબતનો શેરો નહી કરેલો હોય, તે આપેલાનો [illegible] પુરાવો આપવાને કાંઈ હરકત અડચણ નથી. જુઓ ઈં. લ. મ૯. ૧૫૮

આ કલમની કલમ ૨ ધંધાના સાધારણ ક્રમમાં લખેલી બાબતો આ બાબત એક [illegible] વીરૂધ પી. એસ. પેફ્રેડરીક [illegible] કેસ ૫. ૩૦૮ ([illegible]) આ કેસમાં એક પીઠાનો માલીક એક શખસ ઉપર ફરીયાદ કરે હતો. તે પીઠામાં એવો રીવાજ હતો કે જે જે શખસો દારૂ લેવા આવે તેને દારૂ આપવાને શરાબ કલાર દારૂ આપે અને તેની નોંધ કરી લે પછી તે પીઠાના માલેકને ચોપડીમાં લખાવે. પીઠાના માલેકે કોઈ ઉપર દાવો કર્યો હતો પણ દારૂ આપનાર કલાર તે વખતે મરી ગએલો હતો. પણ આવી રીતે લખેલી બાબત પુરાવામાં દાખલ કરવામાં આવી હતી.

હિંદુસ્તાનમાં ઘણુંખરૂં ઠેકાણે એવો રીવાજ છે કે, દુકાનદારો પોતાના ચોપડા રાત્રે બીજા પાસે લખાવે છે. આવું લખવાનું કામ ફક્ત એક મહેતા કે એવા દસ બાર દુકાનોવાળાને ત્યાં રાત્રે જઈ તેના ચોપડા લખી આવે અને તેના ઉપરજ પોતાનું ગુજરાન ચલાવે. જે વખતે દુકાનદાર કાંઈ માલ વેચે તે વખતે એવો મહેતાજી ભાગ્યેજ હાજર હોય છે. પણ રાત્રે જઈ વેપારીનો હીસાબ ચોપડામાં જમા ખરચ કરે છે અને તે દુકાનદાર તેને લખાવે છે. આવી રીતે આવા મહેતાએ લખેલી બાબતનો પુરાવામાં લેઈ શકાય નહી. કેમકે તેવા લખનારને વેચાણની બાબત કાંઈ પોતાની માહીતી નથી. એતો દુકાનદારના કહેવાથી લખે છે. જુઓ ૬ ઈ. લ. મ૦૮. ૧૫૪.

વળી કેટલાક દુકાનદારો ભીંત ઉપર કાંઈ આંકડા કરે છે અથવા વાંસની ખપાટ ઉપર કાંઈ આંકડા કરે છે અને તે ઉપરથી યાદ લાવી પોતાના ચોપડાના ખાતામાં અમુક વખતે વખતે લખાવે છે. આવી રીતની લખેલી બાબત પણ પુરાવામાં લેઈ શકાતી નથી. જુઓ ૬ ઈ. લ. મ૯. ૧૫૩.

શાણી વિરૂધ હનમતા. ઈં. લૉ. રી. ૧ મું. ૬૧૦ ના કેસમાં એવું ઠરાવ્યું છે જે માણસને હકીકતની ખબર હોય તે માણસ પોતે ચોપડામાં લખ્યું ના હોય, તેમજ તેના કહેવાથી પણ ચોપડામાં ના લખ્યું હોય તે છતાં પણ જો તે ધંધાના સાધારણ કામમાં ચોપડા રખાયા હોય તો આ કલમની રકમ ૨ પ્રમાણે તે પુરાવામાં લેઈ શકાય.

આ કલમની ૬ ઠી રકમ પ્રમાણે કોઈ પણ કેફીયત પુરાવામાં દાખલ થવાને એવી જરૂર છે કે તે કેફીયત તકરાર ઉત્પન્ન થવા અગાઉ કરેલી હોવી જોઈએ,

આ કલમ પ્રમાણે કોઈ સગપણ બાબત પુરાવો દાખલ થવાને કોઈ પ્રકારનું સગપણ વિશે ખાસ જ્ઞાન હોવુ જોઈએ. અને તેની રૂએ કરેલી કેફીયત પુરાવામાં દાખલ થઈ શકે. કોઈ પણ દસ્તાવેજમાં કુળના રીવાજ વિશે કાંઈ બતાવ્યું હોય તે કેવા પ્રકારનું જોઈએ તેને વાસ્તે હરીનાથ મલીક વિરૂધ નીત્યાનંદ મલીક. ૧૦ બં. લૉ. રી. પા. ૨૬૩ જુઓ.

પેસ્તરના ઇનસાફી કામમાંનો પુરાવો ક્યારે લાગતો હોય.

૩૩. એકાદ ઇનસાફી કામમાં કીવા જે શખસને પુરાવો લેવાનો કાયદા પ્રમાણે અખત્યાર હોય તે શખસની રૂબરૂ કોઈ શાહેદે શાહેદી આપી હોય તે શાહેદીમાં લખેલા હકીકત ખરી છે કે કેમ, તે વાત પાછળથી બીજું કોઈ ઇનસાફી કામ ચાલ્યું હોય તેમાં કીંવા સદરહુ પ્રથમ ચાલેલા કામના પાછલા ભાગમાં શાબીત કરવાને સારૂ સદરહુ પ્રથમ આપેલી શાહેદી લગતી છે; તે એવે પ્રસંગે કે જ્યારે શાહેદ મજકુર મરણ પામ્યો હોય કીંવા મળી નહી શકતો હોય, કીંવા શાહેદી આપવાને અશક્ત હોય, કીંવા સામા પક્ષકારે તેને દુર રાખ્યો હોય, કીંવા ઘણો વખત લગ્યા શિવાય કીવા ઘણો ખરચ કર્યા શિવાય તે શખસને હાજર કરી શકાતો નહી હોય, અને મુકદમાની કેફીયત ઉપરથી તેમ કરવુ કોરટને બાજબી દખાતુ ન હોય ત્યારે.

પરંતુ કામ મજકુર તેજ પક્ષકારો કીંવા હક સંબંધીના તેમના પ્રતિનીધીઓ વચ્ચે ચાલેલું હોવુ જોઈએ.

તથા ઉલટ તપાસણી કરવાનો હક તથા સંધી પ્રથમના કામમાં સામા પક્ષકારને મળેલાં હોવાં જોઈએ.

તથા પ્રથમના કામમાં તથા પાછલા બીજા કામમાં તકરારી મુદા મુખ્ય વાતે એક જ હોવા જોઈએ.

ખુલાસો.—ફોજદારી કામની તજવીજ કીવા ચોકશી એ ફરીયાદી તથા તોહોમતવાળા વચ્ચેનું કામ છે એવો આ કલમનો અરથ છે એમ સમજવુ.

ટીકા.—જો શાહેદ ગેરહાજર હોય તોજ ફકત આ કલમ લાગુ પડે એમ સમજવુ.

જો સાહેદો જીવતા હોય અને તેમનો મુખ જુબાની પુરાવો મળવી શકાય તેમ હોય તો, પેહેલાંના દાવામાં તેમણે (સાહેદોએ) આપેલી જુબાનીઓ પુરાવામાં લેઈ શકાય નહી. હરીચંદ્ર મારફતી વીરૂધ તારાચંદ શાહ. ૨ બં. લૉ. રી. એપેન્ડીકસ ૪.

"પરંતુ કામ મજકુર તેજ પક્ષકારો" આનો અરથ એવો છે કે પક્ષકારોના એકજ મતલબ અને ફાયદો હોવો જોઈએ.

તપાસનું વલણ બદલાયું હોય તોપણ મુદાનો પ્રશ્ન બીલકુલ કરીનેજ હોવો જોઈએ. જેમકે મહાબધાના કામમાં એક શાહેદની માજીસ્ટરેટની રૂબરૂ જુબાની લીધી હોય. તે

સાહેબ થોડા વખત પછી મરી ગયો અને સેશન જડજની રૂબરૂ તોહોમત વધારવામાં આવ્યું હતુ અને સાક્ષીરૂપ મનુષ્યવધનું મુકવામાં આવ્યુ હતુ તે સાહેબનો પુરાવો સેશન કોરટમાં દાખલ કરી શકાય. રાણી વિરૂધ રોબીયા માહોટા. ઈ. લો. રી. ૭ કલકતા. ૪૭

વિશેષ પ્રસંગે કહેલો કીંવા લખેલો મજકુર.

હીસાબની ચોપડીઓમાંની નોધ કયારે લગતી હોય છે.

૩૪. કામને પ્રસંગે નિયમ પુરવક રાખેલી હીસાબની ચોપડીઓમાં કરેલી નોધ જે બાબત વિશે કોરટને ચોકસી કરવાની હોય તે સંબંધી હોય તો, તે લગતી છે; પરતુ માત્ર સદરહુ મજકુર એકલો કોઈ શખસ ઉપર જવાબદારી નાખવાને સારૂ પુરતો પુરાવો છે એમ સમજવુ નહી.

દ્રષ્ટાંત.

(અ) બ અ ક ના ઉપર એક હજાર રૂપીઆનો દાવો કરયો છે, તથા એ રકમ ક બાકી પોતાની લેણી છે એવુ બતાવવાને સારૂ પોતાની હીસાબની ચોપડીઓમાંથી રકમ બતાવે છે; એ રકમ લગતી છે; પરતુ કરજ મજકુર સાબીત કરવાને સારૂ બીજો પુરાવો ન હોય તો બસ નથી.

ટીકા.—હીસાબના ચોપડામાં કરેલી નોંધો ઉપરથી ફકત કોઈ પણ શખસને જુમાદાર કરી શકાય નહીં. રાઈટ ઓનરેબલ વીરૂધ રાઈટઓનરેબલ ૫ મુરની. ઈં. અપીલ. ૪૩૨.

હીસાબના ચોપડામાં કરેલી નોંધોની સચાઈ વિશે જે શખસને પોતીકી માહીતી હોય તે શખસે લખી ના હોય અગર તેવા શખસના કહેવાથી લખવામાં આવી ના હોય તો તેવી નોંધ આ કલમ પ્રમાણે, તેમજ કલમ ૩૨ ની રકમ ૨ પ્રમાણે, પુરાવામાં દાખલ થઈ શકે. રાણી વીરૂધ હનમતા. ઈ. લો. રી. ૧ મુ ૧૧૦.

જે કામ કરવાનું કાયદામાં ફરમાવવામાં આવ્યું હોય તે કામ કરવાને પ્રસંગે સરકારી દફતરમાં જે નોધ કરી હોય તે કયારે લગતી સામજવી.

૩૫. તકરારી કીંવા લગતી હકીકત જેમાં બતાવેલી હોય એવી નોધ કોઈ પણ સારવજનીક કીંવા બીજી સરકારી ચોપડીમાં કીંવા રજીસ્ટરમાં કીંવા દફતરમાં હોય અને તે નોધ કોઈ સરકારી નોકરે પોતાનું સરકારી કામ કરવાને પ્રસંગે કરી હોય કીંવા જે દેશમાં સદરહુ ચોપડી કીંવા રજીસ્ટર કીંવા દફતર રાખવામા આવ્યું હોય તે દેશના કાયદામાં જે કામ કરવાનું વિશેષ કરીને ફરમાવ્યું હોય તે કામ કરવાને પ્રસંગે હર કોઈ બીજા શખસે કરેલી હોય તો તે નોધ સવતઃ લગની હકીકત છે એમ સમજવુ.

ટીકા—આ કલમ પ્રમાણે હક સંબંધી સેટલમેંટ આફીસરે તથા વીલેજ આફીસરે જે કાંઈ નોંધ કરી હોય તે પણ ગણાય. તેમજ જનમ, મરણ, લગન વીગેરેને વાસ્તે જે રજીસ્ટર હોય તેમાં રજીસ્ટારે નોંધ કરી હોય તે પણ ગણાય છે. તેમજ કાયદા પ્રમાણે જે મીટીંગો કરવાની હોય તે મીટીંગનો હેવાલ લખેલો હોય, તે પણ ગણાય છે.

કોઈ પણ સરકારી નોકરે પોતાની ફરજ બજાવતાં તજવીજ કરી તેનો રીપોર્ટ કરયો હોય, તે રીપોર્ટ વારંવાર પુરાવામાં અપાય છે. આને વાસ્તે સદર મુદ્દરાય ખાબા ડાક્ટ

થી વીરૂધ પેરીયા નાયાગમ પીનાઈ. ૯ મદ્રાસ જુરીસ્ટ. પા. ૧૫૨,

નકશાના પલાન એ ક્યારે લગતા છે.

૩૬. પ્રસીધ કરેલા દેશના નકશા કીંવા ચારટ સરવે લોકોને વેચવા સારૂ બહુ કરીને રાખવામાં આવતા હોય તેમાં, અથવા સરકારના હુકમથી દેશના જે નકશા કીંવા પલાન કરવામાં આવ્યા હોય તેમાં, એવા દેશના નકશામાં કીંવા ચારટમાં કીંવા પલાનમાં જે બાબતો ઘણું કરીને હમેશ દરશાવવામાં કીંવા લખવામાં આવતી હોય તે બાબતો સંબંધીનો, કોઈ તકરારી કીંવા લગતી હકીકતનો મજકુર બતાવ્યો હોય, તે મજકુર સવતઃ લગતી હકીકત છે.

સારવજનીક પ્રકારની હકીકત બાબત કોઈ આકટમાં અથવા સરકારી જાહેરનામામાં મજકુર લખ્યા હોય તે લગતો છે.

૩૭. સારવજનીક પ્રકારની કોઈ હકીકત બની છે કે નહીં એ બાબત જ્યારે કોરટને અભિપ્રાય બાંધવાનો હોય, ત્યારે પારલામેન્ટના કીંવા હિંદુસ્તાનના ગવરનર જનરલ ઇન કાઉન્સીલના કીંવા મદ્રાસના કીંવા મુંબાઈના ગવરનર ઇન કાંઉન્સીલના કીંવા બંગાળાના લેફટેનંટ ગવરનર ઇન કાંઉન્સીલના કોઈ પણ આકટ માંહેના કીંવા ગેજેટ આફ ઈંડીયામાં છાપેલા કીંવા કોઈ પણ સ્થાનીક સરકારના ગેજેટમાં છાપેલા કીંવા કોઈ છાપેલો પત્ર લંડન ગેજેટ છે કીંવા રાણીના વસાવેલા મુલકનું કીંવા રાણીના કબજામાં આવેલા દેશનું સરકારી ગેજેટનું છે એવું તે છાપેલા પત્ર ઉપરથી સમજાય તેવા છાપેલા પત્રમાં છાપેલા સરકારના જાહેરનામાં માંહેના કોઈ હુકમ રૂપી લખાણમાં સદરહુ સારવજનિક પ્રકારની હકીકત બન્યાનો કીંવા ન બન્યાનો જે કાંઈ મજકુર લખેલો હોય તે મજકુર લગતી હકીકત છે.

કાયદાની ચોપડીમાં લખેલો મજકુર.

૩૮. કોઈ દેશના કોઈ કાયદા બાબત જ્યારે કોરટને અભિપ્રાય બાંધવાનો હોય, ત્યારે સદરહુ દેશની સરકારના હુકમથી અમુક ચોપડી છપાઈ છે કીંવા પ્રસીદ્ધ થઈ છે. તથા તેમાં સદરહુ કાયદા લખેલા છે. એવું તે ચોપડી ઉપરથી સમજાય તેવી ચોપડીમાં લખેલો સદરહુ કાયદાનો મજકુર, તથા સદરહુ દેશની કોરટોએ કરેલા ઠરાવ કોઈ ચોપડીમાં આપ્યા છે એવું જે ચોપડી ઉપરથી સમજાય તે ચોપડીમાં આપેલા ઠરાવ એ બેઉ લગતા છે.

કહેલા કીંવા લખેલા મજકુરનો કેટલો ભાગ શાબીત કરવો જોઇએ.

કહેલો કીંવા લખેલો મજકુર વાત ચીતનો કીંવા દસ્તાવેજનો કીંવા ચોપડીનો કીંવા અનુક્રમે રાખેલા પત્રો કીંવા કાગળોનો ભાગ હોય તો કેટલો પુરાવો આપવો જોઈએ.

૩૯. જે મજકુરનો પુરાવો આપવામાં આવતો હોય તેવો હરકોઈ મજકુર જ્યારે તે મજકુર કરતાં લાંબા બીજા કોઈ મજકુરનો કીંવા કોઈ વાત ચીતનો કીંવા કોઈ છુટા દસ્તાવેજનો ભાગ હોય ત્યારે અથવા જ્યારે સદરહુ મજકુર જે દસ્તાવેજ કોઈ ચોપડીનો કીંવા સબંધવાળા અનુક્રમે રાખેલા પત્રો કીંવા કાગળોનો ભાગ હોય તે દસ્તાવેજમાં લખ્યો હોય ત્યારે તે મજકુરનો પ્રકાર તથા તે ઉપરથી થતું પરીણામ તથા જે બીના ઉપરથી તે કહેવામાં કીંવા લખવામાં આવ્યો હોય, તે બીના પુરતી રીતે સમજવાને સારૂ સદરહુ લાંબા મજકુરના કીંવા વાત ચીતના કીંવા દસ્તાવેજના કીંવા ચોપડીના કીંવા અનુક્રમે રાખેલા કાગળો અથવા પત્રોમાં જેટલા ભાગની તે અમુક કામમાં કોરટને જરૂર લાગે તેટલા ભાગનો પુરાવો આપવો; જાસ્તી ભાગનો પુરાવો આપવો નહીં.

ઇનસાફી કોરટોના ફેંસલા ક્યારે લગતા સમજવા તે બાબત.

બીજી વખતદાવો થતો અથવા તજવીજ ચાલતી અટકાવવાને સારૂ પેસ્તરના ફેંસલા લગતી હકીકત છે.

૪૦. કોઈ કોરટે કોઈ એક દાવાની ફરિયાદી સાંભળવી કે નહીં; કીંવા કોઈ એક તજવીજ ચલાવવી કે નહીં, એવી જ્યારે તકરાર હોય ત્યારે જે ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામું થયાના કારણને લીધે સદરહુ ફરીયાદી સાંભળવાને કીંવા સદરહુ તજવીજ ચલાવાને કાયદાથી કોરટને અટકાવ પોહોચતો હોય, તે ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામું થયું છે; એ વાત લગતી હકીકત છે.

ટીકા.—આ કલમને લગતુ એવુ ઠરાવવામાં આવ્યું છે કે કલમ ૪૦ થી ૪૪ સુધીની કલમો પ્રમાણે જે પ્રથમનું જજમેંટ પુરાવામાં દાખલ થઇ શકે નહીં તેવુ હોય તે પ્રથમના દાવામાં જે શખસો પક્ષકાર નહોતા તેમની વચ્ચે તે જજમેંટ લગતુ છે એમ કહી શકાય નહીં જેમકે ગણેશલાલ વિરૂધ ફતેહલાલ. ઇં. લા. રી. ૬. કલકત્તા. પ્ર. ૧૭૧ માં ઠરાવ્યું છે કે अ અને ब વચ્ચે એક દાવો થયો હતો તેમાં એવો સવાલ હતો કે क અગર ख એમાંથી ह નો વારસ કોણ છે? આ સવાલનો નીર્ણય એક ख અને अ ની વચ્ચે થએલા દાવામાં થયો હતો. તે પ્રથમના થએલા દાવામાં થયેલું જજમેંટ પુરાવામાં દાખલ કરાવ્યું નહોતુ.

આ કલમ દીવાની કામ ચલાવવાના કાયદાની કલમ ૧૩ ને લગતી છે તે કલમ "રીસજ્યુડીકેટા"ની બાબત બતાવેલી છે. તે કલમના ખુલાસા (૧) ના લગતા ગો॰ ફી એવીડન્સના પુસ્તકના પૃ. ૧૨૪-૧૨૫ માં બતાવ્યું છે કે મેરીયટ વીરૂધ હેમ્પટનના કેસમાં નીચે પ્રમાણે ઠરાવ્યું હતું;

વેચેલા માલની કીંમત લેવાને વાસ્તે પ્રતીવાદીએ વાદી ઉપર પ્રથમ દાવો કરયો હતો. વાદીએ વેચેલા માલની કિંમત આપી હતી અને પ્રતિવાદી પાસેથી તેની પહોંચ લીધી હતી; પણ દાવો ચાલતા વખતે તે પહોંચ તને નહી જડવાથી અને પઇસા આપ્યાનો બીજો પુરાવો તેની પાસે નહી હોવાથી વાદીને પઇસા આપવા પડયા હતા થોડા વખત પછી પેલી પહોંચ તેને મળી આવી અને તે ઉપરથી પઇસા લીધેલા પાછા મળવાનો દાવો કરયો. તેમાં લોર્ડ કેનીયને એવો ઠરાવ કરયો કે જે પઇસા કાયદેસર ચાલવણીથી વસુલ થયા હતા તે પઇસા પાછા આપી શકાય નહી અને વાદીનો દાવો કાઢી નાખ્યો. શામપ્રસાદ વિરૂધ હરીપ્રસાદ. ૧૦ મુરની ઇંડીયન અપીલ પા. ૨૦૩ જુઓ.

પ્રોબેટ વિગેરે સબંધીના અધીકારથી ઠરેલા ફેંસલા.

૪૧. કોઈ કાયદેસર સબંધ કોઈ શખસને છે કીંવા નથી, અથવા કોઈ શખસનો કોઈ અમુક વસ્તુ ઉપર હક છે કીંવા નથી, એ વાત જ્યારે લગતી હોય, ત્યારે પ્રોબેટ સબંધીના કીંવા લગ્ન સબંધીના, કીંવા સમુદ્ર ઉપરના કીંવા નાદારી સંબધીના પોતાના અધીકારનો અમલ ચલાવતાં કોઈ અધીકારવાળી કોરટે આખરી ફેંસલો કીંવા હુકમનામું કર્યું હોય અને તે ઉપરથી સદરહુ કાયદેસર સબંધ કોઈ શખસને આપ્યો હોય અથવા તેની પાસેથી છીનવી લીધો હોય અથવા કોઈ શખસનો એવા સબંધ ઉપર હક છે એમ ઠરાવ્યું હોય અથવા સદરહુ વસ્તુ ઉપર સદરહુ શખસનો હક છે, એમ ઠરાવ્યું હોય

અને તે હક કોઈ બીજા અમુક માત્ર એકજ શખસના દાવા વિરૂધ તે શખસનો છે એમ ન ઠેરવતાં હક મજકુર સવતંત્ર પુરો ત શખસનો છે એમ ઠરાવ કરયો હોય તો તે ફેસલો, કીવા હુકમ, કીંવા હુકમનામુ લગતા છે એમ સમજવુ.

જ્યારે સદરહુ ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામુ અમલમાં આવ્યું ત્યારે તે ઉપરથી આપેિનો સદરહુ કાયદેસર સબંધ ઉત્પન થયા એ હકીકતની,

તથા જે કાયદેસર સબંધ ઉપર સદરહુ કોઈ શખસના હક ત ફેંસલામાં અથવા હુકમમાં અથવા હુકમનામામા ઠેરવ્યો હોય, ત હક જે વખતે તે શખશને વિશે ઉતાન થવાનું ફેંસલા મજકુરમાં ફરમાવ્યું હોય, તે વખત હક મજકુર શખસ મજકુરને વિશે ઉત્પાન થયો એ હકીકતની,

તથા સદરહુ શખસ પાસેથી જે કાયદેસર સબંધ છીનવી લેવામાં આવ્યો હોય, તે સબંધ જે વખતથી બધ થવાનું ફેંસલા મજકુરમાં ફરમાવ્યું હોય તે વખત તે સબંધ થયો અથવા થવો જોઈએ એ હકીકતની,

તથા કોઈ શખસનો હક જે વસ્તુ ઉપર સદરહુ ફેંસલામાં અથવા હુકમમાં અથવા હુકમનામામાં ઠરાવવામા આવો હોય તે વસ્તુ જે વખતે ત સખસની થવાનું ફેંસલા મજકુરમાં ઠરાવવામા આવ્યું હોય તે વખતે વસ્તુ તની થઈ અથવા થવી જોઈએ એ હકીકતની.

સદરહુ ફેંસલો કાવા હુકમ કાવા હુકમનામુ નિરણયકારક સાબીતી છે.

ટીકા.—પ્રોબેટ આપવા બાબત ૧૮૬૫ નો ૧૦ મો આક્ટ ઈંડીયન સકસેશન આક્ટ જુઓ

આ કલમના સંબંધમાં કનઈયાલાલ વીરૂધ રાધાચરણ ૭ સદરલાંડ વીકલી રેપોર્ટ પા. ૬૩૮ જુઓ.

બીજા પક્ષકાર વચેના કામનો ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમ નામુ કયારે ગેર લગતુ હોયને કયારે નહોય તે વિશે.

૪૨. કલમ ૪૧ માં બતાવ્યા છે તે શિવાયના ફેંસલા હુકમ કીંવા હુકનામામાં જે ચાલતા ચાહસીને લગતી સારવજનીક પ્રકારની બાબત સબધી હોય, તો તે ફેંસના, હુકમ કીંવા હુકમનામામાં લગતા છે એમ સમજવુ, પરતુ એવા ફેંસલા, હુકમ કીંવા હુકમનામામાં તેમાં લખેલા મજકુરની નિરણયકારક સાબીતી છે એમ સમજવુ નહી.

દ્રષ્ટાંતો.

પોતાની જમીન ઉપર પ્રવેશ કર્યા બદલ **अ** એ **ब** ઉપર દાવો કરયો, **ब** નું કહેવુ એવુ છે કે તે જમીન ઉપર સારવજનીક હકનો રસ્તો છે. પરંતુ એ વાત **अ** ના કબુલ કરે છે.

એજ જમીન ઉપર પ્રવેશ કર્યા બદલનો દાવો **अ** એ **क** ઉપર કરયો હતો તે કામમાં **क** એ જવા આવવાના એવોજ હક છે એવી તકરાર કરી હતી, તે કામમાં પ્રતિવાદી તરફનું થએલું હુકમનામુ લગતું છે પરતુ જવા આવવાનો સદરહુ હક છે એ વાતની તે હુકમનામું નિરણયકારક સાબીતી થતી નથી.

ટીકા.—રાજા નીલગણસીંગ વીરૂધ બદરોનાથસીગ અને સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર

ટીકા. પ્રીવીકાઉન્સીલ ૧૦ મી માર્ચ ૧૮૮૨, ના કેસમાં એવું ઠરાવ્યું છે કે કેટલીક જાતના ટેન્યુઅર (જમીન રાખવાનો હક) છે જેવાં કે ઘાટવાળી ટેન્યુઅર તે, અને સરકારે તેના ઉપર સેટલમેંટ ઠરાવ્યું હોય, તે સરવ લોકીક બાબત કેહેવાય અને તેવી બાબતનાં પ્રશ્નો શાબીતના બીજા શખસો વચ્ચે થયેલા જજમેંટ પુરાવામાં દાખલ થઈ શકે.

કીધા ફેંસલા વિગેરે લગતા નથી.

૪૩. કલમ ૪૦, ૪૧ તથા ૪૨ માં જણાવેલા છે તે સિવાયના બીજા ફેંસલા, હુકમ કીંવા હુકમનામા થયાં છે કે નહી એ મુદાની હકીકત ન હોય કીંવા આ કાયદાના બીજા કાંઈ ઠરાવ મુજબ તે લગતી હકીકત ન હોય, તો તેવા ફેંસલા કીવા હુકમ કીંવા હુકમનામાં ગેર લગતા છે એમ સમજવું,

દ્રષ્ટાંતો.

(અ) એક આબરૂ લેવા જેવી વાત ઉપરથી अ તથા ब એ બેઉને દોષ લાગે છે તે બદલ अ એ તથા ब એ क ઉપર જુદા જુદા દાવા બાંધ્યા છે જે વાત આબરૂ લેવા જેવી છે એવું કેહેવામાં આવે છે તે ખરી છે એવું क બેઉ કામમાં કહે છે. અને કેહી પન એવા પ્રકારની છે કે તે વાત પાતો બેઉ કામમાં ખરી હોવી જોઈએ પાતો બનેમાં ખોટી હોવી જોઈએ, એવો સંભવ થાય છે.

क એ જે જવાબ આપ્યો તે તેણે સાબીત કરયો નહી એવા કારણ ઉપરથી क ઉપર अ નું હુકમનામું થયું એ હકીકત ब તથા क વચેના મુકરદમામાં લગતી નથી.

(બ) अ ની સ્ત્રી क એની જોડે ब એ છીનાળુ કરયા બદલ अ એ ब ઉપર ફોજદારીમાં ફરિયાદ કરી છે.

क अ ની સ્ત્રી છે એ વાત ब નાકબુલ કરે છે, પરંતુ ब ઉપર છીનાળાનો ગુનો કોરટે સાબીત ઠેરવ્યો.

ત્યાર પછી अ જીવતો છતાં क એ ब સાથે ફરી લગ્ન કરયું માટે क ના ઉપર ફોજદારીમાં કામ ચાલુ છે क નું કેહેવુ એવુ છે જે હું કોઈ પણ કાળે ब ની સ્ત્રી નોહતી.

ब ની વિરૂધ થએલો ઠરાવ क ની વિરૂધ ગેર લગતો છે.

(ક) પોતાની પાસેથી એક ગાય ચોરી લઈ જવા બાબત अ એ ब ઉપર ફોજદારીમાં ફરીયાદ કરી છે ब ના ઉપર ગુનો સાબીત ઠરાવવામાં આવ્યો છે.

ब ના ઉપર ગુનાની સાબીતી થઈ તેના પેહેલાં તે ગાય ब એ क ને વેચી નાખી હતી તે લેવાનો દાવો પાછળથી अ એ क ઉપર કરયો છે ब ના વિરૂધ થએલો ઠરાવ अ તથા क વચેના કામમાં ગેર લગતો છે.

(ડ) એક જમીનના કબજાનું अ એ ब ના ઉપર હુકમનામું મેળવ્યું છે ब નો છોકરો क એણે अ નું ખુન સદરહુ કારણને લધિ કર્યું છે.

સદરહુ ફેંસલો છે એ વાત ગુન્હા કરવાના હેતુ બતાવે છે તે માટે લગતી છે.

ટીકા.—રાણી વિરૂધ મણીદાસ અંબારામ ૧૧ મુંબાઈ હાઈકોરટ રીપોર્ટ પા ૯૦, ના કેસ પ્રમાણે કોઈ શખસે બીજા ઉપર ખોટી પ્રોમીસરી નોટ કરયાનું તોહોમત મુક્યું અને કોઈ દીવસ પ્રોમીસરી નોટ કરી નથી એમ કહેનો, જે નોટ વિશે એમ કેહેવાયું હોય કે તે ખોટી છે એના જેવી બીજી નોટ તે શખસે કરી હતી એવો પુરાવો દાખલ થઈ શકે

નહી; તેમજ આવી નોટ ઉપર જજમેંટ અપાયું હોય તે જજમેંટ પણ કબુલ થઈ શકે નહી.

દગલબાજી દગા ભરેલો સંપ તથા કોરટને અધીકાર નથી એ વાતની શાબીતી કરી શકાય છે.

૪૪. કોઈ ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામું કલમ ૪૦–૪૧ કીંવા ૪૨ મુજબ લગતું હોય તથા તેની શાબીતી સામા પક્ષકારે કરી હોય, તે જે કોરટે કર્યું તેને કરવાનો અધીકાર નહોતો, કીંવા તે દગલ-બાજીથી નહોતો, કીંવા તે દગલબાજીથી કીંવા દગા ભરેલા સંપથી મેળવ્યું છે, એવું કોઈ દાવાના કીંવા બીજા કામનો પક્ષકાર બતાવી શકે છે.

"કોઈ દાવાનો કીંવા બીજા કામનો પક્ષકાર વાદી" એ આ કલમના શબ્દોમાં નિરદોશ તથા દોષવાન એ બંને પહેલા દાવાના પક્ષકારોમાંનો સમાવેશ થાય છે. એ શબ્દોમાં ગુન્હેગારોના સમાવેશ કરવાનો ઈરાદો હતો કે નહી એ શક ભરેલું છે; પરંતુ ૧ વી ડી. સી. રૂ. ૧૫૬ જુઓ.

ટીકા.—રમસી વીરૂધ નોર્થ ઈસ્ટર્ન રેલવે કંપની. ૧૪ ક્યુ. બી. ૬૪૧ ના કામમાં એવું ઠરાવ્યું છે કે જે પક્ષકારના સંબંધમાં જજમેંટ થયું હોય અને જે શખસ તેના દૂર રહેવાને એમ કહેતા હોય કે એ તો મારા ફરેબથી જજમેંટ મેળવ્યું હતું, તે તેમ કહી શકે નહી આ બાબત કાયદાની કહેવત છે કે કોઈપણ શખસ પોતાના ખોટાનો લાભ લેઈ શકે નહી.

ત્રાહીત શખસોના અભિપ્રાય ક્યારે લગતા હોય છે.

કુશળ માણસોના અભિપ્રાય.

૪૫. પારકા દેશના કાયદાની કોઈ બાબતને વિશે અથવા શાસ્ત્ર કીંવા કળાની કોઈ બાબત વિશે અથવા અક્ષર ઓળખવા વિશે કોરટને જ્યારે અભિપ્રાય બાંધવાનો હોય ત્યારે તેવા બીજા દેશના કાયદામાં કીંવા શાસ્ત્રમાં કીંવા કળામાં જે શખસો વિશેષે કરીને કુશળ હોય તેવા શખસોના તે બાબત વિશેના અભિપ્રાય લગતી હકીકતો છે.

એવા શખસોને કુશળ માણસ કહે છે.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે અ નું મરણ ઝેરથી થયું છે કે કેમ.

જે ઝેરથી અ મરણ પામ્યાનું ધારવામાં આવે છે તે ઝેર ખાવાથી જે લક્ષણો થતાં હોય તે બાબત કુશળ માણસોના અભિપ્રાય લગતા છે.

(બ) તકરાર એવી છે કે એક અમુક કૃત્ય કરતી વખતે પોતે કેવા પ્રકારનું કૃત્ય કરે છે, અથવા પોતે જે કરે છે તે ખોટું કીંવા કાયદા વિરૂદ્ધ છે એવું સમજવાને અ દીવાનગીના સબબથી અશક્ત હતો કે કેમ.

રોગના જે લક્ષણો અ માં દેખાતાં હતાં તે લક્ષણો જ્યાં માલમ પડે ત્યાં દીવાનાપણું ખાસું કરીને હોય છે કે કેમ તથા એવા દીવાનાપણાથી પોતે જે કૃત્ય કરે તેનો પ્રકાર સમજવાને કીંવા જે પોતે કરે છે, તે ખોટું કીંવા કાયદા વિરૂદ્ધ છે એમ સમજવાને લોકો ખાસું કરીને અશક્ત થાય છે, કે કેમ એ વિશેના કુશળ માણસોના અભિપ્રાય લગતા છે.

(ક) તકરાર એવી છે કે અમુક દસ્તાવેજ અ એ લખ્યો છે કે કેમ બીજો એક દસ્તા

વેજ અ એ લખેલો સાબીત કરવામાં આવ્યો છે કીવા અંગીકાર કરવામાં આવ્યો છે, તે દસ્તાવેજ હાજર કરવામાં આવ્યો છે.

એક દસ્તાવેજો એકજ શખસે લખ્યા છે કીવા જુદા જુદા શખસોએ લખ્યા છે એ વિશેના કુશળ માણસોના અભિપ્રાય લગતા છે.

ટીકા.—હુનર તથા કળા વીશે કુશળ માણસોના અભીપ્રાય આ કલમ પ્રમાણે લગતા કહેવાય છે અને તે પુરાવામાં આપી શકાય છે જેમકે;

વેપારી માણસો અમુક જાતની રીત પ્રમાણે બોલી વિશે તેમના અભીપ્રાય આપી શકે તેમજ કોઈ કાગળ ઉપરની પોસ્ટની નીશાની અગર શીકા હોય તે વિશે પોસ્ટ આફીસનો કોઈ કારકુન અભિપ્રાય આપી શકે તેમજ કોઈ ઇજનેર અભિપ્રાય કાંઈ પાણીથી દુર રાખી શકે તેવા કીનારે બાંધવા વગેરે અભિપ્રાય આપી શકે તેમ કોઈ મુસાફર વિદ્યા જાણનાર હોય તે મુસાફરીના પડ વગેરે હકીકત ઉપર અભીપ્રાય આપી શકે કોઈ હુનરથી વાકેફ હોય તે કોઈ છબી અગર બીજી કોઈ એવી વસ્તુ વિશે અભિપ્રાય આપે. એવીજ રીતે દરેક શખસને કોઈ બાબતનો ખાસ જ્ઞાન હોય તે તે બાબત પ્રશ્ન ઉપર અભિપ્રાય આપી શકે છે. અને તેમના અભીપ્રાય લગતા ગણાય છે અને તે પુરાવામાં આપી શકાય છે.

કુશળ માણસના અભીપ્રાય. ૪૬. જે હકીકતો બીજી રીતે લગતી ન હોય તે હકીકતો ઉપરથી જો કુશળ માણસના અભીપ્રાય જ્યારે લગતા હોય ત્યારે તેને પુષ્ટી મળે એવી હોય કીવા તે અભીપ્રાય મજકુર વિરૂધ હોય તો હકીકત મજકુર લગતી હકીકતો લગતી છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે અમુક જાતનું ઝેહેર અ ને આપ્યું હતું કે કેમ.

બીજા માણસોને એવી જાતનું ઝેહેર આપ્યું હતું તેઓમાં જે અમુક લક્ષણો દેખાતા હતાં તે સદરહુ ઝેહેરના છે કીવા તેના નથી એવો કુશળ માણસોનો અભીપ્રાય હોય એ હકીકત લગતી છે.

(બ) અમુક બંધારાથી બંદરને હરકત થાય છે કે કેમ એવી તકરાર છે.

બીજાં બંદરો બીજી વાતે આ બંદર જેવાંજ છે પરંતુ ત્યાં એવા બંધારા નથી. તે બંદરોને પણ તેજ વખતથી હરકત થવા લાગી એ હકીકત લગતી છે.

અક્ષર વિશે અભીપ્રાય. ૪૭. અમુક દસ્તાવેજ કયા સખસે લખ્યો છે કીંવા તેના ઉપર કોણે સહી કરી છે એ વિશે કોરટને જ્યારે અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે જે શખસે તે દસ્તાવેજ લખ્યાનું કીંવા તેના ઉપર સહી કર્યાનું ધારવામાં આવતું હોય તે સખસના અક્ષરની જે શખસને માહીતી હોય તે શખસ તે દસ્તાવેજ સદરહુ શખસે લખ્યો છે કીંવા નથી લખ્યો અથવા તેના ઉપર સદરહુ શખસે સહી કરી છે કીંવા નથી કરી એવો અભીપ્રાય આપે તે અભીપ્રાય લગતી હકીકત છે.

ખુલાસો.—જ્યારે કોઇ એક શખસે કોઈ બીજા શખસને લખતાં જોયા હોય ત્યારે કીંવા જ્યારે તેણે પોતે કીવા તેના પોતાના હુકમ ઉપરથી જે દસ્તાવેજ લખ્યા હોય અને તે સદરહુ બીજા શખસ ઉપર સરનામું કરીને મોકલ્યા હોય દસ્તાવેજના જવાબમાં સ

દાખલ બીજા શખસે લખેલા છે એવા મજકુરના દસ્તાવેજ તેની ઉપર આવ્યા હોય ત્યારે કીંવા જ્યારે સદરહુ બીજા શખસે લખેલા છે એવા મજકુરના દસ્તાવેજ તેની પાસે કામને સાધારણ પ્રસંગે આવવાની રીતો હોય ત્યારે તે શખસને સદરહુ બીજા શખસના અક્ષરની માહીતી છે એમ સમજવુ.

દ્રસ્ટાન્ત

તકરાર એવીછે કે અમુક પત્ર **अ** નામના લંડનમાંના એક વેપારીના હાથનું છે કે કેમ

ब એ કલકત્તા મધે વેપારી છે તેણે **अ** ના નામના પતરો લખ્યા છે તથા **अ** એ લખ્યા છે એવા મજકુરના પતરો તેના ઉપર આવ્યા છે **क** એ **ब** નો મહેતો છે તેનું કામ **ब** ના જે કાગળ પત્ર આવે બાય તે તપાસવાનું તથા તેને ફાઈલ કરવાનું છે **म** એ **ब** નો દલાલ છે ને **अ** ના લખેલા છે એવા મજકુરના જે પતરો **ब** ના પાસે આવતા તે **म** ની સાથે વિચાર કરવાને તેને **ब** હમેશ બતલાવતો હતો.

ब **क** તથા **म** પઇકી કોઈએ **अ** ને લખતાં કદી જોયો ન હોય તોપણ તકરારી પત્ર **अ** ના હાથનો લખ્યો છે કે નહી એ બાબત જે અભીપ્રાય **ब** **क** તથા **म** આપે તે લગતો છે.

ટીક.—અક્ષરની સાબીતી આ કાયદા પ્રમાણે અક્ષર ત્રણ રીતે સબીત થઈ શકે છે. (૧) કલમ ૪૫ મા બતાવ્યા પ્રમાણે કુશળ માણસથી. (૨) આ કલમ પ્રમાણે જે માણસ તેનાથી વાકેફ તે માણસથી. (૩) કલમ ૭૩ પ્રમાણે સરખાવવાથી.

હક કીંવા રીવાજ છે કીંવા નહીં એ બાબતના અભીપ્રાય કયારે લગતા હોય છે.

૪૮ અમુક સામાન્ય રીવાજ કીંવા હક છે કે કેમ એ બાબતે જ્યારે કોરટને અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે રીવાજ કીવા હક મજકુર હોય તો જે સખસોને તેની માહીતી હોવાનો સંભવ હોય તે શખસોનો અભીપ્રાય કે તેવો રીવાજ કીંવા હક છે કી ન તથા એ બાબત જે અભીપ્રાય આપે તે લગતા છે.

ખુલાસો.—"સામાન્ય રીવાજ કીંવા હક" એ શબ્દોમાં જે રીવાજ કીવા હક કોઈ એક વરગના ઘણા લોકોમાં સમાન્ય હોય તે હક કીંવા રિવાજનો સમાવેશ થાય છે.

દ્રષ્ટાન્ત.

અમુક કુવાનું પાણી અમુક ગામના ગવાળીઓનો વાપરવાનો હક છે એ આ કલમના અરથ મુજબ સામાન્ય હક છે.

ટીકા.—સામાન્ય રીવાજ તથા હક—જે શખસો ઢોરાં ચારવાના ગામના હક, રસ્તાના હક, પાણીના ઝરાના હક લાકડાં ઉતરાવવાના હક વિગેરે એવા જાતના હક વિશે જે અને ખબર હોવાનો સંભવ છે તેવા શખસોના અભિપ્રાય લગતા કેહેવાય છે.

વહીવટ સંપ્રદાય વિગેરે બાબતનો અભીપ્રાય કયારે લગતા હોય છે.

૪૯. કોઈ પંકતીના માણસોનો કીંવા કોઈ કુટુંબનો વહીવટ તથા સંપ્રદાય કેવા પ્રકારના છે એમ બાબત.

અથવા ફરંગ શબ્દ વીની કીંવા ધરમાદા સંબંધાની કોઈ સ્થાપનાને અરથે નીમેલો ધરમાદાય કેવી રીતે સ્થાપાએલો છે, તથા તેની વ્યવસ્થા કેવે પ્રકારે ચાલે છે એ બાબત.

અથવા અમુક જીલ્લામાં કીંવા અમુક વરગના લોકોમાં જે શબ્દ કીંવા બોલ વપરાતા હોય, તેનો અરથ શો થાય છે, તે બાબત.

કોરટને જ્યારે અભીપ્રાય બાંધવાનો હોય, ત્યારે તે બાબતની માહીતી હોવાને જે શખસોને વિશેષ રીતના સાધનો હોય તે શખસોના અભીપ્રાય લગતા છે.

સગપણ બાબતનો અભીપ્રાય ક્યારે લગતો હોય છે

૫૦. એક શખસનું બીજા શખસ સાથે શું સગપણ છે, એ બાબતનો કોરટને અભીપ્રાય બાંધવાનો હોય, તો જે શખસને તે કુટુંબનું માણસ હોવાને લીધે, કીંવા બીજા કારણને લીધે, તેના વિશેની માહીતી થવાને વિશેષ રીતના સાધના હોય, તે શખસથી સગપણ બાબત જરૂર સંબંધીની વરતણુંક ઉપરથી જે અભીપ્રાય દેખાઈ આવે તે લગતો છે; પરંતુ "ઈંડીઆના ડાઈવોરસ (એટલે કે સ્ત્રી પુરુષ છુટા પાડવા બાબતના) આકટ" મુજબ જે કામ ચાલતું હશે તે કામમાં, કીંવા હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૯૪, ૪૯૫, ૪૯૭ કીંવા ૪૯૮ મુજબ ચાલતા કામમાં સદરહુ અભીપ્રાય લગ્ન સાબીત કરવા જેટલો પુરતો ગણવો નહી.

દ્રષ્ટાંત

(અ) હકીકત એવી છે કે અ તથા બ નું લગ્ન થયું હતું કે કેમ, તેઓના સ્નેહી તેઓને ધણી ધણીઆણી સમજીને તે પ્રમાણે હમેશા તેઓની સાથે વરતતાં હતાં એ હકીકત લગતી છે.

(બ) હકીકત એવી છે કે અ એ બ નો કાયદેસર છોકરો છે કે કેમ તે કુટુંબનાં માણસો અ કાયદેસર છોકરો હોય એ પ્રમાણે તેની સાથે હમેશાં વરતતા હતા એ હકીકત લગતી છે.

ટીકા.—રાણી વિરૂધ વઝીર ૮ બ. હા. રી. એપેન્ડીકસ. પા. ૬૩ મા બંગાળાની હાઈ કોરટે એવું ઠરાવ્યું હતું કે કોઈ શખસ તથા કોઈ સ્ત્રી ધણી ધણીયાણી તરીકે રેહેતાં હોય, તો એ ફકત વાત ઉપરથી હિંદુસ્તાનના પીનલકોડની ૪૯૮ મી કલમ પ્રમાણે ફરીયાદ થઈ હોય તો તેમાં, તે ધણી ધણીઆણી તરીકે નહોતાં રેહેતાં એવું સાબીત કરવાનો બોજો, ગુન્હેગાર ઉપર રેહે છે.

અભીપ્રાયના કારણો ક્યારે લગતાં હોય છે.

૫૧. જ્યારે કોઈ હયાત હોય એવા શખસનો અભીપ્રાય લગતો હોય, ત્યારે એવા અભીપ્રાયના આધાર જે કારણો ઉપર હોય તે કારણો પણ લગતાં છે.

દ્રષ્ટાંત.

પોતાનો અભીપ્રાય બાંધવાને સારૂ જે પ્રયોગો કોઈ કુશળ માણસે કરયા હોય તે પ્રયોગોનો હેવાલ તે કુશળ માણસ આપી શકે છે.

કોઈ શખસની ચાલ ચલણ ક્યારે લગતી છે.

દિવાની કામ

૫૨. કોઈ ચાલતા કામ સાથે સંબંધવાળા શખસે અમુક રીતની

માં વરતણુક શાબીત કરવાને સારૂ ચાલ ચલણ લગતી નથી.

વરતણુક કર્યાનું કહેવામાં આવ્યું હોય તે શખસની ચાલ ચલણ એવી છે કે તે ઉપરથી તેણે સદરહુ વરતણુક કર્યાનો સંભવ છે કે નહી એમ માલમ પડે છે. એ હકીકત હોવાની કામમાં ગેર લગતી છે પરંતુ જે હકીકતો બીજી રીતે લગતી હોય તે ઉપરથી સદરહુ પ્રકારની જેટલી ચાલ ચલણ માલમ પડતી હોય તેટલી ચાલ ચલણ લગતી છે એમ સમજવું.

ટીકા.—સંબંધવાળા શખસો—આ વાકયનો અરથ એવો છે કે સંબંધવાળા શખસો એટલે પક્ષકારો સમજવા. આ વિશે માણેકજી લીંગજી વીરૂધ ગુલબાઈનો ઈં. લૉ. રી. મુંબાઈ જુઓ.

ફોજદારી કામમાં આગલી સારી ચાલ ચલણ લગતી છે.

૫૩. તોહોમતવાળો શખસ સારી ચાલ ચલણનો છે એ હકીકત ફોજદારી કામમાં લગતી છે.

ગુનાની શાબીતી પેસ્તર થઈ હતી એ વાત ફોજદારી કામને લગતી છે પણ ચાલ ચલણ પેસ્તર ખરાબ હતી લગતી નથી તોપણ તે પ્રતી ઉત્તર લગતી છે.

૫૪. તોહોમતવાળા ઉપર પેસ્તર કોઈ એક ગુનાની સાબીતી થએલી છે, એ હકીકત ફોજદારી કામમાં લગતી છે. પરંતુ તેની ચાલ ચલણ ખરાબ છે, એ હકીકત ગેર લગતી છે, તથાપી તેની ચાલ ચલણ સારી છે એવો પુરાવો આપવામાં આવ્યો હોય તો તેની ચાલ ચલણ ખરાબ છે એ વાત લગતી થાય છે.

ખુલાશો.—અમુક શખસની ચાલ ચલણ ખરાબ છે એજ વાત જે કામમાં મુદાની હકીકત હોય તે કામને આ કલમ લાગુ નથી.

ટીકા.—કોઈપણ ફોજદારી કામમાં ફરીયાદી પ્રથમ કરેલો ગુનો સાબીત કરે અને તે કેસની હકીકત ધ્યાનમાં લેવાને કોરટનું મન કાયલ સુચના કરે. એ શિવાય ખરાબ વરતણુકનો બીજો પુરાવો આપી શકાય નહી, પણ સારી વરતણુકનો પુરાવો રદ કરવા આપી શકાય.

જે ચાલ ચલણ ઉપરથી નુકશાનની રકમમાં કમી જાસ્તી થતુ હોય તે ચાલ ચલણ બાબત.

૫૫. કોઈ શખસની ચાલ ચલણ એવા પ્રકારની હોય કે તે ઉપરથી જે નુકશાન તેને મળવાનું હોય તે નુકશાનની રકમ કમી જાસ્તી થાય તો તેની ચાલ ચલણ દાવાની કામમાં લગતી છે.

ખુલાસો.—ચાલ ચલણ એવો સબ્દ કલમ ૫૨, ૫૩, ૫૪ તથા ૫૫ માં લખેલો છે તેમાં આબરૂ તથા સ્વભાવ એ બેઉનો સમાવેશ થાય છે, પરંતુ જે પુરાવો આપવાનો માત્ર [illegible]માં સાધારણ રીતે આબરૂ કેવી છે તે બાતનો તથા સાધારણ રીતે સ્વભાવ કેવો છે

તેનોજ આપી શકાય છે, જે અમુક કૃત્ય ઉપરથી આબરૂ કીંવા સ્વભાવ દેખાઈ આવ્યો હોય તે અમુક કૃત્યનો પુરાવો આપી શકાય નહી.

ટીકા.—કોઈ છોકરીના બાપે પોતાની છોકરી ઉપર દુષ્ટ કર્મ કરવાને સારૂ દાવો કરયો હોય તેમાં તે છોકરી પ્રથમની વરતણુકનો પુરાવો લગતો છે.

—⁂—

ભાગ ૨ જો.

સાબીતી બાબત.

બાબ ૩—કઈ હકીકત સાબીત કરવાની જરૂર નથી.

કોરટ ન્યાયાધીકારની રૂઈએ ધ્યાનમાં રાખે તે હકીકતનો પુરાવો આપવાની જરૂર નથી.

૫૬. જે હકીકત ન્યાયાધીકારની રૂઈએ કોરટ ધ્યાનમાં રાખે તેવી હકીકતો સાબીત કરવાની જરૂર નથી.

કઈ હકીકતો કોરટ ન્યાયાધીકાર[illegible]માં રાખવી.

૫૭. નિચે લખેલા હકિકતો કોરટે ન્યાયાધીકારની રૂઈએ ધ્યાન[illegible]માં રાખવી.

(૧) જે કાયદા કીંવા કાયદાના જેટલા અમલવાળા નિયમો બ્રીટીસ ઇંડીયાના કોઈ [illegible] ભાગમાં હાલ કીંવા હાલ સુધી અમલમાં છે, કીંવા હવે પછી અમલમાં આવે તેવા સરવે કાયદા કીંવા નિયમો.

(૨) જે સરવજનીક આકટો પારલામેન્ટે પસાર કર્યા છે કીંવા હવે પછી કરશે તે સરવે આકટો તથા સ્થાનીક તથા અમુક શખસ સબંધી જે આકટો ન્યાયાધીકારની રૂઈએ ધ્યાનમાં રાખવાનું મહરહુ પારલામેંટે ફરમાવ્યું હોય તથા સરવે આકટો.

(૩) મહારાણીની ખુશકી ઉપરની તથા દરીઆઈ ફોજને સારૂ કરેલા લશ્કરી કાયદા.

(૪) મહરહુ પારલામેંટનું કામ ચલાવવાની તથા હીંદુસ્તાનની કાઉન્સીલના આકટ મુજબ અથવા તે બાબત વખતો વખત જે કાંઈ બીજો કાયદો હોય તે મુજબ કાયદા તથા કાનુન કરવા સારૂ સ્થાપન કરેલી કાઉનસીલનું કામ ચલાવવાની પદ્ધતી.

ખુલાસો.—રકમ (૨) તથા (૪) માં પારલામેંટ એ શબ્દ છે, તેમાં નિચે મુજબની સભાઓનો સમાવેશ થાય છે.

(૧) ગરેટ બ્રીટન તથા આયરલાંડના સંયુક્ત રાજની પારલામેંટ.

(૨) ગરેટ બ્રીટનની પારલામેંટ.

(૩) ઈંગ્લાંડની પારલામેંટ

(૪) સ્કાટલંડની પારલામેંટ તથા.

(૫) આયરલંડની પારલામેંટ.

(૫) ગરેટ બ્રિટન તથા આયરલંડના સંયુક્ત રાજનો વખતે વખત જે સત્તાધીશ હોય તેને રાજ્યપદ ક્યારે પ્રાપ્ત થયું તે તથા તેની હસ્ત અક્ષરની સહી હોય તે.

(૬) ઈંગ્લંડ દેશની કોરટે જે સીકા ન્યાયાધીકારની રૂઈએ ધ્યાનમાં રાખે તે સરવે સીકા તથા ગવરનર જનરલ ઈનકાઉનસીલ કીંવા કોઈ સ્થાનીક સરકારની કૌંસીલના હુકમથી સ્થાપન થએલી બ્રિટીશ ઈંડીયા માંહેની કીંવા બ્રિટીશ ઈંડીયા બાહેરની સરવે કોરટના સીકા તથા એડમીરલટી તથા મેરીટાઈમ એવાં હકુમત ચલાવનારી કોરટના સીકા તથા નોટરી પબ્લીકના સીકા તથા બ્રીટીશ ઈંડીયા મધ્યે જેટલા કાયદા અમલવાળી પારલામેંટના કીંવા બીજા કોઈપણ આક્ટ તથા કાયદા ઉપરથી જે કોઈ શખસને વાપરવાનો અધીકાર મળ્યો હોય તે સરવે સિકા.

(૭) બ્રિટીશ ઈંડીયાના કોઈપણ ભાગમાં કોઈ શખસને કોઈ સરકારી હોદ્દો આપવામાં આવે તો જે શખસની નીમનુક એવા હોદા ઉપર થઈ છે એ વાત ઈંડીયાના ગેજેટમાં કીંવા કોઈ સ્થાનીક સરકારના સરકારી ગેજેટમાં પ્રસિદ્ધ થાય તેવા જે શખસો વખત વખત સદરહુ મુજબના હોદા ઉપર હોય તે શખસોને હોદ્દો મજકુર પ્રાપ્ત થવાની વાત તથા તેમના નામો તથા ઈલકાબ તથા અધીકાર તથા સહી

(૮) બ્રીટીસ સરકારે જે સંસ્થાન કીવા સતાધીસને માન્ય કરયો હોય તે સંસ્થાન કિંવા સત્તાધીસ હોવાની વાત. તથા તેનો ઈલકાબ, તથા તે મુલકનો સરકારી વાવટો.

(૯) કાળના વિભાગ, તથા ભુગોળવિદ્યા સંબંધીના પ્રથવાના વિભાગ, તથા સારવજનીક તેહેવારના દીવસો તથા ઉપવાસના દીવસો તથા જે રજાના દીવસોની સરકારી ગેજેટમાં જાહેર ખબર આપી હોય તે.

(૧૦) બ્રિટીશ રાજ્યના અમલ તળેના મુલક.

(૧૧) બ્રિટીશ સરકાર તથા બીજી કોઈ સરકાર કિંવા માણસની મંડળી વચેની લડાઈની શરૂઆત તથા તે ચાલતી હોય તે વાત તથા તેનો અંત.

(૧૨) કોરટના સભાસદ તથા અમલદારના નામો, તથા તેના ડેપ્યુટીઓના તથા તાબાના અમલદારોના તથા આસીસ્ટંટોના નામો, તથા કારટની પ્રોસેસ અમલમાં લાવવાનું કામ કરનાર સરવે અમલદારોનાં નામો તથા સરવે આડવોકેટ તથા આટરની તથા પ્રકટર તથા વકીલ તથા પ્લીડર તથા કોરટની રૂબરૂ હાજર થવાના કિંવા કામ ચલાવવાનો કાયદાથી જેબીજા શખસોને અધીકાર હોય તેઓના નામો.

(૧૩) રસ્તા બાબતની રૂલ.

સદરહુ સરવે બાબતમાં, તથા સારવજનીક ઈતિહાસ વિદ્યા, શાસ્ત્ર, કિંવા કળા, એ બાબતના સરવે કામોમાં પણ, કોરટ યોગ્ય પુસ્તકની કિંવા દાખલા જોવાના દસ્તાવેજની મદદ લેવાને મુખત્યાર છે.

કોઈ હકીકત ન્યાયાધીકારની રૂઈએ ધ્યાનમાં લેવાનું કોઈ શખસ કોરટને, કહે તો તે પ્રમાણે કોરટ કરી શકે તને સારૂ કોરટને જે પુસ્તકની કિંવા દસ્તાવેજની જરૂર જણાય, તે પુસ્તક કિંવા દસ્તાવેજ સદરહુ માણસ હાજર ન કરે તો તથા કરે ત્યાં સુધી હકીકત મજકુર સદરહુ પ્રમાણે ન્યાયાધીકારની રૂઈએ ધ્યાનમાં લેવાનું ના કબુલ કરવાને કોરટ મુખત્યાર છે.

અંગીકાર ક રેલી હકીકતો બાબત.

૫૮. કોઈપણ કામના પક્ષકારો કિંવા તેઓના મુખત્યારો જે હકીકત મુકદમાની સુનાવણી વખતે અંગીકાર કરવાનું કબુલ કરે, કિંવા સુનાવણીની પેહેલાં પોતાના સહી સીક્કાના લખી આપેલા લેખ ઉપરથી જે હકીકત અંગીકાર કરવાને તેઓ કબુલ કરે કિંવા જે હકીકત તેઓએ પોતાના જવાબ સવાલ ઉપરથી અંગીકાર કરી છે એવું એવા જવાબ સવાલ બાબતના તે વખતે ચાલુ નીયમો પ્રમાણે ગણાતું હોય, તે હકીકત સાબીત કરવાની જરૂર નથી; પરંતુ કોરટ પોતાની નજરમાં યોગ્ય જણાય તો સદરહુ અંગીકાર કરેલી હકીકત અંગીકાર શિવાય બીજી કોઈ રીતે સાબીતી કરી આપવાનું પક્ષકાર મજકુરને ફરમાવવા કોરટ મુખત્યાર છે.

ભાગ ૪—મુખ જુબાની પુરાવા બાબત.

મુખજુબાની પુરાવાથી હકીક તો સાબીત કર વા બાબત.

૫૯. દસ્તાવેજમાંના મજકુર શિવાય સર્વે હકીકતો મુખજુબાની પુરાવાથી સાબીત કરી શકાય છે.

ટીકા.—પુરાણીમા ન દીવાન બાહદુર નીનાનંદ શાના કેસમાં એવું ઠરાવ્યું છે કે જો સાખ નકલ કરેલો હોય તે મુખ જુબાની પુરાવાથી સાબીત થાય છે અને તેવીજ રીતે પંચો આપેલો હોય તે પણ સાબીત કરાય છે, તેમ ... ના લખેલા પહોંચ હોય અને રજુ ના કરી હોય તોપણ દલપતસીંગ વીરુધ રુગનાથદાસ, ૧ અલાહાબાદ. લા. રી. ૪૪૨ ... નં. ૪૩૨.

મુખ જુબાની પુરાવો પ્રત્યક્ષ જો ઈએ.

૬૦. [illegible] તમામ કામમાં મુખજુબાની પુરાવો પ્રત્યક્ષ હોવો જોઈએ, એટલે.

જો પુરાવો મજકુર જે હકીકત જોવાઈ શકાઈ હતી તે હકીકત વિષે હોય, તો હકીકત મજકુર પોતે જોઈ છે એવું જે સાહેદ કહે તેની શાહેદી આપવી જોઈએ.

જો પુરાવો મજકુર જે હકીકત સાંભળી શકાતી હતી તે હકીકત વિષે હોય, તો હકીકત મજકુર પોતે સાંભળી છે એમ જે શાહેદ કહે તેની શાહેદી આપવી.

જો પુરાવો મજકુર જે હકીકતનું જ્ઞાન બીજી કોઈ ઇંદ્રી વડે કિંવા કોઈ બીજી રીતે થઈ શકતું હતું તે હકીકત વિષે હોય, તો હકીકત મજકુરનું જ્ઞાન પોતાને તે ઇંદ્રી વડે કિંવા તે રીતે થયું છે એમ જે શાહેદ કહે તેની શાહેદી આપવી જોઈએ.

જો પુરાવો મજકુર અમુક અભીપ્રાય વિષે કીંવા જે કારણ ઉપરથી તે અભીપ્રાય ઠરાવવામાં આવ્યો હોય તે વિષે હોય તો જે શખસના જે કારણ ઉપરથી તેવો અભીપ્રાય હશે તે શખસની સાહેદી આપવી જોઈએ.

પરંતુ એવું ઠરાવવામાં આવ્યું છે કે જે ગ્રંથો વેચવા સારૂ મુકવામાં સાધારણ રીતે આવતા હોય તેમાં કુશળ માણસોના લખેલા અભીપ્રાયની તથા જે કારણ ઉપરથી તે અભીપ્રાય બંધાયા તે કારણોની સાબીતી તે ગ્રંથો હાજર કરીને કરી શકાય છે; પણ એ મુજબ ક્યારે થાય કે જ્યારે તે ગ્રંથકાર મરણ પામ્યો હોય કીંવા તે મળી શકતો ન હોય.

થઈને સાહેદી આપવાને તે અશક્ત થયો હોય, કીંવા ઘણો વખત લગ્યા સિવાય અથવા ઘણો ખરચ કર્યા શીવાય તેને હાજર કરાતો ન હોય અને તેમ કરવું કોરટને યોગ્ય દેખાતુ ન હોય ત્યારે.

અને વળી એવું પણ ઠરાવ્યું છે કે, જ્યારે જુબાની પુરાવો જો દસ્તાવેજ શિવાય બીજો કોઈ જડ પદારથ છે કે જેહાં તે વાત અમારા તેના ત્યોના સિરો હોય તો, કોરટને યોગ્ય જણાયાથી તે પદારથ પોતાને તપાસવા સારૂ હાજર કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ટીકા—જો પુરાવો મજકુર જે હકીકત જોવામાં શકાતી હોય તે હકીકત વિશે હોય, તો હકીકત મજકુર પોતે જોઈ છે એમ જે કહે તેની શાહેદી આપવી જોઈએ. આ ને વાસ્તે નીલકંઠ પરભુ વારૂદ જગજીવન ... બોં. હા. રી. જો. ૧૮ જુઓ.

બાબ ૫—દસ્તાવેજી પુરાવા બાબત.

દસ્તાવેજના મજકુરની સાબીતી. ૬૧. દસ્તાવેજના મજકુરની સાબીતી અસલ પુરાવાથી કીંવા દોયમ પુરાવાથી કરી શકાય છે.

અસલ પુરાવો. ૬૨. કોરટ તપાસે તે સારૂ હાજર કરેલો ખુદ દસ્તાવેજને અવલ પુરાવો સમજવો.

ખુલાસો ૧ લો.—કેટલાએક ભાગો મળીને જો એક દસ્તાવેજ થયો હોય, તો દરેક ભાગ દસ્તાવેજ મજકુરનો અવલ પુરાવો છે એમ સમજવું.

જ્યારે કોઈ દસ્તાવેજ સામા સામી બહાલ થયો હોય, અને તે પ્રત્યેક સામા સામી પક્ષકારોમાંથી એક કીંવા કેટલાએક પક્ષકારોએ જાતે કરી આપેલો હોય, ત્યારે તે પ્રત્યેક સામા સામી તે કરી આપનાર પ્રત્યેક પક્ષકાર વિરૂધ અસલ પુરાવો છે એમ સમજવું.

ખુલાસો ૨ જો.—કરેલા છાપથી, કીંવા શીલા છાપથી, કીંવા ફોટોગ્રાફીથી જે પ્રમાણે ઘણા દસ્તાવેજ બને છે તે પ્રમાણે જ્યારે એકજ એક સાંચાની ક્રિયા વડે ઘણાએક દસ્તાવેજ થયા હોય, ત્યારે તે પ્રત્યેક દસ્તાવેજ બાકીના બીજા દસ્તાવેજોના મજકુરનો અવલ પુરાવો છે, પરંતુ જ્યારે સઘળું સામે દસ્તાવેજો એકજ અસલ દસ્તાવેજની નકલો હોય ત્યારે તે દસ્તાવેજો સઘળું અસલ દસ્તાવેજના મજકુરનો અવલ પુરાવો થતા નથી.

દ્રષ્ટાંત.

એવું બતાવવામાં આવ્યું છે કે એક માણસના કબજામાં ઘણાં જાહેરનામાં છે અને તે સઘળે એક અસલ ઉપરથી એકી વખત છાપીને આપેલા છે. સઘળું જાહેરનામાં પઈકી હરકોઈ એક જાહેરનામું બીજા કોઈ જાહેરનામાના મજકુરનો અવલ પુરાવો છે; પરંતુ સઘળું અસલ જાહેરનામાના મજકુરના સઘળું જાહેરનામા પઈકી કોઈ પણ જાહેરનામું અવલ પુરાવો થતો નથી.

દોયમ પુરાવો. ૬૩. દોયમ પુરાવાનો અરથ નિચે લખ્યા પ્રમાણે છે અને તેમાં નિચે લખેલા વસ્તુના સમાવેશ થાય છે:--

(૧) આ આકટમાં હવે પછી જે નિયમ કહેલા છે તે પ્રમાણે આપેલી દાખલા વાળી નકલો.

(૨) યંત્ર કીરીયા વડે અસલ ઉપરથી કરેલી નકલો ત્યારે તે યંત્ર કીરીયા ઉપરથી ખરીજ નકલ થાય એવુ હોય ત્યારે, તથા એવા યંત્ર કીરીયા વડે કરેલી નકલો સાથે મુકાબલ કરેલી નકલો.

(૩) અસલ ઉપરથી કરેલી કીંવા અસલ જોડે મુકાબીલ કરેલી નકલો;

(૪) દસ્તાવેજના સામા ભાગ, જે પક્ષકારે તે કરી ન આપ્યા હોય તે પક્ષકાર વિરૂધ;

(૫) જે શખસે કોઈ દસ્તાવેજ પોતે જાતે જોએલો હોય તેણે દસ્તાવેજના મજકુરનો મુખ જુબાની કહેલો હેવાલ.

દ્રષ્ટાંતો.

(અ) અસલ દસ્તાવેજ તથા તેનો ફોટોગ્રાફ એ બેઉનો મુકાબીલ કર્યા ન હોય તો પણ સદરહુ અસલ દસ્તાવેજના મજકુરનો ફોટોગ્રાફ મજકુર હાયમ પુરાવો છે; પરંતુ જે વસ્તુ ઉપરથી ફોટોગ્રાફ મજકુર લીધો હોય તે અસલ હતો એવુ સાબીત થવુ જોઈએ.

(બ) નકલ કરવાના યંત્ર વડે કોઈ કાગળની કરેલી નકલ જોડે મુકાબીલ કરેલી નકલ તે કાગળ માંહેના મજકુરનો હાયમ પુરાવો થાય છે; પરંતુ સદરહુ નકલ કરવાના યંત્રથી કરેલી સદરહુ નકલ અસલ મજકુર ઉપરથી કરી એવુ બતાવવુ જોઈએ.

(ક) નકલ ઉપરથી કરેલી કોઈ નકલ પાછળથી અસલ જોડે મુકાબીલ કરી હોય, તો તે હાયમ પુરાવો થાય છે; પરંતુ તેને એ પ્રમાણે મુકાબીલ કરી ન હોય, તો તે અસલ દસ્તાવેજનો હાયમ પુરાવો નથી, પછી જે નકલ ઉપરથી તે કરવામાં આવી હોય તે નકલ અસલ જોડે મુકાબીલ કરી હોય તો પણ

(ડ) અસલ જોડે મુકાબીલ કરેલી નકલનો મુખ જુબાની હેવાલ કીંવા અસલ ઉપરથી લીધેલા ફોટોગ્રાફ કીંવા યંત્ર વડે નકલનો મુખ જુબાની હેવાલ, સદરહુ અસલ દસ્તાવેજનો હાયમ પુરાવો નથી.

ટીકા.—કનઈયાલાલ વિરૂધ પ્યારાબાઈ. ઈ. લા. રી. ૭ મુંબાઈ ૧૩૯ ના કેશમાં એવુ ઠરાવ્યું છે કે આ કલમની રકમ પ્રમાણે ૫ કોઈ પણ દસ્તાવેજની નકલના મજકુરની લખેલી કેફીયત હોય અને જેની અસલ નકલ કેફીયત કરનાર શખસે જોઈ ના હોય, તે પુરાવામાં દાખલ થઈ શકતી નથી.

દસ્તાવેજો અસલ પુરાવાથી સાબીત કરવા જોઈએ.

૬૪. પછી જે પ્રસંગો કહ્યા છે તે શિવાય બીજે પ્રસંગે દસ્તાવેજ અસલ પુરાવાથી સાબીત કરવા જોઈએ.

કેવે પ્રસંગે હાયમ પુરાવો આપી શકાય છે.

૬૫. કોઈ દસ્તાવેજ છે કીવા નથી એ વાતનો, તથા દસ્તાવેજની સ્થીતીનો, તથા તેના મજકુરનો હાયમ પુરાવો નીચે કહેલે પ્રસંગે આપી શકાય છે.

(અ) જે શખસની વીરૂધ દસ્તાવેજ સાબીત કરવાની ઈછા હોય તે શખસના,

કીંવા જે શખસને કોરટનો હુકમ પોહોચી શકતો નહી હોય, કિંવા તે હુકમને તે તાબે ન હોય તે શખસના,

કિંવા તે દસ્તાવેજ હાજર કરવાની જે શખસને કાયદાથી ફરજ હોય તે શખસના,

કબજામાં કિંવા અખત્યારમાં અસલ દસ્તાવેજ છે એવુ જ્યારે બતાવવામાં આવે કિંવા એવુ માલમ પડે ત્યારે.

તથા જ્યારે કલમ ૬૬ મીમાં કહેલી નોટીસ પોહોચ્યા પછી દસ્તાવેજ મજકુર૦ હાજર કરવામાં ન આવે ત્યારે તે પ્રસગે;

(બ) જે શખ્સ વિરૂધ દસ્તાવેજ મજકુર સાબીત કરવાનો હોય તે શખ્સે અસલછે એ વાત કિંવા તેની સ્થીતી, કિવા તેનો મજકુર લખોતવાર અંગીકાર કરવાનું જ્યારે સાબીત થયું હોય, ત્યારે તે પ્રસંગે

(ક) જ્યારે અસલ દસ્તાવેજનો નાશ થયો હોય ત્યારે, કીવા તે ખોવાઈ ગયો હોય ત્યારે, કીંવા તેમા લખેલા મજકુર વિશે જે પક્ષકાર પુરાવો આપવા માગે છે તે પક્ષકાર તેની પોતાની કસુર કીંવા ગફલતથી ઉતપન ન થયું એવા બીજા કોઈ કારણને લીધે યોગ્ય વખતમાં તેને હાજર કરી શકતો ન હોય ત્યારે તે પ્રસગે;

(ડ) જ્યારે અસલ દસ્તાવેજ શેહેલથી ખશેડી શકાય નહી, એવા પ્રકારનો હોય ત્યારે તે પ્રસંગે;

(ઈ) જ્યારે અસલ દસ્તાવેજ કલમ ૭૪ મુજબનો સારવજનીક દસ્તાવેજ હોય, ત્યારે તે પ્રસંગે;

(ફ) જ્યારે અસલ દસ્તાવેજ એવો હોય કે આ કાયદા મુજબ કીંવા ખટીશ ઈંડીયામાં કોઈ બીજો કાયદો અમલમાં હોય તે મુજબ તેની દાખલાવાળી નકલ પુરાવામાં આપવાની પરવાનગી હોય ત્યારે તે પ્રસંગે;

(ગ) જ્યારે અસલ દસ્તાવેજમાં ઘણા હીસાબ તથા દસ્તાવેજ હોય અને તેની તપાસણી કોરટમાં કરવા સુગમ પડતી ન હોય, તથા સઘળુ સરવે દસ્તાવેજો મળીને તેનું એકંદર સરવાળે શું પરીણામ થાય છે એ હકીકત સાબીત કરવાની હોય ત્યારે તે પ્રસગે.

. રકમ (અ) (ક) તથા (ડ) માં કહેલે પ્રસંગ દસ્તાવેજ મજકુરના મજકુરનો હરકોઈ દોયમ પુરાવો લેવા યોગ્ય છે એમ સમજવુ.

રકમ (બ) માં કહેલ પ્રસંગે રકમ મજકુરમાં કહેલો અંગીકાર લેવા યોગ્ય છે એમ જાણવુ.

રકમ (ઈ) તથા (ફ) મા કહેલે પ્રસંગે દસ્તાવેજ મજકુરની દાખલાવાળી નકલ લેવા યોગ્ય છે, પરવુ કોઈ બીજી જાતનો દોયમ પુરાવો લેવા યોગ્ય નથી.

રકમ (ગ) માં કહેલ પ્રસંગે જે શખ્સે દસ્તાવેજ મજકુર તપાસ્યા હોય, તથા એવા દસ્તાવેજની તપાસણી તપાસણી કરવામાં જે શખ્સ કુશળ હોય તે શખ્સની તપાસણીનું એકંદર સરવાળે શું પરીણામ થયું છે એ બાબતનો પુરાવો આપી શકાય છે.

ટીકા.—આ કલમની રકમ (ક). જ્યારે કોઈ રજીસ્ટર કરેલું ખત ખોવાયું હોય ત્યારે તેનો દોયમ પુરાવો લેવાયો હતો; અને રજીસ્ટર આફીસમાથા તેના સહીવાળી નકલ રજુ કરવાની કાંઈ જરૂર પાડી નહોતી. હરીચંદ્ર મલીક વીરૂધ પ્રોસોનો કુમાર બેનરજી, ૨૨ વી, રી, પા. ૩૦૩ જુઓ ફુલ. પ્રૃ૯ ૩૭૦.

કયા કયા દસ્તાવેજો, સાક્ષીઓ રજુ કરવાને બંધાએલા નથી તેને વાસ્તે આ આકટની કલમ 130-31 જુઓ.

ઇન્સાફ કરવાની કારવાઈમાં હાયમ પુરાવામાં ઉપયોગ શબ્દો બતાવવા જોઈએ. ક્રૂ રાઈની વારૂધ બરેલી. બો. રી. ૪ પ્રો. કાં. પા. ૨૮૭.

કોઈ વાદીએ બતાવ્યું કે મારો દસ્તાવેજ ચોરે ચોરી કરી લાવ્યો છે અને રજીસ્ટર કરેલી નકલ રજુ કરી તેની સાથે કેટલાક કકડા રજુ કર્યા અને બતાવ્યું કે એ ફાડી નાખેલા ખતના કકડા છે. પણ આ બાબત કાંઈ બીજો પુરાવો આપી શકાયો નહી. તેમાં પ્રીવીકાઉન્સીલે હાયમ પુરાવો લાગ્યો નહી. સઈદ અબ્બાસ અલીખાન વીરૂધ ચાહીમ શા બી ૧૯ી ૭ મુરની ઈંડીયન અપીલ પા. ૧૫૬.

દસ્તાવેજ હાજર કરવા બાબતની નોટીસ વીશેના નિયમો.

૬૬. કલમ ૬૫ ની રકમ (અ) માં ઠરાવેલા દસ્તાવેજોના મજકુરનો હાયમ પુરાવો આપવા જે પક્ષકાર માગતો હોય, તે પક્ષકારે દસ્તાવેજ મજકુર હાજર કરવાની કાયદામાં ફરમાવ્યા મુજબની નોટીસ અથવા કાયદામાં કાંઈ નોટીસ ફરમાવી ન હોય તો તે કામની કેફીયત ઉપરથી કોરટને યોગ્ય જણાય એવી નોટીસ જે શખસના કબજામાં કીંવા અખત્યારમાં તે દસ્તાવેજ હોય તે શખસને અથવા તેના એટરનીને અથવા વકીલને પેશતરથી ન આપી હોય તો સદરહુ મુજબનો હાયમ પુરાવો આપવો નહી.

પરંતુ નિચે લખેલા કામો પઈકી કોઈ પણ કામમાં કીંવા જે બીજા કામમાં એવી નોટીસ આપવાની જરૂર નથી એવું કોરટને લાગે તેવા કામમાં, હાયમ પુરાવો લેવાઈ શકે એટલા સારૂ સદરહુ પ્રમાણેની નોટીસ આપવાની જરૂર નથી, તે કામો નિચે મુજબ,—

(૧) જે દસ્તાવેજ સાબીત કરવાનો હોય તે દસ્તાવેજ જાતે નોટીસ હોય તે કામમાં;

(૨) જે કામમાં પોતાને દસ્તાવેજ મજકુર હાજર કરવાનું કહેવામાં આવશે એમ તે કામના પરકાર ઉપરથી સામા પક્ષકારને માલમ પડવું જોઈએ તેવા કામમાં.

(૩) અસલ દસ્તાવેજનો કબજો સામા પક્ષકારે દગલબાજી કીંવા જબરાઈથી મેળવ્યો છે એવું દેખાય કીંવા સાબીત થાય તે કામમાં,

(૪) જ્યારે અસલ દસ્તાવેજ મજકુર સામા પક્ષકારની કીંવા તેના મુખત્યારની પાસે કોરટમાં હોય ત્યારે તે કામમાં;

(૫) દસ્તાવેજ ખોવાઈ ગયો છે એવું સામાવાળાએ કીંવા તેના મુખત્યારે અંગીકાર કર્યું હોય તે કામમાં;

(૬) જે શખસને કોરટનો હુકમ પોહોંચી શકતો નથી કીંવા તે હુકમને તે તાબે નથી તે શખસના કબજામાં દસ્તાવેજ મજકુર હોય તે કામમાં.

હાજર કરેલા દસ્તાવેજ ઉપર અમુક માણસે સહી કરીછે અથવા તે તેણે લખ્યોછે એવું કેહેવામાં આવે ત્યારે તેની સહી

૬૭. કોઈ દસ્તાવેજ ઉપર કોઈ શખસે સહી કરી છે કીંવા તે સઘળો કીંવા તેનો કાંઈ ભાગ શખસ મજકુરે લખ્યો છે એવું કહેવામાં આવતું હોય તો તે સહી તે શખસના હાથની છે એવું, અથવા દસ્તાવેજ મજકુરનો જેટલો ભાગ માણસ મજકુરના હાથનો છે એમ કહેવામાં આવતું હોય તેટલા ભાગનું લખાણ તે શખસના હાથનું છે, એવું સાબીત થવું જોઈએ.

ની તથા અક્ષર ની સાબીતી થવી જોઈએ.

દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે સાક્ષી હોવા જરૂર હોય તો તે દસ્તાવેજ થયાની સાબીતી થવા બાબત.

૬૮. કોઈ દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે શાક્ષી થવી જરૂર હોય, અને દસ્તાવેજ મજકુરનો શાક્ષી કરનાર શખ્સ હયાત હોય, તથા કોર્ટના અમલમાં હોય, તથા પુરાવો આપવાને શકત હોય, તો દસ્તાવેજ મજકુર થયાની વાત સાબીત કરવા સારૂ ઓછામાં ઓછો એક શાહેદ પણ બોલાવ્યા શિવાય તે દસ્તાવેજ પુરાવા દાખલ વાપરવો નહી.

ટીકા—જે દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે સાક્ષી હોવાની જરૂર છે તેવા દસ્તાવેજ, ૧૮૬૫ ના ૧૦ મા આકટ, (ઇંડીયન સકસેશન આકટ)ની કલમ ૫૦ પ્રમાણે "વીલ" છે.

સક્ષી કરનાર સાહેદ મળતો નહિ હોય તો કેવી સાબીતી જોઈએ.

૬૯. એવો શાહેદ કોઈ મળી શકતો નહોય, કીંવા સંયુકત થએલા ગેરટબ્રીટન તથા આયરલંડના રાજ્યમાં તે દસ્તાવેજ થયો છે એવું દસ્તાવેજ મજકુર ઉપરથી સમજાતું હોય તો ઓછામાં ઓછા એક સાહેદની પણ સાક્ષી તેના હાથની કરેલી છે એવું તથા જે માણસે દસ્તાવેજ લખી આપ્યો છે તેની સહી તેનાજ હાથની છે એવું સાબીત થવું જોઈએ.

દસ્તાવેજ ઉપર સાક્ષી થઈ હોય તે દસ્તાવેજ થયાનો અંગીકાર.

૭૦. જે દસ્તાવેજ ઉપર શાક્ષી થઈ હોય તે દસ્તાવેજ જે માણસે લખી આપ્યો હોય તે પોતેજ તે દસ્તાવેજ લખી આપ્યાનું અંગીકાર કરે તો તે અંગીકાર દસ્તાવેજ મજકુર થયો છે એ વાતની લખી આપનાર મજકુર વીરૂધ પુરતી સાબીતી છે એમ સમજવું; પછી તે દસ્તાવેજ એવો હોય કે કાયદા પ્રમાણે તેના ઉપર સાક્ષી થવી જોઈએ તો પણ.

દસ્તાવેજ ઉપર સાહેદી કરનાર સાહેદ દસ્તાવેજ થયાનું નાકબુલ કરે તો બીજી સાહેદી આપી શકાય છે.

૭૧. દસ્તાવેજ થયાની વાત દસ્તાવેજ ઉપર સાક્ષી કરનાર શાહેદ નાકબુલ કરે, કીંવા તેને તે વાત યાદ ના હોય તો સદરહુ દસ્તાવેજ થયાની વાત બીજા પુરાવા ઉપરથી સાબીત કરી શકાય છે.

જે દસ્તાવેજ ઉપર સાક્ષી થવાની કાયદા મુજબ જરૂર નથી તેની સાબીતી બાબત.

૭૨. જે દસ્તાવેજ ઉપર સાક્ષી થવાની કાયદા મુજબ જરૂર નથી, તે દસ્તાવેજ ઉપર સાક્ષી થઈ હોય તો જાણે તે દસ્તાવેજ ઉપર સાક્ષી થઈજ નથી એમ સમજીને તેની શાબીતી કરી શકાય છે.

અક્ષરના મુકા

૭૩. કોઈ સહી કીંવા લખાણ કીંવા સીક્કો જે શખ્સે કર્યાનું તે

ખુલા બાબત. ઉપરથી સમજાતુ હોય તે શખસે તે સહી કીંવા લખાણ કીંવા સીકો કર્યો છે કે કેમ, એ વાતનો નિશ્ચય કરવા સારૂ, જે સહી કીંવા લખાણ કીંવા સીકો શખસ મજકુરનો છે એવો અંગીકાર કરવામાં આવ્યો હોય, કીંવા એવી સાબીતી કોરટની ખાતરી લાયક થઈ હોય તે સહી કીંવા લખાણ કીંવા સીકાનો મુકાબલો. જે સહી કીંવા લખાણ કીંવા સીકો સાબીત કરવાના છે, તેની જોડે કરી શકાય છે. પછી જેની સાથે મુકાબલો લેવાનો છે તે સહી કીંવા લખાણ કીંવા સીકો બીજા કોઈ કારણને સારૂ હાજર કરવામાં આવ્યો ન હોય; કીંવા તેની સાબીતી કરવામાં આવી ન હોય તોપણ.

કોરટમાં હાજર હોય એવા કોઈ શખસે જે શબ્દો કીંવા આંકડા લખ્યાનું કહેવામાં આવતુ હોય, તે શબ્દ કીંવા આંકડા જોડે મુકાબલો કરવા સારૂ શખસ મજકુરને હરકોઈ શબ્દો કીંવા આંકડા લખવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે

સારવજનિક દસ્તાવેજ.

સારવજનીક દસ્તાવેજ. ૭૪. નિચે લખેલા દસ્તાવેજને સારવજનીક દસ્તાવેજ સમજવા.

૧ જે દસ્તાવેજ નિચે લખ્યા મુજબના આકટ હોય અથવા આકટના લેખ હોય તે દસ્તાવેજ.

(૧) રાજના સેનાધીપે કીધેલા આકટ કીંવા આકટના લેખ.

(૨) સરકારી મંડળીએ તથા ઇનસાફની કોરટે કીધેલા આકટ કીંવા આકટોના લેખ.

(૩) તથા બ્રિટીશ ઇંડીયા માંહેના અથવા મહારાણીના રાજ્યના કોઈ પણ બીજા ભાગ માંહેના, અથવા પરરાજ્ય માંહેના, કાયદા કરનારા, તથા ઇનસાફ કરનારા, તથા રાજ્ય કારભાર ચલાવનારા, સરકારી અમલદારોએ કીધેલા આકટ કીંવા આકટના લેખ.

૨. ખાનગી દસ્તાવેજના સારવજનીક લેખ બ્રીટીશ ઇંડીયામાં રાખવામાં આવતા હોય તે.

રજીષ્ટર દસ્તાવેજો વિશે.

ખાનગી દસ્તાવેજ. ૭૫. બીજા સરવે દસ્તાવેજોને ખાનગી દસ્તાવેજ સમજવા.

સારવજનીક દસ્તાવેજની દાખલાવાળી નકલો. ૭૬. જે સારવજનીક દસ્તાવેજ તપાસવાનો હરકોઈ શખસનો હક છે, તે સારવજનીક દસ્તાવેજ, જે સરકારી અમલદારના હવાલામાં હોય, તે દરએક સરકારી અમલદારે તેની નકલ સદરહુ શખસને માગેથી તથા તેને સારૂ કાયદા મુજબની ફી ભરેથી આપવી. તથા તેની સાથે જ નકલ મજકુરની તળે એવુ એક સરટીફીકેટ લખી આપવુ, કે એ નકલ દસ્તાવેજ મજકુરની, અથવા તેનો ભાગ હોય તો તેના ભાગની, ખરી નકલ છે; એ સરટીફીકેટની ઉપર સદરહુ અમલદારે તારીખ નાખવી, તથા તે નિચે પોતાના સરકારી હોદા સાથે પોતાના નામની સહી કરવી, અને અમલદાર મજકુરને સીકો વાપરવાનો કાયદાથી

અધીકાર હોય તો તેના ઉપર સીકો મારવો. એ પ્રમાણે જે નકલો ઉપર દાખલો લખ્યો હોય તે નકલોને દાખલાવાળી નકલો કહેવી.

ખુલાસો.—જે અમલદારને સરકારી હોદાના કામના સાધારણ રીતે આવતા પ્રસંગથી એવી નકલો સ્વાધીન કરવાનો અધીકાર હોય તે, દર એક અમલદારના હવાલામાં એવા દસ્તાવેજ છે. એવો આ કલમનો અરથ સમજવો.

ટીકા.—જુદી જુદી જાતનાં દસ્તાવેજની નકલો ઉપર સ્ટાંપ ચોડવા બાબત સને ૧૮૭૦ નો કોરટ ફી આકટના પરીશીષ્ટ ૧ લાની કલમો ૬–૯ જુઓ. હિંદુસ્તાનની સરકારની જાહેરખબર નંબર ૯૯૬ તા૦ ૬ જુન ૧૮૭૩ ના રોજે કરેલી, પ્રમાણે ફોજદારી કામ ચાલવવાની રીતીના કાયદાના ઠરાવો મુજબ કેટલીક નકલો ઉપર સ્ટાંપ ચોડવાની જરૂર નથી તે નીચે પ્રમાણે.

૧ તોહોમતદારને આપેલી તોહોમતનામાની નકલ ઉપર.

૨ તોહોમતદારને આપેલી જુબાનીઓની નકલ ઉપર.

૩ જે શખસ જેલમાં હોય અને તેને નુકશાન થયું હોય તે સખસને આપેલી ફોજદારી કોરટના ફેંસલાની નકલ ઉપર.

૪ તોહોમતદારને આપેલી સાહેદોની જુબાનીઓની નકલ ઉપર.

૫ તોહોમતદારને આપેલા તોહોમતનામાની નકલ ઉપર.

૬ ભરણ પોષણના હુકમની નકલ ઉપર.

એવી નકલો ગુજારવા બાબત.

૭૭. જે સારવજનીક દસ્તાવેજની અથવા સારવજનીક દસ્તાવેજના ભાગની સદરહુ પરમાણેની દાખલાવાળી નકલોની નકલ છે, એવું તે નકલ ઉપરથી સમજાય, તે સારવજનીક દસ્તાવેજમાંના અથવા દસ્તાવેજના ભાગમાંના, લખાણના સાબીતામાં સદરહુ પરમાણેના દાખલાવાળી નકલો ગુજારી શકાયછે.

બીજા સરકારી દસ્તાવેજોની સાબીતો બાબત.

૭૮. નિચે પ્રમાણેના સારવજનિક દસ્તાવેજ નિચે પ્રમાણે સાબીત કરી શકાય છે.

૧. બ્રીટીશ ઇંડીયાનો રાજ્યકારભાર ચલાવનાર સરકારના હરકોઇ કારખાનેથી થયેલા, અથવા હરકોઇ સ્થાનીક સરકારે કરેલા અથવા હરકોઇ સ્થાનીક સરકારના કારખાનેથી થયેલા આકટો, હુકમો, અથવા જાહેરનામાઓ, એ સરવે,

સદરહુ કારખાનાના દફતરો જેના તે કારખાનાના ઉપરી તરફથી દફતર મજકુરો તેજ કારખાનાના છે એવા દાખલા સહીત મોકલવામાં આવે તે દફતરોથી સાબીત કરી શકાયછે.

અથવા એવી કોઇ સરકારના હુકમથી કોઇ દસ્તાવેજ છપાય છે એવું તે દસ્તાવેજ ઉપરથી જણાય તે દસ્તાવેજથી સાબીત કરી શકાય છે.

(૨.) કાયદા કરનારી સભાઓના પ્રોસીડીંગ, એ

સદરહુ જેની તે સભાના રોજ કામથી અથવા કોઇ પ્રસીધ કરેલા આકટોથી, અથવા સાર ગ્રંથથી, અથવા કોઇ નકલો સરકારના હુકમથી છપાય છે એવું તે નકલો ઉપરથી સમજાય તે નકલોથી સાબીત કરી શકાય છે.

(૩) માહારાણીએ અથવા પ્રીવીકાઉન્સીલે કરેલાં અથવા માહારાણીની સરકારના

કોઈ પણ કારખાનેથી બહાર જાહેરનામાઓ, હુકમો અથવા નિયમો, એ સરવે,

લંડન ગેજેટમાં, નકલો અથવા ઉંતખાબો હોય તેનાથી, અથવા કોઈ નકલ અથવા ઉંતખાબ રાણીના છાપનારે છાપ્યાં છે એવું તે નકલ અથવા ઉંતખાબ ઉપરથી સમજાય તે નકલો અથવા ઉંતખાબોથી, સાબીતી કરી શકાય છે;

(૪) કોઈ પરરાજ્યની રાજ્યકારભાર ચલાવનાર સરકારના આકટો અથવા કોઈ પરરાજ્યની કાયદા કરનાર સભાના પ્રોસીડીંગ, એ

સદરહુ સરકાર અથવા સભાના હુકમથી છપાતાં હોય એવાં, અથવા એ પ્રમાણે છપાએલાં રાજ્ય મજકુરમાં સામાન્ય રીતે મનાતાં હોય એવાં રોજ કામથી અથવા તે રાજ્યના અથવા ત્યાંના સત્તાધીશના સીકા સાથેની દાખલાવાળી નકલોથી અથવા હિંદુસ્તાનના ગવરનર જનરલ ઈન કાંઉન્સીલના કોઈ પ્રસીદ્ધ આકટમાં સદરહુ આકટો અથવા પ્રોસીડીંગને કબુલ રાખ્યા હોય તો તેથી શાબીત કરી શકાય છે.

(૫) બ્રીટીશ ઈંડિયામાંની કોઈ મ્યુનીસીપાલ મંડળીના પ્રોસીડીંગ.

એવાં પ્રોસીડીંગ જેની પાસે કાયદા પ્રમાણે રહેત હોય, તેણે કરી આપેલી દાખલાવાળી સદરહુ પ્રોસીડીંગની નકલથી અથવા કોઈ છાપેલી ચોપડી એવા મંડળીના હુકમથી પ્રસીદ્ધ થાય છે એવું તે ચોપડી ઉપરથી સમજાતું હોય તે ચોપડીથી શાબીત કરી શકાય છે.

(૬) કોઈ પારકા દેશમાંના કોઈ બીજી જાતના સારવજનીક દસ્તાવેજ.

અસલ દસ્તાવેજથી શાબીત કરી શકાય છે; અથવા કાયદા પ્રમાણે તે લેખ જેની પાસે રહેતો હોય તેણે કરી આપેલી દાખલાવાળી નકલ સાથે, જો કોઈ નોટરી પબ્લિકનું, અથવા બ્રિટીશ કાંઉન્સલનું, અથવા રાણી તરફથી તે રાજ્યમાં મોકલેલા કોઈ વકીલનું, દિપ્લોમાટીક એજંટનું સરટીફીકેટ હોય કે અસલ દસ્તાવેજ કાયદા પ્રમાણે જે અમલદારના હવાલામાં છે, તે અમલદારે યોગ્ય રીતે નકલ મજકુર ઉપર ખરાપણાંનો દાખલો કરયો છે તો સદરહુ પારકા દેશના કાયદા પ્રમાણે દસ્તાવેજ મજકુરનો પ્રકાર શાબીત થએથી સદરહુ દાખલાવાળી નકલથી શાબીત કરી શકાય છે.

દસ્તાવેજ બાબત અનુમાન.

દાખલાવાળી નકલોના ખરા પણા વિશે.

૭૯. કોઈ દસ્તાવેજ ઉપરથી એવું સમજાય કે તે સરટીફીકેટ છે, અથવા દાખલાવાળી નકલ છે, અથવા કોઈ અમુક હકીકતના પુરાવામાં કાયદાના ઠરાવ ઉપરથી લેવા યોગ્ય બીજો દસ્તાવેજ છે, તથા દસ્તાવેજ મજકુર ઉપરથી એવું સમજાય કે તે ખરો છે એવો દાખલો, બ્રીટીશ ઈંડીયામાંના હરકોઈ અધીકારીએ અથવા મહારાણી સાથે દોસ્તી રાખનારા હરકોઈ દેશી સંસ્થાનમાંના કોઈ અધિકારીને ગવરનર જનરલ ઈન કાંઉન્સીલે યોગ્ય રીતે એ બાબત અખત્યાર આપ્યો હોય એવા હરકોઈ અધીકારીએ, યોગ્ય રીતે તેના ઉપર આપ્યો છે તેવો પ્રત્યેક દસ્તાવેજ ખરો છે એવું અનુમાન કોરટે કરવું, પરંતુ એવા દસતાવેજને સારૂ કાયદામાં જે નમુનો ઠરાવ્યો હોય તે નમુના પ્રમાણે તે દસતાવેજ મુખ્ય મુદ્દાની વાતે હોવો જોઈએ તથા તે દસતાવેજ જે રીતે કરવાનું કાયદામાં ઠરાવ્યું હોય તે રીતે થએલો છે એવું તે દસતાવેજ ઉપરથી માલમ પડવું જોઈએ. એવા કોઈ દસતાવે

જ ઉપરથી જે અધીકારીએ તે ઉપર સહી કીધેલી અથવા દાખલો આપેલો સમજાતો હોય તે અધીકારીને સદરહુ સહી કરતી વખતે કાગળ મજકુરમાં અધીકારી મજકુરે બતાવ્યા પ્રમાણેનો સરકારી ઓહદો હતો એવું પણ કોરટે અનુમાન કરવું.

પુરાવાનું દફતર ગુજારવામાં આવે ત્યારે કેવું અનુમાન કરવું.

૮૦ જ્યારે હરકોઈ કોરટની રૂબરૂ એવો હરકોઈ દસતાવેજ ગુજારવામાં આવે કે તે દસતાવેજ ઉપરથી એમ સમજાય કે દસતાવેજ મજકુર કોઈ ઈનસાફી મુકદમામાં કીંવા એવો પુરાવો લેવાનો કાયદાથી અખતયાર હોય એવા હરકોઈ અધીકારીની રૂબરૂ કોઈ શાહેદે આપેલી સાહેદીનું કીંવા સાહેદીના ભાગનું દફતર કીંવા યાદદાસ્ત છે અથવા તો હરકોઈ કેદીની કીંવા તોહોમતવાળા શખસની કાયદા પ્રમાણે લખેલી જુબાની કીંવા કબુલત છે તથા દસતાવેજ મજકુર ઉપરથી એવું સમજવામાં આવે કે તેના ઉપર કોઈ જડજ કીંવા માજીસટરેટ કીંવા એવા ઉપર કહેલા કાઈ અધીકારીએ સહી કીધી છે ત્યારે કોરટ મજકુરે એવું અનુમાન કરવું કે,

દસતાવેજ મજકુર ખરો છે તથા સદરહુ સાહેદી કીંવા જુબાની કીંવા કબુલતના ઉપર સહી કરનાર શખસે સાહેદી કીંવા કબુલત કેવી હકીકતની સાથે લેવામાં આવી હતી તે બાબત જે વાતો લખેલી તે ઉપર થકી સમજાય તે વાતો ખરી છે તથા એવી સાહેદી કીંવા જુબાની કીંવા કબુલત યોગ્ય રીતે લેવામાં આવી હતી.

ગેજેટ બાબત અનુમાન.

૮૧. કોઈ દસ્તાવેજ ઉપરથી એવું સમજાય કે તે લંડન ગેજેટ છે, અથવા ઈંડીયા ગેજેટ છે અથવા હરકોઈ સ્થાનીક સરકારનું કીંવા બ્રિટીશ સરકારે વસાવેલા હરકોઈ મુલકનું, કીંવા બ્રીટીશ સરકારના તાબાના કીંવા હસતગત કીધેલા મુલકનું, સરકારી ગેજેટ છે, અથવા કોઈ વરતમાનપત્ર કીંવા ચોપાનીયું છે, અથવા પારલામેંટના અસારવજનીક આકટની રાણીના છાપનારે છાપેલી નકલ છે, તે પ્રત્યેક દસ્તાવેજ, તથા કોઈ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે એવો દસ્તાવેજ છે કે તેને કોઈ શખસે રાખવાનું કાયદામાં ફરમાવ્યું છે, તે પ્રત્યેક દસ્તાવેજ, જો કાયદામાં ફરમાવેલા નમુના પ્રમાણે મુખ્ય મુદ્દાની વાતે રાખવામાં આવતો હોય તથા જેના હવાલામાંથી રજુ થયો જોઈએ તેના હવાલામાંથી રજુ થાય તો તે ખરો છે એવું કોરટે અનુમાન કરવું.

સહી અથવા સિક્કાની શાબેતી થયા વગર ઈંગ્લાંડમાં જે દસ્તાવેજ પુરાવામાં લેવા યોગ્ય હોય તે દસ્તાવેજ બાબત અનુમાન.

૮૨. કોઈ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે દસ્તાવેજ ઈંગ્લાંડમાં અથવા આયરલાંડમાં તે વખતના ચાલુ કાયદા પ્રમાણે ઈંગ્લાંડ અથવા આયરલાંડ માંહેથી હરકોઈ ઈનસાફી કોરટમાં તે ઉપરના તેના બરાબરપણા બાબતના સિક્કા કીંવા સહીની અથવા તેના ઉપર જે શખસે સહી કરવાનું તે ઉપરથી સમજાય તે શખસની ઈનસાફી અથવા સરકારી હોદ્દાની શાબીતી થયા વિના કોઈ વાતની શાબીતીમાં લેવા યોગ્ય હોય એવો દસ્તાવેજ છે. તો તે દસ્તાવેજ જ્યારે કોઈ કોરટમાં ગુજારવામાં આવે. ત્યારે કોરટે અનુમાન કરવું કે એવો સીક્કો કીંવા સ્ટાંપ કીંવા સહી ખરી છે, તથા તે દસ્તાવેજના ઉપર સહી કરનાર શખસને સહી મજકુર કરતી વખતે તેનો બતાવેલો ઈનસાફી કીંવા સરકારી હોદ્દો હતો;

તથા ઈંગલાંડ અથવા આયરલાંડમાં દસતાવેજ મજકુર જે વાતના પુરાવામાં લેવા સારૂ હોય તે વાતના પુરાવા સારૂ તેને કબુલ રાખવો.

હરકોઈ મુકદ્દમા કામ સારૂ બનાવેલાં નકશાની સાબિતી બાબત.

૮૩. કોઈ નકશા અથવા પલાન ઉપરથી એમ સમજાય કે તે સરકારના હુકમથી કરવામાં આવ્યા છે તો તે નકશા અથવા પલાન એ પ્રમાણે કરવામાં આવ્યા છે તથા બરાબર છે એવું કોરટે અનુમાન કરવું પરંતુ હરકોઈ મુકદ્દમાના કામને સારૂ જે નકશા અથવા પલાન બનાવ્યા હોય તે નકશા તથા પ્લાન બરાબર છે એવી સાબિતી થવી જોઈએ.

કાયદાના તથા કોરટના ફેંસલાઓના સંગ્રહ ગ્રંથ બાબત અનુમાન.

૮૪. કોઈ ગ્રંથ ઉપરથી એમ સમજાય કે તે હરકોઈ દેશની સરકારના હુકમથી છાપવામાં કીંવા પ્રસીધ્ધ કરવામાં આવ્યો છે, તથા તેમાં દેશ મજકુરના કાયદાઓમાંના કોઈ કાયદા છે, તો એવો પ્રત્યેક ગ્રંથ ખરો છે એવું કોરટે અનુમાન કરવું.

તથા કોઈ ગ્રંથ ઉપરથી એવું સમજાય કે તેમાં એવા દેશની કોરટોના ફેંસલાના રીપોર્ટ છે, તો એવો પ્રત્યેક ગ્રંથ ખરો છે એવું કોરટે અનુમાન કરવું.

મુખતીયારનામા બાબત અનુમાન.

૮૫. કોઈ દસતાવેજ ઉપરથી એમ સમજાય કે તે મુખતીયારનામું છે, તથા તે હરકોઈ નોટરી પબ્લીકની અથવા કોરટની અથવા જડજની અથવા માજીસટરેટની અથવા બરટીશ કોનશલની અથવા વાઈસ કોનસલની અથવા મહારાણીના અથવા હિંદુસ્તાનની સરકારની પ્રતીનીધીની રૂબરૂ થએલું છે તથા તેના ખરાપણા વિશે તેના ઉપર તેણે સહી કરી છે તો એવો પ્રત્યેક દસતાવેજ એ પ્રમાણે થએલો છે તથા તે ઉપર એ પ્રમાણે ખરાપણાની સહી કરી છે એવું કોરટે અનુમાન કરવું.

પારકા દેશના ઈનસાફના દફતરોની દાખલાવાળી નકલો બાબત અનુમાન.

૮૬. કોઈ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે મહારાણીના તાબાના મુલકનો ભાગ ન હોય એવા કોઈ દેશના ઈનસાફના દફતરની દાખલાવાળી નકલ છે ત્યારે તે દસ્તાવેજ ઉપરથી જો એવું જણાય કે દેશ મજકુરમાં ઈનસાફના દફતરની નકલો ખરી કરી આપવા સારૂ જે રીત સામાન્ય રીતે ઉપયોગમાં આવતી હોય તે રીતે કરી છે તેનો દાખલો મહારાણીના અથવા હીંદુસ્થાનના સરકારના એવા દેશમાં રેહેનારા પ્રતીનીધીએ આપ્યો હોય તે દાખલામાં લખેલી રીત પ્રમાણે દસ્તાવેજ મજકુર ઉપર ખરાપણાનો દાખલો કરેલો છે તો તે દસ્તાવેજ ખરો તથા બરાબર છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

ટીકા.—શ્રીમતી રાની ભાઉની ડોસી વીરૂધ ગીરધર ભાઉ ૮ અ. જ. ૧૪. માં ભકફુર દાન જડજે પારકા દેશના જજમેંટની નકલ પુરાવામાં દાખલ કરી હતી કેમકે તે જજમેંટ કોરટના રજીશટ્રારે ખરૂ કરી આપ્યું હતુ તથા તેમાં સીકો કરયો હતો એમ એક સાહેદે કસમ ખાધા હતા; જોકે આ કલમ પ્રમાણે મહારાણીના અથવા હિંદુસ્તાનની સરકારના પ્રતિનીધીએ તે ખરૂ કરી આપ્યું નહોતું તે છતાં પણ મજકુર જજમેંટની નકલ પુરાવામાં દાખલ કરી હતી.

ચોપડીના નકશા બાબત અનુમાન.

૮૭. જે વિષયોમાં સારવજનીક કીવા સામાન્ય ફાયદા ગેરફાયદાનો સંબંધ છે તે વિષયો સંબંધી માહીતી સારૂ કોઈ ચોપડી કોરટ જોય તે ચોપડી તથા કોઈ પ્રસીધ્ધ થએલા નકશો અથવા ચારટ કોરટમાં તપાસવાને સારૂ રજુ કરવામાં આવે અને તેમાં બતાવેલી વાત લગતની હકીકત હોય. તો તે ચોપડી તથા નકશો અથવા ચારટ જે શખસે અથવા વખતે અથવા જે જગાએ લખ્યાનું અથવા છાપ્યાનું તે ઉપરથી સમજાય, તે શખસે તથા તે વખતે તથા તે જગાએ છાપ્યો તથા પ્રસીધ્ધ કાધો, એવુ અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

ટેલીગ્રાફ તથા પત્ર વડે થએલી નકલો તથા તારયંત્ર મારગે મોકલેલા સંદેસા બાબત અનુમાન.

૮૮. કોઈ તાર યંત્રની કચેરીમાંથી કોઈ સંદેશો તેમાં બતાવ્યા પ્રમાણેના શખસ પાસે મોકલવામાં આવ્યો હોય તે સંદેસો જે તાર યંત્રની કચેરી તરફથી આવેલો તે સંદેશા ઉપરથી સમજાય તે કચેરીમાં તાર યત્ર મારગે મોકલવા સારૂ આપેલા સંદેશા સાથે મળતો છે, એવુ અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે; પરંતુ એવો સંદેશો તારયત્ર મારગે મોકલવાને જે શખસે આપ્યો હોય તે સખસ બાબત કોરટે કાંઈ અનુમાન કરવુ નહી.

કોરટમાં રજુ નહી થયાં હોય એવા દસ્તાવેજ યોગ્ય રીતે થયા વિગરે બાબત અનુમાન.

૮૯. કોઈ દસ્તાવેજ મંગાવ્યો હોય અને તેને હાજર કરવાની નોટીસ આપ્યા પછી રજુ ન થયો હોય, તો તેવા પરતીએક દસ્તાવેજ ઉપર કાયદામાં ફરમાવેલી રીતી પ્રમાણે સાક્ષી છે, તથા સ્ટાંપ છે, તથા તે થયો છે એવુ અનુમાન કોરટે કરશે.

તીશ વરસના જુના દસ્તાવેજ.

૯૦ કોઈ દસ્તાવેજ ઉપરથી એવુ સમજાય છે કે તે ત્રીસ વરસનો જુનો છે અથવા તે ત્રીસ વરસનો જુનો છે એવુ સાબિત થયું હોય તેવો દસ્તાવેજ કોઈ એવા હવાલામાંથી રજુ થાય કે તે હવાલો તે અમુક કામમાં કોરટની નજરમાં યોગ્ય લાગે ત્યાર તે કામમાં કોરટ એવુ અનુમાન કરવાને મુખત્યાર છે કે એવા દસ્તાવેજ ઉપરની સહી તથા તેનો બીજો પરતેક ભાગ કોઈ અમુક શખસને અક્ષરે લખેલો તે ઉપરથી સમજાય તે શખસને અક્ષરે લખેલો છે તથા કામ મજકુર સહી અથવા સાક્ષી થએલા દસ્તાવેજની તકરારનું હોય તો તે દસ્તાવેજ ઉપર જે શખસોએ સહી તથા સાક્ષી કરયાનું તે ઉપરથી સમજાય તે શખશોએ તેના ઉપર યોગ્ય રીતે સહી તથા સાક્ષી કરી છે.

ખુલાસો.—જ્યારે દસ્તાવેજ જે જગ્યામાં તથા જે શખસની સંભાળ તળે સ્વભાવીક રીતે હોવા જોઈએ તે જગ્યામાં તથા તે શખસની સંભાળ તળે હોય ત્યારે દસ્તાવેજ મજકુર યોગ્ય હવાલામાં છે એમ સમજવુ; પરંતુ એવું સાબીત થાય કે કોઈ હવાલાની ઉતપતી યાને મુળ કાયદેસર છે. અથવા તે અમુક કામની હકિકત ઉપરથી તે હવાલાની ઉતપતી સંભવીત કરતી હોય તો તે હવાલો યોગ્ય નથી.

આ ખુલાસો કલમ ૮૧ મી ને પણ લાગુ છે.

દ્રષ્ટાંતો.

(અ) **અ** ની પાસે લાંબી મુદતથી કાંઈ જમીનની મીલકતનો કબજો છે; તે પોતાના કબજામાંથી જમીન મજકુરને સંબંધ રાખતા તે ઉપરના પોતાના હકના ખત તે રજુ કરે છે. એ હવાલો યોગ્ય છે.

(બ) કોઈ જમીનની મીલકતનો **અ** ગીરેદાર છે. તે જમીન સંબંધીના ખત રજુ કરે છે જમીન મજકુર ગીરે મુકનારના કબજામાં છે એ હવાલો યોગ્ય છે.

(ક) **અ** **બ** નો કાંઈ સગો છે. તેને **બ** ના કબજામાંની જમીન સંબંધીના ખત સંભાળથી સાચવી રાખવા સારૂ **બ** એ અનામત આપી મુકેલાં તે **અ** રજુ કરે છે. એ હવાલો અયોગ્ય છે.

બાબ ૬—દસ્તાવેજી પુરાવો હોય ત્યારે મુખ જુબાની પુરાવો નહી લેવા બાબત.

લખેલાં કરારની સરતોનો પુરાવો.

૯૧. જ્યારે કોઈ કરારની, કીંવા કોઈ દાનની, કીંવા મીલકતની બીજી હરકોઈ વ્યવસ્થાની સરતનો દસ્તાવેજ થયો હોય ત્યારે તથા જે કામામાં કોઈ બાબતનો દસ્તાવેજ કરવાનું કાયદામાં ફરમાવ્યુ હોય તે સરવે કામામાં, એવા કરારની, કીંવા દાનની, કીંવા મીલકતની બીજી વ્યવસ્થાની સરતોની સાબીતીમાં, અથવા એવી બાબતની સાબીતીમાં સદરહુ મુળ દસ્તાવેજ સીવાય અથવા આ આકટમાં ઉપર કહી ગએલા નિયમો મુજબ જે કામામાં દોયમ પુરાવો લઈ શકાતો હોય તે કામામાં સદરહુ દસ્તાવેજના મજકુરના દોયમ પુરાવા સીવાય, બીજો કાંઈ પુરાવો આપવો નહી.

અપવાદ ૧ લો. જ્યારે કોઈ સરકારી અમલદારને લખાણ કરીને નીમવાનું કાયદામાં ફરમાવ્યું હોય અને જ્યારે એવુ બતાવવામાં આવે કે કોઈ અમુક શખસે એવા અમલદારના હોદાનું કામ કીધુ છે, ત્યારે જે લખાણથી તે શખસની નીમણુક થઈ હોય તે લખાણ સાબીત કરવાની જરૂર નથી.

અપવાદ ૨ જો. જે મરત્બો પત્રોનો પ્રોબેટ બ્રીટીશ ઈંડીયામાં મળ્યો હોય તે મરતુ પત્રોનો પ્રોબેટ વડે સાબીત કરી શકાય છે.

ખુલાસો ૧ લો. જે કામામાં ઉપર કહેલા કરાર, કીંવા દાન, કીંવા મીલકતની બીજી વ્યવસ્થા એક દસ્તાવેજમાં લખી હોય તે કામાને, તથા કામામાં તે સરવે એક કરતાં વધારે દસ્તાવેજમાં લખ્યા હોય તે કામાને, એ બેઉને આ કલમ સરખી રીતે લાગુ પડે છે.

ખુલાસો ૨ જો. જ્યારે અસલ દસ્તાવેજ એક કરતાં વધારે હોય ત્યારે માત્ર એકજ અસલ દસ્તાવેજને સાબીત કરવાની જરૂર છે.

ખુલાસો ૩ જો. આ કલમમાં જે હકીકત વિશે લખ્યું છે તે હકીકત સીવાયની બીજી કોઈ હકીકતનો કોઈ પણ મજકુર કોઈ દસ્તાવેજમાં લખેલો હોય, તો તે પ્રમાણે લખ્યા ઉપરથી સદરહુ બીજી હકીકતનો મુખ જુબાની પુરાવો લેવાઈ શકાતો નથી એમ સમજવુ નહી.

દ્રષ્ટાંતો.

(અ) કોઈ કરાર કેટલાએક પતરોમાં લખેલો હોય, તો જે જે પતરોમાં લખ્યો હોય તે સરવે પતરો સાબીત થવાં જોઈએ.

(બ) કોઈ કરાર કોઈ હુંડીમાં લખેલો હોય તો તે હુંડી સાબીત થવી જોઈએ.

(ક) જ્યારે કોઈ હુંડીનો તરણ નકલનો શેટ લખ્યો હોય ત્યારે માત્ર એકજ નકલ સાબીત થવાની જરૂર છે,

(ડ) અમુક સરતે ગળી આપવાનો अ લખાણ કરીને ब ની સાથે કરાર કરે છે. કરારમાં એવી એક હકીકત લખી છે કે કોઈ બીજે પ્રસંગે બીજી ગળી આપવામાં મુખ જુબાની કરાર કરવામાં આવ્યો હતો તે ગળીની કીંમત ब એ अ ને આપી હતી.

સદરહુ બીજી ગળીના પઈશા આપ્યા નહોતા એવો મુખ જુબાની પુરાવો આપવામાં આવે તો તે પુરાવો લેવા યોગ્ય છે.

(ઈ) ब એ આપેલા પઈશાની પોહેચ अ એ ब ને આપી છે.

સદરહુ પઈશા આપ્યાનો મુખ જુબાની પુરાવો રજુ કરવામાં આવે તો તે પુરાવો લેવા યોગ્ય છે.

ટીકા.—હિંદુસ્તાનમાં કાયદા પ્રમાણે નીચેની બાબતો લખાણમાં હોવી જોઈએ.

દિવાની અને ફોજદારી કામમાં સાહેદોની જુબાનીઓ; દિવાની કામમાં કરેલા જજમેંટ અને હુકમનામા લખાણમાં હોવા જોઈએ; ફોજદારી કામનાં જજમેંટ અને છેવટ હુકમો પણ લખાણમાં હોવા જોઈએ; તોહોમતદારોની જુબાનીઓ લખાણમાં હોવી જોઈએ; જે કબુલતથી મુદતની હદ વધતી હોય તે પણ લખાણમાં જોઈએ; અવેજ વગર કરેલા કરારો પણ લખાણમાં જોઈએ; લવાદને કામ સોંપવાના કરાર; વીલ (મરણ પત્ર) લખાણમાં જોઈએ. જુઓ ફીલ્ડનું પાનું ૪૦૩.

સને ૧૮૬૫ નો ૧૦ મો આક્ટ, ઈંડીયન સકસેશન આક્ટની કલમ ૧૦૫ પ્રમાણે ધર્માદા બક્ષીસો (વલ રીને કરી હોય તે પણ લખેલી હોવી જોઈએ એટલું નહી પણ જો બક્ષીસ કરનારને ભત્રીજો અગર ભત્રીજી અગર બાજુ કોઈ નજીકનું સગુ હોય તો બક્ષીસ કરનારના મરણ પેહેલાં એક વરસ ઉપર તેવી વીલ કરવુ જોઈએ અને જે ઠેકાણે કાયદા પ્રમાણે વીલ રાખવામાં આવતાં હોય તવે ઠેકાણે છ મહીના અગાઉ અનામત તે વીલ મુકેલું જોઈએ. જુઓ ફીલ્ડનું પાનું ૪૦૩.

પંચાળાનું (ડીક) ખત રજુ કરયા શિવાય બાગીદારોના કૃત્યોના મુખ જુબાની પુરાવાથી પંચપાણુ સાબીત કરી શકાય છે; તેવીજ રીતે જન્મ, મરણ, લગન વિગેર, ત સંબંધી રજીસ્ટર હોય તે છતાં પણ મુખ જુબાની પુરાવાથી સાબીત થઈ શકે. જુઓ ફીલ્ડનું પૃ. ૪૦૮.

ટીકીટ ચોડયા વિના ખાતુ પાડી આપી પઈસા ધીરયા હોય તે છતાં પણ બીજા પુરાવાથી પઈસા લઈ શકાય. ગોપાળચંદ મારવારી વિરૂધ ઘાકુરાણી માહોકુમ ૩ કલકતા. લો. રી. ૩૧૪.

દ્રષ્ટાંત. ઈ—પઈસા આપ્યાની પહોંચ તેનો મુખ જુબાની પુરાવો બાતલ થતો નથી. આને વાસ્તે દલપતસીંગ વીરૂધ દુરગાપ્રસાદ ૧. ઈ. લો. રી. અલ્હાબાદ પા. ૪૪૨ જુઓ.

મુખજુબાની કરારનો પુરાવો આપવો નહી.

૯૨. જ્યારે એવા કોઈ કરારની કીંવા દાનની કીંવા મીલકતની બી જી બવસ્થાની સરતો અથવા કોઈ બાબતનો દસ્તાવેજ કરવાનું કાયદામાં ફરમાવ્યું હોય તે બાબત ઉપલી છેલી કલમ પ્રમાણે સાબીત કરવામાં આવી હોય ત્યારે એવા કોઈ દસ્તાવેજની સરતો વિરૂધ કાંઈ વાત સ્થાપ ન કરવાને કીંવા તે સરતોમાં કાંઈ ફેરફાર કરવાને કીવા તેમાં કાંઈ ઉમેરવાને કીંવા તેમાં થી કાંઈ કમી કરવાને હરકોઈ મુખ જુબાની કરારનો અથવા મજકુરનો પુરાવો દસ્તાવેજ મજકુરના પક્ષકારોની અથવા હક સંબંધે તે પક્ષકારોના પ્રતીનીધીની વચેના કામમાં લેવો નહી.

સરત ૧ લી. દગો, કીંવા ધમકી, કીવા કાંઈ ગેરકાયદે થયું હોય તે કીંવા દસ્તાવેજ યોગ્ય રીતે નહી થયો હોય, તે કીંવા કરાર કરનાર તરફેનોમાંથી કોઈ તરફેન કરાર કરવાને અશક્ત હોય તે, કીંવા અવેજ નહી હોય કીંવા અવેજની પરાપતી નહી થઈ હોય તે, કીં વા કાયદાની અથવા હકીકતની ચુક એના જેવી હરકોઈ હકીકતને લીધે કોઈ દસ્તાવેજ ગેર કાયદે થતો હોય, અથવા દસ્તાવેજ મજકુરને સબંધે કોઈ શખસને હરકોઈ હુકમનામું અથવા હુકમ મળવાનો હક થતો હોય તો, તેવી હકીકત સાબીત કરી શકાય છે.

સરત ૨ જી.—જે બાબત વિશે અમુક દસ્તાવેજમાં લખાણ કંઈ ન હોય તથા જે બાબત તે દસ્તાવેજની સરતોથી વિરૂધ ન હોય તે બાબત વિશે હરકોઈ નીરાળો મુખજુબા ની કરાર થએલો છે એ વાત શાબીત કરી શકાય છે આ શરત લાગુ પડે છે કે નહી તેનો વિચાર કરતાં વખતે દસ્તાવેજ મજકુર કેટલો યથા યથતો છે તે ઉપર કોરટે ધીયાન રાખવુ.

સરત ૩ જી.—કોઈ એવો નિરાળો મુખ જુબાની કરાર થયો હોય કે તે ઉપરથી કોઈ શરત પ્રથમથી બને તોજ કોઈ એવો કરાર, કીંવા દાન કીંવા મીલકતની બવસ્થા થી ઉતપન થતી ફરજ લાગુ પડે, તો તે નીરાળો મુખ જુબાની કરાર થએલાની વાત સા બીત કરી શકાય છે.

સરત ૪ થે—એવા કોઈ કરાર, કીંવા દાન, કીવા મીલકતની બવસ્થા રદ કરવાને અથવા તેમાં કાંઈ ફેરફાર કરવાને કોઈ નિરાળો પાછળથી થએલો મુખ જુબાની કરાર થ એલો છે એ વાત જે કામોમાં એવો કરાર કીંવા દાન કીંવા મીલકતની બવસ્થા લખાણ કરીને કરવાની કાયદાથી ફરજ હોય તે સીવાયના અથવા જે કામોમાં દસ્તાવેજ નોંધવા બાબતના તે વખતના ચાલુ કાયદા પ્રમાણે તે કરાર કીંવા દાન કીંવા બવસ્થા નોંધેલી હોય તે સીવાયના, બીજા કામોમાં સાબીત કરી શકાયછે.

સરત ૫ મી.—હરકોઈ કરારમાં સ્પષ્ટ લખેલી નહી હોય એવી તેવા કરારને પ્રસંગે હોનારી કીંવા બનનારી વાત તે પ્રકારના કરાર સાથે બહુ કરીને જોડી રાખવામાં જે વહી વટ કીંવા દસતુર ઉપરથી આવતી હોય તેવો હરકોઈ વહીવટ કીવા દસતુર સાબીત કરી શ કાય છે. પરંતુ એવી વાત જોડી સાથે રાખવી એ સદરહુ કરારની સ્પષ્ટ સરતોથી પ્રતીકુળ કીં વા વિરૂધ હોવુ જોઈએ નહી.

સરત ૬ ઠી.—કોઈ દસતાવેજનું લખાણ હાલની ચાલતી હકીકત સાથે કેવી રીતે સં બંધ રાખે છે. તે બતાવનારી હરકોઈ હકીકત સાબીત કરી શકાય છે.

દ્રષ્ટાંતો.

(ક) કોઈ માલ, કલકતેથી લંડન જનારાં વહાણોમાં છે, તે ઉપર વિમો ઉતારેલે

છે. માલ કોઈ અમુક વાહાણમાં ચઢાવ્યો છે તે વાહાણ ગુમ થયું સદરહુ અમુક વાહાણ પાલીસીમાંથી મુખ જુબાની બાતલ કર્યું હતું એ હકીકત સાબીત કરી શકાતી નથી.

(બ) अ લખાણ કરીને તેમાં કાંઈ સરત સીવાય કબુલ કરે છે કે મારે રૂપીઆ ૧૦૦૦ बને તારીખ ૧ લી મારચ સને ૧૮૭૬ ને રોજ આપવા તેજ વખતે એવો મુખજુબાની કરાર કરવામાં આવ્યો હતો, કે સદરહુ રૂપીઆ તા० ૩૧ મી મારચ સુધી આપવા નહી, એ હકીકત સાબીત કરી શકાતી નથી.

(ક) "રામપારનું ચાહનું ઇસ્ટેટ" એ નામની મિલકત ખતથી વેચવામાં આવી, ને ખતમાં સદરહુ વેચેલી માલકતનો નકશો કાઢેલો છે. સદરહુ નકશામાં દાખલ નહી થએલી જમીન મીલકત મજકુરનો ભાગ છે. એવુ હમેશ ગણાતુ હતુ. તથા તે જમીન સદરહુ ખતથી વેચાણ કરવાનો ઇરાદો હતો એ વાત સાબીત કરી શકાતી નથી.

(ડ) अ એ ब ની સાથે એવો એક લખેલો કરાર કીધો છે अ એ કાંઈ અમુક સરતે ब ની માલીકીની ખાણ કાઢવી. એ ખાણની કીંમત બાબત ब એ કાંઈ ખોટી સમજુતી કરવા ઉપરથી अ ને એ પ્રમાણે કરવાની મરજી થઈ હતી, એ હકીકત સાબીત કરી શકાય છે.

(ઇ) કોઈ કરારનામામાં લખેલું મુકરર કામ કરાવવાને સારૂ अ ब ના ઉપર દાવો માંડે છે અને એવી પણ અરજ ગુજારે છે કે સદરહુ કરારનામામાં લખેલી વાતોમાંથી એક વાત બાબત તે કરારનામુ દુરસ્ત કરવુ જોઈએ કારણ કે તે વાત તેમાં ચુકથી લખાએલી છે अ એવુ સાબીત કરવાને મુખત્યાર છે કે એવી ચુક થઈ છે કે તે ઉપરથી કરાર મજકુર દુરસ્ત કરવાનો કાયદાથી પોતાનો હક છે.

(ફ) अ એ કાગળ લખીને ब ની પાસે કાંઈ માલ મંગાવ્યો છે કાગળમાં પઈસા ક્યારે આપવા તે બાબત કાંઈ લખ્યું નથી અને માલ આપ્યો તે अ એ કબુલ કરીને રાખ્યો ब એ अ ના ઉપર પઈસા સારૂ દાવો માંડયો अ એવુ બતાવવાને મુખત્યાર છે કે સદરહુ માલ કેટલીએક મુદત સુધી ઉધાર આપ્યો છે અને તે મુદત હજુ વાની ગઈ નથી.

(ગ) अ ब ને એક ઘોડો વેચે છે અને મુખ જુબાની તેની ખાતરી સારૂ કેહે છે કે એ ઘોડો મજબુત છે બાદ अ ब ને એક કાગળ આપે છે તેમાં એવા શબ્દો લખેલા છે કે अ ની પાશે રૂપીઆ ૫૦૦ સારૂ એક ઘોડો ખરીદ કરચો. अ એ મુખ જુબાની ખાતરી કરી આપી તે વાત સાબીત કરવાને ब મુખત્યાર છે.

(હ) ब ની પાશેથી अ કાંઈ મુકામની જગા ભાડે રાખે છે અને ब ના હાથમાં એક ચાઠી આપે છે. તેમાં એવુ લખ્યું છે કે ઓરડાઓ દર મહીને રૂપીઆ ૨૦૦ સારૂ अ એવુ સાબીતને કરવાને મુખત્યાર છે કે એ સરતોમાં થોડાએક ખાનાનો પણ સમાવેશ થાય છે એવો મુખ જુબાની કરાર થએલો છે.

अ એ ब ની પાશેથી મુકામની જગ્યા એક વરસ દાહાડાને સારૂ કીરાએ રાખી, ને બહુની વચમાં અટરનીએ કરી આપેલો નિયમ પુરવક સ્ટાંપ લગાવેલો એક કરાર થયો એ કરારમાં ખાના વિશે કાંઈ લખાણ નથી ખાનાનો સમાવેશ મુખ જુબાનીથી સદરહુ સરતોમાં કિધો હતો એ સાબીત કરવા अ મુખત્યાર નથી.

(આઈ) अ નું ब ની પાસે કાંઈ માગણુ છે તેની પેહેંચ આગગરી મે ક્ષાને

બ ની પાસે રૂપીઆ મંગાવે છે બ પોહોંચ રાખી લઈને રૂપીઆ મોકલતો નથી એ રૂપીઆ ની ફરીયાદી થઈ તેમાં સદરહુ હકીકત સાબીત કરવાને અ મુખત્યાર છે.

(ઞ) અ અને બ ની વચ્ચે એક લખેલો કરાર થયો તેમાં અમલ કોઈ અમુક બીના બને ત્યારે થવાનો છે લખાણ મજકુર બ ની પાસે રહ્યું અ ના ઉપર બ એ તેના ઉપરથી દાવો માંડ્યો જે હકીકતને લીધે લખાણ મજકુર આપવામાં આવ્યું હતુ તે હકીકત સાબીત કરવાને અ મુખત્યાર છે.

ટીકા—બનાપા વીરૂધ્ધ દરદાસ જગજીવનદાસ ૧ ઈ. લો. રી. મુંબાઈ, ૭૩૭ ના કેશમાં નીચે પ્રમાણે હકીકતો હતી.

પ્રતીવાદીએ વેચાણ ખત કરેલું કબુલ કરયું પણ તેણે બતાવ્યું કે તેજ વખતે મેં ખરીદદારની સાથે એવો મોહોડેથી કરાર કરયો હતો કે મેં તમને (ખરીદદારને) અમુક પઈસા આપવાના છે તેની જામીનગીરી તરીકે આ વેચાણ ખત રેહેશે.

ખાસ અપીલમાં હાઈકોરટે એવુ ઠરાવ્યું કે મજકુર કરાર વેચાણ ખતની સરતોથી તદન વીરૂધ છે તેથી આવો કરાર સાબીત કરવાનો પુરાવો આ કલમથી લેઈ શકાય નહી. કાસીનાથ છતરજી વીરૂધ ચંદીચરણ બેનરજી ૫ કલકત્તા વી. રી. ૬૮.

એક વેચાણ ખતમાં એવુ લખ્યું હતુ કે આ ખાતનો અવેજ રૂ૧૦૦) રોકડા લીધા છે; પણ એમ માલમ પડ્યું કે ખતનો અવેજ તો ફકત પાછલું ખત છે (પાછલા ખત ઉપરથી હીસાબ કરી નવુ ખત લખી આપ્યુ હતુ.) તેમાં એવુ ઠરાવ્યું કે હિંદુસ્તાનમાં એવો રીવાજ છે કે જુનું ખત રદ કરી નવુ કરી આપે ત્યારે રોકડા પઈસા લીધા છે એમ લખાય છે. હકમચંદ વીરૂધ હીરાલાલ ૩ મુંબાઈ ૧૫૯.

ભોળાનાથ ખતરી વીરૂધ કાળીપ્રસાદ અગરવાળા. ૮. બ. લો. રી. પા. ૮૯માં એવુ ઠરાવ્યું હતુ કે લખાણના કરેલા કરારનું મોહોડેથી રદ કરવાનો કરાર સાબીત કરવાનો પુરાવો લેવાયો હતો. આને વાસ્તે મત્યાલાલ સીલ વીરૂધ આણંદચંદર સેંડલ ૫ મુરની ઇંડીયન અપીલ. ૭૨ જુઓ.

આ કલમના પાંચમા અપવાદમાં "રીવાજ" તથા રૂઢી" એ શબ્દો છે. તેવી બાબતમાં આ કલમ કેવી રીતે લાગુ પડે છે તેને વાસ્તે જગમોહન ઘોસ વીરૂધ માણેકચંદ ૭ મુરની, ઈ. અ. પા. ૨૬૩ તથા ૨૮૨ જુઓ.

ગોપી કૃષ્ટ ગોસાંઈ વીરૂધ ગંગાપ્રસાદ ગોસાંઈ, ૬ મુરની ઈ. અ. પા. ૫૩ માં પ્રીવીકાઉનસીલે એવુ ઠરાવ્યું છે કે "બેનામી ટ્રાન્સાકશન" (બીજાને નામે લેવુ) નો રીવાજ હિંદુઓમાં પ્રસીધ થયેલો રીવાજ છે.

ડોસવેલ વીરૂધ કેદારનાથ ૭. બં. લો. રી. ૭૨૦ ના કેશમાં બંગાળાની હાઈકોરટે એવુ ઠરાવ્યું છે કે કેઇપણ માણસ એવુ બતાવી શકે કે મારો (લેન્ડ લોર્ડ) જમીનનો માલેક ફકત બનાવટી છે અને તેથી કરીને તેને કોઈ પ્રકારનો તેમાં (જમીનમાં વિગેરે) હક નથી.

સંશય ભરેલા દસ્તાવેજનો અર્થ બતાવવાને અ... ૯૩. જ્યારે કોઈ દસ્તાવેજની ઈબારત ઉપરથી એમ માલમ પડે કે ઈબારત મજકુર સંસય ભરેલી અથવા અપુરણ છે, ત્યારે જે હકીકત ઉપરથી તે ઈબારતનો અરથ માલમ પડે અથવા તેની અપુરણતા પુરી

બતા તેને દુરસ્ત પડે તે હકીકતનો પુરાવો આપી શકાય નહી.

કરવાને પુરાવો ન
લેવા બાબત.

દ્રષ્ટાંતો.

(અ) અ એ લખાણ કરીને એવો કરાર કરયો કે અ એક ઘોડો બ ને રૂ૧૦૦૦) અથવા ૧૫૦૦ સારૂ વેચવો.

એમાંની કહી કીમત આપવાની હતી તે બતાવવાને પુરાવો આપી શકાતો નથી.

(બ) કોઈ ખતમાં ખાલી જગાઓ રાખી છે તેમાં શું લખવાનો ઇરાદો હતો તે બતાવે એવી હકીકતનો પુરાવો આપી શકાતો નથી.

૯૪. જ્યારે કોઈ દસ્તાવેજમાં લખેલી ઇબારત સ્વતઃ સ્પષ્ટ હોય અને જ્યારે તે તે વખતની ચાલુ હકીકતને બરાબર લાગુ પડતી હોય ત્યારે તે તે ઇબારત એવી હકીકતને લાગુ પાડવાનો ઇરાદો નોહોતો એવું બતાવવાને પુરાવો અપાય નહી.

દ્રષ્ટાંત.

અ એ બ ને ખત કરી આપ્યું અને તેમાં એવું લખ્યું કે રામપોરમાંની માહરી વિઘા ૧૦૦ ની મીલકત વેચું છું અ ની પાસે રામપોરમાં વીઘા ૧૦૦ ની મીલકત મોજુદ છે, બીજી જગોયામાંની ઓછાં વતાં વિઘાની મિલકત વેચવાનો ઇરાદો હતો, એ હકીકતનો પુરાવો આપી શકાય નહીં.

ચાલુ હકીકતને સંબંધે અરથ રહીત દસ્તાવેજ સંબંધી પુરાવો.

૯૫ જ્યારે કોઈ દસ્તાવેજમાં લખેલી ઇબારત સ્વતઃસ્પષ્ટ હોય પરંતુ ચાલુ હકીકતને સંબંધે તેનો અરથ બેસતો ન હોય ત્યારે તે ઇબારત કોઈ અમુક અરથ રાખીને વાપરેલી હતી, એવું બતાવવાનો પુરાવો આપી શકાય છે.

દ્રષ્ટાંતો.

અ એ બ ને પોતાનું કલકતામાંનું ઘર વેચીને ખત લખી આપ્યું.

અને કલકતામાં કોઈ ઘર નોહોતુ પરંતુ એવું માલમ પડે છે કે હાવરામાં તેનું એક ઘર હતુ તે ઘરનો કબજો ખત થયું ત્યારથી બ ની પાસે છે ખત હાઉરાવાળા ઘરને સારૂ હતુ એવું બતાવવાને સદરહુ હકીકત સાબીત કરી શકાય છે.

કેટલાએક સખસોમાંથી માત્ર એકજ શખ્સને લાગુ પડી શકે એવી ઇબારતના અરથ સંબંધી પુરાવા બાબત.

૯૬ જ્યારે હકીકત એવી હોય કે લખેલો ઇબારત કેટલાએક શખસો અથવા પદારથોમાંથી ગમે તે હરકોઈ એક શખ્સ અથવા પદારથને લાગુ પાડવાનો ઇરાદો હોઈ શકે પરંતુ એકે કરતા વધારે શખ્સોને અથવા પદારથોને લાગુ પાડવાનો ઇરાદો હોઈ શકે, એમ નથી ત્યારે સદર બહુ શખ્સો અથવા પદારથોમાંથી કયા શખ્સ કીવા પદારથને ઇબારત બજરૂર લાગુ પાડવાનો ઇરાદો હતો, એવું બતાવનારો હકીકતોનો પુરાવો આપી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ) "અ પોતાનો સફેદ ઘોડો" રૂ૧૦૦૦ સારૂ બ એ વેચવાનો કરાર કરે છે. અ ની પાસે બે સફેત ઘોડા છે. અ એ બે ઘોડામાંથી કયો ઘોડો વેચવાનો ઇરાદો હતો, તે બતા

વનારી હકીકતોનો પુરાવો આપી શકાય છે.

(પ) **અ** **બ** ની સાથે હૈદરાબાદ જવાનો કરાર કરે છે. એ હૈદરાબાદ સિંધમાંનું કે દક્ષીણમાંનું, તે બતાવનારી હકીકતોનો પુરાવો આપી શકાય છે.

હકીકતોના બે સમુદાયમાંથી એક સમુદાય એકંદર ઈબારત લાગુ ન પડે ત્યારે તેમાંના એક સમુદાયને તે લાગુ પાડવા સંબંધી પુરાવો.

૯૭ જ્યારે લખેલી ઈબારત પૈકી થોડી એક ચાલુ હકીકતોના એક સમુદાયને લાગુ પડતી હોય અને થોડી એક ચાલુ હકીકતોના બીજા સમુદાયને લાગુ પડતી હોય પણ તે એકંદર બેમાંથા એકે સમુદાયને બરાબર લાગુ પડે નહી ત્યારે બેમાંથી કયા સમુદાયને એ લાગુ પાડવાનો ઈરાદો હતો, તે બતાવવાને સારૂ પુરાવો આપી શકાય છે.

દ્રષ્ટાંત.

અ પોતાની એકસ ગામે ટી વાઈના કબજામાંની જમીન **બ** ને વેચવાનો કરાર કરે છે **અ** ની એકસમાં જમીન છે, પણ તે વાઈના કબજામાં નથી, અને તેની જમીન વાઈના કબજામાં છે તે એકસમાં નથી. એમાંથી કઈ જમીન વેચવાનો તેનો ઈરાદો હતો, તે કમાલમ પડે એવી હકીકતોનો પુરાવો આપી શકાય છે

નહી વંચાય એવા અક્ષર વિગેરેના અરથ સંબંધાનો પુરાવો.

૯૮. નહી વંચાય એવા કીવા સાધારણ રીતે નહી સમજાય એવા અક્ષરો અરથ, તથા પરદેશના, તથા વપરાતા બંધ પડેલા તથા કોઈ અમુક હુનર વિદ્યા કીંવા રોજગારને પ્રસંગેજ માત્ર વપરાતા, તથા કોઈ અમુક જગાએ વપરાતા તથા ગામઠી સબ્દો કીંવા વાકયોના અરથ, તથા સંક્ષેપે લખેલા લખાણના અરથ, તથા કોઈ અમુક અરથમાં વાપરેલા શબ્દોનો અરથ એ બતાવવા માટે પુરાવો આપી શકાય છે.

દ્રષ્ટાંત.

અ નામના એક મુરતી કરનાર શખસે કરાર કરયો કે મારે મારી સરવે "મુ" વેચવી **અ** ના પાસે મુરતી તથા મુરતી કરવાના સામગ્રી બેઉ છે. એમાંથી શું વેચવાનો તેનો ઈરાદો હતો. એ બતાવવાને પુરાવો આપી શકાય છે.

દસ્તાવેજની સરતોમાં ફેરફાર થાય એવા કરારનો પુરાવો કોણ આપી શકે છે.

૯૯. જે શખસ કોઈ દસ્તાવેજના પક્ષકાર ન હોય, કીંવા તે પક્ષકારોના હક સબંધે પ્રતિનિધી ન હોય, તે શખસો, દસ્તાવેજ મજકુર થયો તે વખત એવો બીજો એક કરાર થયો છે કે તેથી દસ્તાવેજ મજકુરની સરતોમાં ફેરફાર થાય છે, એવું બતાવનારી હકીકતોનો પુરાવો આપવાને મુખત્યાર છે.

દ્રષ્ટાંત.

અ તથા **બ** એ લખેલો કરાર કરયો કે **અ** **બ** ને કંઈ અમુક રૂ વેચવું, અને તેના પઈસા રૂ સ્વાધીન કરેથી આપવા તેજ વખતે તેઓએ એવો મુખ જુબાની કરાર કરયો કે રૂપીઆ મજકુર તરણ મહીના સુધી **અ** ની પાસે ઉધાર રહેવા દેવા. **અ** અને **બ** ની વચ્ચે

સાબના કામને પ્રસંગે अ વતનો પુરાવો આપી શકાતો નથી, પરંતુ તેથી क ને કાંઈ નહીં નુકશાન થતું હોય તો, ત સદરહુ વાતનો પુરાવો આપી શકે છે.

હિંદુસ્તાનના વારસા બાબતના આક્ટમાં મરના રુપત્ર સંબંધી લખેલા નિયમમાં કાંઈ ફેરફાર થયો નથી.

૧૦૦. મૃત્યુપત્રનો અરથ કરવા બાબત હીંદુસ્થાનના વારસા બાબતના આક્ટ (સને ૧૮૬૫ ના ૧૦ મા) માં જે નિયમો આપેલા છે તેમાં, આ બાબથી કાંઈ ફેરફાર થયું સમજવું નહીં.

—❦—

ભાગ ૩ જો.

પુરાવો ગુજારવા તથા તેના પરીણામ બાબત.

પ્રકરણ ૭ મો —શાબીતીના બોજા વિશે.

સાબીતીનો બોજો.

૧૦૧ કોઈ હકીકત છે એવું જાહેર કરીને, તે હકીકતના ઉપર આધાર રાખનાર કોઈ કાયદેસર હક કીંવા જવાબદારી બાબત જે શખ્સ કોરટ પાસે ફેસલ કરાવવાની ઈચ્છા બતાવતો હોય તે શખ્સે તે હકીકત છે એવું સાબીત કરવું જોઈએ.

જ્યારે કોઈ હકીકત છે એવું સાબીત કરવાની જ્યારે કોઈ શખ્સના ઉપર જરૂર હોય ત્યારે તે શખ્સના ઉપર સાબીતીનો બોજો છે એવું કહેવામાં આવે છે.

દ્રષ્ટાંત.

(અ) ब એ કાંઈ ગુનાહ કીધો છે એવું કહીને अ કોઈ કોરટને ઈચ્છા બતાવે છે તે ગુના વાસ્તે ब ને શીક્ષા કરવા વિશેનો ઠરાવ કરે.

अ એ સાબીત કરી આપવું જોઈએ કે ब એ ગુનો મજકુર કરેલો છે.

(બ) કોઈ હકીકત છે એવું જાહેર કરીને अ કોઈ કોરટ પાસે એવી દાદ માગે છે કે તે હકીકતને લીધે ब ના કબજામાંની અમુક જમીન ઉપર પોતાનો હક છે એવો ઠરાવ કરે. ब હકીકત મજકુર ખરી નથી એવો ઈનકાર કરે છે.

સદરહુ હકીકત છે એવું अ એ સાબીત કરવું જોઈએ.

શાબીતીનો બોજો કોના ઉપર છે.

૧૦૨. કોઈ દાવામાં અથવા કામમાં બેમાંથી એકે પક્ષકારના તરફથી બીલકુલ પુરાવો ગુજારવામાં ન આવે તો જે શખ્સની હાર થાય, તે શખ્સના ઉપર સબુતીનો બોજો છે એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) अ કોઈ જમીનને માટે ब ના ઉપર ફરીયાદ માંડે છે એ જમીન ब ના કબજામાં છે; પણ अ ના જાહેર કર્યા પ્રમાણે ब નો क મરણ પામી ગયો, તેમાં જમીન મજકુર પોતાને એટલે अ ને આપેલી છે.

બેઉમાંથી એકે પક્ષકારના તરફથી કાંઈ પુરાવો ગુજારવામાં ન આવે તો, જમીન મ

જરૂર ब ના કબજામાં રાખવાનો ब ના ઉપર છે.

(ग) કોઈ ખત ઉપર લેહેણા થએલા રૂપીઆને સારૂ अ ब ના ઉપર ફરીઆદ માંડે છે. ખત થએલી વાતનો અંગીકાર કરવામાં આવ્યો છે; પણ ब કહે છે કે તે દગાથી મળવેલું છે; अ એ દાવાનો ઈનકાર કરે છે.

બેઉમાંથી એકે પક્ષકારના તરફથી પુરાવો આપવામાં ન આવે તો अ જીતે કારણ કે ખત થયું એ વાતની તકરાર નથી અને દગો સાબીત થયો નથી.

સબબ સાબીતીનો બોજો ब ના ઉપરજ છે.

ટીકા—જ્યારે કોઈપણ પ્રતિવાદી ખત લખી આપવાની વાત કબુલ કરે પણ પોતાના બચાવમાં એમ બતાવે કે ખતમાં લખેલો અવેજ મને પહોંચ્યો નથી, તો આ પ્રમાણે તેને અવેજ પહોંચ્યો નથી તે સાબીત કરવાનો બોજો પ્રતિવાદી ઉપર છે. સીવારામ આયર વિરૂધ સામુઆયર ૧ મદ્રાસ, હા. કો. રી. ૪૪૭.

જ્યારે કોઈપણ ખેડુત પોતાના (જમીનના) માલેકની જમીનમાં કાંઈ ટાંકુ અગર કુવો ખોદે તો આમ કરવાનો રીવાજ છે એવું સાબીત કરવાનો બોજો ખેડુત ઉપર છે. તારીણીચરણ ઘોસ વીરૂધ દેવનારાયણ મીઆ. ૮, બ. લો. રી. એ. ૧૯.

જ્યારે સરકાર કોઈપણ મેયત માણસની કોઈપણ મીલકત તેના વારસ તરીકે બતાવનાર શખસના કબજામાંથી લઈને પોતાની ત્રીજોરીમાં જપ્ત કરવા માગતી હોય, તો મેયત માણસ કોઈપણ વારસ મુકયા શિવાય મરી ગયો છે એવુ સાબીત કરવાનો બોજો સરકાર ઉપર છે. ગીરધારીલાલ વીરૂધ બંગાળાની સરકાર ૧૨ મુરની ઈંડીયન અપીલ ૪૪૮. જુઓ ૬ ૯૩ પાં. ૪૪૭.

કોઈપણ શખસ જ્યારે હુકમનામાની બજાવણીમાં થયેલા વેચાણથી કોઈ તોડાગરાસ હક ખરીદ કરે અને કલેકટરના દફતરમાં પોતાનું નામ દાખલ કરાવા દાવો કરે, તો આવો હક (તોડા ગરાસ) બીજાને લખી આપી શકાય નહી એમ સાબીત કરવાનો બોજો સરકાર ઉપર છે સંભુલાલ ગીરધર સુરતનો કલેકટર. ૮ મુ. હૈ. બ. ૧ જુઓ ફીલ. પા. ૪૧૫.

ફલાણી હકીકતની સાબીતીના બોજા વિશે. ૧૦૩ કોઈ ફલાણી હકીકત છે એમ કોરટ માને એવુ જે શખસ ઈછતો હોય તે શખસના ઉપર તે હકીકતની સાબીતીનો બોજો છે, પરંતુ એવી હકીકત વિષે કોઈ અમુક શખસેજ સાબીતી કરવી એવુ કોઈ કાયદામાં ફરમાવ્યું હોય તો તે કાયદામાં ફરમાવ્યા પ્રમાણે કરવુ.

દ્રસ્ટાંત.

(अ) अ ब ના ઉપર ચોરીને માટે હોજદારીમાં ફરીઆદ માંડે છે ब એ ચોરીની વાત क આગળ કબુલ કીધી હતી એમ કોરટ માને એવુ अ ઈચ્છે છે, તો સદરહુ કબુલાતની વાત अ એ સાબીત કરવી જોઈએ.

તકરારી વખતે ब બીજી જગાએ હતો એમ કોરટ માને એવુ ब ઈછે છે તો તે વાત તેણે સાબીત કરવી જોઈએ.

ટીકા.—કોઈપણ શખસને કાંઈપણ મીલકતમાંથી ખસેડવાનો દાવો કર્યો હોય અને તેમાં વાદી તે જમીનનો હક કરતો હોય અને તેમાં એમ બતાવતો હોય કે આ જમીનનો કબજો મારી પાસેથી છીની લીધો છે, તો પોતાની પાસે કબજો હતો એમ સાબીત કરવા

નો બોજો વાદી ઉપર છે. મારો દેસાઈ વિરૂધ રામચંદ્ર દેસાઈ ઈં. લો. રી. ૬. મુંબાઈ. ૫૦૮.

જયારે કોઈ પણ મીલકત બીનામીદારના નામથી ખરીદ કરવામાં આવી છે અને માલકીનાં બધાં ચીન્હો તેના હાથમાં મુકવામાં આવ્યા છે; અને તે મીલકતના ખરેખરા માલેકને મજકુર બીનામીદારે કરેલા વેચાણના પરિણામથી મુકત થવું છે તો તેના ઉપર નીચે પ્રમાણે સાબીત કરવાનો બોજો છે; (૧) મજકુર વેચાણ પોતાની કબુલાત શિવાય કરવામાં આવ્યું છે. (૨) અને આ હકીકતની માહીતી હોવા છતાં ખરીદદારે લીધુ છે. ભગવાનદાસ વીરૂધ અપુચસીંગ ૧૦ સધરલાંડ. વી. રી. પા. ૧૮૫

ધમકી બતાવીને અથવા આડું અવળું બતાવી, દગાબાજીથી સમાધાન કરાવ્યું છે એવુ બતાવવાનો બોજો જે શખસો એમ કહે કે તેમણે કરેલું દસ્તાવેજ કાયદેસર નથી તેવા શખસો ઉપર છે. રાજેંદ્રનારાયણરાય વીરૂધ બીજીયા ગોવીંદસીંગ. ૨.મુ. ઈં. અ. પા. ૧૮૧.

પુરાવો લેવા યોગ્ય થાય તેને સારૂ જે હકીકત સાબીત કરવાની જરૂર હોય તે હકીકત સાબીત કરવાના બોજા બાબત.

૧૦૪. કોઈ હકીકતનો પુરાવો કોઈ શખસ આપી શકે તેને સારૂ પ્રથમ કાંઈ બીજી હકીકત સાબીત કરવાની જરૂર હોય તો તે હકીકત સાબીત કરવાનો બોજો જે શખસ એવો પુરાવો આપવાને ઈચ્છતો હોય તે શખસના ઉપર છે.

દ્રષ્ટાંતો.

(અ) ખ મરતી વખતે કાંઈ ઈકરાર કર્યો એ હકીકત સાબીત કરવાને અ ઈચ્છે છે. ખ મરી ગયો એ હકીકત અ એ સાબીત કરવી જોઈએ.

(બ) કોઈ ખોવાઈ ગએલા દસ્તાવેજની મજકુર કાયમ પુરાવાથી સાબીત કરવાને અ ઈચ્છે છે દસ્તાવેજ મજકુર ખોવાઈ ગયો એ હકીકત અ એ સાબીત કરવી જોઈએ.

તોહોમતવાળાના કામનો સમાવેશ અપવાદમાં થાય છે એવું સાબીત કરવાના બોજા બાબત.

૧૦૫. જ્યારે કોઈ શખસના ઉપર કાંઈ ગુનાનું તોહોમત હોય ત્યારે જે કેફીયત ઉપરથી તે કામનો સમાવેશ હિંદુસ્થાનના ફોજદારી કાયદા માંહેના સાધારણ અપવાદોમાંના કોઈ એક સાધારણ અપવાદમાં અથવા સદરહુ કાયદાના હરકોઈ બીજા ભાગમાં લખેલા કીંવા ગુના મજકુરનું લક્ષણ જે કાયદામાં લખ્યું હોય તે કાયદામાં લખેલા કોઈ વિશેષ અપવાદ કીંવા શરતમાં થતો હોય તો તે કેફીયત છે એવું સાબીત કરવાનો બોજો સદરહુ તોહોમતવાળા શખસના ઉપર છે અને કોરટે એવું અનુમાન કરવું કે સદરહુ કેફીયત નથી.

દ્રષ્ટાંતો.

(અ) અ ના ઉપર ખુનનું તોહોમત છે તે જાહેર કરે છે કે દિવાનગીના સબબથી સદરહુ કામ કેવી રીતનું હતુ તે હું જાણતો નહોતો,

સાબીતીનો બોજો અ ના ઉપર છે.

(બ) અ ના ઉપર ખુનનું તોહોમત છે તે જાહેર કરે છે કે ભારે તથા આકસ્મીક

ક્રોધ ઉતપન થવાથી મારામારી વખતે જીવ વશ રાખવાની શકતી ગઈ હતી.

સાબીતીનો બોજો અ ના ઉપર છે.

(ક) ફોજદારી કાયદાની કલમ ૩૨૫ મી માં ફરમાવ્યું છે કે ૩૩૫ મી કલમમાં લખેલી બાબત સીવાય બીજી કોઈ પણ બાબતમાં જે શખસ બુધી પુરવક મહા વ્યથા કરે તે શખસ અમુક સીક્ષાને પાત્ર છે.

અ ના ઉપર કલમ ૩૨૫ મુજબ બુધી પુરવક મહાવ્યથા કરવાનું તોહોમત છે.

જે કેફીયત ઉપરથી સદરહુ કામનો સમાવેશ કલમ ૩૩૫ માંહાં થાય તે કેફીયત સાબીત કરવાનો બોજો અ ના ઉપર છે

વિશેષ કરીને જાણવામાં હોય તે હકીકત શાબીત કરવાનો બોજો.

૧૦૬. જ્યારે કોઈ હકીકત વિશેષે કરીને કોઈ એક શખસના જાણવામાં હોય ત્યારે તે હકીકત સાબીત કરવાનો બોજો તે શખસના ઉપર છે

દ્રષ્ટાંત.

(અ) કોઈ શખસે કાંઈ કામ કરયું તે કામની કેફીયત તથા સ્વરૂપ ઉપરથી જે ઈરાદાથી કિધાનું અનુમાન થાય તે ઈરાદા સીવાય બીજા ઈરાદથી કરયું હોય તો તે બીજો ઈરાદો સાબીત કરવાની જવાબદારી તે શખસના ઉપર છે.

(બ) લોઢાની સડક મારગે ટીકટ વગર જવાનું અ ના ઉપર તોહોમત છે તેની પાસે ટીકટ હતી એમ સાબીત કરવાની જવાબદારી તેના ઉપર છે.

ત્રીસ વરસ ઉપર જે માણસ હયાત હતો તે માણસ મરણ પામ્યાની વાત સાબીત કરવાનો બોજો.

૧૦૭. અમુક માણસ હયાત છે કે મરણ પામ્યો છે એવી તકરાર પર કોઈ માણસ પડે, અને એમ માલમ પડે કે ત્રીસ વરસના દરમ્યાનમાં તે માણસ હયાત હોવાનું માન હતો, ત્યારે તે માણસ મરણ પામ્યો છે, એવું સાબીત કરવાનો બોજો જાણવામાં હોય જો મરણ પામ્યો છે એમ કેહેનાર શખસના ઉપર છે.

ટીકા.—હિંદુ તથા મુસલમાનની કાયદા પ્રમાણે કોઈ શખસનું મરણ થયાના અનુમાનો નીચે પ્રમાણે છે. જ્યારે કોઈપણ શખસની ૧૨ વરસ સુધીમાં અથવા બીજા રસમાં ૨૫ વરસ સુધીમાં કાંઈ ખબર અંતર સાંભળવામાં આવી હોય નહી, તો તે શખસનું મરણ થયું છે એવું હિંદુશાસ્ત્ર પ્રમાણે અનુમાન થાય છે. મોહોમેડન (મુસલમાની) કાયદા પ્રમાણે ખોવાએલો શખસ મરી ગયો એવું તેના જનમની તારીખથી ૯૦ વરસ પછી અનુમાન થાય છે, પછી ગમ તો તે પાંચ વરસ ઉપર દીઠામાં આવ્યો હોય તેની ફીકર નહી, પણ આ નીયમો હવે રદ થાય છે.

સાત વરસ થયાં ખબર અંતર નહી તે માણસ

૧૦૮. પણ એવું ઠરાવ્યું છે કે અમુક માણસ હયાત છે કે ગુજરી ગયો છે એવી તકરાર પડે, અને એવું સાબીત થાય કે તે માણસ હયા

ર ન સાંભળી હો ત હોત તો જે શખ્સને તેની ખબર અંતર સ્વાભાવીકપણે આવી હો
ય એવા શખ્સ ત તે શખ્સોએ સાત વરસ થયાં તે માણસની ખબર અંતર કાંઈ સાંભ
હયાત છે એ વા ળી નથી ત્યારે માણસ મજકુર હયાત છે એ વાત સાબીત કરવાની જ
ત સાબીત કર વાબદારી તે હયાત છે એમ કહેનાર શખ્સના ઉપર છે.
વાનો બોજો.

ટીકા.—પરમેશરાય વિરૂધ બોરીસરસીંગ ઈંડીયન લો. રી. ૧ અલાહાબાદ પ્રષ્ટ ૫૩, ના કેસમાં નીચે પ્રમાણે હકીકત હતી;

મરનાર સાલીગરામની મીલકતના જાનકીરાયની પછીના ઉત્તરાધીકારવાળાઓએ તેમના હકને નુકશાન કરતા સાલીગરામની મીલકત તેણે વેચવાએમ બીજાને લખી આપેલી હતી, તે લેખ રદ કરાવવાને ફરીયાદ કરી હતી. જાનકીરાયની આઠ નવ વરસ સુધીમાં કાંઈ પણ ખબર અંતર મળી નહોતી અને તે જીવતા છે કે નહી તે બાબત કાંઈપણ પુરાવો હતો નહી તેમાં અલહાબાદની હાઈકોરટની ફુલ બેંચે એવુ ઠરાવ્યું કે આ કલમ પ્રમાણે તે મરી ગયો છે એવુ અનુમાન થવુ જોઈએ.

કોઈ શખ્સ પંતપાળી કોવાણ ભાગીઆ છે કીંવા મુનીમ છે તેવા બત સાબીત કરવાનો બોજો.

૧૦૯. અમુક શખ્સો પત્પાળી ભાગીઆ છે કીંવા માલીક અને ગોમાસ્તા અથવા આડત છે કીંવા મુખ્ય અને આડતીયા છે એવી તકરાર પડે, અને એવુ બતાવવામાં આવ્યું હોય કે સદરહુ જેના તે સબંધે તે શખ્સો કામ ચલાવતા આવ્યા છે ત્યારે સબંધ મજકુર નથી, કીંવા, તુટયો છે એ વાત સાબીત કરવાનો બોજો એ પ્રમાણે કહેનાર શખ્સના ઉપર છે.

ટીકા.—કોઈપણ હિંદુકુટંબના વિભાગ થએલા છે એવુ સાબીત કરવાનો બોજો—જ્યારે કોઈપણ હિંદુકુટુંબ એક વખત અવીભગત હતુ એવુ કબુલ થયું હોય તો તે વિભક્ત થયું છે એવુ જે શખ્સો કહેતા હોય તેમના ઉપર તે સાબીત કરવાનો બોજો છે. બીરનારાયણ સીરકાર વીરૂધ જનકુંવરી નંબર. ૧ સધરલેંડ. વી. રી. ૩૧૬.

કોઈપણ સખ્સ અમુક વખતે ગુજરી ગયો છે કે નહી તે સાબીત કરવાનો બોજો જે શખ્સ એમ ખાત્રીથી કહેતો હોય કે તે અમુક વખતે ગુજરી ગયોછે તે તેના ઉપરરેહેછે.

માલકી વિશે સાબેતી કરવાનો બોજો.

૧૧૦. કોઈ પદારથ કોઈ શખ્સના કબજામાં છે એવુ બતાવવામાં આવે તો તે શખ્સ તે પદારથનો માલીક છે કે નહી એવી તકરાર પડે ત્યારે સદરહુ શખ્સ માલીક નથી એ બાત સાબીત કરવાનો બોજો તે માલીક નથી એમ કેહેનાર શખ્સના ઉપર છે.

ટીકા.—જે મીલકત પોતાના કબજામાં હોય, તે મીલકતના માલેક સાધારણ રીતે તે માણસો છે માટે કબજા ઉપરથીજ માલીકપણાના અનુમાન થાય છે. આ પ્રમાણે નથી એવુ સાબીત કરવાનો બોજો જે શખ્સ કેહેતા હોય તેના ઉપર રેહે છે મજકુર બતાવેલો કબજા વિશેનો નીયમ સ્થાવર તથા જંગમ મીલકત બંનેને લાગુ પડે છે.

એક શખ્સને સ્થાવર મિલકતમાંથી ખસેડયો હોય અને પોતે કબજો મળવ્યો હોય, તો વાદીએ પોતાના હકના બળથી તે પ્રાપ્ત કરવો જોઈએ, પણ પ્રતિવાદીના નબળા હક

ધી ભગવવા વિચાર રાખ્યો નહી.

પણ કેટલેક ખળ વાપરી કબજો મેળવ્યો હોય તેવે ઠેકાણે મજકુર નીયમ લાગુ પડતો નથી. કોઈ શખસ બીજા શખસના ઘરમાં જોરથી જાય, તેને જબરાઈથી બાહાર કાઢે અને પછી તે શખસ ઘરનો માલેક છે એવુ તેણે સાબીત કરવુ જોઈએ એમ કહી શકે નહી.

આ કલમ પ્રમાણે કબજો પડેલો હોવો જોઈએ બાબાભાઈ નાસીદાસ વિરૂધ ભરૂચનો સબ કલેકટર, ૭ મું. હા. કો. રી. ૮૨

પક્ષકારોમાંથી એકના ઉપર ભરોસો રાખવામાં આવતો હોય તેવા કામમાં અમુક કારભાર સુધબુધીથી થયું કે નહી તેની સાબીતી વિષે.

૧૧૧. જ્યારે કાંઈ કારભાર થયું હોય અને તે જે પક્ષકારો વચ્ચે થયું હોય તેમાંથી એક પક્ષકારનો સબંધ બીજા પક્ષકાર સાથે એવો હોય કે તે બીજા પક્ષકારનો ફાયદો કરવાની તેની ફરજ હોય તો તે ફરજના સબંધથી સદરહુ એક શખસ ઉપર ભરોસો રાખવામાં આવતો હોય ત્યારે એવા પક્ષકારની વચ્ચે અમુક કારભાર સુધબુધીથી થયું છે કે નહીં એવી તકરાર પડે ત્યારે સદરહુ કારભારની સુધબુધી સાબીત કરવાનો બોજો જે પક્ષકારના ઉપર સદરહુ પરમાણે ભરોસો રાખવામાં આવતો હોય તેના ઉપર છે.

દ્રષ્ટાંતો.

(અ) એક અસીલે માંડેલી ફરીયાદના કામમાં એવી તકરાર પડી છે કે અસીલે મજકુરે પોતાના એક અટરનીને વેચાણ કરેલું તે વેચાણ સુધબુધીથી થયું છે કે નહી એ કારભારની સુધબુધી સાબીત કરવાની જવાબદારી સદરહુ અટરનીના ઉપર છે.

(બ) એક છોકરો હાલ તુરતજ લાયક ઉમરે પહોંચેલો છે. તેણે પોતાના બાપ ઉપર ફરીયાદ માંડી તે કામમાં છોકરાએ બાપને વેચાણ કરેલું તે સુધ બુધીથી કરેલું કે નહી તે વાતની તકરાર પડી એ કારભારની સુધ બુધી સાબીત કરવાની જવાબદારી સદરહુ છોકરાના બાપ ઉપર છે.

ટીકા.—આ કલમમાં ઠરાવેલો નિયમ એકજ પક્ષકારો વચ્ચેના કારભારોમાંજ ફક્ત લાગુ પડે છે. જેમકે અ એક છોકરાએ પુખ્ત ઉમરનો થયા કેડે પોતાના બાપના ઘરેણાની બાબતમાં તેના વાલી ઉપરના દાવામાં સદરહુ વાલીએ કરેલો ફડચો દગા ભરેલો હતો એવા કારણથી તે ફડચો રદ કરાવા ફરીયાદ કરી હતી. તેમા એવુ ઠરાવ્યું કે તેમાં દગો થયો છે એવુ સાબીત કરવાનો બોજો અ ઉપર છે, અને જો એમ સાબીત કરવાનો પુરાવો આવી શકે નહી તો દાવો કાઢી નાખવો. બેચરાય વિરૂધ માહાતબ્બચંદ ૭ મ. જયુ પા. ૨૮૬

તફુરદીન તીવારી વિરૂધ નવાબ સઈયદ અલીહુસેનખાન લો. રી ૧ ઈં. અ. ૧૯૨ માં એવુ ઠરાવ્યું છે કે એક પડદામાં રેહેનારી સ્ત્રી પોતાના સગાંથી જુદી રેહેતી હતી. તેણે એક શખસ જે તેનું વખતે વખતે ગુમાસ્તા તરીકે કામ કરતો હતો તેની તરફેણમાં ખત કરી આપ્યું તેમાં પ્રીવીકાઉનસીલે ઠરાવ્યું કે આ કારભાર સુધબુધીથી થયું હતુ અને તે સ્ત્રી તે પુરણ રીતે સમજતી હતી એવુ સાબીત કરવાનો બોજો શખત રીતે મજકુર શખસ ઉપર રેહે છે.

લગન સબંધ

૧૧૨. કોઈ શખસની માનો કોઈ પુરૂષ સાથે કાયદેસર લગ્ન થયેલો હ

બ જારી હોય તે દરમ્યાન કોઈ શખ્સનો જન્મ થયો તે વાત શખ્સ મજકુર કાયદેસર પુત્ર છે એ વાત નિરણયકારક સાબીતી છે.

ગન સબંધ જારી હોય તે દરમ્યાનમાં અથવા તે લગન સબંધ તુટયા પછી શખ્સ મજકુરની મા વગર પરણેલી રહી હોય તો લગન સબંધ તુટયા બાદ ૨૮૦ દિવસ સુધીમાં સદરહુ શખ્સનો જનમ થયો એ હકીકત તે શખ્સ પુરૂષ મજકુરનો કાયદેસર પુત્ર છે એ વાતની નિરણયકારક સાબીતી સમજવી; પરંતુ જો એવું બતાવી શકાય કે સદરહુ લગ્નવાળા સદરહુ સ્ત્રી પુરૂષ એ બેઉને એક બીજાનો સમાગમ કોઈ એવે સમએ થયો નથી કે શખ્સ મજકુરની ગરભ ઉતપતી થઈ શકે, તો પછી એ પ્રમાણે સમજવું નહી.

મુલક સ્વાધીન કરવા આવ્યો હોય તેની સાબીતી બાબત.

૧૧૩. બ્રીટીશ સરકારના મુલકનો કોઈ ભાગ કોઈ દેશી સંસ્થાને કીંવા રાજ કીંવા હાકેમને સ્વાધીન કરવામાં આવ્યો છે એવું જાહેરનામું ગેઝેટ આફ ઈંડીઆમાં છાપવામાં આવે તો એવા જાહેરનામામાં લખેલી તારીખે એવો મુલક કાયદેસર રીતે સ્વાધીન કરવામાં આવ્યો એ વાતનું સદરહુ જાહેરનામું નિરણય કારક સાબીતી છે એમ સમજવું.

ટીકા.—આ કલમ ઉપર ૧૦ મું. હા. કો. રી. ૪૭ અને ઈં. લા. રી. ૧ મું. ૩૬૭; દમોદર ગોરધન વીરૂધ ભગોરા દેવરામનો કેસ ચુકવેલો છે; તેમાં મુંબાઈની હાઈકોરટે એવું ઠરાવ્યું કે રાણી સરકારને જે આક્ટથી હિંદુસ્તાનનું રાજ સોંપવામાં આવ્યું તે આક્ટ મુજબ હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરીને જે સત્તાઓ મળી તેમાં મુલક આપવાની એકે સત્તા તેમને મળી નહોતી, પારલામેંટના અખત્યારને હરકત પહોચાડે એવો કોઈપણ કાયદો કરવાની હિંદુસ્તાનની કાયદા બાંધનારી સભાને જે કાયદાથી સ્પષ્ટ રીતે મનાઈ કરવામાં આવી છે, તે કાયદામાં વીક્ટોરીયા રાણીના ૨૪ તથા ૨૫ મા વરસમાં પસાર થએલા હિંદુસ્તાનની કાઉન્સીલના આક્ટના પ્રકરણ ૬૭ થી કાંઈપણ ફેરફાર થયો નથી, એવું બતાવ્યા પછી હાઈકોરટે નીચે પ્રમાણે જણાવ્યું છે "પુરાવાના આક્ટની કલમ ૧૧૩ મીના વજનનો આધાર વિશેષાધીકારના બંધારણના સવાલ ઉપર છે. જો રાજને મુલક સ્વાધીન કરવાની સત્તા હોય તો કાયદાનો આ ઠરાવ જ્યાં સુધી નામંજુર થયો નથી ત્યાં સુધી તે કાયદેસર અને બંધન કારક છે; પણ જો એ સત્તા પારલામેંટના અખત્યાર સાથે બજાવી શકાય છે તો તે ઉપરથી એવો અનુમાન થાય છે કે કાયદા બાંધનારી સભા પોતાના અખત્યારની હદ ઉપરાંત ગઈ છે, અને કલમ ૧૧૩ નો ઠરાવ ખરાબ છે અને તેમજ રહેશે"

કેટલીક હકીકત છે એવું કોરટ અનુમાન કરવાને મુખત્યાર છે.

૧૧૪ કોઈ અમુક કામની હકીકતને સબંધે કુદરતી બનાવની તથા મનુશ્યની વરતણુકની તથા સરકારી તથા ખાનગી કામ કાજની સાધારણ ગતી ઉપર વિચાર રાખતા કોઈ હકીકત બન્યાનો સંભવ છે એવું કોરટની નજરમાં આવે તો તે હકીકત બનેલી છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

દ્રશ્ટાંતો.

નીચે પરમાણેના અનુમાન કરવાને કોરટની મુખત્યારી છે.

(અ) ચોરી થયા પછી થોડી વારે ચોરીનો માલ કોઈ માણસના કબજામાં હોય અને તે માણસ સદરહુ ચોરીનો માલ પોતાના કબજામાં સી રીતે આવ્યો તે ન બતાવી શ

કે તો માણસ મજકુર ચોરી કરનાર છે અથવા તેણે ચોરીનો માલ જાણીને તે લીધો છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(બ) ગુનાહના કામમાં ગુનેગારનો સામેલતીની જુબાનીને મુખ્ય મુદ્દાની વાતે બીજા પુરાવાથી પુષ્ટી ન મળે ત્યાં તે સાખવાનું કહેવું ખરું રાખવા યોગ્ય નથી એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(ક) હુંડી સીકારી અથવા તેના ઉપર શેરા થયા તો પછી સારા આવેજ ઉપરથી સીકારી અથવા શેરા થયા એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(ડ) કોઈ પદાર્થ કીંવા પદાર્થની સ્થીતી જેટલી મુદત સાધારણરીતે ચાલ્યા કરે છે તે મુદતની અંદર કોઈ વખતે તે પદાર્થ કીંવા પદાર્થની સ્થીતી કાયમ હતી એવું સાબીત કરવામાં આવ્યું હોય ત્યાં સદરહુ પદાર્થ કીંવા પદાર્થની સ્થીતી અદ્યાપી પર્યંત કાયમ છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(ઈ) ઈનસાફના તથા સરકારી કામ નિયમ પુરતાં થયાં છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(ફ) કામકાજની સાધારણ રીતી પ્રમાણે અમુક કામ થયું છે, એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(ગ) જે પુરાવો રજુ કરી શકાય એવો છે. પરંતુ તે રજુ કર્યો નથી તે પુરાવો રજુ થાય તો રજુ નહી કરનાર શખસને પ્રતીકુળ છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(હ) કોઈ માણસને કોઈ સવાલનો જવાબ આપવાની કાયદાથી ફરજ નથી તે સવાલનો તે શખસ જવાબ ન આપે ત્યારે જવાબ આપ્યો હોય તો તે શખસને પ્રતીકુળ પડત એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે

(આઈ) કોઈ દસ્તાવેજ ઉપરથી ફરજ ઉતપન્ન થતી હોય તેવો દસ્તાવેજ લખી આપનાર શખસના હાથમાં હોય ત્યારે તે ફરજ અદા થઈ છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

પરંતુ કોરટની ઉપર કહેલા અમુક કામમાં સદરહુ નિયમો લાગુ પડે છે કે નહી તેનો વિચાર કરતી વખતે નિચે બતાવ્યો છે, તેના જેવી હકીકતોના ઉપર પણ કોરટે ધ્યાનમાં રાખવું

દ્રસ્ટાંત (અ) બાબત.—એક નિશાની વાળો રૂપીઓ ચોરીએ ગયો ત્યાર પછી થોડીવારે એક દુકાનદારની પાસે તેના ગલ્લામાં તે રૂપીઓ માલમ પડ્યો હવે તે રૂપીઓ તેની પાસે કેઆણી કેતાણી રીતે આવ્યો એવું તે બતાવી શકતો નથી પરંતુ તેના રોજગારને પ્રસંગે તેની પાસે નિરંતર રૂપીઆ આવ્યા કરે છે.

દ્રસ્ટાંત. (બ) બાબત—કોઈ પત્ર ગોઠવવાના દરમિયાનમાં કાંઈ ગફલત ભરેલા કામથી એક માણસનું મોત આણવાને માટે અ નામના એક ઘણીજ સારા પ્રતીસ્ટા વાળા શખસની ઉપર મુકદમો ચાલે છે બ નામનો તેનાજ જેવોજ પ્રતિસ્ટાનો શખસ પણ સદરહુ પ્રમાણે ગોઠવવામાં સામીલ હતો તે સઘળી હકીકત બની તેનું બરાબર યથાર્થપણે વરણન કરે છે. અને પોતાની તથા અ ની એ બેહુની બે ફીકરાઈ કબુલ કરી તે ખુલાસો બતાવે છે.

દ્રષ્ટાંત (બ) બાબત—કેટલાએક શખસોએ મળીને એક ગુનો કીધો. ગુનેગારમાંથી અ બ અને ક એ ગુનો થયો તેજ જગોએથી પકડાયા, અને તેઓને એક એકથી જુદા રાખ્યા. હરએક જણ ગુનાનો હેવાલ આપે છે તેમાં ક ને લેખે છે. એ સરવેના હેવાલોને એક બીજાથી એવી પુષ્ટી મળે છે કે આગળ તેઓને મસલત થઈ હોય. એ ઘણું અસંભવિત લાગે છે.

દ્રષ્ટાંત (ક) બાબત—હુંડી આપનાર અ એ વેપાર રોજગાર કરનાર વાકેફગાર માણસ હતો. બ એ નાની ઉમરનો અજાણ્યો શખસ હતો અને તે કેવળ અ ને વશ હતો.

દ્રષ્ટાંત (ડ) બાબત—એવું સાબીત થયું છે કે એક નદીનો પરવાહ પાંચ વરસ ઉપર અમુક રસ્તે ચાલતો હતો. પરંતુ એવું જાણવામાં છે કે તાર પછી રેલો આવી હતી, અને તેથી રસ્તો બદલાય.

દ્રષ્ટાંત (ઈ) બાબત—જે ઈનસાફનું કામ નિયમ પુરવક છે કે નહીં એવી તકરાર છે, તે કામ દસ્તુર કરતાં જુદી તરેહથી કરવામાં આવ્યું હોય

દ્રષ્ટાંત (ફ) બાબત—[illegible] પોહોચ્યો કેનહીં. [illegible] પણ બીજે બનેલાથી [illegible]

દ્રષ્ટાંત (ગ) બાબત—[illegible] કારખાનાની રૂઈઓ અ ના ઉપર ફેરીપા [illegible] અ નામના શ ખસ ના કહે છે [illegible] અ ના કુટુંબની [illegible] તથા તેમના [illegible]

દ્રષ્ટાંત (હ) બાબત—[illegible] આપવાને અ નામના [illegible] કહે છે; પરંતુ જે કામને [illegible] છે, તે કામને [illegible] સાહેબના જવાબ દેવાથી નુકશાન થાય છે.

દ્રષ્ટાંત (આઈ) બાબત.—[illegible] કબજામાં એક ખત છે; પરંતુ તે કામની [illegible] એવી છે કે [illegible] હોય.

ટીકા—અવિભાજ્ય હિંદુ કુટુંબની સઘળી માલકત મળ્યારી છે એવું અનુમાન થાય છે. હિંદુસ્તાનમાં ઘણાં જમાનાનાં અનુમાન છે તે અવિભાજ્ય હિંદુ કુટુંબની બાબતમાં કરેલ છે તે છે; આવે પ્રસંગે અનુમાન એવું છે કે હિંદુ કુટુંબની સઘળી મીલકત મળી આવી છે, અને તે પ્રમાણે નથી એવું સાબીત કરવાનો બોજો, જે શખસ આવી મીલકતના કોઈ પણ ભાગ પર પોતાની જુદી મીલકત તરીકે દાવો કરતો હોય, તેના ઉપર છે. આપીકેટ ગોસાંઈ વારૂપ ગંગાપ્રસાદ ગોરા ઈ. ૧ મુ. ઈ અ પા. ૫૩.

કાયદાનું અનુમાન એવું છે કે એક અવિભાજ્ય હિંદુકુટુંબની સઘળી મીલકત સમ ભાગે છે. જે મિલકત પોતે આગની પેદા કરી છે એવું સાબીત કરવાનો બોજો એ કુટુંબના સભાસદ ઉપર છે. [illegible] ૬ મુ. ઈ. અ. ૨૨૯

વળી કાયદાનું અનુમાન એવું છે કે જ્યારે કોઈ પણ કુટુંબ જુદા જુદા ઘરમાં રહેતું હોય અને જુદું જુદું ભોજન કરતું હોય, તો તેઓની મીલકત પણ જુદી છે. કુટુંબ

રામ ગહાપાર વીરૂધ નંદશંકર મહાપતર, ૩ બે. લો. રી. એ. સી. જ્યુ. ૭.

અવીભકત હીંદુ કુટુંબ તેને તેજ સ્થીતીમાં છે એવું અનુમાન જ્યારે કોઈપણ એક ઠા અને અવભકત હિંદુકુટુંબની મીલકત પ્રથમ નદીસોપારેજીન હોય તો, કાયદાનું અનુમાન એવું છે કે જે કુટુંબ એકવાર એકત્ર હતું તે હજી તેજ સ્થીતીમાં છે અને તે અનુમાન તોડવાને જુદા પડયાના કામો, તથા વિભાગ થયાના પુરાવા જોઈએ; અને જે શખસ એમ કહે કે તે વિભકત કુટુંબ છે તેના ઉપર પુરાવાનો બોજો રહે છે. મુસામત આકા વીરૂધ બાબુ ગોહીનીલાલ, ૧૧. મુ. ઈ. અ. ૩૧૬.

કોઈ ભાગીઆના કુટુંબના મુખ્ય માણસે કરેલું દેવું એ કુટુંબને વાસ્તે કરેલું દેવુ છે એવુ અનુમાન કોઈ હિંદુકુટુંબ એકઠું રહેતુ હોય અને તેના મુખ્ય માણસે કાંઈ દેવું કરેલું હોય તો તે કુટુંબને વાસ્તે કરેલું હતુ એવુ અનુમાન થાય છે; પણ કુટુંબના શખસો માંના કોઈ કાંઈ ખાનગી રોજગારે હોય, અને કોઈ દાવેદાર કુટુંબની માલકત સામે પોતાનો હક બજાવવા માગે, તો તેણે એવુ સાબીત કરવું જોઈએ કે તે દેવું શાહુકારીથી અને કુટુંબના ભલાને વાસ્તે કરેલું હતુ. ટોડવરાયા મહારાજા વીરૂધ વહીવી અનંગલ ૧. મ. હા. કો. રી ૩૬૯.

ગોપી કૃષ્ટ ગોસાઈ વીરૂધ ગંગાપ્રસાદ ગોસાઈ ૬ મુ. ઈ. અ. ૫૩ ના કેસમાં ઠરાવ્યું છે કે કોઈપણ સ્થાવર મિલકત બાપે પોતાના છોકરાના નામ ઉપર ખરીદ કરી હોય તો તે બોનામી છે એવુ અનુમાન થાય છે અને જે માણસના નામે તે ખરીદ કરવામાં આવી હોય તેના ઉપર પુરાવાનો બોજો છે. મુસામત આકા વીરૂધ બાબુ ગોહીનીલાલ. ૧૧ મુરની ઈંડીયન અપીલ ૩૧૬.

હિંદુ સ્ત્રીની બાબતમાં અનુમાન—કોઈપણ હિંદુએ બીજી સ્ત્રી કરી હોય તે સબબથી અથવા બીજા સબબથી કોઈ હિંદુ સ્ત્રી જુદી રેહતી હોય, તો તેના ધણીને બંધન કરે એવી રીતે તેની શાખ ઉપર કાંઈ ગરાજ લેઈ શકે નહીં એવો અનુમાન છે પણ સ્ત્રી પોતે જવાબદાર થાય. વારાસવાંગી ચેટી વીરૂધ આપારસવાંગી ચેટી, ૧ મ. હા. કો. રી. ૩૭૫.

પડદામાં રેહેનારી સ્ત્રીઓ—કોઈ વાદીએ બે પડદામાં રેહેનારી સ્ત્રીઓ ઉપર એક દસ્તાવેજની રૂએ દાવો કરયો અને તેમાં તેણે બતાવ્યું કે તે સ્ત્રીઓના ગુમાસ્તા તરીકે તે દસ્તાવેજ એક ત્રીજા શખસે કરી આપ્યો હતો. પ્રીવીકાઉન્સીલે એવુ ઠરાવ્યું કે તે શખસ તેમનો ગુમાસ્તો અગર આડતીયો હતો એ બાબતનો વધારે મજબુત પુરાવો આપવો જોઈએ. મુસામત અમાનુનીસા વીરૂધ બાકરખાન. ૧૦ બે. લો. રી. (પ્રી. કા.) ૨૦૫.

છોકરાનો ધરમ પણ તેના બાપના ધરમના જેવો જ છે એવો અનુમાન થાય છે આ બાબત સ્કીનર વીરૂધ ઓર્ડ ૧૪ મુ. ઈ. અ. ૩૦૯ નો કેસ જુઓ.

એક મુસલમાને ઘણાક વરસ સુધી કોઈ મુસલમાન સ્ત્રી સાથે ધણી ધણીયાણી તરીકે વ્યવહાર ચલાવ્યો હતો. તે સ્ત્રી કાંચણી હતી, પણ તેના ઘરમાં રાખી હતી. પેલો મુસલમાન મરી ગયો ત્યારે પેલીએ હું તેની સ્ત્રી છું એવો હક કરયો અને લગ્ન થયું છે એવુ સાબીત કરવાને સારૂ સાક્ષીઓ બોલાવ્યા પણ લગ્ન સાબીત કરી શકી નહી. તેમાં એવુ ઠરાવ્યું કે નીચેની કોરટ એવુ અનુમાન કરી શકે નહી કે એક કાંચણી જે ઘણા વરસ સુધી રેહેવાથી સ્ત્રી કહી શકાય નહી, અને સાધારણ એવુ અનુમાન થાય છે કે લગ્ન

થયું નહોતું. મુસલમાન જાફુન્નબતુલ વીરૂધ મુસલમાન હુસેની બેગમ. ૧૧ મુ. ઈ. અ ૧૬૪.

દત્તક લેવાના અખત્યારની બાબતમાં અનુમાન—દત્તક લેવાનો અખત્યાર નીઃસંતાનવાળો હિંદુ પોતાની વિધવાને દત્તક લેવાનો અખત્યાર આપી ગયો છે એવુ ઘણુ કરીને અનુમાન થાયછે. નાગલક્ષ્મી અમ્માલ વિરૂધ ગોપુ નાદરાજ ચેટી. ૬. મુ. ઈ. અ. પા. ૩૦૭.

બાબ ૮ મો—પ્રતીબંધ વિશે.

પ્રતિબંધ. ૧૧૫. જ્યારે કોઈ એક શખસે પોતે ઈકરાર કરીને, કીંવા કાંઈ કર્તીય કરીને, કીંવા કાંઈ કરવનું તે ન કરીને, કોઈ બીજા શખસ પાશે અમુક વાત ખરી છે એવો ધારણા કરાવી હોય અથવા, કરવા દિધી હોય, તથા તે ધારણા ઉપરથી કાંઈ અમલ કરાવ્યો હોય, અથવા કરવા દિધો હોય, તો તે શખસની તથા સદરહુ બીજા શખસ કીંવા તેના પ્રતાનીધી વચ્ચે ચાલતી ફરીયાદમાં અથવા કામમાં, સદરહુ વાતના ખરાપણાંનો ઈનકાર કરવાની પરવાનગી શખસ મજકુરને કીંવા તેના પ્રતાનીધીને આપવી નહી.

દ્રષ્ટાંત.

અ જાણી જોઈને એવુ કાંઈ કરે છે કે તે ઉપરથી અમુક જમીન **અ** ની છે એવું **બ** એ માન્યું, અને તેથી જમીન મજકુર ખરીદ કરીને તેના રૂપીઆ આપવાને લલચાયો.

પાછળથી જમીન મજકુર **અ** ની મલકીમાં આવી તારે **અ** સદરહુ વેચાણ એવા સબબ ઉપરથી રદ કરાવવા માગે છે, કે વેચાણ થયું તે વખતે તે જમીન ઉપર માહારો કાંઈ હક નહોતો. પોતાનો હક નહોતો એ વાત **અ** ને સાબીત કરવા દેવી નહીં.

ટીકા.—ઈંગ્રેજી કાયદા પ્રમાણે પ્રતિબંધની ત્રણ જાત છે.

(૧) રેકર્ડ ઉપરથી થતો હોય તે. (૨) દસ્તાવેજથી થતો હોય તે (૩) ઈકવીટેબલ ઈનવેસ્ટમેંટને લગતે લોકની રૂબરૂમાં

૧ લાને વાસ્તે આ આક્ટની કલમો ૯૦—૯૪ સુધી જુઓ.

સદાશીવ મોરેશ્વર વીરૂધ હરી મોરેશ્વર ૧૧ મું હા. કો. ૧૯૦ ના કેસમાં પ્રતિબંધ વિશે નીચે પ્રમાણે ઠરાવ્યું હતું. એક દત્ત છોકરાએ તેને દત્તક લેનાર બાપના ભાઈ ઉપર મીલકતના વીભાગ કરવાનો દાવો કર્યો. તે ભાઈએ દત્તક વિરુદ્ધ વાંધો ઉઠાવ્યો પણ એમાં એવુ ઠરાવ્યું હતુ કે તે દત્તક વિશે વાંધો લઈ શકે નહી, કેમકે જે વખતે તે છોકરાને દત્તક લીધો હતો તે વખતે પોતે હાજર હતો અને પોતાની કબુલાત બતાવી હતી અને પેલો બાપ ગુજરી ગયો ત્યાં સુધી એને એવો ભરોસો આપ્યો હતો કે દત્તક કરવાનું કાર્ય બરોબર છે.

નીચેની બાબતમાં પ્રતિબંધ નથી

એક હિંદુ બાપે એક છોકરાને દત્તક લીધો અને આ છોકરો જીવતો હતો તે છતાં પણ એક બીજો છોકરો દત્તક કર્યો. પ્રથમનો દત્તક થયેલો છોકરો મોટી ઉંમરનો થયો તે વખતે તેના દત્તક બાપે મીલકતના ભાગ પાડી બંનેને સરખા ભાગ આપ્યા તેમાં એમ ઠરાવ્યું કે જોકે પ્રથમના દત્તક પુત્રે ભાગ પાડવામાં કબુલાત આપી હતી તોપણ તેને પ્રતિબંધ નહોતો. કેમકે હિંદુશાસ્ત્ર પ્રમાણે એક છોકરાની હયાતીમાં બીજાને દત્તક લેવાય નહી. રંગમ વિરૂધ રંગમ ૪ મું ઈ. અ. ૧

એક બીજા શખસ ઉપર હુકમનામુ થયેલું તેની બજાવણીમાં જપ્ત થએલી માલકત

પોતાની છે એવો એક શખસે હક ઠરાવ્યો, કાંઈપણ તપાસ કર્યા શીવાય તેની આરજી ક બુલ રાખવામાં આવી હતી; ત્યારે તેણે વેચાણ વખતે મજકુર માલકત ખરીદ કરી હતી, તે માં એવું ઠરાવ્યું કે તેણે ખરીદ કરી તે ઉપરથી, વેચાણ થતા પ્રથમ કોઈને ગીરો આપી હોય તે ગીરવેદાર, ઉપર પોતાની મીલકત છે એવું બતાવવાને પોતાને કાંઈ પ્રતિબંધ નથી. પંડીત હનુમાન દત્ત વિરૂધ મુન્શી અમીરાહુલા. ૭ નં. બેં. પ્રો રી ૧૪૫.

ગણોતીયાને પ્રતિબંધ નડે છે તે બાબત.

૧૧૬. સ્થાવર મીલકતના ગણોતીયા કીવા ભાડુતને, અથવા તે ગણોતીયા કીવા ભાડુતના હક ઉપરથી જે શખસનો હક ઉત્પન્ન થયો હોય તે શખસને, સદરહુ ગણોતીયાનો કીવા ભાડુતનો સંબંધ ચાલતો હોય તે દરમિયાનમાં એવો ઈનકાર કરવાની પરવાનગી આપવી નહીં, કે સદરહુ સ્થાવર મીલકતના માલીકનો તે મીલકત ઉપર ગણોતીયા કીવા ભાડુત મજકુરનો સંબંધ શરૂ થયો તે વખતે કાંઈ હક હતો નહીં; અને હરકોઈ સ્થાવર મીલકતના કબજેદારના પરવાનાથી તે મીલકત જે શખસે પોતાના તાબામાં લીધી હોય, તે શખસને એવો ઈનકાર કરવાની પરવાનગી આપવી નહીં કે સદરહુ પરવાનો આપતી વખતે એવા કબજેદારનો એવા કબજા ઉપર હક હતો નહીં.

હુંડી સ્વીકારનારને અથવા નીક્ષેપીને અથવા પરવાનો લેનારને અટકાવ નડે છે તે બાબત.

૧૧૭. કોઈ હુંડી સ્વીકારનારને એવો ઈનકાર કરવાની પરવાનગી આપવી નહીં કે હુંડી આપનાર શખસને એવી હુંડી આપવાનો કીવા તે ઉપર સહી કરવાનો અખત્યાર નહોતો; અને કોઈ નીક્ષેપીને અથવા જે શખસને કાંઈ પરવાનો આપ્યો હોય તે શખસને પણ એવો ઈનકાર કરવાની પરવાનગી આપવી નહીં કે નીક્ષેપ અથવા પરવાનો સોંપતી વખતે તે નીક્ષેપકને અથવા પરવાનો આપનાર શખસને એ પ્રમાણે નીક્ષેપ કરવાનો અથવા એવો પરવાનો આપવાનો અખત્યાર નહોતો.

ખુલાસો ૧ લો—હુંડી સ્વીકારનાર એવો ઈનકાર કરવાને મુખત્યાર છે કે હુંડી મજકુર ઉપર જે શખસે તે હુંડી આપ્યાનું સમજાય છે તે હુંડી ખરેખર આપી નથી.

ખુલાસો ૨ જો—નીક્ષેપ લેનાર શીવાય બીજા કોઈ શખસને નીક્ષેપવાળો માલ આપે તો નીક્ષેપી એવું સાબીત કરવાને મુખત્યાર છે કે જે શખસને તેણે માલ આપ્યો છે તે શખસનો નીક્ષેપના વિરૂધ માલ મજકુર ઉપર હક હતો.

બાબ ૯ મો—સાહેદ બાબત.

સાહેદી કોણ આપી શકે છે.

૧૧૮. સરવે કોઈ શખસ સાહેદી આપવાને શકત છે એમ સમજવું. પરંતુ કોરટની નજરમાં એમ આવે કે કાચી ઉમરને લીધે, અથવા અતીશે જઈફીને લીધે અથવા શરીરના કીવા મનના કોઈ રોગને લીધે અથવા એવા પ્રકારના બીજા કોઈ કારણને લીધે તેને જે સવાલ પુછવામાં આવે તે તે સમજી શકતા નથી અથવા તે સવાલોના સમજણવાળા જવાબ આપી શકતા નથી, તો તે શખસો સાહેદી આપવાને શકત છે એમ સમજવું નહીં.

ખુલાસો:—દિવાનો માણસ સાહેદી આપવાને અશકત નથી પરંતુ તેને સવાલ પુછવામાં આવે તે જો દિવાના પણાના સબબથી તે સમજી શકતો ન હોય અથવા તેના સમજણવાળા જવાબ આપી શકતો ન હોય તો તે અસકત છે.

ટીકા.—શાથી ફકીની સામે એક ફરી સાહેદ તરીકે થઈ શકે નહી—ફોજદારી, કામ ચલાવવાની રીત પ્રમાણે એક તોહોમતદાર પોતાનીજ તપાસમાં સાહેદ તરીકે થઈ શકે નહી ઘણા સહફરીઆદી હોય તેમાંનો એક ફરી બીજાઓની તરફેણમાં તેમજ તેમની સામે સાહેદ તરીકે પુરાવો આપી શકે નહી, રાણી વીરૂધ અશરાફશેખ અને બીજા ૬ બો. ફો. બા."

સને ૧૮૭૩ ના ૧૦ મા આકટ પ્રમાણે (સોગન બાબતનો કાયદો) જે હીંદુઓ, મુસલમાનો અને બીજાઓ સોગદ લેવાને અડચણ લેતા હોય તેમણે સોગંદને બદલે ઇકરાર કરવો જોઈએ.

એક કામમાં એક ફરીએ બે છોકરાને કુવામાં નાંખ્યા હતા, તે નજરે જોનાર સાક્ષી એક છોકરૂં હતુ. તે છોકરૂં સોગદ એ શું છે તે સમજી શક્યું નહી, અને ફકત સાદો ઇકરાર કરી પુરાવો લીધો હતો. તેમાં બંગાળાની હાઈકોરટે એવુ ઠરાવ્યું હતુ કે તે જુબાની પુરાવામાં દાખલ કરવા યોગ્ય છે. રાણી વિરૂધ મુસામત ઇનવારયા. ૧૪. બં. લો. રી. પા. ૫૪.

મુંગા સાહેદ બાબત. ૧૧૯. જે સાહેદ બોલી શકતો ન હોય તે સાહેદ લખાણ વડે કી વા ચીન્હો વડે બીજો જે રીતે પોતાની જુબાની સમજાઈ શકે એવી કરી શકતા હોય તે કોઈ રીતે જુબાની આપવાને મુખત્યાર છે. પરંતુ એવુ લખાણ તથા એવા ચીન્હો ખુલ્લી કોરટમાં થવા જોઈએ એ પ્રમાણે આપેલા પુરાવાને મુખ જુબાની પુરાવો સમજવો.

દિવાની તથા ફોજદારી કામો માં પરણેલા શાખસો સાહેદી આપી શકે કે નહી તે બાબત. ૧૨૦. તમામ દિવાની કામોમાં ફરીઆદી જવાબદાર તથા દાવાના હર કોઈ પક્ષકારનો ધણી અથવા તેની ધણીઆણી સાહેદ થઈ શકે એમ સમજવું. ફોજદારી કામોમાં હરકોઈ માણસની વિરૂધ પુરાવો આપવાને એવા શખસોના ધણી અથવા તેની ધણીઆણી સાહેદ થઈ શકે છે એમ સમજવું.

જડજ તથા માજીસ્ટરેટ બાબ. ૧૨૧. હરકોઈ જડજ અથવા માજીસટરેટને કોરટમાંની તેની એવા જડજ અથવા માજીસ્ટરેટ તરીકેની વરતણુક વિશેના અથવા એવા જડજ અથવા માજીસ્ટરેટના રૂએ જે વાત તેના જાણવામાં કોરટમાં આવી હોય તે વિશેના હરકોઈ સવાલો પુછવામાં આવે તેમાં જવાબ દેવાની સદરહુ જડજ અથવા માજીસ્ટરેટને તે જે કોરટને તાબે હોય તેવી કોરટના "ખાસ હુકમ" સીવાય ફરજ પાડવી નહી પરંતુ એ પ્રમાણે કામ કરવાના દરમીયાનમાં પોતાની રૂબરૂ કોઈ બીજી બીનાઓ બની હોય તે વિશે તેને સવાલ પુછી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ). સેસન કોરટની રૂબરૂ અ ના ઉપર તજવીજ ચાલે છે તે વખતે અ જાહેર કરે છે કે બ નામના માજીસ્ટરેટે એક જુબાની ગેર રીતે લીધી. કોઈ ઉપલી કોરટના ખાસ હુકમ સીવાય એ વિશેના સવાલોના જવાબ આપવાની બ ને ફરજ પાડી શકાતી નથી.

(બ). બ નામના માજીસ્ટરેટની રૂબરૂ ખોટી સાહેદી આપ્યાનું અ ના ઉપર સેસન કોરટમાં તોહોમત છે ઉપલી કોરટના ખાસ હુકમ સીવાય અ એ શું કહ્યુ તે બ ને પુછી શકાતુ નથી.

(૩) ब નામના સેસન જડજની રૂબરૂ તજવીજના દરમીયાનમાં એક પોલીસ અમલદારનું ખુન કરવાની કોસીસ કરવાનું अ ના ઉપર સેસન કોરટમાં તોહોમત છે. શો બનાવ બની તે વિશે ब ને સવાલ પુછી શકાય છે.

ટીકા.—જડજ સાહેબ તરીકે કયારે સાક્ષી આપી શકે—જરૂર પડે તો જે કેસ જડજ પોતેજ તપાસતો હોય તેમાં પુરાવો આપી શકે પણ તેણે પ્રથમ સોગંદ લેવા જોઈએ અગર ઈકરાર કરવો જોઈએ, બેસ્ટ ૧૮૯.

રાણી વિરૂધ મુકતાસીંગ ૪ બ. લો રી. ક્રી અ. ૧૫ ના કેસમાં એવું ઠરાવેલું છે કે આ દેશમાં, આસેસરો સાથે જો જડજ કામ ચલાવતા હોય તો યોગ્ય સાક્ષી છે અને પુરાવો આપી શકે.

મી૦ ટેલરે કહ્યું છે કે જડજ પોતેજ કામ ચલાવવા બેઠેલો હોય તો તે સાક્ષી થઈ શકે નહી, કેમકે તેને સોગંદ આપવાને કોઈપણ શખસ નથી.

કોઈપણ જડજ પોતાની ઉપરી કોરટના હુકમ શિવાય કોરટમાં જડજ તરીકે પોતાની વરતણુકના પ્રશ્નોના જવાબ આપી શકે નહી.

લગન સબંધના દરમીયાનમાં કહેલી વાત બાબત

૧૨૨ જે શખસોનું લગન થએલું છે કીંવા થએલું હતુ તેવા હરકોઈ શખસને લગન સબંધના દરમીયાનમાં જેની સાથે લગન થએલું છે અથવા થએલું હતુ તેણે હરકોઈ વાત કહી હોય તે વાત સદરહુ કહેનાર શખસની કીંવા હક સબંધે તેના પ્રતીનીધીની રજામંદી શિવાય પ્રગટ કરવાની તે શખસને ફરજ પાડવી નહી કીંવા એવી કોઈ વાત પ્રગટ કરવાની તે શખસને સદરહુ પ્રમાણેની રજામંદી સીવાએ પરવાનગી આપવી નહી પરંતુ પરણેલા શખસોના વચ્ચેની માંહોમાંહેની ફરીઆદીઓના કામોમાં અથવા કોઈ પરણેલા શખસ પોતાનું જેની સાથે લગન થયું છે તેના વિરૂધ કાંઈ ગુન્હો કીધો હોય તે બદલ તેના ઉપર ફોજદારીમાં ફરીઆદ થઈ હોય તેવાં કામોમાં ઉપર પ્રમાણેની કાંઈ વાત પ્રગટ કરવાની તે શખસને ફરજ પાડવાને કીંવા પરવાનગી આપવાને બંધન છે એમ સમજવું નહીં.

ટીકા.—એક સ્ત્રીનો છેડા છુટકો થએલો હતો અને તે પછાથી એક બીજા સખસને પરણી હતી. પેહેલા લગનના દરમ્યાનમાં જે બાબતોથી તે વાકેફ હતી, તેનો પુરાવો આપવા તેણીને સાહેદ તરીકે ઉભી કરી હતી. તેનો પુરાવો લેવામાં આવ્યો નહોતો.

રાજ્ય પ્રકરણ સબંધી પુરાવો.

૧૨૩. રાજ્ય પ્રકરણ સંબંધી પ્રસીદ્ધ નહી થએલા સરકારી દફતરમાંથી મળેલો પુરાવો આપવાને કોઈ પણ શખસને પરવાનગી આપવી નહી પરન્તુ જે ખાતાનું સદરહુ દફતર હોય તે ખાતાના ઉપરી અધીકારી પરવાનગી આપે તો સદરહુ પ્રમાણે પુરાવો આપવા દેવો. ઉપરી અધીકારી મજકુરને યોગ્ય જણાય તે પ્રમાણે તેણે પરવાનગી આપવી કીંવા ન આપવી.

સરકારી હોદાની રૂઈએ સરકારી અધીકારીને કહેલી વાત બાબત.

૧૨૪. કોઈ પણ સરકારી અધિકારીને સરકારી હોદાની રૂઈએ ભરૂસાની વાત કહેવામાં આવી હોય તે વાત પ્રગટ કરવાથી સાર્વજનીક હીતને નુકશાન છે એવું તે સરકારી અધીકારીની નજરમાં આવે ત્યારે તે મજકુર પ્રગટ કરવાની ફરજ અધીકારી મજકુરને પાડવી નહી.

ગુનો બન્યા બાતની ખબર, બાતમી વિશે.

૧૨૫. હરકોઈ ગુનો બન્યા બાબત હરકાંઈ ખબર, બાતમી કોઈ પણ માજીસ્ટરેટ કીંવા પોલીસ અમલદારે કયાંહાંથી મેળવી તે કહેવાને મા જીસ્ટરેટ કીંવા પોલીસ અમલદાર મજકુરને ખબર પાડવી નહી.

રોજગારને સબબે કહેલી વાત બાબત.

૧૨૬. કોઈ પણ બારીસ્ટર કીંવા એટરની કીંવા પ્લીડર કીંવા વકીલને જે વાત તેને તેના અસીલે અથવા તેની તરફથી કોઈએ એવા બારીસ્ટરનું કીંવા એટરનીનું કીંવા પ્લીડરનું કીંવા વકીલનું કામ કરવાને પ્રસંગે તથા કામ મજકુર કરાવવાને માટે કહી હોય તે વાત પ્રગટ કરવાની પરવાનગી અથવા કોઈ પણ દસ્તાવેજની સ્થીતી કીંવા મજકુરથી તે પોતાના રોજગારનું કામ કરવાને પ્રસંગે તથા કામ મજકુર કરવાને માટે વાકેફ થયો હોય તે સ્થીતી કીંવા મજકુર પરગટ કરવાની પરવાનગી અથવા એવું કામ કરવાને પ્રસંગે તથ કરવાને માટે તેણે પોતાના અસીલને કાંઈ પણ સલાહ આપી હોય તે પ્રગટ કરવાની પરવાનગી તેના અસીલની સ્પષ્ટ રજામંદી શિવાય કોઈ પણ સમએ આપવી નહી.

પરંતુ આ કલમ માંહેના કોઈ પણ મજકુરને આધારે નિચે લખેલી વાત પ્રગટ થતી બચે છે એમ સમજવું નહીં

(૧) કોઈ પણ એવી વાત હરકોઈ ગુન્હાનું કામ સાધવા સારૂ કહી હોય તે.

(૨) હરકોઈ બારીસ્ટરનું કીંવા પ્લીડરનું કીંવા એટરનીનું કીંવા વકીલનું કામ કરવાને પ્રસંગે બારીસ્ટર કીંવા પ્લીડર કીંવા એટરની કીંવા વકીલ મજકુરના જોવામાં એવી હકીકત આવી હોય, કે તે ઉપરથી એમ માલમ પડે કે કામ મજકુર કરવું શરૂ કરયા પછી હરકોઈ ગુન્હો અથવા દગો થએો છે.

સદરહુ હકીકત સદરહુ બારીસ્ટર કીંવા પ્લીડર કીંવા એટરની કીંવા વકીલના ધ્યાન ઉપર તેના અસીલે કીંવા અસીલની તરફથી કોઈએ આણી હતી કે નહી. તે કાંઈ જોવાની જરૂર નથી.

ખુલાસો.—આ કલમમાં જે ફરજ કહી છે તે સદરહુ કામ ઉપરથી બારીસ્ટર કીંવા પ્લીડર, કીંવા, એટરની, કીંવા વકીલ મજકુર દુર થયા પછી જારી રહે છે.

દ્રષ્ટાંતો

(અ) અ નામનો એક અસીલ બ નામના એક એટરનીને કહે છે, કે "મેં ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો છે. મારી ઈચ્છા એવી છે કે તમે મારા તરફથી એ તોહોમતનો જવાબ કરો."

ગુનેહગાર જાણેલા માણસની તરફથી તોહોમતનો જવાબ આપવો એ કાંઈ ગુનાહનું કામ નથી, તેથી સદરહુ વાત પ્રગટ થતાં બચે છે.

(બ) અ નામનો એક અસીલ બ નામના એક એટરનીને કહે છે કે "એક બનાવટના લેખનો ઉપયોગ કરીને મારે કોઈ મીલકતનો કબજો લેવાની ઈચ્છા છે. એ લેખ ઉપર તમે ફરીઆદ માંડો." આ વાત ગુનાહનું કામ સાધવા સારૂ કહી તેથી તે પ્રગટ થતી બચતી નથી.

(ક) અ ના ઉપર ઉચાપતનું તોહોમત છે. તેણે બ નામના એક એટરનીને જવાબ આપવા રાખ્યો, મુકદમાનું કામ ચાલતાના દરમીયાનમાં અ ની હીસાબની ચોપડીમાં

એક રકમ દાખલ થએલી ખ ના જોવામાં આવી, એ રકમમાં ઉચાપતવાળી રકમ અ ના ઉપર લેહેણી પાડેલી હતી અને તે રકમ પોતે કામ લીધું તે વખતે તે ચોપડીમાં નોહોતી.

આ હકીકત એવી છે કે તે ખ એ પોતાનું સદરહુ કામ કરવાને પ્રસંગે જોઈ, અને તે ઉપરથી એવું માલમ પડે છે કે મુકદમાનું કામ શરૂ થયા પછી કાંઈ દગો થયો છે. સબબ એ હકીકત પ્રગટ થતી અટકતી નથી.

ટીકા.—અસીલે જરૂરીઆત શિવાયની કોઈ વાત કહી હોય તો તે પ્રગટ કરી શકાય. એક ફરીયાદીએ પોતાના એટરનીએ કહેલું કે જો કેદીને ફાંસી દેવડાવશો તો હું તમને પઈસાની મોટી રકમ આપીશ. આ વાત તે એટરનીને પ્રગટ કરવા દીધી હતી. કોઈપણ એટરની હોય અગર કાયદાની સલાહ આપનાર હોય, તેને પોતાના અસીલના અક્ષર સાબીત કરવાને, તેમજ મુખત્યારનામું અથવા વકીલાતનામું તેણે લખી આપ્યું હતું કે નહીં, તે સાબીત કરવાને બોલાવી શકાય, પણ તેને એવું પુછી શકાય નહીં કે તમને જે દસ્તાવેજ સોંપ્યો હતો તેના ઉપર બરોબર સ્ટાંપ ચોડેલો હતો કે નહીં? અથવા તે દસ્તાવેજમાં છેકાછાકી થએલી હતી કે નહીં? આવી હકીકત તેને પુછી શકાય નહીં. જુઓ, ફી. ૯૩ પ્ર૪ ૫૨૪.

કોઈ મુલાકાતની રીતેથી અથવા ચાલુ તકરાર વિષે વાત કરવામાં આવી હતી કે જેમ તે કાંઈ જોવાની જરૂર નથી. પણ વકીલના કામના સંબંધમાંજ જો તે વાત થઈ હોય તો તે વકીલ પ્રગટ કરી શકે નહીં. જુઓ, ટેલરનું પ્ર૯ ૮૩૪.

આ કલમમાં બતાવેલી વાત પ્રગટ કરવાને મના કરેલી છે તે ફક્ત એટલુંજ જોઈએ કે તે વકીલ, બારીસ્ટર, એટરની અથવા પ્લીડરના ધંધાના સંબંધમાંજ થએલી જોઈએ.

પ્રમાણલીસ જનકરીએ વિરૂદ્ધ બાલદી અબદુલ કરીમ. ઇ. લા. રી. ૩ મુંબાઈ પા. ૯૧, ના કેસમાં નીચે પ્રમાણે ઠરાવ્યું હતું.

કોઈપણ પ્રતિવાદીએ વાદીની રૂબરૂમાં જે એટરની તે બંનેનું કામ કરતો હોય તેને કાંઈ કબુલાત કરી હોય તો તેને આ કલમ પ્રમાણે બચાવ મળી શકતો નથી, કેમકે તે કબુલાત વાદીની રૂબરૂમાં કરી હતી માટે તે ખાનગી હતી એમ માની શકાય નહીં; અને તે પ્રતિવાદીએ કાંઈ પોતાના એટરનીને એકલાનેજ કરી નોહોતી પણ વાદીના એટરનીને કરી હતી એમ સમજવું કેમકે બંને પક્ષકારોનો એટરની એકજ હતો. માટે તેને બચાવ મળી શકયો નહોતો.

ક. ૧૨૬ દુભાશીઆ વિગેરેને લાગુ છે.

૧૨૭. કલમ ૧૨૬ મીમાં કહેલા નિયમો બારીસ્ટરોના તથા પ્લીડરોના તથા એટરનીઓના તથા વકીલોના દુભાષીઆ તથા કારકુનો કે ચાકરોને લાગુ પડે છે એમ સમજવું.

પોતાની ખુશીથી કોઈ પક્ષકારે સાહેદી આપેથી હક છોડી જતો નથી.

૧૨૮. કોઈ દાવાનો પક્ષકાર પોતાનીજ ઈચ્છા ઉપરથી અથવા બીજી રીતે તે ફરીઆદમાં સાહેદી આપે તો તેણે કલમ ૧૨૬ મીમાં લખ્યા પ્રમાણેની બાબતો પ્રગટ કરવાની રજાબંદી તે ઉપરથી આપી એમ ગણવું નહીં અને કોઈ દાવાનો અથવા મુકદમાનો હરકોઈ પક્ષકાર એવા કોઈ બારીસ્ટર, પ્લીડર, એટરની કે વા વકીલને સાહેદ તરીકે બોલાવે તો તેણે સદરહુ પ્રમાણે પ્રગટ કરવાની રજાબંદી આપી એમ માત્ર ત્યારે ગણવું કે જ્યારે સદરહુ બારીસ્ટર, એટરની અથવા વકીલને એવી બાબતો વિષે તે સવાલ

પુછે કે તે એવો સવાલ ન પુછત તો તે બાબત તે બારીસ્ટર, અટરની કીંવા વકીલ પ્રગટ કરી શકત નહી.

કાયદા સબંધી સલાહકાર સાથે ભરોસાની વાત થઈ હોય તે બાબત.

૧૨૯. કોઈ શખસની વચ્ચે તથા તેના કાયદા સબંધી રોજગાર કરનાર સલાહકારની વચ્ચે કાંઈ ભરોંસાની વાત થઈ હોય તે પ્રગટ કરવાને તે શખસને ફરજ પાડવી નહી; પરંતુ તે શખસ સાહેદ તરીકે સાહેદી આપવા પોતાની મરજીએ ઉભો થાય, તો તેણે જે કાંઈ પુરાવો આપ્યો હોય તે પુરાવાનો ખુલાસો કરવાને એવી જેટલી વાત જાણવાની કોરટની નજરમાં જરૂર જણાય તેટલી વાત પ્રગટ કરવાની તેને તે ફરજ પાડી શકાય છે, પણ બીજી વાત પ્રગટ કરવાની ફરજ પાડી શકાતી નથી.

સાહેદના ખત કબાલા ગુજારવા બાબત.

૧૩૦ જે સાહેદ ફરીયાદીમાં પક્ષકાર નથી તેવા સાહેદને હરકોઈ મીલકતના પોતાના ખત કબાલા અથવા જે દસ્તાવેજ ઉપરથી તે હરકોઈ મિલકત ઉપર ગીરોદાર તરીકે અથવા ઘરેણે રાખનાર તરીકે હક રાખતો હોય તેવો હરકોઈ દસ્તાવેજ અથવા જે દસ્તાવેજ રજુ કરવા ઉપરથી તે ગુનામાં આવે એવું હોય તે દસ્તાવેજ ગુજારવાને ફરજ પાડવી નહી, પરંતુ જે શખસ એવા ખત રજુ કરાવવા માગતો હોય તે શખસ સાથે અથવા તે શખસ ઉપરથી જે શખસનો હક ઉતપન થયો હોય એવો કોઈ શખસ સાથે સદરહુ સાહેદ ખત મજકુર ગુજારવાને લખાણ કરીને કબુલ કીધુ હોય તો સદરહુ પ્રમાણે ફરજ પાડી શકાય છે.

કોઈ દસ્તાવેજો બીજા કોઈ શખસ પાશે હોય તો તે શખસનો દસ્તાવેજ હાજર કરવાની ના કહેવાનો હક હોત એવા દસ્તાવેજો હાજર કરવા બાબત.

૧૩૧. કોઈ પણ શખસને તેના કબજામાંના એવા દસ્તાવેજો ગુજારવાની ફરજ પાડવી નહી કે તે દસ્તાવેજ હરકોઈ બીજા શખસના કબજામાં હોત તો તે ગુજારવાની ના પાડવાનો તેનો હક હોત પરંતુ સદરહુ બીજો શખસ દસ્તાવેજો મજકુર ગુજારવાને રજામંદી આપતો હોય તો સદરહુ પ્રમાણે ફરજ પાડી શકાય છે.

જવાબ દેવાથી ગુનામાં આવીશું એ સબબ ઉપરથી સાહેદને જવાબ દેવાની માફી આપવી નહી.

૧૩૨. હરકોઈ ફરીયાદીમાં અથવા દિવાની કીંવા ફોજદારી કામમાં તકરારી બાબતને લગતી હરકોઈ બાબત વિશેના સવાલનો કોઈ સાહેદ જવાબ આપે તો તે જવાબ તે સાહેદને ગુનામાં આણશે અથવા તે જવાબ ઉપરથી પરતક્ષ કીંવા પરંપરા સબંધે સાહેદ મજકુર ગુનામાં આવે એવું થશે અથવા તે જવાબ એવા સાહેદને દ્રવ્ય દંડને કીંવા કાયદો તોડવાની ગુનેગારીને પાતર કરશે અથવા તે જવાબ ઉપરથી સાહેદ મજકુર પ્રતક્ષ કીંવા પરંપરા સબંધે દ્રવ્ય દંડને કીંવા કોઈ કાયદો તોડવાની ગુનેગારીને પાતર થાય એવું થશે. એવા સબબ ઉપરથી સદરહુ સાહેદને સદરહુ સવાલનો જવાબ આપવાની માફી આપવી નહી.

શરત.

પરંતુ એવો જે જવાબ આપવાની સાહેદને ફરજ પાડવામાં આવી

હોય તે જવાબ ઉપરથી ખોટી સાહેદી આપવા બદલ તેના ઉપર જે ફોજદારી મુકદમા ચાલે તે સીવાય બીજો ફોજદારી મુકદમા તેના ઉપર ચલાવવો નહી કીંવા તેને પકડવો નહી, કીંવા કોઈ પણ ફોજદારી કામમાં જવાબ મજકુર તેની વિરૂધ સાબીત કરવો નહી.

ગુનેગારના શાબતી બાબત.

૧૩૩. ગુનાના કામમાં તોહમતવાળા શખસનો સોબતી તોહમતવાળા શખસની વિરૂધ સાહેદી આપવાને લાયક છે, અને કોઈ ગુનોહ સાબીત કરવાનો ઠરાવ એવા સોબતીની વગર પુષ્ટીની સાહેદી ઉપરથી કરેલો છે, એ જ કારણને લીધે માત્ર સદરહુ ઠરાવ ગેરકાયદે છે, એમ સમજવું નહી.

ટીકા.—રાણી વિરૂધ બુધુ નાનકુ. ઈં. લૉ. રી. ૧ મુંબાઈ પા. ૪૭૫ ના કેસમાં એમ ઠરાવ્યું છે કે સોબતીઓની સાહેદીને તોહોમતવાળો શખસ એજ છે કે નહી તે વિશે પુષ્ટી મળવી જોઈએ.

સોબતીએ નામ દીધેલા શખસો વિશે પુષ્ટીકારક પુરાવો જોઈએ એટલુંજ નહી પણ આ કરતાં વધારે જરૂરનું એ છે કે ગુન્હો થયો છે કે નહી તે ખાત્રી થવાને સોબતીની સાહેદી વિશે પ્રથમ પુરાવો હોવો જોઈએ. જે શખસ એમ કહે કે બીજો શખસ મારી સાથે ગુન્હો કરવામાં સામેલ છે એવો તેના ઉપર આરોપ મુકે તેણે તે શખસે ગુન્હો કર્યો એમ પુષ્ટી કરવાને પુરાવો આપવો જોઈએ. પણ જે અમુક ગુન્હાની સંબંધમાં પોતાની સાહેદી ફોજદારી ફરીઆદીનું કામ ચલાવવાને ઉપયોગી થશે એવા સમજથી તેને માફી આપી હોય તો અમુક ગુન્હો બન્યો છે કે નહી તેની પુષ્ટીને સારૂ વધારે પુરાવાની જરૂર છે. રાણી વિરૂધ મજકુર પુરશોતમ ઈં. લૉ. રી. ૧ મુંબાઈ ૪૭૬.

રાણી વિરૂધ મલાપા બીન કપાના ૧૧ મુ. હા. કો. રી. પા. ૧૯૬ ના કેસમાં ઠરાવ્યું છે કે ઘણા કેદીઓમાંના એક કેદીની કબુલાત સાથી કેદીના પુરાવાને પુષ્ટી કરવાને બીજાઓની સામે વાપરી શકાય નહી.

સાહેદોની સંખ્યા.

૧૩૪. હરકોઈ કામમાં હરકોઈ હકીકત સાબીત કરવાને સારૂ સાહેદોની અમુક સંખ્યા જોઈએ એમ સમજવું નહી.

બાબ ૧૦ મો—સાહેદોની તપાસણી બાબત.

સાહેદ કેવે અનુક્રમે ગુજારવા તથા તેની કેવે અનુક્રમે સહેદી લેવી તે બાબત.

૧૩૫. સાહેદો કેવે અનુક્રમે ગુજારવા, તથા તેની સાહેદી કેવે અનુક્રમે લેવી એ બાબત દિવાની તથા ફોજદારી કામ ચલાવવાની રીત સંબંધી વખતે વખત જે કાયદો તથા વહીવટ હોય તે મુજબ જેના તે કાયદા તથા વહીવટ પ્રમાણે અમલ કરવો અને એવો કાંઈ કાયદો ન હોય તો કોરટની નજરમાં દુરસ્ત લાગે તેમ કરવું.

ટીકા.—જ્યારે કોઈ સાહેદને સોગન આપ્યા હોય અને પછીથી એમ માલમ પડે કે તે સમજી શકતો નથી ત્યારે જડજે તેનો સઘળો પુરાવો રદ કરવો જોઈએ.

પુરાવો લેવા યોગ્ય છે કે ન

૧૩૬. જ્યારે હરકોઈ હકીકતનો પુરાવો આપવાનું હરકોઈ પક્ષકાર કહે ત્યારે જાહેર કરેલી હકીકત સાબીત થાય તો તે લગતી સી રીતે

હી એ વાત જજ કજે ઠેરવવી. — એવુ સદરહુ પુરાવો આપવાનું કેહેનાર શખસને પુછીને જડજ મુખત્યાર છે અને સદરહુ હકીકત સાબીત થાય તો તે લગતી છે એવુ જડજની નજરમાં આવે તો તેણે પુરાવો મજકુર લેવો અગર એવુ નજરમાં ન આવે તો તે લેવો નહી.

જે હકીકત સાબીત કરી આપવાનું કહેવામાં આવે તે હકીકત એવી હોય કે કોઈ હકીકત સાબીત થાય તોજ માત્ર તેનો પુરાવો લેવાઈ શકાય ત્યારે સદરહુ પ્રથમ કહેલી હકીકતનો પુરાવો આપતાં પેહેલાં સદરહુ પાછળથી કહેલી બીજી હકીકત સાબીત થવી જોઈએ; પણ પક્ષકાર મજકુર એવી હકીકતની સાબીતી આપવાનું પોતાને માથે લે અને તે વિશે કોરટની ખાત્રી થાય તો તેમ થવાની જરૂર નથી.

એક જાહેર કરેલી હકીકત લગતી છે કે નહી એ વાત બીજી જાહેર કરેલી હકીકત પ્રથમ સાબીત થએલી માલમ પડે એવી હોય ત્યારે જડજની નજરમા યોગ્ય જણાય તે પ્રમાણે સદરહુ બીજી વાત સાબીત કરતાં પેહેલા સદરહુ પેહેલી વાતનો પુરાવો આપવાની પરવાનગી આપવાને અગર સદરહુ પેહેલી વાતનો પુરાવો આપતાં પેહેલાં સદરહુ બીજી વાતનો પુરાવો આપવાનો હુકમ કરવાને જડજ મુખત્યાર છે.

દ્રશટાંત

(અ) એક લગતી હકીકત વિશે એક જાહેર કરયા પ્રમાણે ગુજરી ગયેલા શખશે કહેલો મજકુર સાબીત કરી આપવાનું કહેવામાં આવ્યુ છે એ મજકુર કલમ ૩૨ મુજબ લગતો છે.

એ મજકુરનો પુરાવો આપતાં પેહેલાં એવો પુરાવો આપવાનું કેહેનાર શખસે શખસ મજકુર ગુજરી ગયા છે એ હકીકત સાબીત કરવી જોઇએ.

(બ) એક જાહેર કરયા પ્રમાણે ખોવાઈ ગયેલા દસ્તાવેજનો મજકુર નકલથી સાબીત કરી આપવાનું કહેવામાં આવ્યું છે.

નકલ મજકુર ગુજારતાં પેહેલાં તે નકલ ગુજારવાનું કેહેનાર શખસે સદરહુ અસલ દસ્તાવેજ ખોવાઈ ગયો છે એ સાબીત કરવુ જોઈએ.

(ક) અ ના ઉપર ચોરીનો માલ ચોરાએ ગએલો જાણીને લેવાનું તોહોમત છે.

માલ મજકુર તેના કબજામાં હતો એ વાતનો તેણે ઈનકાર કીધો હતો એવુ સાબીત કરી આપવાનું કેહેવામાં આવ્યું છે.

ઈનકારની વાત લગતી છે કે નહી એ વાત ચોરીએ ગએલો માલ રજુ છે તેજ છે એ વાત સાબીત થએલી માલમ પડે એવી છે. કોરટની નજરમા યોગ્ય આવે તે પ્રમાણે કબજાનો ઈનકાર સાબીત કરતા પહેલા માલ મજકુર ચોરીએ ગએલો તેજ છે એનો પુરાવો આપવાનો હુકમ કરવાને અથવા માલ મજકુર ચોરીએ ગએલો તેજ છે તેનો પુરાવો આપતાં પેહેલાં ઈનકારની વાત સાબીત કરવાના પરવાનગી આપવાને કોરટ મુખત્યાર છે.

(ડ) અ નામની એક હકીકત જાહેર કરયા પ્રમાણે એક તકરારી વાતનુ કારણ અથવા ફળ છે એ અ નામની હકીકત સાબીત કરી આપવાનું કેહેવાગાં આવ્યું છે. હકીકત અ તકરારી હકીકતનું કારણ કીંવા ફળ છે એવુ માની શકાય તે પેહેલાં વચગાં દરમીયાન બ, ક, ડ, એવી ત્રણ હકીકત છે ત બનેલી છે એમ સાબીત કરવુ જોઈએ. બ ક

અથવા ક હકીકત સાબીત કરતાં પેહેલાં હકીકત અ સાબીત કરવાની પરવાનગી આપવાને અગર તો અ સાબીત કરવાની પરવાનગી આપતા પેહેલાં બ ક તથા ક સાબીત કરવાનો હુકમ આપવાને કોરટ મુખત્યાર છે.

મુખ્ય તપાસણી. ૧૩૭ જે પક્ષકારે સાહેદને બોલાવ્યો હોય તે પક્ષકાર તે સાહેદને તપાશે તેને મુખ્ય તપાસણી કેહેવી.

ઉલટ તપાસણી. સામાનો પક્ષકાર સાહેદને તપાસશે તેને ઉલટ તપાસણી કેહેવી.

ફેરી તપાસણી. ઉલટ તપાસણી થયા પછી જે પક્ષકારે શાહેદને બોલાવ્યો હોય તે પક્ષકાર સાહેદને તપાસે તેને ફેરી તપાસણી કેહેવી.

ઉપલી કલમમાં કહેલી તપાસણી કેવે અનુક્રમ લેવી તથા ફેરી તપાસણીમાં શું પુછવું તે બાબત. ૧૩૮ શાહેદાની પ્રથમ મુખ્ય તપાસણી કરવી પછી (જો સામા પક્ષકારની ઈછા હોય તો) ઉલટ તપાસણી કરવી અને ત્યાર બાદ (સાહેદને બોલાવનાર પક્ષકારની ઈછા હોય તો) ફેરી તપાસણી કરવી.

મુખ્ય તપાસણી તથા ઉલટ તપાસણી લગતી હકીકત બાબત હોવી જોઈએ પણ ઉલટ તપાસણીમાં જે હકીકત શાહેદે મુખ્ય તપાસણીમાં જણાવી હોય તેજ હકીકત વિશે બાર સવાલ પુછવા એવી જરૂર નથી.

ઉલટ તપાસણીમાં જે બાબતનો બોધ થયો હોય તે બાબતનો ખુલાસો થવાના કારણસર સવાલો ફેરી તપાસણીમાં પુછવા; અને ફેરી તપાસણીમાં કોરટની પરવાનગીથી કોઈ નવી બાબત દાખલ કરી, તો તે બાબત વિશે ફેરી ઉલટ સવાલ પુછવાને સામો પક્ષકાર મુખત્યાર છે.

દસ્તાવેજ રજુ કરવાને કોઈ શખસને સમન થયો હોય તે શખસની ઉલટ તપાસણી બાબત. ૧૩૯ જે શખસના ઉપર કોઈ દસ્તાવેજ રજુ કરવાનો સમન થાય તે શખસે તે દસ્તાવેજ રજુ કરયો એ હકીકત ઉપરથી માત્ર તે શખસ મજકુર સાહેદ બન્યો એમ સમજવું નહી અને તેને જ્યાં સુધી સાહેદ તરીકે બોલાવવામાં આવ્યો નથી ત્યાં સુધી તેના ઉલટ તપાસણી કરી શકાતી નથી.

ચાલ ચલગત બાબતના સાહેદો બાબત. ૧૪૦ ચાલ ચલગત બાબતના સાહેદોની ઉલટ તપાસણી તથા ફેરી તપાસણી કરી શકાય છે.

સુચક સવાલ. ૧૪૧ સવાલ પુછનાર શખસ જે જવાબ મળવાની ઈછા રાખતો હોય અથવા આશા રાખતો હોય તે જવાબ જે સવાલ ઉપરથી નીકળી આવે તેવા સવાલને સુચક સવાલ કેહેવામાં આવે છે.

સુચક સવાલો ક્યારે પુછવા નહી. ૧૪૨ મુખ્ય તપાસણીમાં અથવા ફેરી તપાસણીમાં સુચક સવાલ સામો પક્ષકાર હરકત લે તો કોરટની પરવાનગી સીવાય પુછવા જોઈએ નહી.

જે બાબતો પ્રસ્તાવના રૂપે હોય અથવા બીન તકરારી હોય અથવા કોરટના અભી

પ્રાશમાં પુરતી રીતે સાબીત થઈ ચુકી હોય તે બાબતો વિશે સુચક સવાલો પુછવાની કોરટે પરવાનગી આપવી.

ક્યારે પુછી શકાય. — ૧૪૩ ઉલટ તપાસણીમાં સુચક સવાલો પુછી શકાય છે.

લખાણ થએલી બાબતો વિશે પુરાવો. — ૧૪૪. હરકોઈ સાહેદની સાહેદી લેવાતી હોય તે દરમીયાનમાં તેને એવું પુછી શકાય છે, કે જે કરાર કીવા દાન કીવા ગીજાકતની બીજી રાતની વ્યવસ્થા બાબત તે સાહેદી આપે છે તે કરાર કીવા દાન કીવા ગીજાકતની જ રાતની વ્યવસ્થા કોઈ દસ્તાવેજમાં લખેલી નહોતી કે કેમ; અને જો તે એમ કહે કે લખેલી હતી તો અથવા જે દસ્તાવેજ કોરટના અભીપ્રાય પ્રમાણે રજુ થવો જોઈએ એવા હરકોઈ દસ્તાવેજના મજકુર વિશે તે શખસ કાંઈ વાત કહેવા જતો હોય તો સામા પક્ષકાર એવી હરકત લેવાને મુખ્તયાર છે કે દસ્તાવેજ મજકુર રજુ થતાં સુધી અથવા જે હકીકત સાબીત થએ સદરહુ સાહેદને બોલાવનાર પક્ષકારનો દસ્તાવેજ મજકુરનો દોયમ પુરાવો આપવાનો હક થતો હોય તે હકીકતો સાબીત થાય ત્યાં સુધી એવો પુરાવો લેવો જોઈએ નહી.

ખુલાસો દસતાવેજોના મજકુર વીશે બીજા સખસે એ કહેલી વાત સવત લગતી હોય તો તે વાતના મુખ જુબાની સાહેદી સાહેદ આપી શકે છે.

દ્રષ્ટાંતો.

તકરાર એવી છે કે બ એ ક ના ઉપર હુમલો કીધો કે નહી.

(૧) એવી શાહેદી આપે છે કે બ એ ડ ને એવું કહેલું કે ... એ કાગળ લખ્યો તેમાં મારા ઉપર ચોરીનું તોહમત મુક્યું છે અને તેનું ... વાત લગતી છે કારણ કે હુમલો કરવાનો બ નો શું હેતુ હતો તે ... સબબ કાગળ વિશે કાંઈ પુરાવો આપવામાં ન આવે તો પણ સદરહુ વાતનો પુરાવો આપી શકાય છે.

પેસતરના લખેલા મજકુર બાબત ઉલટ તપાસણી. — ૧૪૫ કોઈ શાહેદે પેસતર કાંઈ મજકુર લખેલો હોય અથવા કહેલો હોય તે લખી લેવામાં આવ્યો હોય તથા તે તકરારી બાબતને લગતો હોય તો તે લખાણ તેને બતાવ્યા શિવાય અથવા સાબીત કરયા શિવાય સદરહુ મજકુર બાબત તેની ઉલટ તપાસણી કરી શકાય છે; પરંતુ લખાણ મજકુરથી તેને ખોટો પાડવાનો ઈરાદો હોય તો તે લખાણ સાબીત કરી શકાય તે પેહેલાં લખાણ મજકુરના જે ભાગો તેને ખોટો પાડવાના કામમાં લેવાનો હોય તે ભાગો તેના લક્ષ ઉપર આણવા જોઈએ.

ઉલટ તપાસણીમાં કયા સવાલો પુછવા વાજબી છે. — ૧૪૬ જ્યારે કોઈ શાહેદની ઉલટ તપાસણી લેવામાં આવે ત્યારે આ આક્ટ ઉપર બોધ કરી ગયા પ્રમાણેના સવાલોની સાથે જે સવાલોથી નીચે લખેલી બાબતોનો ખુલાસો થાય તેવા સવાલો પણ તેને પુછી શકાય છે.

૧ સાહેદ મજકુર સાચુ બોલે છે કે નહી તેની પરીક્ષા લેવા બાબત.

૨ તે કોણ છે, તથા તેની સંસારમાં કેવી સ્થીતી છે તે બાબત અથવા,

૩ તેની ચાલ ચલણને હાની લગાડી તેના ઉપરનો ભરોસો નબળો પાડવા બાબત.

આવા સવાલોના જવાબ ઉપરથી પરતક્ષ કિંવા પરંપરા સંબંધે શાહેદ મજકુર ગુનાહમાં આવે એવુ થતુ હોય અથવા જવાબ મજકુર તેને દ્રવ્ય દંડને કીંવા કાયદાઈ તોડવાની ગુન્હેગારીને પાત્ર કરતો હોય અથવા તે ઉપરથી પરતક્ષ કીંવા પરતક્ષ કીંવા પરંપરા સબંધે તે દંડ દંડને કીંવા કાયદો તોડવાની ગુનેગારીને પાત્ર થાય એવુ થતુ હોય તોપણ સવાલ મજકુર પુછી શકાય છે.

ટીકા.—કોઈપણ પક્ષકાર સામાન્ય કારણોથી પોતાનાજ સાહેદને ખોટો ગણી શકે— કોરટની પરવાનગીથી જ્યારે કોઈ સાહેદનો પ્રથમ તપાસ ચાલતો હોય અથવા ઉલટપાલટ તપાસ થયા કેડે ફરી તપાસ ચાલતી હોય, તો આ કલમ પ્રમાણે પ્રશ્નો પુછી શકાય તેટલા માટે જો કોરટ પરવાનગી આપે તો કોઈપણ પક્ષકાર પોતાનાજ સાહેદને ખોટો માની શકે. પણ ઈંગ્લાંડમાં આમ થય નહીં.

સાહેદને જવાબ આપવાની ફરજ કયારે પાડવી. ૧૪૭ જો હરકોઈ એવો સવાલ દાવાને કીંવા કામને લગતી હોય તેવી બાબત વિશે હોય તો કલમ ૧૩૨ મા.માં લખેલા નીયમો તેને લાગુ પડે છે.

સવાલ કયારે પુછવો અને તેનો જવાબ દેવાની ફરજ કયારે પાડવી તે કારટે ઠેરવવું ૧૪૮ એવા હરકોઈ સવાલ એવી બાબત વિશે હોય તે ઉપરથી સાહેદની ચાલ ચલણને હાની પોહોચાથી તેના ઉપરના ભરૂસામાં અંતર પડે, તે શાવાય બીજી રીતે તે બાબત દાવાગાં કીંવા કામમાં લગતી ન હોય તો તે સવાલનો જવાબ દેવાની સાહેદને ફરજ પાડવી કે નહી તે કોરટે ઠેરવવુ અને જો કોરટના નજરમાં યોગ્ય જણાય તો સવાલ મજકુરનો જવાબ દેવાની સાહેદને ફરજ નથી. એવો તે સાહેદને સુચના આપવાને કોરટ મુખત્યાર છે. સદરહુ મુજબ ઠરાવ કરતો વખતે નીચે લખેલી બાબતો ઉપર કોરટે ધ્યાન રાખવુ.

(૧) સદરહુ સવાલ જો એવા પક્ષકારના હોય કે તે ઉપરથી જે આરોપ મુકવામાં આવતો હોય તે આરોપ જો સાચો પડે તો જે બાબત સાહેદ મજકુર સાહેદી આપતા હોય તે બાબતમાં તેના ઉપર ભરોસો રાખવા સંબંધીના કોરટના અભીપ્રાયગં ભારે પડે, તો તે સવાલ મુનાશીબ છે એમ સમજવુ

(૨) સદરહુ સવાલ ઉપર જે આરોપ મુકવામાં આવતો હોય તે એવા લાંબા કાળની બાબતો સંબંધીનો કીંવા એવા પ્રકારનો હેય કે તે સાચો પડે તો જે બાબતનો સાહેદ મજકુર સાહેદી આપતો હોય તે બાબતમાં તેના ઉપર ભરોસો રાખવા સંબંધીના કોરટના અભીપ્રાયમાં ફેર પડે એવુ ન હોય કીંવા જુજ ફેર હોય, તો તેવા સવાલોને ગેર મુનાશીબ સવાલ સમજવા.

(૩) સાહેદોની ચાલ ચલણ ઉપર જે આરોપ મુકવામાં આવ્યો હોય તે કેટલો ભારે છે તથા સાહેદ મજકુરની સાહેદી કેટલી અગત્યની છે એ બે વાત ઉપર વિચાર કરતાં તે બેઉ વચ્ચે મોટો અંતર માલમ પડે તો એવા સવાલ ગેરમુનાસિબ જાણવા.

(૪) સાહેદ જવાબ આપવાની ના કહે તો તે ઉપરથી કોરટની નજરમાં યોગ્ય જ

હોય તો એવી ધારણા કરવાને કોરટ મુખત્યાર છે કે જવાબ આપ્યો હોય તો તે પ્રતિકુળ પડે.

ટીકા—કોઈ સ્ત્રીએ કોઈ પુરૂષ ઉપર બળાત્કાર કરવાની ફરીયાદી કરેલી તેમાં એવો પુરાવો હતો કે તે સ્ત્રીએ કોઈ વખત તેજ શખસની સાથે છીનાળું કર્યું હતું કે ન હો. તે પુરાવો દાખલ કરવામાં આવ્યો હતો.

એક સ્ત્રીએ ફરીયાદી કરેલી તેમાં એવો પુરાવો આપવામાં આવ્યો હતો કે તે એક સાધારણ ગુણકા છે. તે સ્ત્રીને એવો પ્રશ્ન પુછયો હોય કે શું તું એક સાધારણ ગુણકા છે કે નહીં, તે પુરાવામાં દાખલ થયો હતો.

લજ્જા રહીત હુમલાના અથવા બળાત્કાર સંભોગની કોશીશના કામમાં ફરીયાદ કરનાર બાઈને એવો સવાલ ન પુછી શકાય કે શું તે કેદી શીવાય બીજા કોઈ શખસ સાથે છીનાળું કર્યું નહોતું? કેમકે આવો સવાલ મુદ્દાની વાતને લાગતો નથી.

યોગ્ય કારણ વગર સવાલ પુછવો નહીં. ૧૪૯. કલમ ૧૪૮ માં જે બાધ કરયો છે તેવા સવાલ ઉપરથી જે આરોપ મુકવામાં આવતો હોય તે આરોપ સારા પાયા ઉપર છે એવું ધારવાને તે પુછનાર શખસને યોગ્ય કારણ ન હોય તો તેવો સવાલ પુછવો મુનાસીબ નથી.

દ્રષ્ટાંતો

(અ) એક બારીસ્ટરને એક અટરનીએ એવી સમજુત આપી કે એક અગત્યનો સાહેદ ડાકાઈટી કરનાર છે. સાહેદ મજકુર ડાકાઈટી કરનાર છે કે સી રીતે તે તે સાહેદને પુછવાનું આ એક યોગ્ય કારણ છે.

(બ) એક વકીલને કોરટમાંના એક શખસે ખબર આપી કે એક અગત્યનો સાહેદ ડાકાઈટી કરનાર છે. વકીલે તે ખબર આપનારને પુછ્યું ... તેના તેણે ખાતરી લાયક કારણ બતાવ્યાં, સાહેદ મજકુર ડાકાઈટી કરનાર છે કે શી રીતે એવું તેને પુછવાનું આ એક યોગ્ય કારણ છે,

(ક) એક સાહેદને વિશે કશી વાત જાણ્યામાં નથી તેને વગર સંબંધે પુછ્યું કે, તે ડાકાઈટી કરનાર છે કે નહીં આ સવાલ પુછવાને યોગ્ય કારણ નથી

(ડ) એક સાહેદને વિશે કશી વાત જાણ્યામાં નથી તેને પોતાની ઉપજીવીકાના સાધન શું છે તથા ગુજરો સી રીતે કરે છે તે બાબત પુછ્યું તે ખાતરી લાયક જવાબ આપતો નથી એ શખસ ડાકાઈટી કરનાર છે કે સી રીતે એવું તેને પુછવાનું આ એક યોગ્ય કારણ ગણી શકાય.

યોગ્ય કારણ વગર સવાલ પુછવામાં આવે ત્યારે કોરટે શું કરવું. ૧૫૦. જ્યારે કોરટનો અભીપ્રાય એવો હોય કે હરકોઈ એવો સવાલ યોગ્ય કારણ વગર પુછયો, ત્યારે જો તે સવાલ હરકોઈ બારીસ્ટરે અથવા અટરનીએ અથવા પ્લીડરે અથવા વકીલે પુછયો હોય તો કામ મજકુરની હકીકતનો રિપોરટ હાઈ કોરટમાં અથવા સદરહુ બારીસ્ટર કીંવા અટરની કીંવા પ્લીડર કીંવા વકીલ પોતાનું રોજગારનું કામ કરવાને પ્રસંગે જે અધીકારીને તાબે હોય તેને કરી મોકલવાને કોરટ મુખત્યાર છે.

બીભત્સ રહીત તથા નીંદા યુકત. ૧૫૧. કોરટની નજરમાં જે સવાલ અથવા તપાસણી બીભત્સ રહી ત કીંવા નિંદા યુકત લાગે તે સવાલ અથવા તપાસણી કોરટની રૂબરૂ

સવાલ. ચાલતી તકરારો, સાથે કાંઈ લાગતી વળગતી હોય તો પણ તે કરવાની મના કરવાને કોરટ મુખત્યાર છે પરંતુ તે જો તકરારી હકીકતની સાથે સંબંધ રાખતી હોય, અથવા તકરારી હકીકત હતી કે નહી તે મુકરર કરવાને જાણવાની જરૂર હોય એવી બાબતો સંબંધ સાથે રાખતી હોય તો સદરહુ પ્રમાણે મના કરી શકાય નહી.

અપમાન કરવાના અથવા મનને દુખ કરવાના ઇરાદાથી કીધેલા સવાલ.

૧૫૨. કોરટની નજરમાં એવું આવે કે કોઈ સવાલ અપમાન કરવાના કાંવા મનને દુઃખ ઉત્પન્ન કરવાના ઇરાદાથી કિધો છે, અથવા સવાલ મજકુર સ્વતઃ નુનાસીબ હોય તો પણ કોરટની નજરમાં એમ આવે કે તેનું રૂપ વગર જરૂરે મન દુખાવવા જેવું છે તો તે સવાલ કોરટે કરવા દેવો નહી.

સાહેદની સાખ ઉટ જોવાના સવાલના જવાબ ખોટા પાડવાને પુરાવો આપવો નહી.

૧૫૩. જ્યારે કોઈ શાહેદને હરકોઈ સવાલ પુછયો હોય તથા તેનો તેણે જવાબ આપ્યો હોય, તે ઉપરથી તેની ચાલ ચલગતને હાની પોહોંચવાથી તેના ઉપરનો ભરૂસો નબળો થાય એટલોજ માત્ર સવાલ મજકુર થકી તજવીજમાં લગતો હોય ત્યારે તે સાહેદને ખોટો પાડવા સારૂ કાંઈ પણ પુરાવો આપવો નહી પણ તેણે જો ખોટો જવાબ દિધો હોય તો તેના ઉપર પાછળથી ખોટી સાહેદી આપવાનું તોહોમત મુકી શકાયછે.

અપવાદ ૧ લો.—કોઈ સાહેદને એવો સવાલ પુછયો હોય કે તમારા ઉપર પેસતર કાંઈ ગુનો સાબીત થયો છે કે નહી અને તેના જવાબમાં તે ના કહે તો પેસતર ગુનોહ સાબીત થયાની બાબતનો પુરાવો આપી શકાય છે.

અપવાદ ૨ જો.—કોઈ સાહેદના નીરપક્ષપાતીપણાને દોષ પોહોંચે એવો હરકોઈ સવાલ તે સાહેદને પુછવામાં આવે, અને તેના જવાબમાં જે હકીકત સુચવી હોય તેનો તેઈ નકાર કરે તો તેને ખોટો પાડી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ) એક વિમેદારના ઉપર દાવો થયો તેના જવાબમાં તેણે દગાનો સબબ બતાવ્યો.

દાવેદાર મજકુરે એવો સવાલ પુછયો કે પેસતરના એક કામમાં તમે દગલબાજીનો દાવો કિધો હતો કે નહી, દાવેદાર ના કહે છે,

દાવેદાર મજકુરે એવો દાવો કિધો હતો તે બતાવવાને પુરાવો આપવા માંડયો, એ પુરાવો લેવાઈ શકાતો નથી,

(બ) એક સાહેદને એવો સવાલ પુછવામાં આવ્યો કે તમે કોઈ જગાએથી **અ** પ્રમાણીકપણાને સારૂ બરતરફ થયા હતા કે નહી, સાહેદ ના કહે છે,

અ પરમાણીકપણાને માટે તે બરતરફ થયો હતો તે બતાવવાને પુરાવો આપવા માંડયો એ પુરાવો લેવાઈ સકાતો નથી,

(ક) **અ** એવુ કહે છે કે મેં અમુક દીવશે **બ** ને લાહોરમાં દીઠો હતો.

અ ને એવો સવાલ પુછયો કે તમે પોતેજ તે દીવસે કલકતામાં હતા કે નહી, **અ** ના કહે છે,

દીવસ મજકુરે **અ** કલકતામાં હતો તે બતાતવાને પુરાવો આપવા માંડયો.

એ પુરાવો લેવાઈ સકાયછે તેનું કારણ એકે **બ** તે દીવસે લાહોરમાં જોવામાં આ

ગો હતો એ વાત વિરૂધ તે ઉપરથી પુરાવો થાય છે, બ ઉપરનો ભરૂસો કમી થાય એવી હકીકત બાબત બ વિરૂધ પુરાવો થઇ શકે એ કારણ નથી.

બ એ ના કહી તે ખોટી હોય તો સદરહુ દરએક વાતને સારૂ તેના ઉપર ખોટી સાહેદી આપવાનું તોહોમત મુકી શકાય છે.

(ઃ) બ ને એવો સવાલ પુછયો કે તમે બ ની વિરૂધ પુરાવો આપો છો તે બ ના કુટુંબને તથા તમારા કુટુંબને ઘણા વખત સુધી હાડવેર ચાલ્યું આવે છે કે નહીં.

બ ના કહે છે. સવાલ મજકુર ઉપરથી તેના નિરપક્ષપાતીપણાને દોષ પોહોચે એવુ છે એવા સબબથી તેને ખોટો પાડી શકાય છે.

ટીકા—અપવાદ ૨. સાહેદના નીષ્પક્ષપાતીપણાનો દોષ દેવો—તેનો દાખલો એ કે એક સાહેદ મુકદમાના એક પક્ષકારની વીરૂધ ખોટા સાહેદો ઉભા કરવાની કોસીશ કરે છે.

ઇનકારમાં અંગીકાર કરવાની ના પાડવાનો સમાવેશ થાય છે. જ્યારે કોઇ સાહેદને એવો પ્રશ્ન પુછવામાં આવે કે શું ગયા વરસમાં ખોટા સોગંદ ખાધાનું તમારા ઉપર તોહોમત મુકવામાં આવ્યું હતુ? અથવા શું આ કામમાં તમને પ્રતિવાદી પાસેથી કાંઇ પઇસા મળ્યા છે? અને તે એવો જવાબ આપે કે હું કાંઇ કહેણનો નથી, તો તે ઇનકાર કરે છે એમ સમજવુ.

રાણી વરૂધ સખારામ મુકંદજી ૧૧ મુ. હા. કો. રી ૧૬૬ ના કેસમાં નીચે પ્રમાણે ઠરાવ્યું હતુ— બચાવ તરફના એક સાહેદનું એવુ કહેવું હતુ કે ફરીયાદનો એક સાહેદ અમુક વખત અમુક ઠેકાણે હતો અને તેથી કરીને ફરીયાદીના કહેવા પ્રમાણે તે વખતે તે બીજી જગાએ નહોતો અને તોહોમતવાળાઓને તેણે જોયા નહોતા. તે ઉપરથી ફરીયાદીના સાહેદની ઉલટ પાલટ તપાસ તે બાબત ઉપર ના થઇ હોય તો છતા પણ પુરાવામાં આપી શકાય.

પક્ષકારે પોતાના સાહેદને પ્રશ્નો પુછવા બાબત.

૧૫૪. ઉલટ તપાસણીમાં સામા પક્ષકારથી પુછી શકાય એવા સવાલો કોઇ સાહેદને પુછવાની પરવાનગી તે સાહેદ બોલાવનાર શખસને કોરટને યોગ્ય લાગે તો આપવાને કોરટ મુખત્યાર છે.

સાહેદ ઉપરના ભરોંસા ઉપર દોષ આણવા બાબત.

૧૫૫. કોઇ સાહેદ ઉપરના ભરોંસાને નીચે લખેલી રીતોએ એ સામો પક્ષકાર, અથવા કોરટ પરવાનગી આપે તો તે સાહેદને બોલાવનાર શખસ દોષ આપી શકે છે

(૧) જે શખસો એવી સાહેદી આપે કે સાહેદ મજકુરને હમે પીછાનીએ છીએ તે તે ઉપરથી હમ તેને ભરોંસાને પાત્ર માનતા નથી તેવા શખસોના પુરાવાથી.

(૨) પુરાવો આપવાને શાહેદ મજકુરને રૂસવત આપવામાં આવી છે. અથવા તે રૂસવત આપવા માંડી તે લેવાનું તેણે કબુલ કર્યુ છે અથવા તેને કોઇ બીજી અયોગ્ય લાલચ મળી છે, એવુ સાબીત કરવાથી.

(૩) સાહેદ મજકુરની સાહેદીના જે ભાગ વિરૂધ પુરાવો આપી શકાતો હોય તે ભાગ પેરાનર તેની કહેલી અથવા લખેલી વાતથી વિરૂધ છે. એવુ સાબીત કરવાથી.

(૪) જ્યારે કોઈ શખસના ઉપર બળાત્કાર સંભોગ કરવાને માટે અથવા બળાત્કારે તેની આબરૂ લેવાની કોશીસને માટે ફોજદારી મુકદમો ચાલતો હોય ત્યારે ફરીઆદ કરનાર ઓરત બહુ કરીને બદ ચાલની છે એવો પુરાવો આપી શકાય છે.

ખુલાસો—અમુક સાહેદ ભરોંસાને પાત્ર નથી એવું કહેનાર સાહેદ એ પ્રમાણે પોતાને માનવાના કારણો મુખ્ય તપાસણી વખત ન આપે તો તે મુખત્યાર છે. પરંતુ ઉલટ તપાસણી વખતે કારણો મજકુર પુછી શકાય છે, અને તે જે જવાબ આપે તેની વિરૂધ પુરાવો આપી શકાતો નથી પરંતુ જો તે ખોટા હોય તો તેના ઉપર પાછળથી ખોટી સાહેદી આપ્યાનું તોહોમત મુકી શકાય છે.

દ્રશટાંતો.

(અ) કાંઈ માલ વેચાને ब ને આપ્યો તેની કીંમતને સારૂ તેના ઉપર अ એ દાવો માંડ્યો. क કહે છે કે માલ મજકુર મેં ब ને સોંપી આપ્યો હતો.

પેસતર એક પ્રસંગે તેણે એવું કહ્યું હતું કે મેં માલ મજકુર ब ને સોંપી આપ્યો નથી એવું બતાવવાને પુરાવો આપવા માંડ્યો.

એ પુરાવો લેવાઈ શકાય છે.

(બ) अ ના ઉપર ब નું ખુન કર્યાનું તોહોમત છે.

(ક) क કહે છે કે ब એ મરતી વેળા એવું કહ્યું હતું કે જે જખમથી ब મરી ગયો તે જખમ अ એ મારયો હતો.

क એ પેસતર એક પ્રસંગે એવું કહ્યું હતું કે જખમ મજકુર अ એ મારયો નથી, અથવા તેની રૂબરૂ મારવામાં આવ્યો નથી; એવું બતાવવા પુરાવો આપવા માંડ્યો.

એ પુરાવો લેવાઈ શકાય છે.

ટીકા.—સાહેદ ઉપર ભરૂસો નહી રાખવા બાબત—આ કલમમાં એવું ઠરાવ્યું છે કે સાહેદ ઉપરના ભરોંસાને કેટલીક રીતોથી દોષ આપી શકાય છે. જેમકે પ્રત્યક્ષ તેના ભરૂસાને લગતા સવાલોથી તથા સાહેદોથી દોષ આપી શકાય છે. અને મુકદમામાં અમુક બાબત વિશે તેણે જે સાક્ષી આપી હોય તે ખોટી પાડીને એવો દોષ આપી શકાતો નથી. રાણી વિરૂધ સખારામ મુકદમો. ૧૧ મું. હા. કો. રી. ૧૧૬.

ફરીયાદણની ખરાબ ચાલની સાબીતી—ફરીયાદણની પ્રથમની ચાલ ચલણ, કલમ ૯ પ્રમાણે લગતી છે એમ જણાય.

લગતી હકીકતના પુરાવાને પુષ્ટી મળે એવા સવાલો પુછી શકાય છે.

૧૫૬. જ્યારે જે સાહેદની સાહેદીને પુષ્ટી આપવાનો ઈરાદો હોય તે સાહેદ કોઈ લગતી હકીકત વિશે સાહેદી આપતો હોય ત્યારે એવી લગતી હકીકત જે જગાએ કીંવા જગોની પાસે અથવા જે વખતે કીંવા વખતના અરસામાં બની તે જગોએ કીંવા જગોની પાસે અથવા જે વખતે કીંવા વખતના અરસામાં બીજી કાંઈ વાત તેના જોવામાં આવી હોય તે સાબીત થએલી જે લગતી હકીકત વિશે સાહેદ મજકુર શાહેદી આપતો હોય લગતી હકીકત સબંધે શાહેદ મજકુરની સાહેદીને પુષ્ટી મળશે એવો કોરટનો અભીપ્રાય હોય તો તેવી વાત બાબત સદરહુ સાહેદને સવાલ પુછી શકાય છે.

દ્રસ્ટાંતો.

અ નામનો ગુનાહના કામમાં ગુનેહગારને એક સાખની પોતે જે અપહરણમાં સામીલ હતો તે અપહરણનો હેવાલ આપે છે જે ઠેકાણે અપહરણ મજકુર બન્યું તે ઠેકાણે પોતાના ગયા આવ્યાના રસ્તા ઉપર અપહરણ મજકુર સાથે સબંધ ન રાખતી કેટલીએક બીનાઓ બની તેનું તે બયાન કરે છે

મુળ અપહરણ મજકુર બાબતના તેના પુરાવાને આપવા સારૂ સદરહુ હકીકતનો ઉ(?)લાપેહો પુરાવો આપી શકાય છે.

સાહેદને પેશતર કહેલા મજકુર તેની પાછળની તેજ હકીકત વિશેની સાહેદીને પુસ્ટી આપવાને સાબીત કરી શકાય છે.

૧૫૭. કોઈ સાહેદની સાહેદીને પુસ્ટી આપવા સારૂ તે હકીકત જે વખતે બની તે વખતે કીંવા તે અરસામાં અથવા હકીકત મજકુરની તપાસ કરવાને કાયદા પ્રમાણે અધીકાર હોય એવા અધીકારની રૂબરૂ હકીકત મજકુર વિશે સદરહુ સાહેદે પેસતર કહેલી હકીકત સાબીત કરી શકાયછે.

ટીકા.—રાણી વિરૂધ મલાપા બીન કપાના ૧૧ મું. હા. કો. રી. ૧૯૬ ના કેસમાં સેશન જડજે કેદી ઉપર ગુન્હો સાબત થયાનો ઠરાવ કેદીના સોબતીની સાહેદી ઉપરથીજ કરચો અને તે સોબતીએ જે તેનાં માબાપને અને પોલીસને કહ્યું હતું તે મજકુર તજવીજની વખતે તેના પુરાવાની પુસ્ટીમાં વાપરયો. તેમાં અમુક માનાબાઈ કોરટે આ(?)ઠરાવ્યું એ મુજબ બતાવ્યું કે તેણે કહેલો મજકુર તજવીજની વખતે કહેલો હોય અથવા તે પેહલાં કહેલો હોય અને ગમે તેવા રીતે કોરટની રૂબરૂ રજુ કરવામાં આવે તે છતાં પણ તે કેદીના સોબતીએ કહેલો મજકુર છે અને ફરીથી કેહેવાયાથી તેની કીંમતમાં કાંઈ બીલકુલ વધારો થતો નથી.

કલમ ૭૨ કીંવા ૭૩ મુજબ લાગતા મજકુર સાબીત થાય તે સબંધી કેવી બાબતો સાબીત કરી શકાય છે.

૧૫૮. જ્યારે કોઈ મજકુર કલમ ૭૨ ૩૩ મુજબ લાગતો હોય તે સાબીત થાય ત્યારે તે વાતને ખોટી પાડવાને કીંવા તેને પુષ્ટી આપવાને, કીંવા જે શખસે તે મજકુર કહયો અથવા લખ્યો હોય તે શખસના ઉપરની ભરૂસાને દોષ આપવાને કીંવા તે ભરૂસાને કાયમ કરવાને જો શખસ મજકુરને સાહેદ તરીકે બોલાવ્યો હોત અને તેણે ઉલટ તપાસણીમાં સુચવેલી બાબતના ખરાપણાની ના કહી હોત તો જે બાબતો સાબીત કરી શકાત, તે બાબતો સાબીત કરી શકાય છે.

યાદ દાસ્ત તાજી કરવા બાબત.

૧૫૯. કોઈ સાહેદને જે કારચ સબંધી સવાલ પુછ્યો હોય તે કારચ બન્યું તે વખતે સાહેદ મજકુરે પોતાને હાથે કાંઈ લખાણ કરયું હોય તે લખાણ વડે અથવા સદરહુ કારચ બન્યું ત્યાર પછી એટલા તો નજદીક વખતમાં કાંઈ લખાણ કરયું હોય કે તે લખાણ કરતી વખતે કારચ મજકુર તેની યાદદાસ્તમાં તાજુ હતુ એવો કોરટની નજરમાં સંભવ લાગે તો તે લખાણ વડે સાહેદ મજકુર સાહેદી આપતો હોય તે દરમીયાનમાં પોતાની યાદદાસ્ત તાજી

કરી શકે છે.

સાહેદ યાદદાસ્ત તાજી કરવાને નકલ કયારે જોઈ શકે છે.

એવું લખાણ હરકોઈ બીજા શખસે કરેલું હોય તથા તે સાહેદ મજકુર ઉપર કહેલા વખતમાં વાંચ્યું હોય અને તે ખરૂ છે એમ તેના વાંચની વખતે જાણતો હતો એવું હોય તો તેવા લખાણને પણ સાહેદ મજકુર જોઈ શકે છે.

જે જે કામમાં હરકોઈ દસ્તાવેજ જોઈને સાહેદ પોતાની યાદદાસ્ત તાજી કરી શકે છે, તે તે કામમાં કોરટની પરવાનગીથી એવા દસ્તાવેજની નકલ પણ તે જોઈ શકે છે; પરંતુ કોરટની ખાતરી થવી જોઈએ કે અસલ દસ્તાવેજ રજુ ન થવાનું પુરતુ કારણ છે.

કુશળ માણસો પોતાની યાદદાસ્ત પોતાના રોજગાર સબંધીના ગ્રંથો વડે તાજી કરી શકે છે.

ટીકા.—કોઈ પણ દસ્તાવેજ ઉપર સ્ટાંપ ચોહોડેલો ના હોય અગર રજીસ્ટર થએલું ના હોય અને તેથી કરીને પુરાવામાં દાખલ થઈ શકે તેવું ના હોય તે છતાં પણ યાદદાસ્તી તાજી કરવાને વાપરી શકાય.

તેમજ કોઈ ચોપડામાં કાંઈ નોંધ પ્રથમ નોટ કરી હોય અને તે સાહેદે જોઈ હોય અને વખતે વખતે તપાસી હોય તો યાદદાસ્ત તાજી કરવાને વાપરી શકાય.

કોઈ ભાષણની કરનારે કાંઈ પ્રથમ નોટ કરી હશે, તે ઉપરથી રીપોર્ટ છાપ્યો હશે તેની નકલથી યાદદાસ્ત તાજી કરવા દીધી હતી.

ક. ૧૫૯ માં કહેલા દસ્તાવેજમાં લખેલી હકીકતનો પુરાવો.

૧૬૦. કલમ ૧૫૯માં કહેલા છે એવા એવા હરકોઈ દસ્તાવેજમાં લખેલી હકીકત ખુદ તપસીલવાર સાહેદને યાદ ન હોય, તોપણ જો તેમાં લખેલી હકીકતની ખાત્રી હોય કે દસ્તાવેજ મજકુરમાં તે બરાબર લખી હતી, તો તે હકીકતની શાહેદ મજકુર સાહેદી પણ આપી શકે છે.

દ્રસ્ટાંત.

કોઈ હીસાબ રાખનાર શખસે પોતાના રોજગારને પ્રસંગે નિયમ પુરવક રાખેલા હીસાબ બરાબર ખરા રાખવામાં આવ્યા હતા એવું જો તે જાણતો હોય તો તેમાં લખેલી હકીકતની સાહેદી શખસ મજકુર આપી શકે છે, અગર તેમાં દાખલ કરેલી અમુક લેવડ દેવડની બાબતો પોતે ભુલી ગયો હોય તોપણ.

યાદદાસ્ત તાજી કરવાના કામમાં લીધેલા દસ્તાવેજ બાબત સામા પક્ષકારના હક બાબત.

૧૬૧. છેલ્લી બે કલમો મુજબ હરકોઈ લખાણ જોવામાં આવ્યું હોય તે જો સામો પક્ષકાર માગે તો તે હાજર કરવું જોઈએ અને તે તેને બતાવવું જોઈએ, એવો પક્ષકાર પોતાની મરજીમાં આવે તો સાહેદ મજકુરની તે બદલ ઉલટ તપાસણી કરી શકે છે.

ટીકા—જે દસ્તાવેજ યાદદાસ્ત તાજી કરવાને વાપરવામાં આવ્યા હોય તે દસ્તાવેજ ઉપર સામો પક્ષકાર સાહેદની ઉલટ પાલટ તપાસ કરે, તેમજ તે દસ્તાવેજ જોવા માગે.

દસ્તાવેજ હા

૧૬૨. કોઈ સાહેદને કોઈ દસ્તાવેજ રજુ કરવાનો સમન થયો હો

જાહેર કરવા બાબત. પ તે દસ્તાવેજ રજુ કરવને અથવા પુરાવામાં લેવા યોગ્ય વસ્તુઓને કાંઈ હરકત હોય તોપણ તે જો તેવા કબજામાં અથવા સત્તામાં હોય તો તેણે કોરટમાં હાજર કરવો; એવી કાંઈ હરકત કાયદેસર બરાબર છે કે શી રીતે તે બાબત કોરટે ઠરાવ કરવો.

દસ્તાવેજનો તરજુમો કરવા બાબત.

દસ્તાવેજ મજકુર રાજ્ય પ્રકરણ સંબંધી ન હોય તો કોરટની નજરમાં આવે તો તેને તપાસવાને, અથવા તે પુરાવામાં લેવા યોગ્ય છે કે નહીં તે ઠેરવી સકાય તેને માટે પુરાવો લેવાને કોરટ મુખત્યાર છે.

જો એવા કામ સારૂ કોઈ દસ્તાવેજનો તરજુમો કરાવાની જરૂર હોય તો તે દસ્તાવેજ જ્યારે પુરાવામાં ગુજારવાને ન હોય ત્યારે કોરટની નજરમાં યોગ્ય જણાએથી તેનો મજકુર ગુપ્ત રાખવાનો હુકમ તે તરજુમો કરનારને કોરટ કરી શકે છે. અને જો તે ભાષાંતર કરનાર તે હુકમ તોડે તો તેણે હાદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૬૬ મુજબનો ગુન્હો કિધા બરાબર સમજવું.

દસ્તાવેજ નોટીસ કરીને હાજર કરાવ્યો હોય તેને પુરાવામાં ગુજારવા બાબત.

૧૬૩. જ્યારે કોઈ પક્ષકારે સામા પક્ષકારને કાંઈ દસ્તાવેજ હાજર કરવાની નોટીસ આપીને તે દસ્તાવેજ મગાવ્યો હોય તથા દસ્તાવેજ મજકુર તે મુજબ રજુ થયો હોય અને મગાવનાર શખસે તેને તપાસી જોયો હોય, ત્યારે જો દસ્તાવેજ રજુ કરનાર શખસ મંગાવનાર શખસને દસ્તાવેજ મજકુર પુરાવામાં ગુજારવાનું કહે તો તેને પુરાવામાં ગુજારવાની સદરહુ મંગાવનાર શખસની ફરજ છે.

નોટીસ ઉપરથી દસ્તાવેજ ગુજારવાની ના કહી હોય તે દસ્તાવેજ પુરાવામાં ગુજારવા બાબત.

૧૬૪. કોઈ દસ્તાવેજ રજુ કરવાની નોટીસ કોઈ પક્ષકારને આપી હોય તે પક્ષકાર તે દસ્તાવેજ રજુ કરવાની જો ના કહે, તો પાછળથી પક્ષકારે મજકુર દસ્તાવેજ મજકુરનો પુરાવાના કામમાં સામા પક્ષકારની રજામંદી સીવાય કીંવા કોરટના હુકમ સીવાય ઉપયોગ કરી શકતો નથી.

દ્રષ્ટાંત.

કોઈ કરાર ઉપરથી અ એ બ ના ઉપર ફરીઆદ માંડી, અને તે કરાર રજુ કરવાની બ ને નોટીસ આપી, તજવીજ વખત દસ્તાવેજ મજકુર અ એ માગ્યો, ત્યારે બ એ તે રજુ કરવાની ના કહી, તે ઉપરથી તે દસ્તાવેજ મજકુરનો અ એ દોયમ પુરાવો આપ્યો બાદ તે પુરાવો ખોટો પાડવાને, અથવા તેના ઉપર યોગ્ય સ્ટાંપ નથી એવું બતાવવાને દસ્તાવેજ મજકુર અસલ રજુ કરવાની બ ખાયેશ રાખે છે પરંતુ તે મુજબ તે કરી શકતો નથી.

સવાલ પુછવાનો તથા દસ્તાવેજ રજુ કરવાનો હુકમ કરવાને જડજને કેટલો અખત્યાર છે તે બાબત.

૧૬૫. લગતી હકીકતોની સાબીતી ખોળી કાઢવા સારૂ કીંવા તે મેળવવા સારૂ લગતી હોય કીંવા ન હોય તેવી હરકોઈ હકીકત વિશે જડજની મરજીમાં આવે તેવો હરકોઈ સવાલ હરકોઈ રૂપે હરકોઈ વખતે હરકોઈ શાહેદને કીંવા તે કામના પક્ષકારોને પુછવાને જડજ મુખત્યાર છે તથા હરકોઈ દસ્તાવેજ અથવા પદારથ રજુ કરવાનો હુકમ કરવાને જડજ મુખત્યાર છે; અને એવા હરકોઈ સવાલ કીંવા હુકમ ઉપર કાંઈ પણ હરકત લેવાનો અથવા એવા હરકોઈ સવાલનો જવાબ આપ્યો હોય તે જ

બાબ બાબત હરકોઈ સાહેબને કોરટની રજા સીવાય ઉલટ તપાસવાનો, પક્ષકારોનો કાંવા તેના મુખત્યારોનો હક નથી.

પરંતુ એવું ઠરાવ્યું છે કે આ આકટમાં લગતી ઠેરવેલી છે તેવી હકીકતો યોગ્ય રીતે સાબિત થઈ હોય તેના ઉપર આધાર રાખીને ફેસલો કરવો જોઈએ.

અને વળી એવું પણ ઠરાવ્યું છે કે સામા પક્ષકારે સવાલ પુછયો હોય, અથવા દસ્તાવેજ મંગાવ્યો હોય, તો એકસો એકવીસથી એકસો એકત્રીસ સુધીની સદરહુ બેઉ કલમો સુધાંની કલમો મુજબ, જે સવાલનો જવાબ દેવાની અથવા જે દસ્તાવેજ રજુ કરવાની ના કહેવાનો કોઈ સાહેદનો હક હોય તેવા હરકોઈ સવાલનો જવાબ દેવાની અથવા તેવો હરકોઈ દસ્તાવેજ રજુ કરવાની સાહેદ મજકુરને ફરજ પાડવાનો આ કલમ ઉપરથી જડજને અખત્યાર મળ્યો એમ સમજવું નહીં તેમજ જે સવાલ કલમ ૧૪૮ અથવા કલમ ૧૪૯ મુજબ બીજા કોઈ શખસે પુછવો ગેર મુનાસીબ છે તેવો કોઈ પણ સવાલ જડજે પુછવો નહી તથા આ આકટ ઉપર અપવાદ આપ્યા છે તે સિવાય બીજા કામોમાં હરકોઈ દસ્તાવેજનો અવલ પુરાવો ગુજરાવવાની તેણે માફી આપવી નહી.

ટીકા.—પ્રથમ તપાસ થયા કેડે કોઈ જડજને સવાલ પુછી શકે નહી કે જેથી કરીને ઉલટ તપાસને અડચણ પડે રાણી વિરૂધ નુરનફસ. ઈ. લો. રી. ૬ કલકતા. પા. ૨૯૯

કેદીના બારીસ્ટરે જ્યારે કોઈ સાહેદના તપાસ કરી હોય અથવા તપાસ નહી કરવાની ખુશી જણાવી હોય અને પછીથી કોરટ પોતાની ખુશીથી તેને તપાસે તો કોરટની પરવાનગી શીવાય તે સાહેદની ઉલટ પાલટ તપાસ કરી શકાય નહી. રાણી વીરૂધ સખારામ મુકુંદ. ૧૧ મુ. હા. કો. રી. પા. ૧૬૬ અને ૧૬૮ જુઓ. આ કેસમાં તે બાબત વધારે હકીકતો દરશાવેલી છે.

જુરીના અથવા આસેસરના સવાલ પુછવાના અખત્યાર બાબત. ૧૬૬. જુરી અથવા આસેસરોથી થતી તજવીજના કામોમાં જે સવાલો જડજ પોતે પુછી શકે છે તથા જે સવાલો તેને યોગ્ય લાગે તેવા હરકોઈ સવાલો જુરી અથવા આસેસર મજકુર સાહેદોને જડજની મારફત અથવા જડજના રજાથી પુછી શકે છે.

—꧁꧂—

બાબ ૧૧ મો.

નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય તથા લેવા યોગ્ય પુરાવો નહી લીધો હોય તે બાબત.

લેવા યોગ્ય પુરાવો નહી લીધો હોય અથવા નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય તેટલા સબબ ઉ ૧૬૭ જ્યારે નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય અથવા લેવા યોગ્ય પુરાવો નહી લીધો હોય ત્યારે જે કોરટની રૂબરૂ એ બાબત હરકત ઉઠાવવામાં આવી હોય તે કોરટની નજરમાં જો એમ આવે કે હરકતવાળા લીધેલા પુરાવા શિવાય ઠરાવ મજકુર કરવાને જોઈતો પુરાવો જોઈએ તેટલો પુરાવો હતો અથવા નહી લીધેલો પુરાવો લીધો હોત તો તે ઉપરથી ઠરાવમાં ફેર પડત નહી તો સદરહુ મુજબ પુરાવો લી

પરથી ફરી તજ વીજ થો અથવા નહી કીધો એટલાજ માત્ર સબબ ઉપરથી ફરી તજવીજ
વીજ કરવાનો હુકમ કરાવવી નહી કીંવા હરકોઈ કામનો હરકોઈ ઠરાવ રદ કરયો નહી.
કમ કરવો નહી.

ટીકા.—પુરાવો લેવાની ના પાડી હોય અથવા ગેરવ્યાજબી રીતે દાખલ કરયો હોય
તેથી કરીને ફરી નવી તપાસ થાય નહી અથવા અપીલ થાય નહી આ બાબત બાબા
બંસીધર વિરૂધ બંગાળાની સરકાર ૧૪ મુંબઈ ઈંડીયન અપીલ પા ૮૬ જુઓ.

નીચેની કોરટે સાહેદ ઉપર ભરોસો રાખ્યો નથી એટલાજ કારણ ઉપરથી અથવા
એવા આધાર ઉપર કાંઈ અપીલ થાય નહી આ બાબત વાસ્તે મુસાફી મહમદ કાઝમ શી
રાજી વીરૂધ મીરઅમજદ અલી મહમદ સુન્ની. ૬ મુંબઈ ઈંડીયન અપીલ પા ૨૭ જુઓ.

કોઈપણ દસ્તાવેજ ઉપર સ્ટાંપ ચોડેલો ના હોય અગર રજીસ્ટર કરેલું ના હોય તે
છતાં પુરાવામાં દાખલ થયો હોય તો કાંઈ તે આધાર ઉપરથી અપીલ થાય નહી, જેથી
કરીને કોરટની હકુમતને અડચણ થાય. માકે રેડકરા વીરૂધ મીમરામન ચેટી. ૬
બં. લો રી. પા. ૧૩૦.

કાંઈ પઈસા વધારવા બાબતના દાવામાં વકીલે એવા સાક્ષી બોલાવ્યા કે જે એ
વુ સાબીત કરી આપે કે આ જગાએ ઘણા વરસથી આવી તરેહનીજ કીમત છે. પણ
જડજે તેમને બાતલ કરયા અને ફકત વેપારીના ચોપડા ઉપર ભરોસો રાખ્યો; તેમાં એવુ
ઠરાવ્યું કે આ કાયદાની ભુલ છે. અને તે ફકત ખાસ અપીલમાં કોરટ લઈ શકે. હરીપ્ર
સાદ રાય વીરૂધ ભુગવા દેબ્મરી. ઈં. લો રી ૭ કલકત્તા, ૩૩૭.

આ કલમ ખાસ અપીલમાં વાપરવાને કેટલી અડચણો પડે છે તે બાબત ખુલાસો હર
ચંદજી વીરૂધ ચંદ્રચરણરાય. ઈં. લો રી. ૭ કલકત્તા. ૨૯૫ ના કેસમાં બરોબર બતાવ્યું છે.

આ નીયમ ફોજદારી મુકદમાઓને સરખીજ રીતે લાગુ પડે છે.—આ કલમ દીવા
ની મુકદમાઓને લાગુ પડે છે તેવીજ રીતે ફોજદારી મુકદમાઓને લાગુ પડે છે. રાણી વી
રૂધ હરીબાલ ચંદર ઘોસ ઈં. લો. રી. ૧ કલકત્તા ૨૦૭. રાણી વીરૂધ નવરોજજી દાદાભા
ઈ ૯ મું. હા. કો. રી. પા. ૩૫૮.

પરિશિષ્ટ.

નમ્બર તથા સાલ	નામ	કેટલો રદ કરવો.
જોર્જ ત્રીજાના અમલના ૩૩ મા વરસમાં થયેલા સ્ટેટ્યુટનો બાબ ૫૨.	ઈસ્ટ ઈંડીઆમાં બનેલા અમુક ગુનાહોના તોહોમતવાળા શખ્સોની તજવીજ કરવાના નિયમો બાબતનો હાલના નામદાર રાજ્યના ૧૪ મા વરસમાં થયેલા (ઈસ્ટ ઈંડીઆ કંપનીના તથા હિંદુસ્તાન બાબેના ખજાના સરકારના તાબાના મુલકના કામનો વધારે સારો બંદોબસ્ત કરી નિયમો કરવા બાબતના તથા ઈંગ્લંડમાં બનેલા ગુનાહના તોહોમતવાળા શખ્સોની વધારે તાકીદથી કારવાઈ તજવીજ કરવા માટે ઈનસાફની કોરટ સ્થાપવા બાબતનો આકટ એ નામના) આકટનો જેટલો ભાગ ઈસ્ટ ઈંડીઆ કંપનીના નોકરોને પોતાના મિલકતની તથા અમલની વાત આપવી પડે તેટલો ભાગ રદ કરવા બાબતનો, તથા ગ્રેટ બ્રિટનમાં અથવા હિંદુસ્તાનમાં થયેલા ખોટી તથા લેખોના સંબંધમાં કેટલાએક કામો વધારે સહેલથી કરવા બાબતનો કાયદો	કલમ ૩૮ મી નો જેટલો ભાગ ઈસ્ટ ઈંડીઆમાંના ઈનસાફની કોરટોને લાગુ પડે છે તેટલો ભાગ.
વિક્ટોરીઆના રાજ્યના ૧૪ મા તથા ૧૫ મા વરસમાં થયેલા સ્ટેટ્યુટનો બાબ ૯૯.	પુરાવાનો કાયદો સુધારવા બાબત.	કલમ ૧૧ મી તથા કલમ ૧૯ મા નો જેટલો ભાગ પરદેશી ફેંસલાને લાગુ પડે છે તેટલો ભાગ.
સન ૧૮૩૭ નો ૧૯ મો.	પુરાવાનો કાયદો સુધારવા બાબતનો આકટ.. ..	જેટલો ભાગ હાલ પડેનારદ થયો નથી તેટલો ભાગ.
સન ૧૮૪૦ નો ૧૦ મો.	બંગાળા ઇલાકામાં ઈસ્ટ ઈંડીઆ કંપનીના કોરટોના પુરાવાનો કાયદો સુધારવા બાબતનો આકટ.	કલમ ૧૯ મી.
સન ૧૮૫૫ નો ૨ જો.	પુરાવા બાબતનો કાયદો વધારે સુધારવા બાબતનો આકટ.	જેટલો ભાગ હાલ પડેનારદ થયો નથી તેટલો ભાગ.
સને ૧૮૬૧ નો ૨૫ મો આકટ.	બાદશાહી ફરમાનથી સ્થાપવામાં આવેલી નહીં એવી ફોજદારી કોરટનું કામ ચલાવવાની રીત સંકેલી કરવા બાબતનો આકટ.	કલમ ૨૩૭ મી.
સન ૧૮૬૮ નો ૧ લો.	સન ૧૮૬૮ નો સામાન્ય કલમોનો આકટ.	કલમ ૭ મી તથા ૮ મી.

હ. સ. કનિંગહામ.

ગવરનર જનરલની કાયદા અને કાનુન કરવા સારૂ જે કાઉન્સીલ તેના આફીશિએટીંગ સેક્રેટરી.

(True Translation.)

VIRPRSAD TAPIPRASD.

(Chitnees to the Collector of Surat.)

CARSETJI RASTAMJI THANAWALA,

(Subordinate Judge of Calliau, in the Tnaalı District.)